

ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય : અમદાવાદ

પ્રેમભક્ત કવિ
જયદેવ

: લેખક :

જયભિખ્ખુ

ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય

ગાંધી રસ્તા : અમદાવાદ

કીમત : ચાર રૂપિયા

વિ. સં. ૨૦૦૧, ઈ. સ. ૧૯૪૫

: પ્રકાશક :
શંભુલાલ જગશીભાઈ
ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય
ગાંધી રસ્તા : અમદાવાદ.

: મુદ્રક :
કાન્તિલાલ ગીરધરલાલ શાહ
શ્રી શારદા મુદ્રણાલય
પાનકોર નાકા : અમદાવાદ.



અર્પણ

ૐ

સ્નેહ ને સૌજન્યભર્યા
મુરબ્બી ને મિત્રસમા

શ્રી મણિભાઈને !

શ્રી. મણિલાલ વાડીલાલ અપ્પા
ઝુસાપારેખની પોળ : અમદાવાદ.

लोकार्थी चेद्भजेत्कृष्णं, क्लिष्टो भवति सर्वथा
क्लिष्टोऽपि चेद्भजेत्कृष्णं, लोको नश्यति सर्वथा ।

શ્રીમદ્ વલ્લભાચાર્ય.


*

कीड़ा जरा सा और वह पत्थरमें घर करे
इन्सान क्यों न दिले दिलबरमें घर करे ।

*

રસતરસ્યાં આ બાળ, રસની રીત ન ભૂલશો,
પ્રભુએ બાંધ્યા પાળ, રસસાગરની પૂરથી.

ના. દ. કવિ



પ્રસ્તાવના

સંસ્કૃત સાહિત્યનું જગપ્રસિદ્ધ બેનમૂન શૃંગારકાવ્ય એટલે ગીતગોવિંદ. બારમી શતાબ્દિમાં વંગદેશાધિપતિ, ગૌડેશ્વર મહારાજા લક્ષ્મણસેનના રાજ્યકાલમાં એની રચના થઈ. અને એ કાળમાં જ, કર્તાના જીવતાં જ, ભારતવર્ષમાં એ પ્રચાર પામી ગયું. પોતાના જ જીવન-કાળમાં આવું સદ્ભાગ્ય બહુ ઓછા કવિઓને વર્યું છે.

આ સુપ્રસિદ્ધ, લોકોત્તર પ્રેમશૃંગાર કાવ્યનાં, એની રચના, ગીતિ, માધુરી ને પદબંધનાં અનેક અનુકરણો થયાં છે, પણ તે અનુકરણ માત્ર જ રહ્યાં છે. અસલનાં ગેયતા અને માધુર્યને કોઈ સ્પર્શી શક્યું નથી. એ કાવ્યના જેવી ભાવ, અર્થ અને સંગીતના અદ્વૈતની સુરેખતા કોઈ સાધી શક્યું નથી. વર્ષો વીત્યાં, પણ ગીતગોવિંદ એની મૌલિકતામાં અજોડ રહ્યું છે. એણે યુગે યુગે પોતાની શકવર્તી છાપ લગાવી છે. અરે, એક જ કાવ્યરચનાએ, એના કવિને મહા-કવિનું બિરુદ અપાવ્યું છે.

'ગીતગોવિંદ'ની રચના થઈ તે જ કાળમાં; મહારાજા લક્ષ્મણ-સેનના દરબારના જ એક પ્રસિદ્ધ કવિ ગોવર્ધનાચાર્યના શિષ્યે જ તેની ટીકા રચી હતી. વખત જતાં કાવ્યનો પ્રચાર વધતો ગયો, તેમ તેની ટીકાઓનો વિસ્તાર વધતો ગયો. મેવાડપતિ રાણા કુંભા

જેવા નરવીરે પણ 'રસિકપ્રિયા' નામક ટીકા રચી કવિનું બહુમાન કર્યું છે. ટીકાઓનો વિસ્તાર વધતો ગયો, તેમ તેમ મહાકવિ કાલિદાસના વચનની જેમ 'क्षणे क्षणे यन्नवतामुपैति तदेवरूपं रमणीयतायाः'। પ્રત્યેક ટીકાએ કાવ્ય જાણે અભિનવરૂપ પ્રાપ્ત કરતું ગયું. રસિકોની રસતૃષા વધતી જ ગઈ.

આ કાવ્યે બંગાળને ભક્તિમાર્ગનું અનુયાયી બનાવ્યું. અને પછી તો એ જ ચીલે બંગાળના અનેક સમર્થ કવિઓ આવ્યા. તેમાં સુખ્યાત ચંડીદાસ અને વિદ્યાપતિ હતા. એમનાં ગીતો વાંચતાં 'ગીતગોવિંદ'ની સહેજે યાદ આવી જાય છે. આ પછી ભક્તિ-શૃંગાર બંગાળના અનેક કવિઓએ ગાયો. સહુની કૃતિઓ જોતાં સ્વાભાવિક જ એમ ઊગી આવે છે, કે કલ્પનાના માધુર્યથી ભરેલા પોતાના કુંભને છલકાવવા આ બધા 'ગીતગોવિંદ' રૂપી શૃંગારાર્ણવમાંથી કંઈ ને કંઈ પયઃપાન કરી ગયા છે.

આ ભક્તિમાર્ગ બારમી શતાબ્દિમાં જન્મ્યો, ને ભારતવર્ષના પ્રાંતે પ્રાંતને પ્રક્ષાલતો ઘૂમી વળ્યો. નરસિંહ, મીરાં, પ્રીતમ, સૂરદાસ, ભાલણ, પ્રેમાનંદ, દયારામ એમાં તરબોળ બની ગયા. અરે, ઈશ્વર સિવાય અન્ય કોઈનું કાવ્ય ન કરવાની પ્રતિજ્ઞા કરનાર મહાકવિ પ્રેમાનંદે પણ 'જયદેવાખ્યાન' રચી એ કવિનું બહુમાન કર્યું. 'ભારતેન્દુ' ઉપનામથી વિખ્યાત બાબુ હરિશ્ચંદ્ર જેવા હિન્દી સાહિત્યના મહારથીએ એને વ્રજભાષામાં અવતાર આપ્યો. આપણે ત્યાં સ્વનામધન્ય રા. બ. કેશવલાલ હર્ષદરાય ધ્રુવ જેવા વિદ્વાનને તેમજ અન્ય સંખ્યાબંધ કવિમન્યોને આ કાવ્ય-મોહિનીએ ઘેલા કર્યા છે. સંક્ષેપમાં બંગાળી, હિન્દી, ગુજરાતી, મહારાષ્ટ્રી, તામીલ, તેલુગુ, દ્રાવિડ ને કર્ણાટકી વગેરે પ્રાંતીય ભાષાઓમાં ગીતગોવિંદના એક નહીં પણ અનેક અનુવાદો મળી જ રહેવાના.

'ગીતગોવિંદ'ની આ મોહિની હિમાલયથી સેતુબંધ રામેશ્વર અને અટકથી કટક વચ્ચે જ મર્યાદિત રહી નથી. એણે સાત સાત સાગર ઓળંગ્યા છે, ને પાશ્ચિમાત્ય વિદ્વાનો પર પણ પોતાની મોહિની

પ્રસારી છે. સંસારની બહુવિધ ભાષાઓના વિશારદ, ને મહાન સંસ્કૃતજ્ઞ સર વિલિયમ જોન્સે આ કાવ્યને ગદ્યમાં ઉતાર્યું છે. 'Light of Asia'ના કર્તા આર્નોલ્ડે 'Song of Songs'ના નામે ગીતગોવિંદને પદ્યમાં રજૂ કર્યું છે. ઉપરાંત લાસેન નામના વિદ્વાને લેટિનમાં, રૂકાર્ટ નામના જર્મન પંડિતે જર્મન ભાષામાં, એમ યુરોપીય ભાષાઓમાં અનેક પ્રયાસો દ્વારા એનો સત્કાર કરવામાં આવ્યો છે. સંસારભરમાં આ કાવ્ય જેટલી પ્રસિદ્ધિ ભાગ્યે જ કોઈ સંસ્કૃત કાવ્યને લાધી હશે.

બારમી શતાબ્દિ પછીના અન્ય ગ્રંથોમાં પણ સૂક્ષ્મ દષ્ટિથી જોતાં એમ લાગે છે, કે એ ગ્રંથોમાં આવતા શૃંગારરસ પર, ગીતગોવિંદનાં પદોની, કલ્પનાની, ચાતુર્યની ગંભીર છાપ પડેલી છે.

આવા અજોડ ભક્તિશૃંગારરસથી છલકાતા કાવ્યના રચયિતા મહાકવિ જયદેવ છે. 'કવિરાજરાજ' એ ગૌડેશ્વરે દીધેલી એમની પદવી છે. વલ્લભ સંપ્રદાયમાં તેમનું સ્થાન આચાર્ય તરીકેનું છે. પણ કાર્યસિદ્ધિની ચિરંજીવિતા પાછળ ક્ષણભંગુર દેહનું ઓછું મૂલ્યાંકન કરનાર ભારતવર્ષમાં ઇતિહાસ તરફ જે દુર્લક્ષ અપાયું છે, તે ગીતગોવિંદના કર્તા શ્રી. જયદેવના જીવન અંગે પણ જોવાય છે. ઇતિહાસમાં જેમ અનેક વિક્રમ છે, અનેક કાલિદાસ છે, તેમ જયદેવ પણ અનેક છે.

છેલ્લામાં છેલ્લાં અન્વેષણો પછી પૌર્વાત્ય ને પાશ્ચિમાત્ય વિદ્વાનો એટલું તો સિદ્ધ કરી શક્યા છે, કે ગીતગોવિંદના કર્તા જયદેવ તે બારમી શતાબ્દિના, પ્રસિદ્ધ સેનવંશીય, વંગદેશાધિપતિ, મહારાજ લક્ષ્મણસેનની કવિસભાના એક રત્ન. એ જ કાળ શહાબુદ્દીન ઘોરીના આગમનનો, રાય પિથોરા ને જયચંદ્ર રાઠોડના સર્વનાશનો. બૌદ્ધધર્મે ભારતવર્ષમાંથી એ વેળા જ વિદાય લીધી. બૌદ્ધધર્મના પ્રાણભૂત અહિંસાતત્ત્વની દીવાલ પર એ જ વખતે વૈષ્ણવધર્મ ખડો થયો.

આ સર્વ દેશકાલને પરખી, કોઈ ખંડિત કલેવરોમાંથી નવી

ઇમારત સર્જે એમ મેં મહાકવિનો જીવનપ્રાસાદ ચણ્યો છે. અનાધાર કોઈ રચના નથી. તેમ કોઈ એક ગ્રંથનો જ એને આધાર છે, એમ પણ નથી. લેખકે પોતાની વિવેકશક્તિને આમાં જરૂર વણાવા દીધી છે.

આખું કાવ્ય સંભોગશૃંગાર રસનું છે. એનું સ્વરૂપ કાવ્યનું રાખી નાટકના જેવી સંકલના સાધવામાં આવી છે, અને એ માટે અનુકૂળ પ્રબંધોનો આશ્રય લીધો છે. એની ગેયતા મીઠી, મનહર, ઝટ જીભને ટેરવે ચઢી હૃદતંત્રને રણઝણાવી મૂકે તેવી છે. આ કાવ્યના બાર સર્ગ છે. દરેક સર્ગમાં પૂર્વમાં શ્લોક ને પછી ગીત રાખેલ છે. રાધા અને કૃષ્ણની એકાંત ક્રીડા એ એનો વિષય છે, જેમાં રાધાને અષ્ટનાયિકા (સાત નાયિકા)ના સ્વાંગમાં સર્જી છે. કર્તા કાવ્યના પ્રારંભમાં જ ઉચ્ચારે છે, કે 'राधामाधवयोर्जयंति यमुनाकूले रहःकेलयः । રાધા અને માધવની યમુનાતીરની એકાંત ક્રીડા જય પામો ! ને એથી આગળ વધી સ્પષ્ટ કરે છે, કે यदि हरिस्मरणे सरसं मनो, यदि विलासकलासु कुतूहलम्, જો પ્રભુસ્મરણમાં તમારું મન લગ્ન હોય, ને જો તમને કામસૂત્રાદિ કલાઓ વિષે કુતૂહલ હોય તો જયદેવની આ પદાવલિ શ્રવણ કરો !

છતાંય આ કાવ્યના શૃંગાર વિશે બે મત સંભવી શકે છે. એ વાત તો નિશ્ચિત છે, કે આ કાવ્ય ભાઈબહેન કે પિતાપુત્રી સાથે બેસીને વાંચી શકે તેવું નથી. પણ એટલા માત્રથી આપણે કાવ્યને તરછોડી શકીએ કે તેનું ઓછું મૂલ્યાંકન કરી શકીએ તેમ નથી. નહીં તો કુમારસંભવાદિ કાવ્યના કર્તા કાલિદાસ, કાદંબરીકાર બાણ કે શૃંગારશતકના કર્તા ભર્તૃહરિ જેવા અનેક કવિઓ ગુમાવવા પડે. એ કાવ્યની પોતાની જ ખૂબી છે. ને પોતપોતાની ખૂબી પરત્વે કલ્પનાજગતના સ્વામી આ કવિરાજાઓની સ્વતંત્રતામાં દખલ કરવાનો આપણને કોઈ અધિકાર નથી.

ગીતગોવિંદ એટલે પ્રિયતમાની પ્રીતમને મળવાની તાલાવેલીનું તાદશ ચિત્ર. સૂફીવાદીઓ જેમ ઈશ્વરને માશૂક કલ્પી તેની ઉપાસના

કરે છે. તેમ વૈષ્ણવ ધર્મની પ્રેમલક્ષણા ભક્તિમાં ઇશ્વરને પ્રીતમ અને એ પ્રીતમની પ્રિયતમાને સ્થાને ભક્ત પોતે એમ લેખવામાં આવે છે.

પ્રત્યેક વૈષ્ણવ પોતે ગોપીપદ વાંછે છે; શ્રીહરિને એ પ્રીતમ-ભાવે ભજે છે. પ્રીતમને પામવા પ્રિયતમાની જે તાલાવેલી—એની જે ત્રિવિધ દશા—તાપ, ક્લેશ ને આનંદ (શ્રીહરિથી અળગા થયાનું વિરહભાન, તેના લીધે વિરહસંતાપ ને તેના યોગથી રસાનંદ) અને નાયકને પામવા માટે નાયિકાની રસશાસ્ત્રની દશ દશાઓ (દગરુચિ, સ્મૃતિ, અભિલાષ, ઉદ્વેગ, વ્યાધિ, પ્રલાપ, ઉન્માદ, જડતા, મૂર્છના ને તન્મયતા) આ બધાનો શૃંગારરસ દ્વારા જનસામાન્ય માટે આવિર્ભાવ એટલે ગીતગોવિંદ, ને આજ કારણે ગીતગોવિંદનો સમાવેશ ધર્મસ્તોત્રમાં છે.

બીજી રીતે વિચારીએ તો જીવનમાં શૃંગારરસનું આપણે કલ્પી ન શકીએ તેટલું સ્થાન છે. સૌંદર્ય પ્રત્યેની જીવનની અભિવ્યક્તિ એ માનવમનનું પહેલું લક્ષણ છે. પુરાણકાર વ્યાસજીનાં માતા, મહર્ષિ વિશ્વામિત્રની મેનકારાણી, શ્રીકૃષ્ણની રાધા, જયદેવની પદ્મા, જગન્નાથની લવંગિકા, સૂરદાસની ચિંતામણિ, ચંડીદાસની રામી : સંસારની આ શૃંગારિકાઓને નીતિનિયમનો કોઈ પંડિત તરછોડી શકે તેમ નથી. અલબત્ત, સમાજનીતિનાં બંધનોને આ બધાં વટાવી ગયાં છે, પણ એ અલૌકિક પ્રેમના પ્યાસાઓને સંસારનાં કોઈ બંધન છાજતાં જ નથી. એમ લાગે છે, કે જાણે કોયલને આપણે સૂરની સમજ આપવાની વિડંબના કરીએ છીએ. એમના દાંપત્ય માટે ગોર, અગ્નિ, હવિ, હવન કે ચોરી વિટંબના સમાં ભાસે છે. પણ આ સહુ માટે નથી. આ રસને કવિ એક તરફ દ્રાક્ષ ને શેરડી કરતાં મીઠો અને બીજી તરફ સિંહણનું દૂધ કહે છે; અધિકારી જ એનો ઉપભોગ કરે. મને લાગે છે, કે વૈષ્ણવ ધર્મમાં ગીતગોવિંદ અયોગ્ય સ્થળે ગાવાનો જે પ્રતિબંધ છે, એ પ્રતિબંધમાં મૂળ કોઈ આવો જ આશય હશે.

કવિને ન્યાય આપવા માટે વિશેષમાં એટલો પણ ઉલ્લેખ કરવો

જરૂરી છે, કે જે સદીમાં આ કાવ્ય રચાયું ત્યારે તંત્રવાદથી ધર્મો મલિન થઈ ગયા હતા. પૂજા એક મહાન પ્રપંચ થઈ ગયો હતો. મંદિરો આડંબરોના અડ્ડા બની ગયાં હતાં. નગ્ન સ્ત્રી, માંસ, મદિરા ધર્મનાં અંગ બન્યાં હતાં. યોનિપૂજા અનિવાર્ય બની હતી. આ વેળા આ કાવ્ય રચાયું ને ગવાયું. એનામાં આટલું શૃંગારપ્રાધાન્ય ન હોત તો કોઈ રાધા–માધવની નિરાડંબરી ભક્તિ તરફ આકર્ષાયું પણ ન હોત.

પણ કવિની દલાલી કરનાર હું કોણ માત્ર ! અરે, કવિ જયદેવ પણ કોણ ? જેના અદ્ભુત જીવન પાછળ, જે ભક્તિમાર્ગની પાછળ શુકદેવજી જેવાને નગ્નત્વ ન ખૂંચ્યું; ચૈતન્યદેવ જેવાને ગોપીવેશ શરમનું કારણ ન બન્યો; રામકૃષ્ણ પરમહંસ જેવાને સ્ત્રીવેશ અશોભતો ન લાગ્યો : જેની પાછળ નરસિંહે ગોપીપદ માગ્યું : એટલા આ પ્રેમદીવાનાઓના દરબારમાં એક સામાન્ય માનવી, જેની કોટી ઊંચી નથી, તેને ઊભા રહેવાનો કે ટીકા કરવાનો અધિકાર નથી. ખરી રીતે દોષ માત્ર દૃષ્ટિનો છે. શુકદેવને નગ્ન નિહાળી વસ્ત્રહીન સ્ત્રીઓ પણ લેશ-માત્ર સંકોચ અનુભવતી નહોતી, જ્યારે શુકદેવના પિતા વ્યાસજીને નિહાળી સ્ત્રીઓ વસ્ત્રપરિધાન કરે છે. ભાગવતનું આ રહસ્ય આપણને સમજાવે છે, કે દૃષ્ટિ એવી સૃષ્ટિ સરજાય છે; દોષ નગ્નતાનો નથી, અવસ્થાનો છે.

ગીતગોવિંદ વૈષ્ણવોનો ધાર્મિક ગ્રંથ છે, આચાર્ય જયદેવ વલ્લભ સંપ્રદાયના પૂજ્ય પુરુષ છે. પણ મને લાગે છે, કે ભારતવર્ષના રાષ્ટ્ર-એકીકરણની જેમ આધ્યાત્મિક એકીકરણ કરવાની આ ઘડીએ એવા ભેદાભેદ છોડી દઈએ, ને એમને રાષ્ટ્રસંપત્તિ બનાવીએ. ગંગાના સાગરમાંથી કુંજામાં, કુંભમાં, કુંડમાં કે કાસારમાં ગમે તેટલાં પાણી ભરો, પાણીમાત્ર પાત્રવિવક્ષાએ ભલે ભિન્ન હોય, પણ મૂળરૂપે તો એક જ છે.

સંસારનાં નાટકોમાં નાયક અનેક થયા, પણ નાયિકા તરીકે 'રાધા' તો જગતસાહિત્યમાં અજોડ રહી છે. એનું જીવન જોતાં

એમ જ લાગે છે, કે સંસાર આખો જુઠાણું જીવે છે. ભક્તિ, પ્રેમ, દાંપત્યમાં કોઈ રાધાની તોલે નહીં. વારંવાર લાગ્યા કરે છે, કે આવી સ્ત્રી વાસ્તવ જગતની ન હોય; એ તો કોઈ દિવ્યચક્ષુની કલ્પનામૂર્તિ હશે. જે હો તે હો! એનું આકર્ષણ એટલું વ્યાપક છે, કે રાધાએ સર્વ હૃદય પર કબજો મેળવ્યો છે.

કેટલાકે તો પંથ સ્થાપ્યા, રાધાને કેદ કરવા. પણ કેદ કરીને પૂરી રાખેલું પદ્મ ખીલતું નથી, કરમાવા લાગે છે, અસુંદર થઈ જાય છે. કેટલાક રાધાધર્મના અનુયાયી પંથોનું એવું જ બન્યું છે; અનાચાર ને વ્યભિચારના ત્યાં અખાડા જામ્યા છે.

વાચક, પણ એ તરફ નજર ન કરીશ. તારી છબી તું સુંદર કરી લે, જગત આપોઆપ સુંદર બની જશે; કલેશકંકાસમાં રખે પડતો!

અન્તમાં ' भिन्नरुचिर्हि लोकः ' ના ન્યાયે શૃંગારરસ પરત્વે બહુ રુચિ ન ધરાવનાર વાચકોની મારે માફી માગવી રહી. ઉન્મત્ત ભક્તિશૃંગારના ગાયક મહાકવિ જયદેવજીના ચરિત્રને ન્યાય આપવા માટે મેં પણ મારી કલમને શૃંગારરસથી સવિશેષ તરબોળ રાખી છે. કેટલેક ઠેકાણે ઉત્કટ શૃંગાર દાખવ્યો છે, પણ એ પાછળ મારું મનોવૈજ્ઞાનિક વિશ્લેષણ છે. શૃંગારાર્ણવ ગીતગોવિંદમાં ડૂબકી મારીને બહાર આવનાર માટે એ રંગમાં રંગાવું અનિવાર્ય હતું.*

પ્રાન્તે આ નવલકથા તરફ ખેંચી જવાનું શ્રેય, ચાર ચાર નવલકથાઓના ચીતરેલા ચોપડા વચ્ચે આટલું ઝડપી સર્જન કરાવવાનું માન, ભારતવર્ષના સુવિખ્યાત કલાકાર શ્રી કનુ દેસાઈને ઘટે છે. મારા પ્રત્યેની તેમની મમતા, મારા કાર્ય તરફનો એમનો ભાવ, એટલો છે,

*શૃંગારરસને બદલે શાન્તરસના પ્રેમીઓ માટે એક ગ્રંથનો નામનિર્દેશ કરવો ઉચિત લાગે છે: એનું નામ છે 'શાન્તસુધારસકાવ્ય' ને તેના કર્તા ઉપાધ્યાય શ્રી વિનયવિજયજી છે. અઢારમી સદીમાં રચાયેલ આ કાવ્યનો શાન્ત સુધારસ પીવા વાચકોને ભલામણ છે.

કે આભારદર્શન માટે આટલો નિર્દેશ માત્ર પૂરતો છે. સંક્ષેપમાં આ સર્જનનું તમામ શ્રેય તેમને જ વરે છે.

મારા બંધુ શ્રી રતિલાલ દેસાઈનો આ કૃતિમાં અત્યંત શ્રમ છે. અને પ્રકાશક બંધુદ્વયનો આભાર માનવો એ તો હવે ઉપચાર માત્ર લાગે છે. આ ગ્રંથ માટેના બ્લોકો માટે પ્રભાત પ્રોસેસના માલિક શ્રી ગોવિંદલાલ ને જેકેટ માટે શ્રી. કુમાર કાર્યાલયને મારે યાદ કરવા જ રહ્યા. અન્તે આ ગ્રંથના ઝડપી ને સુંદર મુદ્રણમાં ખંત, ઉત્સાહ ને પ્રેમથી સાથ આપનાર શારદા મુદ્રણાલયના સંચાલક શ્રી કાન્તિલાલ ગિરધરલાલ શાહનો ને મેનેજર શ્રીયુત મનુભાઈ કોઠીયાનો જેટલો આભાર માનું તેટલો ઓછો છે.

માદલપુર : એલિસબ્રીજ અમદાવાદ,
વિજયાદશમી, સં. ૨૦૦૧

જયભિખ્ખુ

અનુક્રમ



રાધા - માધવ　　　　પદ્મા - જયદેવ

પ્રેમભક્ત કવિ જયદેવ

૧. અજાણ્યો અતિથિ

સંધ્યાની નીરવ છાયામાં, આ કોણ ગાય છે ?

ગગનાંગણમાં વિહરતા પંખીના મધુર રવ જેવું, આમ્રતરુવનમાં ડાળે ડાળે નાચતી કૂદતી કોકિલ જેવું, ગિરિવનમાંથી નીકળીને સાગર પ્રતિ જતી સરિતા જેવું, સ્વર્ગનાં ઉપવનોમાં ભૂલી પડેલી ક્રી કિન્નરકંઠી અપ્સરા જેવું મીઠું, મનહર, દિલ ડોલાવનારું ગીત કોણ ગાઈ રહ્યું છે ?

આકાશનો સહસ્રરશ્મિ સૂર્ય અસ્તાચળ તરફ ઊતરે છે.

પૂર્વાકાશમાં થાળી જેવડો રસરાજ ચંદ્ર સુધા ઢોળે છે.

પૂર્વ મહાસાગરનાં મોજાં કિનારાને વહાલ કરી રહ્યાં છે, ને પૂજારીઓની, બ્રાહ્મણોની, ઋષિઓની ધેનુઓ વાછરડાંને હેતથી પંપાળી રહી છે.

આવે મનોરમ સમયે મહામંદિરના ઉપવનમાં કઈ માનવકોકિલા પંચમસ્વર આલાપી રહી છે ?

સંધ્યા વીતતી જાય છે. આકાશી સુંદરી નવલખ તારાઓની ભાતીગળ ચૂંદડી ઓઢીને આવી રહી છે. એવે ટાણે જગન્નાથપુરીના મહામંદિરના વૃદ્ધ પૂજારી વિષ્ણુદાસજી નગારા પર ઘાવ દે છે, શંખ ફૂંકે છે, ઘંટારવ કરે છે, ને અનેક જ્યોત-શિખાવાળી ભારે વજનની પંચકલ્યાણી આરતી પેટાવે છે.

પ્રણિપાત કરી એ બે હાથે આરતીને ઉપાડે છે, ધ્રૂજતે હાથે ને ક્ષીણ કંઠસ્વરે આરતી આરંભે છે. ભક્ત સમુદાય પ્રતિઘોષ ઝીલે છે. આરતી સમાપ્ત કરી ફરી એ સાષ્ટાંગ પ્રણામ કરે છે.

ભક્તસમુદાય ધીરે ધીરે વિખરાય છે. ફરીથી નિર્જનતા પોતાનું સ્થાન જમાવે છે. પણ પેલું ગીત વણથંભ્યું ચાલુ જ છે.

સૂર વૃદ્ધિ પામતા જાય છે. સમય, સ્થળ, કાળ, ઋતુ, પૃથ્વી, પાણી, આકાશ, સૂરાવલિમાં એકાકાર થઈ જાય છે. પવનની પાંખે ચઢીને સ્વરો વાતાવરણની સોંસરવા વહી રહ્યા છે. હાંફતો વૃદ્ધ પૂજારી પ્રતિમાની સામે હાથ જોડતો, લીન બની જાય છે. અણુએ અણુમાં અપૂર્વ માધુરી જન્મી છે. પૂજારી ધીરેથી બોલે છે:

"હે મહાપ્રભુ, જગન્નાથની આ કિંકરી છે ત્યાં સુધી મંદિરનાં નૃત્યગાનની તો ચિંતા નથી, પણ આ પૂજા–આરતી, ભોગ–શણગારનો ભાર કોણ સંભાળશે?" વૃદ્ધનું કરચલીઓવાળું મુખ નિરાશામાં વધુ ઝૂકી ગયું. એની આંખમાંથી નિરાધારતાનું એક અશ્રુ સરી પડયું.

પણ પેલું સંગીત તો ચાલુ જ હતું.

"રે બાવરી, તને ગાવા સિવાય–નાચવા સિવાય બીજું કશું ભાન નથી! મધુવનની કોકિલાને કયાંથી ખબર હોય કે પાનખરના ઝંઝાવાત કેવા ભીષણ હોય છે. થાકયો મારા બાપ, આ આરતીનો ભાર, આ પૂજાનો પરિશ્રમ, આ ભોગ–શણગારની ધમાલ હવે નથી ઝીલી શકાતી, ને આ ઘેલી ગાવામાંથી નવરી પડતી નથી!"

વૃદ્ધ પૂજારી બુઝાતી જ્યોતના દીપક જેવું હસ્યો. એના હાસ્ય સાથે જાણે મંદિરના રત્નદીપકો સૂર પુરાવતા હોય એમ હસતા લાગ્યા. જગન્નાથજીના શ્યામ દેહ પર પણ જાણે હાસ્ય હતું. મંદિરની રૂપેરી ઘંટડી પણ ધીરેથી ડોલીને રણકાર કરી ઊઠી.

વૃદ્ધ પૂજારીના મોં પર ઉત્સાહનું તેજ ઝબકી ઊઠયું. એણે બૂમ મારી:

" પદ્મા, બેટી ! "

સ્વરગાન થંભી ગયું. ઊંડી ઊંડી ગિરિખીણમાંથી બુલબુલના ચિત્કાર જેવો અવાજ આવ્યો; "જી પિતાજી, આવી."

" પિતાજી ! " પૂજારીએ 'પિતા' શબ્દને બે દાંતની વચ્ચે ફરી ફરીને ચાવ્યો. ચવાયેલા અન્નમાંથી અમૃત ઝરે એમ જાણે આમાં કંઈ મીઠાશ રહેલી હતી.

" પ્રણામ કરો, બેટી ! "

યૌવનની સુરેખ પ્રતિમાશી પદ્મા સામે આવીને ઊભી હતી. એણે પ્રણામ કર્યા ને બે હાથની અંજલિ રચી એ ઊભી રહી. પ્રણામ કરતી એની દેહયષ્ટિમાં કોઈ અજબ નૃત્યકારના હજાર હજાર અંગમરોડ હતા. કટિમેખલા પર રહેલી નાની સુવર્ણઘંટડીઓ ને નૂપુરની ઘૂઘરીઓ એના દેહડોલન સાથે આછો આછો સંગીત રવ જન્માવી રહી હતી.

પદ્માનું દેહમાધુર્ય એના સ્વરમાધુર્ય જેવું જ અપૂર્વ હતું. બાલ્યાવસ્થાનો છેલ્લો ઉંબર હજી એણે ઓળંગ્યો નહોતો, ને યૌવનના પ્રવેશકાળની લાલી એના દેહ પર પથરાઈ રહી હતી. એણે ખૂનેગુલાબના રંગની કંચુકી પહેરી ઉપર એક માત્ર નીલરંગનું અંબર ઓઢયું હતું. કવિઓ જેના વર્ણન પર મરી પડે છે, એવી એની કમર પર એણે સુવર્ણની કટિમેખલા ધારણ કરી હતી. વાળનો અંબોડો ગૂંથી એમાં છૂટાં ડોલરનાં ફૂલ ગૂંથ્યાં હતાં, ને સેંથામાં કાશ્મીરી સિંદૂર સીંચ્યું હતું. નાજુક નાના હસ્તમાં સુવર્ણકંકણ, કાનમાં મકરકુંડી ને પગમાં મલતાડલ પહેર્યાં હતાં. નાકમાં ગજમોતી ને ગળામાં તાજાં બકુલફૂલનો હાર હતો.

એણે પોતાનાં શંખાકાર અણિયાળાં નેત્રોમાં છલકાતું કાજળ આંજ્યું હતું. ને આંખની ચપળ કીકીઓ સાગરના રમતિયાળ મત્સ્યની સ્પર્ધા કરતી હતી. મદઝરતો માતંગ જેમ સદાકાળ ડોલ્યા કરે, એમ યૌવનનો કોઈ આછો ઉન્માદ એની સૌંદર્યભરી કાયાને ડોલાવી રહ્યો હતો.

સ્વર્ગનું સિંહાસન તુચ્છ લાગે એવી રમણીય અવસ્થા હતી. ભગવાન જગન્નાથના નાટ્યમંદિરની નાયિકા તરીકે એ હવે ટૂંક સમયમાં પસંદગી પામવાની હતી.

પૂજારી–વૃદ્ધ બ્રાહ્મણ નિસ્તેજ નેત્રોથી આ ખીલતા યૌવનને નીરખી રહ્યો, સહસ્ર પાંખડીએ પ્રફુલ્લેલા પદ્મને હેતાળ હાથથી સ્પર્શી રહ્યો. એની ક્ષીણ થતી જતી સ્મૃતિમાં જાણે ભૂતકાળની કોઈ ઘટના આકાર ધરી રહી હતી–બાર બાર વર્ષના કાળ–પડદા હટતા જતા હતા.

બાર વર્ષ પહેલાંની આષાઢ મહિનાની મેઘલી મધરાત જામી હતી. આકાશ ઘનઘોર વાદળોથી છવાયેલું હતું. અનરાધાર મે વરસી રહેલો. બધે જળબંબાકાર !

વહેલી સાંજે સ્વજનવિહોણા આ પૂજારીએ ભગવાન જગન્નાથ પાસે કોઈ સાથીની–કોઈ સોબતીની માગણી કરેલી.

એ જ મધરાતે એના તોતીંગ દ્વાર પર ટકોરા પડયા.

“મારા દેવે કોઈને મોકલ્યું.” ઉતાવળા પૂજારીએ ઝટ ઝટ દ્વાર ઉઘાડ્યાં. મંદિરના દ્વારદીપકનાં અજવાળાં ચોતરફ પથરાયાં. જુએ છે તો–

માર્ગ પર થાકેલા અશ્વવાળો એક રથ ઊભો છે. અને પ્રૌઢ વયનો એક પુરુષ–દુઃખથી ઉજ્જડ ચહેરાવાળો, એક અતુલ સૌંદર્યવતી સ્ત્રી–ભયથી કાતર ધ્રૂજતી, એક નાનું બાળક–ગર્જનાથી રડતું ને વીજળીથી ડરતું સામે ખડાં છે.

"પૂજારીજી, ભગવાન વૃંદાવનવિહારીને શરણે આવ્યાં છીએ. સત્તાના શિકારી કૂતરાઓ અમારું પગેરું સૂંઘી રહ્યા છે. હવે આગળ વધવાની હામ રહી નથી, શું ગોવર્ધનનો ઉઠાવનાર અમને આશ્રય નહીં આપે ?"

"શા માટે નહીં ? પધારો, મારા દેવના અતિથિઓ, આ દ્વાર ને આ દેવમંદિર સર્વ કાજે ખુલ્લાં છે. અહીં મારા દેવના દરબારમાં નાતજાતના–ગરીબઅમીરના કોઈ ભેદ નથી. સુખે પધારો !"

બાળક સાથે સ્ત્રી દ્વારમાં પ્રવેશી. આકાશમાંથી વરસાદ જોરથી વરસી રહ્યો હતો.

રથમાંથી સામાન લાવતા પુરુષે અચાનક બૂમ પાડીઃ 'બાપ રે ! ખાધો ! સાપ !'

સ્ત્રી ને પૂજારી દોડી આવ્યાં. મંદિરના રસ્તાના ઢોળાવ પરથી પાણીનો ધોધ વહ્યે જતો હતો.

પૂજારીની તીક્ષ્ણ નજરે દૂર દૂર જોયું. પાણીમાં પાટા પાડતો, યમરાજના સગા ભાઈ જેવો જીવલેણ ઝેરી વીજળીઓ નાગ ફુંફાડા મારતો તણાતો જતો હતો. એની આસપાસ લીલાં રંગનાં ઝેરી તેજનાં કુંડાળાં વળતાં હતાં.

'સત્યાનાશ, વીજળીઓ નાગ !' પૂજારીએ બૂમ મારી.

"કોઈ ગારુડી, કોઈ મંત્રવેત્તા, કોઈ જડીબુટ્ટી–પૂજારીજી, જલદી કરો. આ મારો નવસેરો હાર ઇનામ...."

"બહેન, ન કોઈ ગારુડી, ન કોઈ મંત્રવેત્તા, ન સંસારની કોઈ જડીબુટ્ટી ! યમરાજનાં આ તો તેડાં આવ્યાં. ક્ષણ બે ક્ષણનો સવાલ છે. આ ઝેરને ઉતારી શકે કે ઓછું કરી શકે એવો કોઈ

હજી જાણ્યો નથી. છેલ્લી પળ ઉજળી કરી લો! ભગવાન ગોવર્ધન-ધારીનું ધ્યાન ધરો!"

પુરુષની નસેનસ તૂટતી જતી હતી. ક્ષણવારમાં એ મડદું થઈ ઢળી પડયો! સ્ત્રીના કલ્પાંતથી કાળી રાત વધુ કાળી બની. બાળક આખી રાત રડતું રહ્યું.

બહુની સારવાર કરતા લાચાર પૂજારી પોતાના પ્રભુએ મોકલેલ વિચિત્ર અતિથિઓ વિષે લમણે હાથ દઈ વિચાર કરી રહ્યા.

આકાશ પૂરજોશથી ગર્જતું-વરસતું રહ્યું.

સ્ત્રીના વિલાપભારથી દિશાઓ કાંપતી હતી. અરેરે! દરિયે દવ લાગ્યો. ઘરનાં બળ્યાં વનમાં ગયાં તો વનવગડે દવ લાગ્યો.

સવારે પુરુષને દાહ દીધો. સ્ત્રી પણ નિરાધાર બાળકીને પૂજારીજીને ભળાવી સતી બની. માતાએ છેલ્લો સંદેશ કહ્યો:

"પૂજારીજી, દીકરી પામી દુઃખી થયાં, વનવન ને રાનરાન થયાં. ભાગજોગે ઊછરે તો એને-હીનકર્મીને તમારી ઇચ્છા થાય તો જગન્નાથજીની દાસી બનાવજો-જો એના કરમનો બોજ કંઈક હળવો બને તો."

એકાકી પૂજારીના શુષ્ક જીવનમાં આ હીણભાગી બાળકીએ તો નવચેતન પૂર્યું. અરે, મારા વહાલાની કળા ન્યારી છે. ક્યારે એ વિષમાંથી અમૃત નીપજાવે છે તો ક્યારે અમૃતમાંથી વિષ ઉપજાવે છે. ભલે આવી મારા બાપ, આ વૃદ્ધના નીરસ જીવનમાં રસ પૂરવા ભલે આવી. મારી વૃદ્ધની લાકડી!

વૃદ્ધ પૂજારીએ સંસારીને શોભે એવી સંતાનમાયાથી એ બાળકીને ખોળે લીધી. એને ધેનુના દૂધથી ઉછેરી.

પદ્મકમળની જેમ કળા કરતી બાળકીનું નામ એણે 'પદ્મા-વતી' રાખ્યું. એ બાલા બની.

પૂજારીએ હાલરડાં ગાયાં–માના હેતથી. એ કુમારિકા બની: તો પૂજારીએ સખીની સુંવાળપથી એના કેશ સમાર્યા, શિક્ષકના સ્નેહથી એને ભણાવી–ગણાવી. ચબાવલી પદ્મા મા–બાપનું નામ પૂછતી, તો પૂજારી હસીને કહેતા:

"બેટી, પિતા વિષ્ણુ, મા રુક્મિણી!"

"રુકમા તો મારી ગાય છે, બાબા!"

"બેટા, એના જ અમૃત જેવા દૂધથી તને મોટી કરી. તારી માતાને ગુજર્યાં તો ઘણાં વર્ષ થયાં."

ઘેલી પદ્મા શાસ્ત્રીની જેમ ગંભીર–ભારેખમ મોં કરી કહેતી:

"ઘણાં વર્ષ પિતાજી–એક સહસ્ર, દ્વિ સહસ્ર, એકોનવિંશતી સહસ્ર અથવા તેથી પણ વધુ–નહીં?"

વૃદ્ધ પૂજારી હસી પડતા. બાળકી નવા નવા ગેલ કરતી.

એ કિશોર અવસ્થામાં આવી. પૂજારીજીએ સંગીત ને નૃત્યની અદ્‌ભુત છટા આપી.

આજે એ મુગ્ધા બની હતી.

પૂજારી વૃદ્ધ બન્યા હતા. વૃદ્ધ બન્યા એમ મહર્ષિ ભરત ને મૃગબાળના જેવી એમની દશા બની હતી. શું પોતાની પાલિતા પુત્રીને જગન્નાથજીના મંદિરની અનેક સેવાદાસી જેવી બનાવી દેવી–એના વ્યક્તિત્વને મિટાવી દેવું? જીવનનો એનો માર્ગ બંધ કરી દેવો? ના, મારો દેવ વળી કોક રાહ બતાવશે.

એક ચિંતાબોજ મંદિરના પૂજન–અર્ચનનો, બીજો ચિંતાબોજ પદ્માના આ રૂપયૌવનનો. ચિંતાબોજે એમને વધુ વૃદ્ધ બનાવ્યા હતા.

"બેટી પદ્મા!"

ગાઢ નિદ્રામાંથી જાગ્રત થતા હોય તેમ પૂજારીજી સાવધ થઈ ગયા. મોં પર હાથ ફેરવી ફરીથી સહજ રીતે બોલ્યા:

"બેટી પદ્મા!"

"હા, હા, હા, હું જ છું તમારી બેટી પદ્મા. પિતાજી, ક્યારની સામે ઊભી છું, પણ જોઈ શકતા નથી? કંઈ ચિંતામાં વ્યાકુલ લાગો છો?"

"ચિંતા!" પૂજારીજી હસ્યા—એ હાસ્ય કૃત્રિમ હતું. એ આગળ બોલ્યા: "ચિંતા? બેટી, મોરમુગટધારી પાસે જલદી જઈ પહોંચવાની ચિંતા. પણ પદ્મા, તું તો કોકિલાની જેમ સદા ગાયા જ કરવાની? હવાની જેમ સદા નાચ્યા જ કરવાની? બેટા, હવે એ બાળપણ નથી, બહુ દીવાનાપણું સારું નહીં. મને તારી ચિંતા..."

"બાબા, એક દહાડો તમે જ કહેતા હતા કે આખા જગતની ચિંતા ભગવાન કરે છે, કીડીને કણ ને હાથીને મણ એ આપી જ રહે છે. મૂઠીભર પેટવાળા માનવીને તે વળી શી ચિંતા! તમે જ સહુને કહો છો કે 'ઊઠા દો લંગર ને છોડ દો નૈયા,' કિનારે લગાવવાવાળો સદા હાજરાહજૂર છે. અને બે મહિના પહેલાં જ તમે મને નહોતું કહ્યું કે અરી છોકરી, શરદપૂર્ણિમા આવે ત્યારે યાદ કરજે. મારા નાથનો આદેશ છે, કે એ દહાડે તારા દ્વાર પર જે કોઈ આવે એનું સ્વાગત કરજે. તારો ભારબોજ એ હળવો કરશે."

"શું શરદપૂર્ણિમા આવી ગઈ?"

"હા, આજે જ છે. જુઓને મંદિરનાં જળાશયોમાં પોયણાં પોતાની લંબગોળ પાંદડીઓના કર પ્રસારી નક્ષત્રનાથ ચંદ્રને કેવાં આમંત્રણ આપી રહ્યાં છે."

"અરે, હું કેવો ભુલકણો થઈ ગયો છું. વૃદ્ધાવસ્થાએ મારી સ્મૃતિ કેવી હરી લીધી? શું જલકાસારમાં પદ્મ ખીલ્યાં છે? બસ

ત્યારે એ જ રાત, એ જ પળ, એ જ ઘડી ! જો, પ્રવેશદ્વાર બંધ કરીશ મા ! અખંડ દીપમાં નવું ઘૃત ભરજે, ધૂપદાનીમાં આજે ધૂપ ઓછો લાગે છે. જાગતી રહેજે પદ્મા, આજ આપણે ઘેર મહેમાન આવશે.''

પદ્મા એક સ્થંભને અઢેલીને બાજોઠ પર બેઠી. પૂજારીજી દ્વાર નજીક એક મોટી ઘોડી પાસે બેઠા.

ગગનના વિશાળ પટ પર સુધાંશુ ચંદ્ર પોતાના રૂપેરી રથમાં બેસી પ્રદક્ષિણા કરી રહ્યા હતા.

એક પ્રહર વીત્યો. બીજો પ્રહર વીત્યો.

વૃદ્ધ પૂજારીજી ઝોલે ચઢી જતા હતા, એ વારે વારે ઊઠીને દીપકનું તેલ આંખમાં આંજતા હતા.

હવામાં આછી ઠંડી હતી. પદ્માનાં પોપચાં હવે ભારે થઈ ગયાં હતાં. એ જાગવા માટે ઊઠીને આંટા મારતી, પણ બાજોઠ પર બેસતી કે પોપચાં બીડાવા માટે બંડ કરી ઊઠતાં. ચંચળ છોકરી કંટાળીને કહેતી :

“ પિતાજી, કોઈ ન આવ્યું. બુઢાપાની ભ્રમણા થઈ લાગે છે. એમ તે વગર નોતર્યું કોઈ અત્યારે આવતું હશે ? ”

“ આવશે. દીકરી ! મારા દ્વાર પર એક દિવસ વગર નોતરી જ તું આવી હતી. આ તો મારા નાથનું નોતરું. કોઈ એને ઠેલી ન શકે. માનવીના નિમંત્રણમાં તે શી મજા ! ”

પણ પદ્મા તો ઝોલે ચઢી ગઈ હતી. એનું પૂર્ણ ચંદ્ર જેવું સોહામણું મોં વારે વારે નિદ્રાભારથી ઝૂકી જતું હતું.

પૂજારીજી શાન્ત બેઠા હતા. વાતાવરણમાં અજબ શાન્તિ હતી. અચાનક બંસીના મિષ્ટ સ્વરો હવામાં ઘોળાતા લાગ્યા. એ સ્વરોમાં માદકતા હતી, મદ હતો, ઘેન હતું. જાગતા જીવને સુવાડી દે તેવા એ સ્વરો હતા.

પદ્મા સ્થંભને અઢેલી નિદ્રામાં કોઈ મનોરમ સ્વપ્ન જોઈ રહી હતી. અચાનક પૂજારીજીએ જોરથી બૂમ મારી :

"પદ્મા, જો બળદની ઘંટડીઓનો રણકાર સંભળાય !"

"અરે પિતાજી, એ તો મારી કટિમેખલાની ઘંટડીઓનો અવાજ હશે." પદ્માએ જાગી, જવાબ આપી પાછી આંખો મીંચી દીધી.

પણ પૂજારીજી ઉત્સુકતાપૂર્વક અવાજ તરફ લક્ષ આપી રહ્યા હતા. અચાનક તેઓ ઊઠયા ને પદ્માને ઢંઢોળતા કહેવા લાગ્યા : "અરે, કેવી નિરાંતે ઘોરે છે ? જો તો, ગાડાનાં પૈડાં ખખડતાં હોય એમ લાગે છે !"

"ના રે, એતો વંશવૃક્ષમાંથી પવન આવ-જા કરે છે, એનો મર્મર ધ્વનિ છે." પદ્માએ આંખ બંધ રાખીને જ જવાબ આપ્યો.

"મારા કાન શું મને એટલા છેતરશે ? અરી ઘેલી, જો કોઈ બોલાવે ! એવું ન થાય કે આપણે ઊંઘતાં રહીએ, ને મહેમાન બારણેથી પાછો ફરી જાય."

વાયુની ઠંડી લહેરો, બંસીના દૂર દૂરથી વહ્યા આવતા મિષ્ટ સ્વરો ને યૌવનવયની મનોરમ સ્વપ્નજાળ ! પદ્મા આ સુખદ સ્થિતિનો ત્યાગ કરવા તૈયાર નહોતી. એણે નેત્ર બંધ રાખીને જ પિતાના મનનું સમાધાન કરવા કહ્યું :

"અરે, એ તો બગીચાનો બપૈયો પિઉ, પિઉ પોકારે છે."

"જા રે છોકરી ! જેની ભક્તિ સાચી છે, એને ભગવાન પણ જૂઠો ઠરાવતા નથી. ચાલ પદ્મા ! મારા સ્વામીએ મોકલેલો મહેમાન આવ્યો !" ને બોલતા બોલતા આવેશમાં પૂજારી દ્વારના ઉંબર પર આવી ગયા. તેઓ ઉતાવળે બોલતા હતા : "ચાલ પદ્મા, આપણે એનું સ્વાગત કરીએ."

ખરેખર, રૂપેરી ચાંદનીના પ્રકાશમાં સ્નાન કરતું કોઈ દ્વાર પર ઊભું હતું. એ બપૈયાનો પોકર નહોતો–પૃથ્વીના માનવીની વાચા હતી: "આશરો મળશે કે પૂજારીજી!"

"શા માટે નહીં? આવો! અરે પદ્મા!" અડધું બોલીને પૂજારીજી અંદર જઈ હાથ પકડીને પદ્માને ખેંચી લાવ્યા. "જો પદ્મા, મહેમાન આવ્યા." ને મહેમાન તરફ ફરી પૂજારીજીએ પુનઃ કહ્યું: "પધારો, તમે તો મારા દેવના દીધેલ છો."

"અવશ્ય. પધારો, તમે તો મારા દેવના દીધેલ છો," અર્ધ-નિદ્રિત પદ્માથી પણ બોલાઈ ગયું. એ તો એના સ્વપ્નમંદિરમાં પધારેલ દેવની ધૂનમાં હતી–ને આ તો...એના સુંદર મુખપર શરમની આછી ફૂલવાદળી આવી ગઈ. કોણ બોલ્યું, કેમ બોલાયું, પદ્માથી કંઈ ન સમજાયું. એ શરમાઈને ધીરેથી સરી ગઈ.

મહેમાને બળદને બહાર બાંધી મંદિરમાં પ્રવેશ કર્યો. સામાનમાં બગલમાં નાની એવી પોટલી માત્ર હતી.

પણ રે, પ્રભુની ભેટ તે આવી?

સુશોભિત રથને બદલે જૂનું ખખડધજ ગાડું, હણહણતા અશ્વને બદલે નબળા બળદ. ને અતિથિ પણ કેવો? જાડધારો! પાણીકોરાનું ધોતિયું ને અંગ પર માત્ર એક અંગરખું. ધૂળથી ધુસર વાળ, મોંમાં કાવ્યપંક્તિ નહીં કે હાથે સુવર્ણકંકણો નહીં! આંખો પણ કોઈ હરણી જેવી–લજ્જાથી ઢળી જતી.

પણ પૂજારીને મન તો એ દેવે મોકલેલો અતિથિ હતો. મંદિરમાં એ આશરો પામ્યો. પણ સ્વાગત વેળાની પેલી સુંદરી ક્યાં? વીજના ઝબકારા જેવી ઝબકીને ક્યાં અદૃશ્ય થઈ ગઈ?

નેત્ર શોધી શોધીને થાક્યાં–પણ તરસ્યાંજ રહ્યાં.

શરદપૂનમની સુભાગી રાત એમ ને એમ ગળી ગઈ.

૨. પૂજા ને પ્રેમ

ઓછાબોલો અતિથિ વસંત આવે અને કેસૂડો રૂપ કાઢે, એમ રૂપ તો કાઢી રહ્યો છે, પણ પાકો મીંઢો છે. ભગવાને સહુને જિહ્વા આપી વાચાનું દાન કર્યું, ન જાણે ત્યારે આ મીંઢો માનવી કયા ખૂણામાં ઘોરતો હશે. ન વાતચીત, ન આલાપ-સંલાપ, ન ચર્ચા-વિનોદ. કોક મોંમાં આંગળાં નાખીને બોલાવવા જેવું કરે ત્યારે ખપ પૂરતું બોલે.

મહેમાન તો બન્યો છે, પણ મન એ કોઈને આપતો નથી. જવાનું એ નામ લેતો નથી, રહેવાનાં એનાં લક્ષણ દેખાતાં નથી. એના બળદ મંદિરની જાગીરનાં ગૌચરોમાં નિરાંતે ચરે છે, ને ગાડાની તો ન જાણે ગામનાં છોકરાંઓએ કેવીય દુર્દશા કરી છે! છતાંય આ ગામડા-ગામના વાસીને કશીય ચિંતા નથી.

પૂજારીજી મહામંદિરના ખૂણેખૂણામાં ફેરવીને એને રજેરજ માહિતી આપી રહ્યા છે, એનું મહત્ત્વ ને ઇતિહાસ કહી રહ્યા છે.

"ભાઈ જુવાન...અરે ભૂલ્યો, ભાઈ જયદેવ! આ પુરાણ-પવિત્ર નીલાચલ ક્ષેત્ર. પ્રાચીન કાળમાં આ ક્ષેત્રના ધર્મપ્રાણ રાજવી ઇંદ્રદ્યુમ્નને એક વાતનો ઓછાપો આવ્યો. એમણે વિચાર્યું કે ઉત્તરમાં બદ્રી કેદારનાથ, દક્ષિણમાં સેતુબંધ રામેશ્વર, પશ્ચિમમાં દ્વારકાધીશઃ પણ પૂર્વમાં કશુંય નહીં? પૂર્વ દિશા તો મહાન પુણ્યશાળી ને એના પર આવી અવકૃપા! ભગવદ્ભક્ત મહારાજા રોજ આમ ભાવના

ભાવે. પણ ભાઈ, મારો નાથ–શંખ,ચક્ર,–ગદા,પદ્મનો ધરનાર ભક્તોની ભીડ ભાંગ્યા વગર કદી રહ્યો છે કે રહે. એક દહાડો ગરુડ-વિમાનમાં બેસીને મારો વહાલો અહીં આવ્યો ને સૂતેલા રાજાને ઢંઢોળીને કહ્યું: "જાગ, જાગ, રાજન્, તારી ધર્મભાવનાથી હું તુષ્ટમાન થયો છું. કાલે સાગરકિનારે એક દેવવૃક્ષ દેખાશે. એની પ્રતિમા ઘડાવજે. મંદિર નિર્માણ કરી એમાં સ્થાપન કરજે. આ ભૂમિને ત્રણ કાળને માટે અજરામર બનાવીશ."

મંદિરના સિંહદ્વાર પર પૂજારીજી થોભ્યા હતા. દ્વાર પરના સિંહને હમણાં વાચા ફૂટશે, એવા સુરેખ કોતર્યા હતા. જુવાન આર્દ્ર દૃષ્ટિએ નીરખી રહ્યો. થોડીવાર થાક ખાઈ પૂજારીજીએ પોતાનું વક્તવ્ય આગળ ચલાવ્યું:

"ભઇલા મારા, રાજાજીને તો વિમાસણ થઈ પડી. ખુલ્લા રેતીના મેદાનમાં, દરિયાની ખારીધૂધ હવામાં ઝાડપાન તે ક્યાંથી પલ્લવે ! પણ શ્રદ્ધા કયે કાળે ફળી નથી કે આજે અફળ નીવડે ! સવારમાં સાગરતટે જઈને જોયું તો ઊંચું ઊંચુ વાદળથી વાતો કરતું એક દેવવૃક્ષ (દેવદારૂ) હવાની લહેરોમાં ડોલતું ખડું છે. રાજાજીએ તો ભક્તિથી એની પૂજા કરી, કુમકુમ–અક્ષત ચઢાવ્યા, ને પછી સોનાના પાનાવાળી ને રૂપાના હાથાવાળી કુહાડીથી એનું થડ કપાવ્યું. પછી બોલાવ્યા શિલ્પધરોને, મિસ્ત્રીઓને, કારીગરોને !

"પણ આ તો દેવવૃક્ષ. કોઈ સુતાર–શિલ્પીનું ઓજાર કામ જ ન કરે. ગમે તેવાં તીક્ષ્ણ હથિયાર એને સ્પર્શ કરે કે બુટ્ટાં બની જાય. રાજાજીની ઉત્સુકતા જબરી હતી. એમણે ઢંઢેરો પીટાવ્યો કે આ દેવકાષ્ઠમાંથી દેવમૂર્તિઓ કોરનારને અડધું રાજપાટ આપીશ. આદર્યાં કોઈનાં મારા વહાલાએ અધૂરાં રાખ્યાં છે, કે આ અધૂરું રહે. એક દહાડો ભર્યા દરબારમાં એક શિલ્પી આવ્યો. વૃદ્ધ દેહ તો કંકાલ જેવો–નર્યું હાડપિંજર, પણ વાત અજબ ખુમારીથી કરે :

"રાજાજી, એકાંત સ્થળ આપો ને એકવીસ દિવસની મહેતલ આપો. દેવકાષ્ઠમાંથી દેવપ્રતિમાઓ ઘડી આપીશ."

"દેદાર તો દીવાના જેવા હતા. વાત સાંભળીને આખો દરબાર હસી પડ્યો, પણ વિચક્ષણ રાજાજીની સ્થિતિ–ડૂબતો તણખલું પકડે તેવી હતી. તેમણે વૃદ્ધ શિલ્પીની શરતનો સ્વીકાર કર્યો. સાગરતટે એકાંતમાં મહેલ કાઢી આપ્યો. શિલ્પી દેવકાષ્ઠ લઈને દ્વાર બંધ કરીને બેસી ગયો. ન ખાવું–ન પીવું, રાત ને દહાડો દરવાજા બંધ!

"દિવસો પર દિવસો વીતતા ચાલ્યા. શિલ્પીના કંઈ સરસમાચાર જ નહીં. લોકોની અધીરાઈ વધી. એક દહાડો રાણીજીએ જ રાજાજીને કહ્યું: "શિલ્પી હેમખેમ તો છે ને?"

"હજી એની શરત પ્રમાણે છ દિવસ બાકી છે. પછી ખબર કઢાવીશું."

"અરે, ક્યાંય હત્યા ન લાગે, નહિ તો પ્રાયશ્ચિત્ત કરવું પડશે. ભલેને એ કામ કરતો હોય તે કરે, આપણે એક શબ્દ પણ ઉચ્ચાર્યા વિના એની કુશળતા જાણી પાછાં ફરીશું."

આખી રાજસભાએ રાણીજીના સૂચનને અનુમોદન આપ્યું, રાજાજીને નિરુપાયે દરવાજા ઉઘાડવા પડ્યા. અંદર જઈને સહુ જુએ છે, તો ત્રણ સિંહાસનો પર ત્રણ કાષ્ઠપ્રતિમાઓ. પણ અધૂરી! સુભદ્રાજીની મૂર્તિને હાથ જ નહીં, ને બલરામજી તથા શ્રીકૃષ્ણની મૂર્તિને હાથ તો ખરા–પણ આંગળાં જ નહીં. ને અધૂરા કામે શિલ્પી અદૃશ્ય. પૃથ્વીનાં પડ શોધ્યાં, પણ એ તે કંઈ મળે! કંઈ એ પૃથ્વીના પડ પર વસનારો હતો! આખરે રાજાજીએ પેલા દેવવૃક્ષની જગાએ દેવમંદિર બાંધ્યું! ને તેમાં પ્રતિમાજી પધરાવ્યાં. આ એ જ મહામંદિર! દેશદેશના શિલ્પી, કલાધર ને કડિયા–સલાટ આવ્યા ને મંદિરની રચના કરી.

"કાળનાં ભરતી–ઓટ પણ આ મંદિર પર આવી ગયાં. વટાળિયા જેવા વિધર્મીઓ અહીં આવ્યા, બધું નષ્ટભ્રષ્ટ કર્યું, પણ આ પ્રતિમાઓને તો સહુએ જીવના સાટે જાળવી. ભય આવ્યો તો લઈને સાગરના પેટાળમાં, પર્વતોની કંદરામાં, ઊંડી ખીણોમાં મૂકી આવ્યા. ભય જાય ને પાછા ભક્તો ભેગા થાય, મંદિર સમરાવે ને પ્રતિમાજી પધરાવે. કહેવાય છે, કે આ પથ્થરને બેસાડવા માટે જગન્નાથના ભક્તોએ ચૂનો ને માટી નથી વાપર્યાં, પણ પોતાનાં લોહી આપ્યાં છે. શાસ્ત્રવાક્ય છે, કે धर्मो रक्षति रक्षितः "

શાન્ત જુવાનથી એકદમ મસ્તક નીચું થઈ ગયું. એના ચહેરા પર અવનવા ભાવો આવીને લુપ્ત થઈ ગયા. પૂજારીજીની જિહ્વા પર પોતાના પ્રભુની યશોગાથા ગાવાનો આવેશ હતો. ક્ષણભર વિશ્રામ લઈ એમણે આગળ ચલાવ્યું :

"આ સામે બે મૂર્તિઓ જોવાય છે ને ! એ દેવના દ્વારપાલ જય ને વિજયની. ને સંસારના શિલ્પસ્વામીઓએ કંડારેલી પેલી નવ ગ્રહોની નવ મૂર્તિઓ ! જૂના વખતના વિદ્વાનો ઇતિહાસ આ રીતે લખતા. નવ ગ્રહોની મૂર્તિઓના વિધાનમાં, વાંચનાર આખો ઇતિહાસ વાંચી લે છે !"

પૂજારીજીએ ગળું ખંખેર્યું, ઉપવસ્ત્ર ઠીક કર્યું. સારંગીના તાર પર બજવૈયો જે પ્રેમથી હાથ ફેરવે–એ પ્રેમથી એમણે ઉપવીત પર હાથ ફેરવ્યો ને આગળ વધ્યા:

"ભાઈ જુવાન, આપણે હવે ભોગમંડપમાં આવી પહોંચ્યા. ભગવાન જગન્નાથને સદા છ કાળ ભોગ ધરવામાં આવે છે. એક બાલભોગ, બીજો પ્રાતઃભોગ, ત્રીજો મધ્યાહ્નભોગ ને એમ અપરાહ્ન, સાંધ્ય ને છેલ્લે મહાશૃંગારભોગ. પુરાણ કાળથી રિવાજ ચાલ્યો આવ્યો છે, કે અન્તિમ ભોગ પુરીના રાજાજી ધરે. જયદેવ, અહીંનો મહાપ્રસાદ ઉચ્ચ–નીચ, અમીર–ગરીબ, આર્ય–અનાર્ય બધાંને

એકસરખો, એક સાથે, એક પંગતમાં જ આપવાનો. આ ક્ષેત્રમાં જાત–પાંત નહીં, ઉચ્ચ–નીચ નહીં, ભેદાભેદ નહીં. જગતના નાથના દરબારમાં અઢારે વર્ણ એક આરે રમે–જમે. એમાં જે ભેદાભેદ રાખે એનાં દર્શન નિષ્ફળ, એની યાત્રા અફળ !"

ભોગમંડપના શિલ્પ ઉપર, એના રાક્ષસી સ્તંભો ઉપર, કોતરેલી નકશી ઉપર જયદેવની દૃષ્ટિ ફરી રહી હતી.

"અને આ મોહનમંદિર. અહીં દર્શનાર્થી સમૂહ એકત્ર થવાનો. ને આ નાટ્યમંદિર. પૂજા, નૈવેદ ને આરતી પછી દેશદેશની કલાસુંદરીઓ અહીં નૃત્ય કરવાની. અરે, જુઓને, પદ્મા આપણી પહેલાં પહોંચીને નૃત્ય કરી રહી છે."

"રાધાનો સ્વાંગ અદ્‌ભુત સજ્યો લાગે છે !" મીઠા જયદેવથી અંતરની કોઈ અકળ પ્રેરણાથી અચાનક બોલાઈ ગયું.

પદ્માએ સ્વાંગ પણ એટલો સુંદર ધારણ કર્યો હતો. મહિયારીનો વેશ લઈ માથે મટકી મૂકી મહી વેચવા નીકળી હતી.

"અદ્‌ભુત ભાઈ, નૃત્યવિદ્યામાં એવી કુશળ બની છે, કે ગૌડ, કામરૂપ, અંગ, બંગ બધા દેશની કુશળ સેવાદાસીઓને ઝાંખી પાડી દીધી છે. રાજાજી થોડા દિવસમાં એને આ મંદિરની નર્તિકાઓની નાયિકા બનાવવાના છે. પણ હું ના પાડું છું. હજી એની ઉંમર જ ક્યાં છે ?" પૂજારીના આ શબ્દોમાં કંઈક દર્દ હતું. પણ વૃદ્ધે એ ભૂલવા માટે બૂમ પાડી : "અરે પદ્મા, આમ તો આવ ! જયદેવજીને બધું બતાવ તો ખરી !"

"શું બતાવું પિતાજી ! તમારા જેવા પારાયણ કરનારા હોય ત્યાં મારું શું ગજું ! હાં, જયદેવજી, જાણે આ નાટ્યમંદિર તો જોયું ને ! આર્યાવર્તના પ્રસિદ્ધ ગાનારા–બજાવનારા ને સંસારની સર્વોત્તમ સુંદરીઓ અહીં પોતાની કળા રજૂ કરે છે. ને પછી આ આવ્યો

ગરુડસ્તંભ. જેમ અમારા માનવંતા મહેમાન ગાડે ચઢીને આવેલા એમ એક દહાડો ભગવાન આ ગરુડવાહનપર ચઢીને અહીં આવેલા !" પદ્માના શબ્દોમાં મીઠો વ્યંગ હતો. એણે તીરછી નજરથી જયદેવ તરફ જોયું.

"પદ્મા, ક્યાં મહેમાન ને ક્યાં ભગવાન ! મને ભય છે, કે કોઈ દિવસ તું ગાંડી થઈ જઈશ." પૂજારીજીએ વચ્ચે કહ્યું.

"પિતાજી, જુઓ પાછું તમને ખોટું લાગ્યું. તમે જ નહોતા કહેતા કે આ મહેમાનને સ્વયં ભગવાને જ મોકલ્યા છે." પદ્મા જયદેવનું તીરઃસંધાન કરીને બોલી રહી હતી, પણ પેલો પાકા ગુરુનો ચેલો હતો. મુખ પર હર્ષ કે વિષાદની એક રેખા નહોતી દેખાતી, જાણે નિરાકાર નિરંજન !

પદ્મા પોતાનાં તીર વ્યર્થ જતાં જોઈ મનમાં સહેજ ચિડાઈ. વૃદ્ધ પૂજારી આ ચિબાવલી છોકરી સામે જોઈ હસી પડ્યા :

"હા બેટા હા, બુઢ્ઢા ને બાળક બંને સમાન, તમને જુવાનિયાંને બુઢ્ઢાંઓને બનાવવાનો અધિકાર છે. જેમ બનાવવો હોય એમ બનાવ, બેટા !"

"ના પિતાજી !" પદ્મા પૂજારીજીને ખભે વળગી હેતથી હીંચી રહી. "મારું બોલ્યું તો જાણે પથ્થર પર પાણી !" પદ્માએ પથ્થર શબ્દ પર જરા વજન આપ્યું. એ એક કાંકરે બે પક્ષી મારી રહી હતી.

"ચાલો, સાવધાન. આપણે હવે મહાવેદી સમક્ષ આવ્યા છીએ. જુઓ આ ગરુડસ્તંભ, એની પછી આ મહામંડપ. હાથ જોડો ને પ્રણામ કરો ! પેલી તરફની પ્રતિમાજી સુભદ્રાજીની, આ બલરામજીની ને આ છે તે ભગવાન જગન્નાથની."

પૂજારીજીએ પ્રણામ કર્યા, ને ધ્યાન ધર્યું. પદ્માવતી ને જયદેવે તેમનું અનુકરણ કર્યું.

આમ નવું નવું જોતાં ને જાણતાં દિવસો વીતતા ચાલ્યા. પૂજારી વિષ્ણુદાસજી તો જયદેવને કંઈ પૂછ્યાગાછ્યા વિના, તેની હા કે ના જાણ્યા વિના, પૂજા, આરતી ને ભોગ શણગારનાં વધુ ને વધુ કામ સોંપતા ચાલ્યા છે, ને યુવાન જયદેવ પણ પૂરતી નિપુણતાથી પ્રત્યેક કામને પૂરું કરે જાય છે. એની હરેક ક્રિયામાં શુદ્ધિ હોય છે, શાસ્ત્રીયતા હોય છે; સરસતા ને સુરુચિ ઝળકતાં હોય છે.

મોટી મોટી આરતીઓ હવે સ્વચ્છતાથી ઊટકાય છે. હવે ઊંદર દિવેટો લઈ જતા નથી. ઘી ચારે તરફ ઢોળાતું નથી. પુષ્પની છાબડીઓમાં પૂરાં ખીલેલાં ને સુગંધ–શોભાવાળાં ફૂલ હોય છે. વાસી ફૂલ હવે મંદિરમાં લાવતાં બાગબાનો ધ્રૂજે છે.

કળશો પંચામૃતથી ઝળહળતા હોય છે. ટૂંકમાં ભોગમાં સ્વચ્છતા છે, શણગારમાં સજાવટ છે, ઉત્સવોમાં નવો ઉલ્લાસ છે, વ્રતોમાં નવજીવન છે. સહુ પૂજારીમાં જયદેવ બધી વાતે જુદો તરી આવે છે.

પરોઢનાં પંખેરું સાથે એ જાગે છે. નિત્યકર્મ પતાવી, મંદિરની ગૌશાળામાં એ જાય છે. ધેનુઓ ઉપર એને અત્યંત વહાલ છે. પદ્માની વહાલી ગાય રુકમા જયદેવને પણ સ્વજન જેવી લાગે છે.

ધેનુઓની સેવાનું કામ પતાવી, એ સાગરકાંઠે સ્નાન માટે જાય છે. સ્નાનાદિ કર્યા પછી મંદિરના ઉદ્યાનમાંથી એ ફૂલ વીણે છે. ફૂલ વીણી ભોગની તૈયારી કરે છે. દેવશયન ને દેવઉત્થાન બધું નિયમિત જળવાય છે. પ્રત્યેક ક્રિયામાં પહેલી પૂજા, પછી ભોગ ને પછી આરતીનો ક્રમ એ જાળવે છે.

પૂજા કરતા જયદેવને નીરખવો–એ સૌંદર્યને એના સ્વરૂપમાં જોવા જેવું છે. મોટી આરતીની શિખાઓ પ્રજાળી આરતી ઉતારતા જયદેવને જોવો, જીવનનો એક લહાવ છે.

પ્રભુની આ અનામી ભેટ પ્રત્યે વૃદ્ધ પૂજારી સાભાર નયને નીરખી રહે છે. પણ અતિથિ ઓછાબોલો છે. છતાંય એમ લાગે કે એનું અંતર સદાકાળ દ્રવતું જ છે. એમ ભાસે કે એનાં નયનોમાં પ્રેમની ઉષ્મા જીવતી જાગતી પડી છે, પણ એની જબાન તો કોઈના ત્યાં ગીરો મૂકેલી છે. રાતની રાત એ જાગતો પડ્યો રહે છે. આકાશના તારા ને સાગરના તરંગો સાથે મીટ માંડીને એ મનમાં ને મનમાં ન જાણે શી શી વાતો કર્યા કરે છે! ધેનુઓને જોઈ એનો હાથ વહાલથી લાંબો થાય છે, ને મોરલાને ટહુકા કરતો જોઈ ન જાણે કઈ વેદના એના સુરેખ ચહેરાને જ્વાલાઓથી પ્રદીપ્ત કરી દે છે. એ અત્યંત વ્યગ્ર બને છે, ત્યારે પોતાની પોટલી છોડી, એમાંથી લેખનસામગ્રી કાઢી કંઈ કંઈ લખે છે.

ચંચળ પદ્માવતી આ સોહામણા પરદેશી તરફ છાની છાની નજર રાખી રહી છે. યુવાનની ભલીભોળી જુવાની એના રૂપાળા હૈયામાં ઘર બાંધી રહી છે. ભલે પરદેશી ઓછું બોલતો હોય, બિલકુલ ન બોલતો હોય, પણ એનાં નયન બોલતાં છે, કોકવાર ખંજન પક્ષીની જેમ ચકળવકળ બની પોતાની ચંચળતા પ્રગટ કરે છે, ઘણીવાર સરિતાની માછલીની જેમ આ છેડેથી પેલે છેડે સરીને પોતાનું સ્વૈરવિહારીપણું પ્રગટ કરે છે, કોક ઘડીએ જલભારથી નમી જતી વાદળીની જેમ જાણે પોતાની યૌવનછટા દર્શાવે છે.

પદ્માવતીએ આ જુવાનની એક ચાલાકી તો ગઈ કાલે જ પકડી પાડી હતી. પોતાની વેણી માટે જે છોડ પરથી એ ગુલાબ ચૂંટી જતી, એ જ છોડનાં ફૂલ એ ચૂંટતો. પદ્મા આજ ડોલરનો હાર ગૂંથતી, તો ભગવાન કાજે પણ એ જ ડોલર ચુંટાતાં. પંચામૃતમાં રુકમા ગાયનાં દૂધ, દધિ ને ઘૃત માટે જયદેવની પહેલી પસંદગી આવતી.

દિવસો ઊગતા ને આથમતા જાય છે, એમ એમ આ રસ-

ભર્યાં નયનાં ઔર જાદુ જમાવી રહ્યાં છે. કેટલીય ક્ષણુ સુધી એકથી અજાણી રીતે બીજાને નીરખી રહે છે. ચોરી પકડાઈ જાય છે, ત્યારે ક્ષણિક હાસ્ય આપીને શરમાઈ જાય છે. અંતરની વાતો આ રીતે થયા કરે છે.

એક દહાડો જયદેવ પોતાની નિત્યક્રિયામાં લીન હતો ત્યારે પદ્માવતી એના ખંડમાં જઈ પહોંચી. એણે છાની રીતે પેલી પોટલી લઈ ને ખોલી જોઈ. એક પીતાંબર, નાનીશી બંસી, રાધાકૃષ્ણુની એક મૂર્તિ ને હસ્તલિખિત પોથીનાં થોડાં પાનાં એમાં હતાં. એ પાનામાં કોઈ પ્રેમરસના ઉદ્ગારો ટંકાતા હોય તેમ લાગ્યું. પરદેશીની મિલ્કત ને મૂડી તે આ પોટલી ને પેલું ખખડધજ જેવું ગાડું, છતાં આ પોટલી જાણે પરદેશીની જીવનકથા કહેતી હતી.

પદ્માએ નિર્ણય કર્યો કે, પરદેશી કેવલ પૂજા–પાઠ જાણુનારો જ નથી, કવિ પણ છે, બંસી બજાવનાર પણ છે, ભક્ત પણ છે, ને સહુથી મહત્ત્વની વાત તો એ કે પ્રેમને પિછાણુનારો પણ છે.

પદ્માવતી એ દિવસ પછી જયદેવના વધુ ને વધુ પરિચયમાં આવવા લાગી. એ ક્ષણુભર ભૂલી ગઈ કે આવતા ઉત્સવના દિવસોમાં એ મંદિરની સેવામાં અર્પણ થવાની હતી, ને મંદિરની સેવાદાસીને ભગવાન સિવાય કોઈની સાથે પ્રેમ કરવાનો અધિકાર નથી. એ ભોળી છોકરી દિલમાં ને દિલમાં નવું તોફાન ખડું કરી રહી હતી, ને અંતરના અવાજની પ્રેરેલી જયદેવના વધુ ને વધુ ઘનિષ્ઠ સંસર્ગમાં આવતી હતી. એણે ભોગ–શણગારનાં, પૂજા–આરતીના કામમાં ઠીક ઠીક રસ લેવા માંડયો. આરતીની દિવેટો તો સ્ત્રીની સુકોમળ આંગળીઓ જ વણી શકે, સિંહાસનને ચકચકિત આ રીતે જ રાખી શકાય, મંદિરના મોટા ઝુમ્મરમાં દીવા કયા કયા રંગના કઈ રીતે પેટાવી શકાય, એવી એવી ટીકા સાથે એ જયદેવને એની પ્રત્યેક ક્રિયામાં સાથ આપી રહી.

છતાં જુવાન શાંત છે. અલબત્ત એ શાંતિ કોઈ આગામી તોફાનની આગાહીરૂપ હતી. મનોભૂમિની ક્ષિતિજને પાર તોફાનની વાદળી ઘેરાઈ રહી હતી. પદ્માવતી ને જયદેવને એના ઝંઝાવાત ધીરેધીરે શ્રવણગોચર થઈ રહ્યા હતા.

એક દહાડો ચંચળ પદ્માવતીથી ન રહેવાયું. છૂપી રીતે જયદેવના ખંડમાં પ્રવેશી, એની પોટકી ઉઘાડી એ ભુર્જપત્ર પર એક શ્લોક લખી આવી :

" હાવ–ભાવથી હરદમ, સજી શૃંગાર નેણ નચાવું હું;
પ્રીતમ તોયે નહીં પ્રીછે, ત્યારે શું સખી ઢોલ બજાવું હું ?"

ગુંજવા ચાહતી કોકિલાને જાણે વસંતનું આગમન મળ્યું. શયનગૃહમાં અર્ધજાગ્રત રાત ગાળનાર જુવાનનું દિલ આજ વશ ન રહ્યું. છુપા દર્દથી વિહ્વળ તો હતું જ, પણ મંદિરની ભાવિ દાસી સાથે પ્રણયસંબંધ એ વાત એને અકળાવતી હતી. અંતરમાં રચાતી કિતાબ મુખ પર પણ અંકાતી હતી.

મનોનિગ્રહની બેડીઓમાં જકડાયેલું દિલ ઉન્મત્ત થઈ ઊઠયું. પદ્માની દેહમાધુરીએ તો ચિત્તને હરી લીધું હતું, આ કાવ્યમાધુરીએ હૃદયને ઉન્મત્ત કરી દીધું. પદ્મા તો પ્રભુની ભેટમાં ચઢનારું પુષ્પ, માનવીનો સ્પર્શ એને પાપમય ગણાય, આવી આવી માન્યતાઓ પાછળ મનોનિગ્રહને વરેલું દિલ પૂજામાંથી પ્રેમના સાગરભણી ઊલટયું.

જયદેવે મયૂરપિચ્છની કલમ ઉપાડી ને એ શ્લોકની નીચે જ પોતાનો પ્રત્યુત્તર લખવા માંડયોઃ

"ચરિત્ર આ ચતુરાનાં, વર્ણન કરીને ક્યાં જઈ કહેવાયે;
મુજ ઘટ અનલ જગાવી, જળઘટ ધરી શિશ પર જાયે."

"મુજ ઘટ અનલ જગાવી..." આ પંક્તિઓ જયદેવે વારંવાર

ઉચ્ચારી. દિલની વેદના જાણે એ શબ્દોમાં ઝરતી હતી. સામે ચાકા ઉપર દીપક ભડભડ બળતો હતો. અંતરમાં પણ એવા ભડકા ઊઠતા હતા. સંસારની સ્ત્રીઓ તરફ નિર્વિકાર નજરે નીરખનાર, રાધાના દિવ્ય પ્રેમના આદર્શ પૂજારીને પદ્માવતીમાં પોતાની માનસી મૂર્તિ સાકાર થવા લાગી. ભૂલાયેલી છબી ફરી તાજી થતી હતી.

"પૂજાનું પુષ્પ...પદ્મા, મુજ ઘટ અનલ જગાવી, જળઘટ ધરી શિશ પર જાયે. તારી પાસે જ જળ છે, તારા ચરણોમાં તૃષાતુર છે, કૃપા તો કર!" એકાંતમાં મીંઢા જયદેવનાં હૃદયદ્વાર ખુલી ગયાં. "મુજ ઘટ અનલ જગાવી!" જયદેવ વારંવાર ઉચ્ચારવા લાગ્યો. એનું આરસપહાણ જેવું શુભ્ર શ્વેત વક્ષસ્થળ વેગથી સ્પંદન અનુભવી રહ્યું.

"મુજ ઘટ અનલ જગાવી..." કોઈ જયદેવના ચાળા પાડતું સંભળાયું. એણે પાંજરાની મેના સામે જોયું. મંદિરની એ શાણી પંખીરાણી અત્યારે જંપી ગઈ હતી. ત્યારે કોણ હતું પોતાના ચાળા પાડનાર?

દીવાની વાટ એણે સંકોરી. અજવાળાનાં વર્તુલ ખંડમાં ફરી વળ્યાં. એક ઘાટીલો પડછાયો પોતાની દેહને છુપાવતો પકડાઈ ગયો. જયદેવે પાછળ જોયું. એ મંદિરની નૃત્યરાણી પદ્મા હતી. દીપકના પ્રકાશમાં, વિશ્વામિત્રને ચળાવવા આવેલી મેનકા જેવી, એ દીપતી હતી. ખીલતી જુવાની એના દેહપર રંગોળી પૂરી રહી હતી.

"પદ્મા!" એ જ પાછો પીડભર્યો બપૈયાનો પોકાર.

"જયદેવ!" એ જ કાનનકોકિલાનો કલરવ.

નામના સંબોધનમાં પણ જાણે કાંઈ મહાન સંકેત હતો.

પદ્માવતી ધીરેથી આગળ સરી. એણે શયનવેળાનાં વસ્ત્ર પહેર્યાં હતાં. ખુલ્લાં અવયવોમાંથી સૌંદર્યનું ઝરણ વહી જતું હતું. આગળ આવી એણે જયદેવના હાથમાંથી કલમ ખુંચવી લીધી,

પોતાના શ્લોકનો પ્રત્યુત્તર લઈ લીધો, ને ધીમેથી સામે પડેલા બાજોઠ પર બેઠક લેતાં કહ્યું:

"ઇશ્વરનો આભાર માનું છું. ઘણે દિવસે, ઘણે વખતે, મહા-મહેનતે ચોર પકડી શકી."

"હું ચોર?"

"અવશ્ય. પારકા ઘરના મહેમાન બની કોઈ પારકી જણીનું ચિત્ત હરી લેવું એનું નામ ચોરી નહીં તો શું શાહુકારી?"

"પદ્મા, તું તો પૂજાનું પુષ્પ છે. એક વૈષ્ણવને તારા પર અધિકાર...મહા અધર્મ...અક્ષમ્ય અપરાધ!"

"એ અધર્મ, એ અપરાધ તો તમે કરી ચૂકયા."

"ના, ના, એવું ન કહીશ."

"હું નહીં કહું, પણ આ પત્ર કહે છે, તેનું શું?"

"લાવ, તેના પણ ફાડીને ચીરેચીરા કરી નાખું."

"કાગળના ચીરા કરવાથી દિલના ચીરા થઈ શકશે? સંસારમાં મોટામાં મોટો અધર્મ તો માણસ જ્યારે પોતાના દિલને છેતરે છે ત્યારે થાય છે. જયદેવ, મુંઝાશો મા! હું પૂજાનું પુષ્પ નથી. પૂજારીજીનું માતા જેવું પ્રેમાળ હૈયું કદી એમ કરી શકે તેમ પણ નથી, ને પદ્મા તો કૃષ્ણસખી રાધાની ઉપાસિકા છે. સંસાર માત્રની શરમ છોડી મેં મારો ધર્મ અદા કર્યો. હવે તમે જાણો તમારો ધર્મ!"

"પદ્મા, પણ એ શા રીતે બને? તું મહામંદિરની ઐશ્વર્યવંતી નૃત્યરાણી, હું ગામડા ગામનો નિષ્કિંચન વિદ્વાન! એક રાજરાણી, બીજો ભિખારી. પદ્મા, વૈષમ્યની મહાન ખાઈ આપણી વચ્ચે છે. આપણે આ ભૂલી જઈએ, ભૂલવા મથીએ એમાં જ સાર છે."

જયદેવનાં વિશાળ અણિયાળાં નયનોમાં ઝીણાં ઝીણાં મોતી બાઝતાં હતાં. એનો આખો દેહ કરુણ કાવ્યની પ્રતિમા જેવો ઓપી રહ્યો હતો.

“ભૂલી શકશો ? આત્માને છેતરવાનો અપરાધ આચરી શકશો ? તમારી આંખ તમે જોઈ શકતા નથી, હું જોઈ શકું છું. આંખો તો આત્માની આરસી છે. તમારા આત્માના દર્દને એમાં જલતું હું જોઈ શકું છું. ભૂલવાની લેશમાત્ર જરૂર નથી. તમને તો જાણે હું જન્મ-જન્માંતરની સગાઈથી ઓળખું છું. મન્વંતરોની મારી મહાતૃષા આજે બુઝાઈ રહી છે. જીવવું પડે તો જીવવાનો, મરવું પડે તો મરવાનો મહારસ મને લાધી ગયો છે. જયદેવ, સ્ત્રી કદી સહેલાઈથી આટલી જલદી આત્મસમર્પણ કરતી નથી. પણ જ્યારે તેનાથી થઈ જાય છે, ત્યારે માનજો કે એ સંબંધ દુન્યવી નથી, પાર્થિવ નથી, ભૌતિક નથી–અલૌકિક છે, આધ્યાત્મિક છે, પવિત્ર છે. સંસારના કોઈ પણ ધર્મશાસ્ત્રીને એના પર ટીકા કરવાનો અધિકાર નથી. રાધાના પ્રેમનું વાસ્તવિક મૂલ્યાંકન કયો ધર્મશાસ્ત્રી કરી શકશે વારુ ?”

“પદ્મા, મારું ચિત્ત દિવસોથી વૃંદાવનવિહારીની યાદમાં ખોવાઈ ગયું છે. જીવનરસ, ઊંઘ, આરામ બધું ખોઈ બેઠો છું, શાન્તિ શોધવા પ્રવાસે નીકળ્યો છું. દેવદેવની પૂજા, પહાડપહાડની પ્રદક્ષિણા, નદીનદીનાં સ્નાન છતાંય આ વૈષ્ણવનો હૈયાભાર હળવો થયો નથી.”

“નિશ્ચિંત રહેજો, જયદેવ! એ સમય આવી લાગ્યો છે, પણ મારી એક વિનતિ સ્વીકારશો ?”

“વિનતિ નહીં, આજ્ઞા કહો– દેવી !”

“તમારા મૌને, તમારી રહસ્યભરી જીવનચર્યાએ તમારા વિષેની મારી જિજ્ઞાસાને અત્યંત ઉત્કટ કરી મૂકી છે. તમારો જીવન–પરિચય

આપશો ? જયદેવ, મારા સ્વપ્નવિહારી દેવતા, જરાય જુદાઈ ન જાણશો. તમે હૃદયવાન છો, પ્રેમી છો, એ મેં જાણ્યું છે. દરેક પ્રેમી કવિ હોય છે. તમે કવિ છો—મહાકવિ છો, એ પણ મેં જાણ્યું છે. ભલે ગુપ્તચરની જેમ તમે તમારી ચતુરાઈ છુપાવી, પણ અંતરના ઓળખનાર પાસે કંઈ ગુપ્ત રહેતું નથી ."

પદ્માનાં મોટાં મોટાં નયનોમાં પુરુષોની પ્રતિજ્ઞાને પાણી પાણી કરી નાખે તેવું દયાભર્યું—આર્જવભર્યું તેજ હતું. જયદેવ કવિએ આજ પોતાનો સંયમ જાણે ખોયો હતો. એ સહેજ પાસે સર્યો. એણે પોતાની કથા આરંભી;

" પદ્માવતી, માતા અને માતૃભૂમિ માનવીને મન સ્વર્ગથી પણ સુંદર છે. પિતા ને માતા નાનપણમાં ચાલ્યાં ગયાં એટલે એમની યાદ નથી, પણ જયદેવની માતૃભૂમિ તો સ્વર્ગભૂમિ જેવી સુંદર છે. અનેક ઋષિજનોનાં તપોવનોથી પાવન થયેલ વીરભૂમની એ ધરા. ત્યાંથી દક્ષિણ દિશામાં, મલયાનિલના આગમન માર્ગે દશ કોશ દૂર નાનાં આંબાવાડિયાં, હર્યાં ભર્યાં ગૌચરો ને મયૂરોની કેંકાથી સુંદર બનેલ કેંદુલિ* નામનું ગામ છે. એ ગામ મારી જન્મભોમ. એની આસપાસ બકેશ્વરના ઊના પાણીના ઝરા, યમુરાક્ષી, સાલ, હિંલા, દ્વારિકા જેવી સુભગ સલિલા સરિતાઓ વહે છે. ત્યાંનાં બેલફૂલ સ્વર્ગનાં પારિજાતકને શરમાવે તેવાં છે." જયદેવ થોભ્યો. એના મુખ પર ગૌરવની રેખાઓ તરવરી રહી હતી. એના સુડોલ દેહ પર દીપકનાં તેજ સૌંદર્યની નવી આવલિકાઓ રચતાં હતાં.

થોડીવારે જયદેવે પોતાનું સંભાષણ આગળ ચલાવ્યું. દિવસોથી મૂંગી બનેલી એની વાચાને વેગ આવ્યો હતો. પદ્માવતી શિલ્પીએ

---

* કેંદુબિલ્વ પણ કહેવાય છે.

કંડારેલ સુંદર પ્રતિમા શી સામે બાજોઠ પર પોતાના નાજુક હાથની હથેળી ચિબુક નીચે રાખી બેઠી હતી.

"એ કેંદુલિ ગામના પાય પખાળતી અજયનદ નામની પવિત્ર ધારા વહે છે. એ ધારાના તટ પર રાધાની પ્રેમલક્ષણા ભક્તિના ઉપાસક જયદેવનો નાનો એવો આશ્રમ છે. ત્યાં ગરીબાઈ છે, પણ ગૌરવભરી. એ આશ્રમની રસભરી દરિદ્રતા પાસે શ્રીમંતોને પોતાના રસવિલાસ શુષ્ક લાગ્યા છે. પદ્મા, સુડા ને શુક ત્યાં વેદ-ધ્વનિ કરે છે. મૃગબાળ ત્યાં સમિષ ચરે છે. કામધેનુઓ ત્યાં પંચામૃત દૂઝે છે. મયૂર ત્યાં કેકા કરે છે; ને મલયનો પવન ત્યાં સંગીત કરે છે." વાત કરતો જયદેવ બારીમાંથી દેખાતા આકાશ તરફ જોઈ રહ્યો, ટમટમતા તારાનું મુખ ધરીને ત્યાં કોઈ છુપાઈ બેઠું હોય તેમ શોધવા મથી રહ્યો. એના અવાજમાં હવે ભાર હતો.

"એ નાના એવા આશ્રમના કુલપતિ, વિદ્વત્તાના પૂજારી, વાદવિવાદમાં વિશારદ, તત્ત્વદર્શનમાં તીક્ષ્ણ એવા મેધાવી જયદેવને પોતાની જ્ઞાનસંપતનું અભિમાન હતું. જ્ઞાનમૂર્તિ બનેલા જયદેવે પોતાની જીવનસખીને વિસારી પાંડિત્યને એની શોકય બનાવી, વિદ્વત્તાને વારવધૂ બનાવી ને રાધિકાની પ્રતિમૂર્તિસમી પ્રિયાને વિસારી. પણ ભક્તહૃદયા નારીએ પતિની અવમાનના ઝીલતાં ઝીલતાંય સેવા કરી ને સેવા કરતાં પતિચરણમાં મૃત્યુ પામી. એ વેળા આશ્રમનો કુલપતિ જયદેવ જ્ઞાનના અંધકારમાંથી જાગ્યો. પદ્માવતી, એ દહાડે લાગ્યું કે નર્યો જ્ઞાની સંસારમાં ગોથાં ખાય છે. ગમે તેટલી મહાન વિદ્વત્તા ભક્તિના એક અંશ સાથે પણ બરાબરી કરી શકતી નથી. સંસારમાં જે ભક્તિ કરી શકે છે, એને કશું અપ્રાપ્ય નથી. પદ્મા, કુલપતિ જયદેવ તે હું. મારા મૌનનો અર્થ હવે તું સમજી શકીશ. જ્ઞાનનું ઝેર હું નીતારી રહ્યો હતો."

પદ્માવતી કંઈ ન બોલી. એ તો ચિત્રની જેમ સ્તબ્ધ બેસી રહી. જયદેવ થોડીવાર આકાશ સામે જોઈ રહ્યો ને પુનઃ બોલ્યો:

"પદ્મા, આ આકાશી તારકવૃંદોમાં હું પેલું ભક્તિભર્યું મુખડું શોધી રહ્યો હતો. એ શોધમાં દિવસો ગાળ્યા, દેહનાં હાડ ને રૂપ ખોયાં, પણ સંજોગે અહીં આવ્યો ને તારું ભાવભીનું પદ્મપુષ્પ જેવું મુખ નીરખ્યું ને જાણે અંતરમાંથી કોઈ કહેવા લાગ્યું કે અરે, એ મુખ તો પૃથ્વી પર અવતરી ચૂક્યું ને તારી સામેજ આવીને ઊભું છે. ક્ષમા કરજે પદ્મા, સાગરનાં મર્યાદાવાળા તરંગોનેય કદી માઝા મૂકવાનું મન થઈ જાય છે. અંતરના આગળિયા આજ આપોઆપ ઊઘડયા છે, એટલે પૂછું છું. તારી કંઈ જીવનકહાણી સુણાવીશ?"

પદ્મા જરા હાલી. ઓઢણીમાં છુપાયેલું એનું યૌવન જાણે સજીવ બની ગયું. એણે પોતાની બંકી ડોક સહેજ નમાવી. ધીરેથી એ બોલી :

"હું કોણ એ જાણવાની ઇચ્છા કરશો મા, જયદેવ ! પદ્મા એટલે સંસાર–સરોવરનું એક સુરભિપૂર્ણ કમળ. એનાથી વધુ કશું નહીં. એનું મૂળ કોઈ જાણતું નથી. કમળના મૂળમાં શું હોય છે? એનું મૂળ શોધવા જનારને શું મળે છે, જાણો છો? કાદવ ને કીચડ. વિપ્ણુ મારા પિતા, રૂકમા મારી મા! જયદેવ એનો..." આગળ બોલતાં એ અટકી ગઈ. મુખ પર શરમની એક ફૂલવાદળી આવીને સરી ગઈ.

"પદ્મા, મારા અંતરની કવિતા, મને લાગે છે, કે આપણે જ્વાલામુખીના શિખરને છંછેડીએ છીએ. હજી આપણે ભૂલી જઈએ. મંદિરની તું નૃત્યરાણી બની રહે. હું આશ્રમનો કુલપતિ બની જાઉં. વૃંદાવનવિહારી આપણને વિસ્મૃતિની શકિત આપશે. એક દહાડો જે પ્રેમથી અજાણ્યા અતિથિનું સ્વાગત કર્યું હતું, એ પ્રેમથી વિદાય દે!

તારો પ્રેમ મારા બળ્યા જીવનમાં શાતા પૂરશે! બાકી કોઈ સમાજ તારા જેવી સેવાદાસી ગુમાવીને શાંત ન રહી શકે. સમાજ સ્ત્રીને માથે હમેશાં જુલમ કરતો આવ્યો છે. તારે માથે ગજબ વરસશે.”

“એની ચિંતા ન કરશો. સાચા પ્રેમને દુનિયા કદી પચાવી શકી નથી. પણ સાચાં પ્રેમીઓએ સંસારની કયે દિવસે પરવા કરી છે? જયદેવ, મારું સૌંદર્ય એક પવિત્ર ઝરણુ છે, તમારું કવિપંખી એનું પાન કરી અમર બનશે, સંગીત ને સાહિત્ય તો મા શારદાના* બે સ્તન છે. એક જ સ્તન પર ધવરાવનાર માતા, અર્ધભૂખ્યા રહેતા સંતાનનો શું દ્રોહ કરતી નથી? જયદેવ, તમારી કવિતામાં મારી જરૂર છે, વૃંદાવનવિહારીની યાદમાં રાધાની ખેવના છે. તમારા પ્રાસાનુપ્રાસ પર પદ્માવતીના પ્રેમોષ્માભર્યા સહચારનો પારસમણિ સ્પર્શી જવા દો! તમારી કાવ્યમાધુરીની હોડ સંસારનો બીજો કોઈ કવિ કરી શકશે નહીં. સ્વપ્નવિહારી, પદ્માની પ્રાર્થના છે. એને જયદેવની રાધા બની જવા દો!”

“જયદેવની રાધા! શાન્તમ્ પાપમ્. મણિમુક્તા, હીરચીર, મધુ–આસવ, રંગરાગ વચ્ચે વસનારી તું મુજ ગરીબ, મયૂરપિંછ–સેવકની, ધેનુપૂજકની, રાસલીલા રમનારની દુનિયામાં શી રીતે છજી શકીશ?”

“જયદેવ, સ્ત્રી સ્પષ્ટ કહેવામાં માને છે. પદ્મા તમારી જીવન–સહચરી બનવાનો નિરધાર કરી ચૂકી છે, રાખો તોય ભલે, ન રાખો તોય ભલે! રહેનારને કોઈ કાઢી શકતું નથી. પ્રેમ પરિસ્થિતિ જોઈને પાંગરતો નથી. મારો અન્તિમ નિર્ણય સાંભળી લો. જીવતે કે મુએ પદ્મા જયદેવની–જયદેવ પદ્માનો થાય કે ન થાય. આગ, ઈર્ષા, અત્યાચાર કે સંસારની કોઈ સત્તા એને રોકી નહીં શકે.”

---

* साहित्यमथ संगीतं सरस्वत्याः कुचद्वयम् ।

પદ્મા ઉતાવળે બહાર નીકળી ગઈ. એની આંખમાં આંસુ હતાં.

જયદેવે એને થંભાવવા હાથ લંબાવ્યો, પણ વ્યર્થ !

સંસારના આ એક મહાસમર્પણ પર ત્યારે તુષારસુંદરી પોતાનાં મોતી છૂટે હાથે વેરી રહી હતી.

૩. ભલો ધર્યો અવતાર

જગન્નાથપુરીના પ્રત્યેક પૂજારી, બ્રાહ્મણ કે સંન્યાસીની જીભ પર એક જ ચર્ચા હતી.

મહાપૂજારી વિષ્ણુદાસજીના ત્યાં કોઈ છદ્મવેશી આવી, મંદિરમાં પ્રવેશી, મંદિરની હોનહાર મહાસેવાદાસી પદ્મા સાથે ગુપ્ત પ્રણય સાધી ગયો. હવે તેઓ પોતાની પ્રેમસાધનામાંથી પાછા ફરવા કે પ્રાયશ્ચિત્ત કરવા ના ભણતાં હતાં.

જગન્નાથપુરીનો અપૂર્વ સૌન્દર્યભંડાર આજે એક સામાન્ય માનવી લૂંટી જતો હતો. જેના એક એક અંગમરોડ પર હજારો નવજુવાનો કુરબાન થવા તૈયાર થતા, એ નવજુવાનોના ગુસ્સાનો પાર નહોતો. જાણે જયદેવે પદ્માવતી સાથે પ્રણય સાધીને એમની જુવાનીને પડકાર આપ્યો હતો.

પૂજારીઓ બેચેન બની બૂમો પાડતા હતા, કારણ કે મંદિરની સૌંદર્યભરી સેવાદાસી દેશદેશના ભક્તોમાં ચર્ચાનો વિષય બનતી... ઘણીવાર આકર્ષણનો વિષય બનતી. અને ભક્તો આ પૂજાના પુષ્પની સુગંધ કે સ્પર્શના લોભથી અનર્ગળ દ્રવ્ય પૂજારીઓમાં દાન–દક્ષિણાના બહાને વહેંચતા.

વૃદ્ધ ને શાણા બ્રાહ્મણોને પદ્માવતી જાય એનો વાંધો નહોતો, પણ આવી રીતે ચીલો ખોટો પડતો હતો. જો કે વિષ્ણુદાસજીએ હજી વિધિપુરઃસર પદ્માવતીને મંદિરમાં અર્પણ નહોતી કરી, છતાં

એ અર્પણ કર્યા જેવી જ બધી ક્રિયાઓ કરતી હતી. વિધિ તો એક આચાર માત્ર હતો.

આ સિવાય એક મોટો વર્ગ તેજોદ્વેષીઓનો હતો. વિષ્ણુદાસજીની લોકપ્રિયતા ને સેવાપ્રિય સ્વભાવ એમને ખટકતાં હતાં. આજે એમના માર્ગનો કાંટો આ રીતે નીકળી જતો હોય તો તેઓ તે તકને વધાવી લેવા તૈયાર હતા. ને બાકીનો ઉશ્કેરનાર વર્ગ સેવાદાસીઓનો હતો. દિવસોથી તેઓ ઈર્ષાની આંખથી પદ્માવતીના લોભાવનાર સૌંદર્યને નીરખી રહી હતી. એની ઉપસ્થિતિમાં જાણે પોતાના સૌંદર્યશૃંગાર, નાજનખરાં, વ્યંગકટાક્ષ વ્યર્થ હાસ્યાસ્પદ બની જતાં. પદ્માવતી પોતાના કાળા કેશના મોટા અંબોડામાં એક પારિજાતક મૂકીને આવતી ને આ સેવાદાસીઓના હજાર કેશશણગાર વ્યર્થ લાગતા. નૃત્ય કરતી વેળા એના ગૌર ગાલો પર ને કટારની ધાર જેવી આંખો પર અંબોડામાંથી એક અલક–લટ છૂટી પડીને રમતી ને એને સરખી કરવા એ જરા મંદ ગતિડોલનથી મસ્તક ઊંચું ઉછાળતી ત્યારે જાણે કામદેવ હજાર હજાર બાણોથી ભક્તસમુદાયને વીંધી રહ્યો હોય, એમ લાગતું. રાજાજી તથા મોટો પૂજારીવર્ગ એના કંઠની, એના નૃત્યની, એના દેહસૌષ્ઠવની તારીફ કરતો. એવી પોતાની પ્રતિસ્પર્ધિની પદ્માનું કાસળ આ રીતે જતું હોય તો કાઢવા તેઓએ પોતાના પરિચિત વર્ગને ઉશ્કેરી મૂક્યો હતો. સૌંદર્ય ને શ્રીમંતાઈ સદા સંસારનાં દ્વેષભાગી બન્યાં છે.

આવતી કાલે અસાડ સુદ બીજ હતી. મહાન રથયાત્રાનો પરમ પવિત્ર દિવસ હતો. લાખો દર્શકો, ભક્તો, સંન્યાસીઓ ને યાત્રાળુઓનો મેળો જામ્યો હતો, ગાન–તાન, ધામ–ધૂમ, મિષ્ટાન્ન–પાણી બધે ચાલી રહ્યાં હતાં. પણ મંદિરના બ્રાહ્મણો, પૂજારીઓ અને સાધુ–સંન્યાસીઓ આ વાતનો શીઘ્ર નિર્ણય ઇચ્છતા હતા. ધર્મમાં કોઈ દખલ કરે, એના માટે એ શાન્તિ કે સંયમથી વિચાર કરવાને કદી

ટેવાયેલા નહોતા. એક ઘા ને બે કટકાની નીતિના પૂજારીઓ વિષ્ણુદાસજીને ઘેરી વળ્યા હતા.

"કાલનો દિવસ આપો! મારો એ શિષ્ય તમારા દિલનું સમાધાન કરશે." વૃદ્ધ વિષ્ણુદાસજી વિનવી રહ્યા હતા.

"એક એક ઘડી મહત્ત્વની છે. જયદેવે મહાપ્રભુનું અપમાન કર્યું છે. એણે ધર્મનાં કાનૂનોમાં દખલ પેદા કરી છે. એણે પૂજાના પુષ્પને–દેવચરણે અર્પિત થનાર પુષ્પને–ઉડાવી જવાનો ઇરાદો સેવ્યો છે. એ છોકરીને એણે ભમાવી છે. એ કહે છે, હું જયદેવની રાધા છું. ને પેલો ગમાર કહે છે, હું પદ્માનો શ્યામસુંદર છું. આગ, પાણી કે સત્તા અમને અમારા પ્રણયમાર્ગમાંથી ચળાવી શકે તેમ નથી. એટલે એ ગમારને તો કાલે મહાપ્રભુના રથને પૈડે બાંધી મોક્ષ આપી દેવામાં જ સાર છે. અધર્મીના ભારથી ધરા કંપી રહી છે." બોલનારે પોતાની આંગળીઓથી એ કંપ રજૂ કર્યો

"ભાઈઓ, પ્રત્યેક વાત ઊંડા મર્મથી વિચારવાની જરૂર છે. પદ્માને હજી દેવને અર્પણ કરી નથી. એને અર્પણ કરવી કે નહીં, તે મારી ઇચ્છા ઉપર છે. ભગવાનને ભજવાના અનેક રાહ છે. કોઈ પ્રેમથી ભજો, સ્નેહથી ભજો, દ્વેષથી ભજો કે ભયથી ભજો–ભજનાર માત્રનું મારો વહાલો કલ્યાણ કરે છે. તન ને મન–બંને શુદ્ધ, નિષ્કપટ, નિર્ભય રાખીને પરમેશ્વરને ભજનાર–પછી ગમે તે હોય, તેને સાક્ષાત્કાર થાય છે." વિષ્ણુદાસજી શાસ્ત્રના અતલ ઊંડાણમાં ઊતરતા હતા. સામા પક્ષને એ ખપતું નહોતું. તેઓએ ઝનૂનપૂર્વક કહ્યું:

"એ બુઢ્ઢા, સાક્ષાત્કાર–બાક્ષાત્કારની વાત મૂકી દે. ધર્મની બાબતમાં અમે લેશ પણ ચલાવી લેવા તૈયાર નથી. પદ્મા ભલે અર્પણ ન થઈ હોય, પણ એ અર્પિત જ હતી. જો કાલે એ પંડિત–પંચ સમક્ષ હાજર થઈને, ભગવાન જગન્નાથજીના ચરણે પદ્માને માતા

કે બહેન તરીકે નહીં સ્વીકારે તો, તને અને જયદેવને પંડિત-પંચ જે ભયંકર સજા ફરમાવશે તે ભોગવવી પડશે."

"ભયંકર સજા એટલે મોત!"

વૃદ્ધ પૂજારીજી આ ધમકી સામે હસ્યા. મોત-આટલા બુઢ્ઢાને જેણે એક કદમ તો મંજિલ ભણી લંબાવ્યો છે, ને બીજો કદમ ઊડવાની તૈયારીમાં છે, એને તુચ્છ મોતને નામે ડરાવી શકાશે!

આથમતી સંધ્યાના સુવર્ણરંગી આકાશ સામે જોતાં વિષ્ણુદાસજીએ મનથી ભગવાન ગોવર્ધનધારીને નમસ્કાર કર્યા; ને જાણે અંતરીક્ષમાં કોઈની સાથે વાત કરતા હોય તેમ બોલવા લાગ્યા:

"હે ભગવાન, પ્રેમમળ્યાં પંખીઓને હવે શી રીતે જુદાં કરું? સાથે ઊડવાનાં શોખીન એ પારેવાંની પાંખો કયા હાથે કાપું? કૃષ્ણને, કુબ્જાપતિને, રાધાપતિને ભજનારો, નિર્મળ દિવ્ય પ્રેમનાં ધારકને કેમ અન્યાય આપી શકે? અરે, જેના શ્વાસોશ્વાસમાં પવિત્રતા વહે છે, એને દુન્યવી નીતિ-ન્યાયોની શી પરવા? જેનો આત્મા સ્વયં સંબુદ્ધ છે, એને આત્મનિરીક્ષણની જરૂર કેવી? જેની નસોમાં વિકારનો વેગ, વાસનાનું ઝેર ને કામની ગંધ નથી, એનું કાર્ય સંસારને ગમે તેવું લાગે, પણ તેની પ્રત્યેક અવસ્થા પવિત્ર છે. જે આજન્મ અવિકારી છે, એને સ્ત્રીપ્રેમથી દૂર ભાગવાની-કે સંયમ માટે પ્રાર્થના કરવાની જરૂર નથી. સ્ત્રી પોતે-વિષય પોતે એને સ્પર્શીને પવિત્ર બને છે. શ્રીકૃષ્ણની લીલા સમજનારે આટલી કેળવણી લેવીજ પડશે, નહીં તો એની પૂજા પાખંડ બની જશે. પદ્માવતી ને જયદેવ-એમને સમજાવનાર હું કોણ? હું તો તટસ્થ દ્રષ્ટા. પ્રેમ ભલે એની કસોટીએ ચઢીને પરખાતો. કથીર ને કાંચનને તો તાપમાં તપાવ્યાં જ ભલાં!"

"ગુરુદેવ!" જયદેવનો અવાજ સંભળાયો. સદા શાન્ત ને ઊર્મિલ અવાજમાં આજ વ્યગ્રતા હતી.

"શું છે બેટા ?"

"પદ્મા ક્યાં છે ?"

"પદ્મા તો ગિરિકોકિલા છે, કોઈ ઉદ્યાનમાં કૂજતી હશે. પદ્માનું શું કામ પડ્યું, બેટા?"

"ગુરુદેવ, પદ્માને હું કેટલીયે વારથી શોધું છું. ન ઉદ્યાનમાં છે, ન કાનનમાં છે, ન મંદિરમાં છે. મને શંકા થાય છે."

"કે કોઈ એને ઉપાડી ગયું." હસતાં હસતાં પૂજારીજીએ કહ્યું : "બેટા, આશ્રમની હરણી એ કંઈ શિકારની ચીજ નથી. એને કોણ સ્પર્શ કરી શકે ?"

આશ્રમની હરણી ? પૂજારીજીના આ શબ્દોમાં જયદેવને કાંઈ ચેતવણીના સૂર લાગ્યા. માનવી પણ ફળફૂલ જેવી ભોગનૈવેદ્યની ચીજ ! પણ વધુ વિચારમાં વખત ખોવા જેવું નહોતું.

"ગુરુદેવ ! હું પદ્માની શોધમાં જાઉં છું."

"બેટા, વહેલો વળજે, કાલે રથયાત્રાનો ઉત્સવ છે."

જયદેવ પૂરું સાંભળ્યા વગર ચાલ્યો ગયો. વૃદ્ધ પૂજારી વિમાસણમાં પડી ગયા. ઉપરાઉપરી ચિંતાઓ એમને ઘેરી વળતી હતી. પણ સો દર્દની એક ઔષધિ એમની પાસે હતી. એ વિષ્ણુસહસ્રનામાવલિ રટવા લાગ્યા. થોડી વારમાં એમના ચહેરા પરથી ગ્લાનિની રેખાઓ અદૃશ્ય થઈ ગઈ, ને કોઈ અપૂર્વ આનંદ છવાઈ ગયો. એમણે ઊભા થતાં થતાં જોરથી કહ્યું :

"ઊઠા દો લંગર, છોડ દો નૈયાં : કિનારે લગાવવાવાળો હાજરાહજૂર છે."

એ આખી રાત અજબ રીતે વીતી.

રથયાત્રાના ઉત્સવનો દિવસ આવી પહોંચ્યો. વહેલી સવારથી ભક્તજનોના જયજયનાદ આકાશના ગુંબજને ફાડી રહ્યા હતા. રસ્તા જળથી છંટાઈ, ચંદનથી અર્ચાઈ, આસોપાલવથી શણગારાઈ તૈયાર હતા. પણ યાત્રા–ઉત્સવના પ્રારંભ પહેલાં મહામાન્ય પંડિતપંચને એક અતિ વિકટ કાર્ય પરિપૂર્ણ કરવાનું હતું : અને તે વિષ્ણુદાસજી, જયદેવ ને પદ્માવતીના કર્તવ્યાકર્તવ્યનો ન્યાય! અધર્મના ભારબોજથી મા વસુંધરાને વધુ વખત કચડાતી રાખી શકાય તેમ નહોતું.

પંડિત–પંચમાં દેશદેશના તર્કપંચાનનો, દર્શનશાસ્ત્રશિરોમણિઓ, ધર્મવેત્તાઓ ને વાદીઘટમુદ્‌ગરો હતા. તેઓ સજ્જ થઈને વહેલી સવારે આવી ગયા હતા.

હવે રાહ જોવાતી હતી પૂજારી વિષ્ણુદાસજીની. યથાસમયે પૂજારીજી સ્વસ્થ હૃદયે ને મક્કમ પગલે હાજર થયા. અરે, તેઓ એકલા જ કેમ? ખરાં ગુનેગાર કેમ હાજર નથી? પહેલી જ નજરે પ્રત્યક્ષ પ્રમાણથી જોતાં પંડિત–પંચોને પૂજારી પાકો પાખંડી ભાસ્યો.

"વિષ્ણુદાસજી, જયદેવ ક્યાં? વેળા વીતી જાય છે."

"પંચમહાશયો, કાલ બપોરની પદ્મા મળતી નથી. પદ્માને શોધવા જયદેવ ગયો છે, એ પણ હજી પાછો ફર્યો નથી. થોડીવાર થોભી જાઓ! આવતો હશે."

"વિષ્ણુદાસજી, સાઠે તમારી બુદ્ધિ નાઠી લાગે છે!" સીત્તેર વર્ષના તર્કપંચાનન શાસ્ત્રીએ વાઘના જેવો ઘુરકાટ કર્યો : "મુહૂર્તમાં ફેરફાર થઈ શકે ખરો કે? તો તો ભગવાન જગન્નાથ જનગણનું સત્યાનાશ જ વાળે. ભક્તજનો, અમને સંપૂર્ણ ખાતરી થઈ છે, કે આમાં પૂજારી વિષ્ણુદાસજી દેવના ગુનેગાર છે. એમણે દેવપૂજામાં વિઘ્ન કર્યું છે, દેવપ્રણાલિકાને તોડી છે. પકડી લો, જગન્નાથજી એમને શિક્ષા કરશે."

એક વેળાના મહામાન્ય પૂજારીજીને ભક્તો ઘેરી વળ્યા. પણ તેમની શાંતિ અભંગ હતી. તેમણે ધૈર્યપૂર્વક કહ્યું : "ભાઈઓ, શાંતિ રાખો, જગન્નાથજીનો ન્યાય મને માન્ય છે, અને મારો જગન્નાથ તો જનગણમાં વસે છે. એ કહે તે મારે કબૂલ !"

"જનગણ શું કહેશે ? તમારો ન્યાય તોળવા આવેલ આ ધર્માવતાર પંડિત–પંચની આમન્યા રાખો, પૂજારીજી !" બીજા પૂજારીઓએ વચ્ચે કહ્યું.

"જગન્નાથજીનો એમણે ગુનો કર્યો છે, છતાંય જીવનભર તેમની સેવા પણ કરી છે, માટે..." પંડિતપંચે કંઈક દયા દેખાડવાનો પ્રયત્ન કર્યો: "અમે બધા સહસંમતિથી એમને જગન્નાથજીના રથ નીચે મોક્ષ આપવાની મંજૂરી આપીએ છીએ. તેમનું કલ્યાણ થાઓ."

"કલ્યાણમસ્તુ" ટોળાએ પ્રતિઘોષ કર્યો.

પૂજારીજીએ મસ્તક નમાવ્યું. એમણે ધીરેથી કહ્યું: "દેવ, તારી સેવામાં જીવન ગાળ્યું ને તારી સેવામાં જ મૃત્યુમાં પોઢવાનું. વાહ, એથી ઉત્તમ જીવનસંધિ કઈ ! અરે ભાઈ, ઊઠા દો લંગર, છોડ દો નૈયાં, કિનારે લગાવવાવાળો લગાવશે !"

પૂજારીજી હરિનામ જપતા રથના માર્ગમાં જઈ મસ્તક નમાવી ઊભા રહ્યા. માનવમેદનીમાંથી પ્રચંડ કોલાહલ ઊઠતો હતો, અને તેમ તેમ વાતાવરણમાં ઉત્તેજના પ્રસરતી જતી હતી. થોડીવારમાં કેટલાક સેવકોએ આવી નમસ્કાર કરતાં કહ્યું:

"મહારાજ, પદ્માને હાજર કરીએ ?"

"અવશ્ય. એ ભ્રષ્ટ છોકરીને જરૂર હાજર કરો. ભગવાન એના અધર્મનો આજે ન્યાય કરશે. એણે સેવાદાસીનું પદ ઓળંગી મંદિરની પવિત્ર પ્રતિષ્ઠાને અભડાવી છે."

થોડીવારમાં હાથે-પગે બાંધેલી, આકુળવ્યાકુળ પદ્માને ત્યાં હાજર કરવામાં આવી. પદ્માના મુખમાં એક જ રટણ હતું : " જય દેવ, જય દેવ ! "

" ભ્રષ્ટા ! પતિતા ! પાપિષ્ઠા ! હજી પણ મુખમાંથી એ જ શબ્દોચ્ચાર ચાલુ છે ! "

" પંચમહાનુભાવો, જય દેવ શબ્દમાં તમને શું અધર્મ ભાસ્યો ? કે પછી તમારાં મન આછી આછી વેરની આગમાં ઉશ્કેરાઈ ગયાં છે ! અરે, ધર્માંધતાએ ન્યાય કરવાની તમારી શક્તિ હણી નાખી છે, પછી ન્યાયનું નાટક માત્ર ભજવવાથી શો લાભ ? "

" પંચનું અપમાન ! " ટોળામાંથી અવાજ ઊઠ્યો.

" શાન્તમ્ પાપમ્, છોકરી, ભગવાન જગન્નાથ તને જલદી મોક્ષ આપે. " પંડિત પંચે ગંભીરતાથી કહ્યું.

" આપશે તો એ જ મારો ભગવાન મોક્ષ આપશે. ભગવાનને નામે એના પરમભક્તો પર જુલમ ગુજારનારાઓ માટે તો ન જાણે કયા રૌરવ નરકની જ્વાલાઓ ફરીથી સચેત બની રહી હશે. જીવન, જીવન, જીવન કરનારા તમને જીવનની ચિંતા હશે. જેણે રાધાવિહારીના ચરણમાં સર્વસ્વ ન્યોછાવર કર્યું હોય એને જીવનની શી ચિંતા ? પિતાજી કહેતા કે ઊડા દો નૈયાં, છોડ દો લંગર ! નૈયા મેં છોડી દીધી છે. ચાર વેદ, છ શાસ્ત્ર, અઢાર પુરાણ ને તેત્રીસ કોટિ દેવતા પણ આ મારા નિર્મળ પ્રેમની સાખ આપશે. પદ્માનો પ્રેમ પાવક જેટલો પવિત્ર છે, રાધાના જેવો ઉન્નત છે, સત્યભામાના જેવો અભિમાની છે, છતાં રુકિમણીની જેમ સમર્પણશીલ પણ છે. અમે આ પ્રેમપગરણથી વૃંદાવનવિહારીની પરમ પ્રેમની નિશાળમાં નામ નોંધાવીએ છીએ. તમારી ઇચ્છામાં આવે તેમ કરી શકો છો. "

" અમારી ઇચ્છા-છોકરી, ભગવાન મધુરિપુની જ એ ઇચ્છા છે, કે અધર્મીનો નાશ થાય. "

"અરે મહાનુભાવો, જરા વિચાર કરો!" પૂજારી વિષ્ણુદાસજીનો અવાજ સંભળાયો. "એક છોકરીની હત્યા? મારો નાથ નહીં સહન કરે! આ સર્વ દોષ મારો જ છે. મેં જ એ છોકરીને પાળી ને મેં જ એ જયદેવને પૂજારી બનાવ્યો. પંચમહાશયો, મને જે શિક્ષા કરવી હોય તે કરો. એ નિર્દોષ બાળકીને મુક્ત કરો."

પણ એ અરણ્યરુદન હતું. ભીડનો અવાજ પ્રચંડ હતો. યાત્રાના પ્રારંભની છેલ્લી ઘટિકા પૂરી થતી હતી.

પદ્મા રણચંડિકાના સ્વરૂપમાં હતી. એની કોમળ કાયા પર મારનાં નિશાન હતાં. એની સુંદર આંખોની આસપાસ કાળાં કુંડાળાં વળી ગયાં હતાં. કપડાં રગદોળાયેલાં હતાં, વાળ વિખરાયેલા હતા; પણ નાનકડા સુંદર મુખ પર કોઈ દૈવી નિશ્ચયની રેખાઓ તણાયેલી હતી.

આખી રાત પદ્માના દેહ પર જુલમ વરસ્યો હતો. અન્તે પૂજારીઓ હાર્યા હતા. નાની એવી છોકરીને આ વાઘ જેવા વિકરાળ માણસો એના નિશ્ચયમાંથી ચળાવી શક્યા નહોતા. એ તો એક જ વાત વારેવારે રટતી હતી:

"જીવતી રહી તો જયદેવની બનીને રહીશ. મરીશ તો ગોવર્ધનધારીના ચરણોમાં જઈ વસીશ. આ સિવાય મારો બીજો નિર્ણય નથી. સેવાદાસીને પણ દિલ છે—તમારા જેવું. એને પણ અરમાન છે—તમારા જેવા. શા માટે ભગવાને હેતથી બક્ષેલા એના બહુરંગી જીવનને વ્યર્થ જવા દે. તમારી કામનાઓની સિદ્ધિ માટે તમે પશુ, પક્ષી ને ભોગ-નૈવેદ્યની જેમ તમારી બહેન-પુત્રીઓને પણ અર્પણ કરતાં શરમાતા નથી. તમારી સ્વાર્થની બાજી આજ ભલે ખુલ્લી પડે. અંતરમાં જલી જલીને ખાખ બની જનાર મારી એ અમોલ, અનાથ બહેનોની ભસ્મને ભલે મારી વાટે જબાન

આવે. પદ્માનો નિર્ણય અફર છે. વાઘ ગરીબ મૃગલીને મારીને ખાઈ શકે, પણ એના હૃદયને તો ફેરવી નહીં શકે!"

ફરી મારઝૂડ–ફરી તાપ–સંતાપ, એક નાની છોકરી સેવાદાસીની પવિત્ર, પ્રાચીન સંસ્થા સામે બળવો જગાવે! ખેંચી લો એની જીભ!

પંડિતપંચોએ સંક્ષેપમાં પોતાનો નિર્ણય જણાવી દીધો હતો. પદ્માએ પોતાનો નિર્ણય પણ જણાવી દીધો. જીવન કે મૃત્યુ માટે એ બેપરવા બની હતી.

યાત્રા–ઉત્સવની ઘડી સમીપ હતી. યાત્રાના ત્રણે રથ ગરુડધ્વજ, કમલધ્વજ ને તાલધ્વજ શણગારાઈને તૈયાર હતા. ચાર ચાર હજાર* ભક્તગણ એને સોનાની સાંકળે ખેંચવાના હતા. પણ આ કાર્યના પ્રથમ અધિકારી રાજાજી હતા. અત્યારે તેમની રાહ જોવાતી હતી. કાળજૂનો રિવાજ હતો કે પ્રત્યેક રાજા સોનાના સાવરણે યાત્રાનો માર્ગ સ્વચ્છ કરે ને રેશમની દોરીએ રથ ખેંચી યાત્રા–આરંભની અનુમતિ આપે.

પંડિતપંચે તત્કાળ પૂરતું પોતાનું કાર્ય સમાપ્ત કર્યું. નાસી છૂટેલા જયદેવના ન્યાયનો નિર્ણય હવે તો અતિ ભયંકર જ થવાનો. એ જો અહીં આ યાત્રા દરમ્યાન ઉપસ્થિત નહીં થાય તો એના ઉપર પૂજારીજી કે પદ્મા જેવી દયા કોઈ નહીં દર્શાવે. અને આજ નહીં તો કાલે પૂરીના રાજસેવકો એ દોષી જયદેવને–એ દેવના ચોરને પૃથ્વીના પડમાંથી લાવીને હાજર કરવાના. ન જાણે એ વેળા એનો કેવો ન્યાય થશે!

દૂર દૂરથી નેકીના અવાજો આવવા લાગ્યા. રાજાજી ચાલ્યા આવતા દેખાયા. શરીર પર એક માત્ર પીતાંબર ને ખભા પર ઉપવીત શોભી રહી હતી. તેમણે કંઠમાં ફૂલહાર નાખ્યો હતો ને દેહ પર

---

* ૪૨૦૦ માણસો એ રથ ખેંચે છે.

આછાં આછાં અલંકાર ધારણ કરેલાં. પગમાં ચંદનકાષ્ઠની ખડાઉ હતી. ગળામાં મોટું તિલક હતું. પાછળ અનુચર વર્ગ પણ ભક્તને શોભે તેવા પોશાકમાં હતો. રાજાજીની પાસે પરિસ્થિતિનો પવન પહોંચી ગયો હતો, પણ ભૂદેવોના કાર્યમાં માથું મારી ઇકોતેર પેઢી સુધીનો શાપ વહોરવાની તેમનામાં શક્તિ નહોતી. ચાલતી પરંપરાને ઉવેખવાનું સામર્થ્ય તેમની પાસે નહોતું.

બ્રાહ્મણોએ જયધ્વનિ કર્યો. રાજાજીએ પુષ્પ, અબીલ, અક્ષત વેર્યાં. સોનાના સાવરણાથી માર્ગ સમાર્યો. પ્રસ્થાનનો શંખ ફુંકાયો. રાજાજી રથની રેશમી દોર હાથમાં ગ્રહણ કરવા જાય છે, ત્યાં દૂર દૂરથી અવાજ આવ્યો:

"રાજાજી, રથની દોરીને ખેંચો તો વૃંદાવનવિહારીની આણ છે. મારી ફરિયાદ છે, હું ન્યાય યાચું છું."

રાજાજીએ લંબાવેલો હાથ પાછો ખેંચી લીધો. ભગવતસ્મરણમાં લીન બનેલા પૂજારી વિષ્ણુદાસજીએ આંખો ઉઘાડી. એ આંખોમાં ચિંતા હતી. ચંચળ પદ્માનાં નયનો અવાજની દિશા તરફ ખેંચાયાં. જયજયકાર કરતી માનવમેદની ઘડીભર શાન્ત થઈ ગઈ.

સહુએ અવાજની દિશા તરફ જોયું. અસ્તવ્યસ્ત વાળવાળો, ધૂળ ભરેલા મોંવાળો, પગમાંથી નીતરતા લોહીવાળો, ઉન્માદભર્યો એક યુવક દોડતો આવતો હતો.

"જયદેવ" પદ્માએ તીણી ચીસ પાડી.

"જયદેવ આવ્યો!" મેદનીમાં શોરબકોર થઈ રહ્યો.

"વાહવાહ, આખરે દીપકે પતંગિયાને પકડી આણ્યું. આજે નગરમાંથી અધર્મનો નાશ થશે." ભૂદેવોએ અટ્ટહાસ્ય કર્યું.

"રાજાજી, હું ન્યાય યાચું છું. મારી પદ્માને આ લોકો

ઉપાડી ગયા છે.” જયદેવ રાજાજીની સમક્ષ આવી પહોંચ્યો. એના કપાળ પર પ્રસ્વેદ હતો. એનાં નસકોરાં ધમણની જેમ શ્વાસથી ફૂલી રહ્યાં હતાં.

“ તારો ન્યાય ચુકવાઈ ગયો છે. ભાગ્ય તારું સારું કે આ પુણ્ય ઘડીએ તું આવી પહોંચ્યો. ભગવાન કંસવિજેતા તને મોક્ષ આપશે. ધરા અધર્મીઓના ભારથી હળવી બનશે.” અગ્રગણ્ય પૂજારીઓએ કહ્યું.

“ રાજાજી, તમારો ન્યાય ?” પૂજારીઓનાં વચન જાણે સાંભળતો ન હોય તેમ જયદેવ ફરીથી બોલ્યો.

“ ધર્મવિષયક ન્યાયમાં કોઈ રાજા દખલ દઈ શકતો નથી.” રાજાજીએ મિષ્ઠ અવાજે કહ્યું: “ જુવાન, તારો ન્યાય પંડિતપંચોએ પદ્મા ને પૂજારીની સાથે ચૂકવી દીધો છે.”

“ પણ તમે પ્રજાના રક્ષક છો. તમે શો જવાબ આપો છો ?”

રાજાજી કંઈ ન બોલ્યા. એ ભૂદેવોની સામે જોઈ રહ્યા. કોઈ કંઈ નથી બોલતું એ જોઈ જયદેવના ગુસ્સાનો પાર ન રહ્યો. એણે ઊંચા સ્વરે કહ્યું:

“ કોઈ ન્યાય નહીં આપે ? પૃથ્વી પર કોઈ ધર્મ નહીં બોલે ? સહુ માનવીની જીભ પર તાળાં વસાશે ? ભલે ત્યારે, હે વૃંદાવનવિહારી, આ સમે તારા સિવાય બીજું કોણ ન્યાય આપશે ? હું તારી પાસે મારી પવિત્રતાનો ચુકાદો ચાહું છું.”

જયદેવ રાજાજી તરફ ફર્યો : ને બોલ્યો;

“ આ વિદ્વદ્સમાજને, આ ભક્તસમાજને મારે કંઈ કહેવું નથી. રાજાજી, તમારી પાસે પણ કંઈ યાચના નથી : ફક્ત કોઈ પ્રાણીનો વધ કરતાં પહેલાં આતતાયી પણ એને છેલ્લી પ્રાર્થનાનો

સમય આપે, એટલો સમય માગું છું. જયદેવ આજ પોતાની ભક્તિ હોડમાં મૂકે છે !”

રાજાજીએ મસ્તક હલાવી જયદેવની ઇચ્છાને મંજૂરી આપી. જયદેવે ભગવાન જગન્નાથની મૂર્તિ સામે ઊભા રહી બે હાથ જોડ્યા, કમર પરથી બંસી કાઢી મુખે લગાડી.

ઘનઘોર આકાશની પાછળથી આવતા ગર્જારવ જેવા એના સ્વર માનવમેદની પર પ્રસરી રહ્યા.

“જય જય જય જગદીશ હરે !”

સૂરોમાં અંતરપ્રાણ જાગ્યાનો આવેગ હતો, રોમેરોમમાં કકળી ઊઠેલા આત્માનો અગ્નિ હતો. સ્વરો સુગંધની જેમ વાતાવરણને રસી રહ્યા.

प्रलयपयोधिजले धृतवानसि वेदं
विहितवहित्रचरित्रमखेदम् ।
केशव धृतमीनशरीर, जय जगदीश हरे ॥१॥

સૂરાવલિઓ વાતાવરણમાં કંપ પેદા કરી રહી. હવા ને પ્રકાશમાં જાણે વેગ પ્રગટવા લાગ્યો. સ્થળ, સમય ને પરિસ્થિતિમાં થઈને સૂર વહેવા લાગ્યા. મંદિરની ધેનુઓએ કાન ઊંચા કર્યા. કોયલ મુગ્ધ બની. મલયાનિલ સ્તબ્ધ ઊભો. દૂર ઉછળતો સાગર જાણે સ્વર–માધુરીનું પાન કરવા સમીપ આવવા ઊછળતો હતો.

એના તરંગોમાં જાણે આ સૂરાવલિએ જાદુ ઊભું કર્યું. બંસીના સ્વરો સાથે તરંગોની હારમાળા ધસી આવતી જોવાઈ. આ શું ? જાણે ચારે તરફ જળ–બંબાકાર !

પ્રલયનું અદ્‌ભુત દૃશ્ય ખડું થયું હતું. અને પ્રલયકારી મોજાંઓની વચ્ચેથી અર્ધું મત્સ્યનું શરીર ને અર્ધી પુરુષદેહવાળી આકૃતિ તરી

આવતી હતી. એણે પ્રલયમાં નાશ પામતા વેદને જાણે ઉદ્ધરી લીધા હોય એમ–હાથમાં વદ હતા.

આખી માનવમેદની મુગ્ધ બની ગઈ. રાજાજીએ મત્સ્યાવતાર (બીભત્સ રસના અધિષ્ઠાતા) ને નમસ્કાર કર્યા: ને બંસીના સૂરો પલટાયા. લાગણીમાં તોફાન જગાવે તેવા સ્વરો ઘુંટાતા હતા. જયદેવે નવી પંક્તિ ઉપાડી:

क्षितिरतिविपुलतरे तव तिष्ठति पृष्ठे,
धरणिधरणकिणचक्रगरिष्ठे ।
केशव धृतकच्छपरूप, जय जगदीश हरे ॥२॥

સૂરાવલિઓના અદ્દ્ભુત સામર્થ્યમાં દિન–દિશા એક બની ગયાં હતાં, એકાએક પાણીના તરંગો ફરીવાર ઘૂમરી ખાવા લાગ્યા, ને પૃથ્વીના ગોળાને પૃષ્ઠ ભાગ પર વહેતા કચ્છપાવતારનાં દર્શન થયાં.

ને તરત જ અદ્દ્ભુત રસમાં નિમગ્ન થયેલા બંસીના સૂરો ભયાનક રસમાં પલટાઈ ગયા. દિશાઓ જાણે ધ્રૂજવા લાગી. મંદરાચલ જાણે ફાટફાટ થવા લાગ્યો. પૃથ્વી જાણે અનન્તમાં ડૂબી જતી દેખાઇ. જયદેવના સ્વરો ગૂંજી રહ્યા

वसति दशनशिखरे धरणी तव लग्ना,
शशिनि कलंककलेव निमग्ना ।
केशव धृतसूकररूप, जय जगदीश हरे ॥३॥

ડૂબતી ધરાને ઉદ્ધારવા માટે વરાહ અવતાર પ્રગટ થાય છે, ને ચંદ્રના બિંબમાં કલંક જેવી તેમની પ્રચંડ દાઢા પર પૃથ્વી તોળાઈ રહી છે.

"વાહ વાહ કેશવ! ભલો ધર્યો અવતાર!" ભક્તમેદની ગુંજી ઊઠી.

ને રસના અવતાર સમા જયદેવની બંસી નવા સ્વરો ઘૂંટવા લાગી. પુરીના વિશાળ પ્રાંગણુમાં એકત્ર થયેલ મેદની હાથ જોડીને ખડી હતી, જીવનમાં ન અનુભવેલા ચમત્કાર આજ એ નીરખી રહી હતી. હાથ જોડતું વિસ્મય પામતું પંડિતપંચ હેરાન હેરાન હતું.

જયદેવની સૂરમાળા વણથંભી ગાજી રહી હતીઃ

तव करकमलवरे नखमद्भुतश्रृंगं,
दलितहिरण्यकशिपुतनुभृङ्गम् ।
केशव धृतनरहरिरूपं, जय जगदीश हरे ॥४॥

સૂરોમાં વાત્સલ્ય રસનો ધોધ વહેતો હતો. ઉછળતાં મોજાં અદૃશ્ય થતાં જતાં હતાં. ત્યાં ભયંકર ત્રાડ સંભળાણી. પૃથ્વીને સંતાપી રહેલ દૈત્ય હિરણ્યકશિપુને પોતાના નખથી ચીરતા નરસિંહ દેખાયા. રૌદ્ર રસના અવતાર છતાં નરસિંહની આંખોમાંથી વાત્સલ્યના ધોધ છૂટતા હતા. આ દૃશ્ય પૂરું થયું ન થયું ત્યાં જયદેવના સ્વરો ગૂંજ્યાઃ

छलयसि विक्रमणे बलिमद्भुतवामन,
पदनखनीरजनितजनपावन ।
केशव धृतवामनरूप, जय जगदीश हरे ॥५॥

બંસીના સ્વરો સખ્ય રસમાં ઘુંટાતા હતા. નરસિંહાવતાર અદૃશ્ય થઈ કોક વામણો પુરુષ આવી રહ્યો હતો. અરે, એ જ રાજા બલિને પાતાળમાં ચાંપનાર વામન અવતાર ધરનાર ભગવાન વિષ્ણુ! મેદની નમસ્કાર કરે ન કરે ત્યાં બંસીના સૂરો પલટાયાઃ રૌદ્રરસમાં એ લુબ્ધ બની રહ્યા હતા.

क्षत्रियरुधिरमये जगदपगतपापं,
स्नपयसि पयसि शमितभवतापम् ।
केशव धृतभृगुपतिरूप, जय जगदीश हरे ॥६॥

ઉન્મત્ત બનેલ ક્ષત્રિય શક્તિને નાથવા પરશુરામ જાણે અવતાર લેતો હતા. એમની પ્રચંડ પરશુ વીજળીના કડાકા કરતી હતી, ને ધર્મભૂલ્યા ક્ષત્રિયોનાં મુંડ પૃથ્વીપર રઝળતાં હતાં. વાહ રે મારા વહાલા, ભલો ધર્યો અવતાર !

મેદનીમાં તો કેશવ, કેશવ, કેશવનું રટણ ચાલી રહ્યું હતું ને રૌદ્રરસના સ્વરો તરત કરુણામાં ડૂબી ગયા.

वितरसि दिक्षु रणे दिक्पतिकमनीयं,
दशमुखमौलिबलिं रमणीयम् ।
केशव धृतरामशरीरं, जय जगदीश हरे ॥७॥

દશ માથાળો રાવણ જાણે પૃથ્વીપર હાહાકાર વર્તાવી રહ્યો હતો. એ દશ મસ્તકને છેદવા કેશવ રામનો અવતાર લઇને પૃથ્વીપર પધાર્યા, ને દશે દિગ્પાલોને જાણે દશ મદોન્મત્ત મસ્તકની ભેટ ધરી.

બંસીના બજવૈયાએ આજે કંઠના માધુર્યને છૂટું મૂકી દીધું હતું. રાજાજી, પંડિતપંચ, પૂજારીઓ, સાધુ–સંન્યાસીઓ બધા નતમસ્તક ઊભા હતા.

वहसि वपुषि विशदे वसनं जलदाभं,
हलहतिभीतिमिलितयमुनाभम् ।
केशव धृतहलधररूप, जय जगदीश हरे ॥८॥

હાસ્યરસના અધિષ્ઠાતા બલદેવજીના આમંત્રણના સૂર બંસીમાંથી સરી રહ્યા હતા, ને ભક્તની પીડ માટે જાણે ભગવાન સ્વયં હાજર હતા. હળને ધરીને આવતા બલદેવજી ધરા કંપાવતા નજરે પડ્યા. એમની શ્વેત કાયા ને પીતાંબર વસ્ત્રથી એ યમુનાજી જેવા શોભતા હતાં.

હાસ્યમાંથી બંસીના સ્વરો શાંત રસમાં સરી રહ્યા હતા, ને શાંત રસના અધિષ્ઠાતા બુદ્ધ ભગવાન જાણે સાક્ષાત્ થઈ રહ્યા હતા.

વેદવિધિમાં બતાવેલ પશુહિંસાના નિષેધ માટે એમની અંગુલિ ઊંચી થઈ રહી હતી.

निन्दसि यज्ञविधेरहह श्रुतिजातं ।
सदयहृदयदर्शितपशुघातम् ।
केशव धृतबुद्धशरीर, जय जगदीश हरे ॥९॥

વાહ રે કેશવ, વેદવિધિના પ્રવર્તાવનાર પણ તમે ને તેનો નિષેધ ભણનાર પણ તમે ! ભલો ધર્યો અવતાર !

જયદેવનો સમસ્ત દેહ કોઈ તેજપુંજમાં રસાયેલો દેખાતો હતો. એમા મુખ પર લાગેલી બંસીથી ભગવાન શ્રીકૃષ્ણની પ્રતિમાનો ભાસ થતો હતો. શાંત રસના સૂરો ફરીથી વીરત્વના ઉત્તેજક વર્તુલ રચતા હતા; ને વિધર્મીવિનાશક કલ્કિ અવતાર ધારણ કરતા હતા.

म्लेच्छनिवहनिधने कलयसि करवालं ।
धूमकेतुमिव किमपि करालम् ।
केशव धृतकल्कि शरीर, जय जगदीश हरे ॥१०॥

ને બંસીના સ્વર વધુ ને વધુ બેવડાતા ચાલ્યા. બંસી અને એના બજવૈયાએ આજ અદ્ભુત ચમત્કાર કરી બતાવ્યો હતો. માનવ મહાસાગર આ મહાભક્તને ચરણે મસ્તક નમાવી ખડો હતો. પદ્માવતી જયદેવની પાસે આવી ઊભી હતી. વિષ્ણુદાસજી બંનેની પાછળ ખડા હતા.

જયદેવ ઘુંટણીએ પડ્યો. એણે પોતાની પ્રિય બંસી પ્રભુચરણ આગળ ધરી દીધી ને પ્રાર્થના કરી,

“ હે વેદઉદ્ધારક, જગતધર્તા, પૃથ્વીના પાલક, દૈત્યવિજેતા, બલિદર્પદલન કરનાર, ક્ષત્રિયોનો ક્ષય કરનાર, રાવણને રોળનાર, હલધર, બુદ્ધરૂપ, યવનવિજેતા શ્રીકેશવ તને નમસ્કાર કરું છું. તારા ભક્તની લાજ આજે તારે હાથ છે ! ”

જયદેવની પ્રાર્થનાને જાણે પ્રત્યુત્તર મળતો હોય એમ આકાશ-વાણી થતી સંભળાઈ:

"જયદેવ, તું પવિત્ર છે. તારી ગિરા મને પ્રિય છે. જ્યાં જ્યાં તારી અષ્ટપદી ગવાશે, જે કોઈ બ્રાહ્મણ કે યવન મને સમરશે ત્યાં હું કોઈ ને કોઈ રૂપે હાજર રહીશ."

વાતાવરણમાં ભયંકર શાંતિ છવાઈ ગઈ. પણ આ શું? અવાજ પૂજારીજી વિષ્ણુદાસજીના મુખમાંથી આવતો હતો. જયદેવે તેમના તરફ મુખ ફેરવ્યું; પણ અચાનક એમના બ્રહ્મરંધ્રમાંથી એક જ્યોત નીકળી ઊંચે ઊંચે ચાલી ગઈ.

જયદેવે પૂજારીજીના ચરણ સ્પર્શ્યા. પદ્માવતી પિતાજીને વળગી પડી. પણ એ તો પ્રતિમાની જેમ શાંત–સ્વસ્થ ખડા હતા. અર્ધ–ખુલ્લાં નેત્રોમાંથી કરુણા વરસતી હતી, અર્ધવિકસિત ઓષ્ઠમાંથી હાસ્ય ઝરતું હતું.

"વિષ્ણુદાસજી સમાધિસ્થ થયા." રાજાજીએ બૂમ પાડી. "હવે એ ભગવાન વિષ્ણુ પાસે ગોલોકમાં સીધાવ્યા. દર્શન કરી લો ભક્તો."

"રાજન્, યાત્રા–ઉત્સવને ઘણો વિલંબ થયો. હવે શીઘ્ર પ્રારંભ કરો. વિષ્ણુદાસજી તો ગયા. એમની સમાધિ અહીં જ થવા દો!"

એક નાની એવી મંડલિકા બનાવી વિષ્ણુદાસજીને તેમાં સહુએ સમાધિસ્થ કર્યા. ફૂલ ને ફળનો ઢગલો રચાઈ ગયો.

યાત્રા–ઉત્સવ ચાલુ થયો. પૂજારીઓ, બ્રાહ્મણો ને પંડિતો જયદેવની વાહવાહ કરી રહ્યા હતા. ધન્ય ધન્ય ભક્તરાજ!

પણ ભક્તરાજનું ચિત્ત બીજે હતું. ધીરે ધીરે એ માનવસાગરમાંથી જુદા નીકળી ગયા. પદ્માવતી પણ તેમની પાછળ હતી.

જય કેશવ, જય કેશવના નાદથી આકાશ ગુંજી ઊઠ્યું હતું. જયદેવે પોતાના વાસસ્થાને આવી પોતાના પુરાણા ગાડાને સંભાર્યું, ગૌચરોમાંથી

પોતાના પ્રિય વૃષભને શોધી લાવ્યા, અંદરના ખંડમાંથી પોતાની પોટલી લીધી.

ગાડું જોડાઈને તૈયાર હતું. પદ્માવતી પોતાની પ્રિય ધેનુ રુકમાને ગાડાના છેડા સાથે બાંધી રહી હતી.

જયદેવે ગાડું હંકાર્યું. રસ્તો નિર્જન હતો. સહુ યાત્રા–ઉત્સવમાં મગ્ન હતા. પદ્માવતી પોતાના નિવાસસ્થાનની છેલ્લી મમતાભરી વિદાય લઈ રહી હતી; ત્યાં અચાનક પાસેના ઉદ્યાનમાં ચરતો મયૂર ઊડીને પદ્માવતીના ખભા પર આવી બેઠો.

એ પોતાનો પ્રિય કલાપી હતો. પદ્માએ એને ઉડાડવા ઘણી મહેનત કરી, પણ એ ન ઊડ્યો.

"પદ્મા, એ પણ સખીભાવથી આવે છે. ભલેને આવે! મને જેમ એકાદ ઢેલ અહીંથી લાધી ગઈ, એમ એ મારે ત્યાંથી ભલે એકાદ ઢેલ ઉપાડી લાવતો."

"પુરુષ માત્ર ચોર! પારકાનું હરી જનારા!" પદ્માએ મશ્કરી કરી. જયદેવે પદ્માના પડખામાં અંગૂલિ સ્પર્શથી ગલીપચી પેદા કરી, ને બળદને ડચકારો કર્યો.

લીલા ગૌચરોમાં ચરીને મસ્તાન બનેલા વૃષભો વેગથી દોડી રહ્યા. દૂર દૂર અદૃશ્ય થતી ભગવાન જગન્નાથની પતાકાને બંનેએ નમસ્કાર કર્યા.

૪. આશ્રમમાં

શસ્યશ્યામલા વંગમંડળ છે. મગધની પવિત્ર ભૂમિ છે. ઋષિજનોના વાસથી પ્રસિદ્ધ વીરભોમ પ્રાંત છે. એ ભૂમિ પરથી જીવનની પવિત્રતા સમી અજયા નદી કલકલ નાદ કરતી વહી જાય છે.

સુંદર એવા સરિતા તટ છે. કુંજ, ઉપવન ને હરિયાળાં ગૌચરોથી પરિપૂર્ણ છે. શુક ને સારસ, હંસ ને કપોત, મૃગ ને મયૂર આ પ્રદેશમાં નિર્દ્વંદ્વ વિહરે છે. બેલફૂલની લતાઓ સુગંધભારથી છકી જાય છે: ને રંગબેરંગી ફૂલછોડ પર પંચરંગી પતંગિયાં નૃત્ય કરે છે.

સરિતાતીરે સોહામણું કેન્દુબિલ્વ નામનું ગામ છે. એ ગામના પાદરમાં, નદીના પશ્ચિમ કાંઠે વૃક્ષ ને વનરાજિથી સભર એક આશ્રમ આવેલો છે. આંબા, આસોપાલવ, તાડ, નાળીએરી ને વાંસના ઝૂંડો વચ્ચે એ વસેલો છે. મયૂર ને મયૂરીઓ, મેના ને પોપટો, વાનર ને વાનરીઓ, મૃગ ને મૃગલીઓ અહીં પ્રેમની આ ભૂમિ પર પ્રેમભર્યું જીવન ગાળતાં જોવાય છે.

આશ્રમને ફરતી એની મર્યાદા સૂચવતી નાની એવી વાડ છે. એના મધ્યભાગમાં એક મોટું કદંબવૃક્ષ આવેલું છે ને પ્રાંગણમાં અનેક દીપકોથી શોભતો તુલસી ક્યારો છે. તુલસી ક્યારાની એક બાજુ સદાવ્રતશાળા ને નાનો એવો અન્નભંડાર છે. સદાવ્રતશાળાની પછીતે ગૌશાળા છે.

કદંબવૃક્ષના વામ ભાગમાં એક નાની એવી સાદી ધર્મશાળા છે. ધર્મશાળાની પડખે જ દેવોપયોગી ફૂલનો નાનો એવો બગીચો ને કૂવો છે. પારિજાતક, નવમલ્લિકા ને જાસુદના ફૂલછોડ ને જાઈ,જુઈ ને માલતીની વેલીઓના સુંદર સુંદર નાના લતામંડપો છે. બદામ, દાડમડી વગેરેનાં ફળઝાડ પણ શોખીન પંખીઓનાં આકર્ષણરૂપ બનેલાં છે.

આશ્રમમાં નાનું ઘાટીલું મંદિર છે. આ આશ્રમ–મંદિરમાં રાધાપતિ શ્રીકૃષ્ણની નાની એવી મૂર્તિ છે. રોજ પ્રાતઃકાલે અને સાયંકાલે ભોગ ને આરતી થાય છે. એની મધુર ઘંટડીઓનો રણકાર વાતાવરણને સભર કરે છે. એના શંખ ને ઝાલરનો ધ્વનિ તીરપ્રાંત પર દૂર દૂર સુધી મીઠાશ પ્રસરાવે છે.

મંદિરના પાર્શ્વભાગમાં આશ્રમના કુલપતિ રહે છે. પાસે જ પ્રાંતપ્રાંતના વિદ્યાર્થીઓના નિવાસ માટેની નાની નાની પર્ણકુટીઓ આવેલી છે. છાણમાટીથી લીંપેલી ને ગૌમૂત્રથી છંટાયેલી એ સ્વચ્છતાના નમૂના જેવી છે. એમાં ગરીબી વસે છે, પણ ગૌરવભરી. સંસારના લક્ષ્મીવંતોને પણ એક વાર લક્ષ્મીનો ભાર ઉતારીને આ જીવન જીવવાની ઇચ્છા થઈ જાય એવું છે. કેટલાય વિદ્યાર્થીઓ–નાની મોટી વયના અહીં અભ્યાસ માટે આવે છે, માધુકરી કરી પોતાની આજીવિકા ચલાવે છે ને કુલપતિ પાસે વિદ્યાકળા ભણે છે. વેદવિદ્યાની પ્રણાલિકા, તર્કશાસ્ત્રની ગહનતા, સાંખ્ય ને મીમાંસા દર્શનની જટિલતા, શૂન્યવાદ ને અદ્વૈતવદની વિવક્ષા, એવા એવા મહાપ્રશ્નો અહીં ગંભીરતાથી ચર્ચાય છે. કુલપતિ સ્વયં વિદ્વાન્ છે. સરસ્વતીના ઉપાસક છે. સરસ્વતીના ઉપાસકોના આશ્રયદાતા છે. કવિ છે, ગાયક છે, નૃત્યગીતના જાણકાર છે, રસના મર્મજ્ઞ છે. અને વૃંદાવનવિહારીને રિઝવવામાં સ્વયં રસાવતાર છે.

અજયાના કાંઠે આવેલો નાનો એવો ઘાટ ભક્તોથી, વિદ્વાનોથી, યાત્રાળુઓના સ્નાનસ્વરોથી સદા ગુંજતો રહે છે. ભક્તો ને યાત્રાળુઓ

અહીં થોડા દહાડા રહી યાત્રાર્થે આગળ વધે છે: પણ વિદ્વાનો ને વિચક્ષણો તો ખસવાનું નામ લેતા નથી. એક તર્ક, એક વાદ એક મીમાંસા પાછળ રાતોની રાતો ને દિવસોના દિવસો ચર્ચામાં ચાલ્યા જાય છે. બુદ્ધિધનોના આ દરબારમાં તર્કનાં તીર ને અનુમાનનાં ભાથાં સદા ભરેલાં જ રહે છે. ભોજનની એમને તમા નથી, દેહસુખની એમને પરવા નથી: સદાકાળ બુદ્ધિના મલ્લયુદ્ધના એ રસિયા છે.

આશ્રમના કુલપતિ એમાં ખૂબ રસ લે છે. આ રસમાં પૂજા, આરતી, ભોગ, નૈવેદ્ય કેટલીક વાર મોડાં થાય છે. રસોડામાં પ્રેમના અવતારસમી પત્ની રાહ જોતી રહે, એનું પણ એમને ભાન રહેતું નથી. ભોળી પત્ની રાતના તારા ગણતી રહે ને પતિદેવ પ્રાતઃકાલે જ પધારે.' જ્ઞાનોપાસના એ જ એમનું જીવનધ્યેય છે. સ્વસિદ્ધાંતમંડન ને પરમત-ખંડન એ જ એમના આનંદનો વિષય છે.

ઋતુ ઋતુની બહાર અહીં આવે છે. પ્રકૃતિ ફૂલોના ઢગલાથી પૃથ્વીને સજાવે છે. ઊંચા ઊંચા આકાશમાં વાદળમાં વાદળીઓ નવાં નવાં રૂપ કાઢે છે. દૂર દૂર ક્ષિતિજમાં સંધ્યા ઈંદ્રધનુના રંગો પૂરે છે. ગોપગોપી વસંતનું સ્વાગત માણે છે ને શ્રાવણી ઝૂલે ઝૂલે છે. પૃથ્વી કેસૂડાના કેસરી વાઘા સજે છે કે વર્ષાની લીલી ઘો ઓઢે છે. અંતરનાં અમી સહેજે છલકાઈ જામે એવી વેળા જામે છે, પણ પત્ની પતિની રાહ જોતી બેસી રહે છે, ને પતિ વિદ્વત્ સમાજમાં 'અસ્તિ—નાસ્તિ'ની ચર્ચામાં ગુંથાએલો રહે છે. એને જ્ઞાને વૃદ્ધ બનાવ્યો છે. પોતાના તરંગી જય—પરાજયમાં માનવ—જીવનના રસોને એ વિસરી ગયો છે.

વસંતે દુનિયા ખીલે, પણ જવાસો સુકાઈ જાય એમ આ પતિપરાયણા સ્ત્રી સુકાતી ચાલી. પતિભક્તિ ને પતિના મનના તરંગો પાછળ એણે જાત ગાળી નાખી, છતાં વેદનાનું એક વેણ કદી ન ઉચ્ચાર્યું. પતિસેવામાં આસ્થા રાખી, ભક્તિને જીવનમાં વણી દીધી. પતિને પ્રિય પણ વિદ્વત્તાએ વિસારેલ ગૌસેવા, સદાવ્રત, તુલસીપૂજન, પુષ્પચયન,

આરતી, મહાભોગ અને શૃંગારમાં એણે મન પરોવ્યું. આમ દિવસો વીતી ગયા. એક દહાડો એની ધીરજે મર્યાદા મૂકી. પતિના ચરણોને એ વળગી પડી. પોતાના પ્યારાના ચરણને ચુંબનથી નવરાવી દીધા.

પતિ પોતાની ભૂલ સમજે, એને ઉઠાવી છાતીએ લગાવે, પ્રેમાવેશ દર્શાવે; એ પહેલાં તો એણે પોતાના પ્રાણની ભેટ ધરી દીધી હતી.

જ્ઞાનવૃદ્ધ યુવાન કુલપતિ જયદેવની આંખો ઊઘડી ગઈ. એને લાગી આવ્યું કે માનસરોવરની પાળે બેસીને મેં મરુભૂમિનું ધ્યાન ધર્યું છે. ગમે તેટલી વિદ્વત્તા પણ શું ભક્તિની બરાબરી કરી શકે ? વિદ્યા મેં વિવાદને માટે જ જાણી; જીવનમાં એનાથી શું આવ્યું ? શ્રેષ્ઠતા, સર્વોપરિતા, સર્વજ્ઞતાના દંભ મેં પગલે પગલે પોષ્યા.

કુલપતિ જયદેવની આંખો અશ્રુથી છલોછલ થઈ ગઈ. ક્ષણભર નિરાધારતા એમને સંતાપી રહી. એમની નજર રાધારમણ પ્રભુ શ્રીકૃષ્ણની પ્રતિમા પર પડી. એક અવનવી ઝાંખી તેમને થવા લાગી. કોઈ પોકાર પાડી પાડીને કહેતું સંભળાયું :

" જયદેવ, જ્ઞાન મિથ્યા ગર્વ સમાન છે. કર્મ કલેશને વધારનાર છે. નિર્મળ ભક્તિનું અવલંબન કર ! * દશસહસ્ર કર્મી એક સારા જ્ઞાનીની બરાબરી કરી ન શકે, દશસહસ્ર જ્ઞાની એક મુક્તની બરાબરી ન કરી શકે : દશસહસ્ર મુક્ત એક ભક્તની તોલે ન આવે "

એ દિવસથી સંતાપભારથી દબાયેલ જયદેવે ચર્ચા છોડી દીધી, વિદ્વત્સમાજ છોડી દીધો, વાદ મૂકી દીધા, વિવાદ તજી દીધા. શાસ્ત્રની પંક્તિના એક શબ્દના અનેક અર્થ કરવાની તિતિક્ષા તજી દીધી. વાદસભા જીતવા માટે વપરાતા છલ–પ્રપંચ મૂકી દીધા. અને જ્ઞાનાનંદ

* ભક્તિમાર્ગના ઉદયનો કાળ અગિયારમી સદી ગણાય છે. સાતમી સદીમાં યજ્ઞોને પુનર્જીવન આપનાર કુમારિલ થયા ને આઠમી સદીમાં શંકરાચાર્ય થયા. પણ તેમની પદ્ધતિમાં 'ભક્તિ'ને સ્થાન નહોતું.

કરતાં ભજનાનંદમાં વધુ માનતા થયા. વાચાળતા કરતાં મૌન ને તર્ક કરતાં બંસી એમને બધુ પ્રિય બની. અજયાનો તટ, રાધારમણનું મંદિર, સંધ્યા ને સુપ્રભાતની વેળા, ને બંસીના સ્વરો : જાણે જીવનમાં આ સિવાય બીજામાં રસ ન રહ્યો.

જયદેવજી ગંભીર થયા. એમની આંખોમાંથી પ્રતિસ્પર્ધીને પરાસ્ત કરનારું તેજ ચાલ્યું ગયું. સદા ઝૂકેલી રહેતી આંખોમાં કરુણા ને મમતા છલકાવા લાગ્યાં. ભાષામાંથી પાંડિત્યની શુષ્કતા ચાલી ગઈ, પ્રેમભરી વચનમાધુરીએ ત્યાં કબજો કર્યો. દેવપૂજા માટે પુષ્પચયનથી લઈને ગૌસેવા સુધીનું, આરતી, ભોગ ને શૃંગારથી લઈ કથાકીર્તન સુધીનું કામ સ્વયં કરવા માંડ્યું. અડધી અડધી રાતે રાત્રિની નીરવ શ્યામ ઘટામાં છૂટતા એમના બંસીના સ્વરો જલને થંભાવી દેતા, દિશાઓને સ્તબ્ધ કરી દેતા.

અંતરનું દર્દ કોઈની પાસે ન રડનારની બંસી જાણે હૈયાવિલાપ છૂટા મૂકતી. પ્રેમાવતાર બનીને જીવતા કુલપતિના કલેજામાં કેટલા કારી ઘા હતા : એનું એ ભાન કરાવતી. દિવસો વીતતા ચાલ્યા એમ દર્દ વાધતું ચાલ્યું. પણ સાથે સાથે બંસીના સ્વરો અપૂર્વ માધુરી ધરવા લાગ્યા. કુલપતિનું કવિત્વ રસના ઝરણ જેવું બનવા લાગ્યું. ધીરે ધીરે સ્વરોમાં શક્તિ અવતાર લેતી હતી. એના સ્વરો સાંભળી હળ હાંકતા ખેડૂ થોડી વાર થંભી જતા, પશુ ચારતા રબારીઓ પર મોહનિદ્રા ઘેરી વળતી, ગાયો ચરતી થંભી જતી ને વાછરડાં ધાવવું છોડી દેતાં. ભક્તોનાં ટોળાં ખેંચાઈ ખેંચાઈને આવતાં હતાં. અંતરના તારને સ્પર્શનારી ભક્તિ અહીં હતી. એ ભક્તિએ લોકોને ઘેલું લગાડ્યું.

જયદેવજીનો આશ્રમ ભક્ત જનતાનું આકર્ષણ થઈ પડ્યો. અજયા નદીનાં વન-ઉપવનો એમને વૃંદાવનની યાદ આપતાં. જયદેવની બંસીના સ્વરો એમને કનૈયાની યાદ અપાવતાં. કેંદુબિલ્વ ગામની નિર્દોષ ખેડૂ–

કન્યાઓ ને ગોપકન્યાઓનાં મીઠાં સ્વાગત ગોકુળના ગરવા મહિમાને પ્રત્યક્ષ કરતાં.

પ્રેમલક્ષણા ભક્તિનો અપૂર્વ રસ અહીં લુંટાતો હતો. પણ એ રસ લુંટાવનારના દિલની વિરહવ્યથાને કોઈ જાણતું નહોતું. આ તે હૈયાનાં કંકુ ઘોળાતાં હતાં, કે કલેજાના રક્ત સીંચાતાં હતાં—એની તો જાણનારને જ જાણ હતી. કોકવાર ગોપીજનવલ્લભની ગુણગરિમા ગાતાં ગાતાં અશ્રુની ધારા વહી નીકળતી. ભક્તગણ કુલપતિની જયજય પોકારતો.

આ જય જયના પોકાર જયદેવજીને શાન્ત ન કરી શક્યા, બલ્કે સંતાપ કરનાર નીવડ્યા. એમનો હૈયાભાર વધતો જ ચાલ્યો. રાતની રાત ઉઘાડી આંખે, દિવસોના દિવસો વિના ખાધેપીધે, પ્રહરના પ્રહર આંસુઓથી છલકાતે નયને જવા લાગ્યા. આખરે દેહનો પણ જાણે ભાર લાગવા માંડ્યો.

આત્માનું પંખી પિંજરમાં ફડફડાટ કરવા લાગ્યું. પણ શ્રીકૃષ્ણનો પૂજારી એટલો કાયર કેમ બને ? જીવનનો રાહ બદલવા, પતિપરાયણાની સ્મૃતિનું સ્થાન તજવા, એક દહાડો મધરાતે એમણે આશ્રમનો ત્યાગ કર્યો.

ત્યાગ કર્યો તે કર્યો. ન કોઈની સાથે ખબર અંતર મોકલી કે ન કોઈની સાથે કંઈ સરસમાચાર.

દિવસો વીતતા ચાલ્યા.

રસધામ બનેલો આશ્રમ પ્રાણ વિનાના દેહ જેવો બની ગયો. વિદ્વાનો, વિદ્યાર્થીઓ, બ્રાહ્મણ બટુઓ, યાત્રાળુઓ હવે ત્યાં આવતા ઓછા થઈ ગયા. ગૌશાળામાં હવે ગાયો નામ માત્રની રહી. દેવ-ઉદ્યાનમાં હવે કાબરો બેસતી. કૂવામાં કબૂતરોનો કલરવ સંભળાતો. તાજા સ્નાન કરેલા ને જટામાંથી જલબિંદુ વેરતા વેરતા બટુઓ હવે માધુકરી માટે જતા જોવાતા નહીં. સદાવ્રતમાં હવે સીધાં આવતાં નહોતાં ને અન્નભંડારમાં તો ઊંદરોએ અખાડા જમાવ્યા હતા. થાક્યા

પાક્યા કઠિયારાઓ અહીં વિસામો લેતા. મહી વેચનારી મહિયારીઓ અહીં પોતાનાં ગોરસ ઉતારી થાક ઓછો કરતી ને પછી આશ્રમની નિર્જનતા માટે બે ચાર નિશ્વાસ નાખી આગળ વધતી.

બે ચાર રખડુ વિદ્યાર્થીઓ, બે ચાર લહેરી ભક્તો ને થોડા ઘણા ઇશ્કીઓ સિવાય અહીં કોઈ આવતું નહીં. કેટલાક ઇશ્કીઓએ પોતાનું આ મિલનસ્થાન નિષ્કંટક બને એ માટે અફવા ફેલાવી હતી કે રોજ સાંજે બંગાળનો કાળો વાઘ અહીં શિકાર માટે આવે છે; તેમજ આ રસિયા જીવોએ સાથે સાથે એટલું પણ ઉમેર્યું કે ગઈ કાલ રાતે જ તેમણે કાનોકાન એનો ગર્જારવ સાંભળ્યો હતો. આખી રાત મંદિરના પ્રાંગણમાં એ વાઘ આંટા મારે છે, ને વહેલી પરોઢે બોંડમાં ચાલ્યો જાય છે.

આ અફવાના પ્રચાર પછી પેલા ઇશ્કીઓ અને તેમની પ્રેયસીઓ સિવાય કોઈ અહીં ન આવતું. કોઈ કોઈ વાર રડ્યોખડ્યો જોગી, જતિ, સંન્યાસી આવતો, ને પ્રહર બે પ્રહર ગાળી ચાલ્યો જતો. આશ્રમ ધીરે ધીરે ભુલાતો જતો હતો. બધાએ આશ્રમને તજ્યો હતો, પણ કુલપતિ જયદેવજીના પરમ આજ્ઞાંકિત બંધુ પરાશરે એને તજ્યો નહોતો. પૂજારી પણ વહેલી વહેલી પૂજા પતાવીને ચાલ્યો જતો.

અચાનક આજ એ જ આશ્રમના માર્ગે એક ગાડું ધીરે ધીરે આવી રહ્યું હતું. પ્રભાતનો સૂર્ય ક્ષિતિજ પર ઝળુંબી રહ્યો હતો, ને એમાંથી ઊતરીને આવતો હોય તેમ કોઈ દેવ જેવો પુરુષ ને દેવાંગના જેવી સ્ત્રી ગાડામાં પ્રવાસ કરતાં આવી રહ્યાં હતાં.

વહેલી પરોઢે પશુ ચારવા નીકળેલા આહિરોની નજરે એ સ્ત્રી–પુરુષ પડ્યાં. ઝાંખા ઝાંખા અજવાળામાં પણ તેઓ પુરુષના ભવ્ય ચહેરાને પરખી શક્યા :

" અલ્યા, આ તો આશ્રમવાળા આચારજજી ! "

"આશ્રમમાં જતા હશે. પણ પેલો કાકો વાઘ ત્યાં બેઠો ન હોય ! એમને ચેતવીએ તો ખરા !" બીજાએ માયાની લાગણીથી કહ્યું.

જુવાન આહિર જરા ઉતાવળો ચાલી આગળ આવ્યો. "જય-શ્રીકૃષ્ણ આચારજજી !"

"જયશ્રીકૃષ્ણ ભાઈ!"

"મહારાજ, આશ્રમમાં વાઘ આવે છે. સંભાળીને જજો !"

"બહુ સારું, ભાઈ !" જયદેવજીએ જરા મોં મલકાવીને જવાબ વાળ્યો ને ગાડું આગળ હાંક્યું.

બીજા આહિરોએ પણ આ સમાચાર સાંભળ્યા, ને બંધુ વિયોગમાં ઝૂરતા પરાશરને તથા ગામનાં લોકોને વધામણી આપવા દોડ્યા. ઠેર ઠેર વીજળી વેગે સમાચાર પ્રસરી ગયા :

"અરે, ઊંઘો છો શું ? જયદેવજી આવ્યા છે. સાથે બધા કહે છે કે રૂપરૂપની રંભા જેવી કોઈ સ્ત્રી પણ છે."

ગાડું આશ્રમના દ્વાર નજીક પહોંચે તે પહેલાં ઘણું ખરું ગામલોક પણ ત્યાં પહોંચી ગયું. પોતાના નિર્જીવ ગામના પ્રાણસમા પ્રેમાવતાર જયદેવજીને નિહાળી સ્ત્રીપુરુષો ઓછાં ઓછાં થઈ જતાં હતાં. કોકે બળદની રાશ ઝાલી લીધી, બે ચાર વૃદ્ધોએ જયદેવજીના ચરણસ્પર્શી એમને હાથથી ગ્રહી નીચે ઉતાર્યા. ગામની યુવાન સ્ત્રીઓએ પદ્માવતીને બાથમાં લઈ પ્રેમ વર્ષાવતાં નીચે લીધી.

આશ્રમનો ઉજ્જડ માર્ગ ઘાસથી છવાઈ ગયો હતો. પાંચ દશ જણાએ કેડ બીડી, ને બીજાને મદદે બોલાવ્યા. અરે, જયદેવજી આશ્રમને આવી હાલતમાં જુએ તો કેવો ઠપકો આપે ! ક્ષણવારમાં ઘાસ ચુંટાઈ ગયું. આશ્રમ સ્વચ્છ થઈ ગયો. કદંબનાં પર્ણ વીણાઈ ગયાં ને તુલસી ક્યારે દીપકપેટાઈ ગયા. છાણ–માટીની ગાર થઈ ગઈ, ને તાજાં જળ છંટાઈ ગયાં.

ગામમાં જેમ જેમ સમાચાર પ્રસરતા ગયા, તેમ તેમ માનવમેદની વધવા લાગી. સહુ ચરણસ્પર્શ કરી કરી સામે વર્તુલાકાર ઊભા રહેવા લાગ્યાં. કોક કુશલ વર્તમાન પૂછતું, કોક યાત્રાની નિર્વિઘ્નતા જાણવા ઇચ્છતું, કોક વળી કંઈ નવાજૂની જાણવા માગતું હતું. સહુનાં અંતર પ્રેમથી દ્રવી રહ્યાં હતાં.

જયદેવની પાછળ રુકમા ઊભી હતી. નવો દુનિયામાં આવેલો કલાપી પદ્માવતીનો પાલવ છોડતો ન હતો.

"મહારાજ, તમારા ગયા પછી તો એક વાઘ અહીં હળ્યો છે."

"ચિંતા નહીં. કાયદો છે કે એક જંગલમાં બે વાઘ ન રહે; આ જગાના પુરાણા વાઘને અહીં આવેલો જોઈ હવે એ નવો વાઘ ચાલ્યો જશે." જયદેવજીએ મુક્ત હાસ્ય કર્યું. આ એ જ હાસ્ય હતું, જેની શોધમાં જયદેવજી પોતે દિવસોથી ઘૂમતા હતા. સંસારના તાપ ઓછા કરવાની એ હાસ્યમાં શક્તિ હતી, પરાજયને જયમાં ફેરવી નાખવાની, નિરાશાને આશાની સંજીવની બનાવવાની એમાં સિફત હતી. એ હાસ્ય એમને લાધી ગયું હતું.

"આ અમારી રુકમા છે. એને ગૌશાળામાં લઈ જાઓ! જુઓ, એને બે ચાર સખીઓ સાથે મૈત્રી કરાવજો. અડવું અડવું ન લાગે!" જયદેવજીએ રુકમાને પંપાળતાં કહ્યું:

"ગાયની તો ચિંતા કરી, પણ મારી? મને પણ સખીઓ જોઈશે ને!" પદ્માવતીએ વચ્ચે હાસ્યમાં કહ્યું.

કેવા સુંદર શબ્દો, કેવી વચનમાધુરી, જાણે વીણાના તાર રણઝણ્યા. આવી રૂપવતી, તેજસ્વી સ્ત્રી પાસે આપણે ગામડિયાં લાગીએ, એમ સમજી સંકોચથી દૂર ઊભી રહેલી સ્ત્રીઓ જરા શરમાણી.

"પદ્મા, આ મારી જનમભોમ છે. સંસાર જાકારો આપે તોયે આ ધરતી આપણને સંઘરે! તું જો તો ખરી, આ માનવમુદ્રાઓ!

એનાં ભાવ, ભક્તિ, આદરમાન ત્રણ્ણુ જગતમાં મળશે ખરાં ? આ ગામના પુરુષમાત્ર મારા સખા, આ ગામની સ્ત્રીમાત્ર તારી સખી ! તું સ્વયં એમની પાસે જઈ એમની બની જા !"

"મને તમારી બનાવશો ?" પદ્મા સ્ત્રીઓના ટોળા તરફ આગળ વધી.

"બહેન, અમે તો તમારાં જ છીએ, તમે અમારાં બનશો ?"

પદ્માવતી ને ગામસ્ત્રીઓ એકબીજાને ભેટી રહી. ગામલોક નીરખી રહ્યું હતું કે સામાન્ય પ્રસંગને પ્રેમરસથી ભરપૂર બનાવવાની જયદેવજીમાં કેવી અપૂર્વ શક્તિ છે !

પદ્માવતીના પાલવમાં પોતાની નમણી ડોક છુપાવીને કલાપી ફરતો હતો.

"પરાશર ! આ કલાપી માટે કોઈ સખા શોધી લાવજે. સખા ન મળે તો છેવટે સખી પણ લાવજે ! એકલું રહેવું કોઈને ગમ્યું છે, કે એને ગમે !"

જયદેવજીએ આ વાક્યમાં ઘણા મર્મની વાત કહી દીધી હતી; પદ્માવતી અને પોતાના સંબંધની ગૌણ જાહેરાત પણ હતી. હવે સહુએ આશ્રમમાં પ્રવેશ કર્યો. નિર્જીવ દેહમાં જાણે ફરીથી પ્રાણસંચાર થતો હતો. ઉજ્જડ થયેલો બાગ જાણે ફરીથી વસંતની બહાર અનુભવતો હતો.

મંદિરમાં પ્રવેશ કરી જયદેવજીએ રાધાકૃષ્ણની મૂર્તિને નમસ્કાર કર્યા, પોતાની પોટલીમાં રહેલી રાધાવિહારીની મૂર્તિને ત્યાં પધરાવી, એક બાજુ પોતાનો હસ્તલિખિત ગ્રંથ મૂક્યો. એના ઉપર પોતાની પ્રાણપ્રિય બંસી મૂકી, ફરી સાષ્ટાંગ પ્રણિપાત કર્યા.

પદ્માવતી ડાબી બાજુ ઊભી રહી તાજાં ચૂંટેલાં બકુલ ફૂલથી ભગવાનને અંજલિ અર્પી રહી હતી. પૂજા, આરતી ને નૈવેદ્ય પછી જયદેવજીએ ઘુંટણીએ પડી પ્રાર્થના કરી:

"હે દેવાધિદેવ, આ તારો ભક્ત, ભક્તિમાર્ગને પોતાનો જીવન-માર્ગ બનાવે છે, ને એ માર્ગની વેદી પર દેહ, ઇંદ્રિય, અંતર ને પ્રાણની ભેટ ચડાવે છે! હે અંતર્યામી ! આજ તારી પૌરાણિક પૂજા પાખંડ બની ચૂકી છે. જે સરલ ભક્તિમયી પૂજાએ પ્રાચીન કાળમાં સાતવાહન રાજાઓ ને ગુપ્ત ચક્રવર્તીઓના યુગમાં નવજીવન જગાવ્યું હતું, એ તારી પ્રેમભરી, નિરાડંબરી, ગરીબ–દરિદ્ર–અજ્ઞાનીને અપ-નાવનારી પૂજા ક્યાં ?

"હે ગોપીજનવલ્લભ, તારી પૂજા આડંબરોમાં અટવાઈ ગઈ છે. ત્યાં સુવર્ણરચિત ઉત્તુંગતુંગ મંદિરો, મણિમુક્તાની રેલમછેલ, રાજ-દરબારો જેવા ભપકાઓ, કીમતી સાજ–શૃંગારો ને મોંઘી ભેટોએ સ્થાન લીધું છે. યજ્ઞમાં નરબલિ ને પશુબલિ ભલે બંધ થયો: પણ તારા દરબારમાં જોરજુલ્મથી, અનિચ્છાએ નિરપરાધી સ્ત્રી–બાળકોની જીવનભરની કુરબાનીઓ થાય છે, અનેક નિરપરાધી જીવોની ભેટ થાય છે. હે દેવ, તારી પૂજા આજ એક પ્રપંચ બની છે.

"અમે ફરી પાછી એજ નિરાડંબરી ભક્તિ માગીએ છીએ. જે અમારા સાત્વિક જીવનમાંથી, રસભર્યા વ્યવહારમાંથી, અદ્ભુત સખ્યમાંથી, કુટુંબપ્રેમમાંથી પ્રગટ થતી હોય. સંસારનાં પ્રત્યેક ગોપ-ગોપી, પ્રત્યેક કુબ્જાઓ ને હરએક ભીષ્મો, સમાન ભાવથી જેને ભજી શકે એવી ભક્તિને ફરીથી સજીવન કરવા આ તારો કિંકર જયદેવ પ્રતિજ્ઞા કરે છે. ગંગા જેમ સમુદ્રને મળે છે: એમ મારા જીવનના તમામ રસ તારામાં વહો! પદ્માવતી, પ્રતિજ્ઞા કરો કે આપણાં દેહ, ઇંદ્રિય, અંતર ને પ્રાણ : પુત્રપરિવાર, ઘરકુટુંબ એ મહાપ્રભુની ભક્તિ–પૂજાના પ્રચારમાં અર્પણ કરીશું."

જયદેવજીએ નમસ્કાર કર્યા. પદ્માવતીએ કોમળ હસ્તની અંજલિ રચી પોતાનું રૂપાળું મસ્તક નમાવ્યું.

ક્ષણવાર પછી જયદેવજીએ પાછળ ઉભેલા ભક્તસમુદાય તરફ જોયું ને કહ્યું :

"ભાઈઓ, સંસારમાં ભક્તિ જ મુક્તિની જનેતા છે. ગંગાનાં પાણી સમુદ્રભણી જાય છે, એમ તમારા મનની ગતિ પ્રભુભક્તિમાં થવા દો! ગોપીજનવલ્લભને તમારાં સોનારૂપાં, ધનવૈભવની જરૂર નથી. એને તમારો સાચો પ્રેમ આપો; એને તમારો સાચો પ્રેમ ખપે છે. તમારા મનનાં મૌક્તિક ને હૈયાના હીરાહાર મારા વહાલાને વધુ ગમે છે. કૌરવરાજનાં મેવા મિષ્ટાન્ન કરતાં એને તો ભક્ત વિદુરજીની ભાજી ભાવી હતી.

"ભક્તિને તમારા જીવનમાં વણજો! સાત્ત્વિક, રાજસ કે તામસ, કોઈપણ ભાવની પૂર્ણતાથી તમારા મનને રંગી દેજો! તમારું માનસભવન દયા, સત્ય, સરળતા, પ્રેમ ને ઇંદ્રિયદમનથી શણગારજો, જેથી વહાલાને આવવું ગમે. સાચો વૈષ્ણવ આ કદી ન ભૂલે; પછી ભગવત્પ્રેમમાં પાગલ બનો. હરતાં, ફરતાં, સંસારનાં કર્મ કરતાં એની યાદમાં મસ્ત રહો! સર્વસ્વ એને અર્પણ કરી દો! સંસારના સર્વ બોજ એને સોંપી શાન્ત બનો. અરે, ઊઠા દો લંગર, છોડ દો નૈયા, એને કિનારે લગાવનારો લગાવશે. કોશેટામાં પડયો પડયો પતંગિયાંના રંગને ઝંખનારો કીટક એક દહાડો સ્વયં પતંગ બની જાય છે. લીલી લીલી મેંદી પીસાઈને કેવો લાલ રંગ લાવે છે! ભગવદ્ અનુગ્રહની સદા આશા કરજો ને ભક્તિને તમારું જીવન પાથેય બનાવજો. આ આશ્રમ હવે જ્ઞાનીનો નહીં, ભક્તિનો છે. ભક્તિનાં ભજનો, ભક્તિભાવ ભર્યું ભોળપણ તમારા જીવનને શાંતિ આપો!"

જયદેવજીએ પોતાનું વક્તવ્ય સમાપ્ત કર્યું. ને આખો આશ્રમ વૃંદાવનવિહારીની જયથી ગુંજી ઊઠયો. જયદેવજી બહાર નીકળ્યા ને પદ્માવતી સાથે પોતાના આશ્રમભવનમાં ગયા. થોડીવાર વિશ્રામ લઈ ઘાટ પર સ્નાન કરવા ગયા.

ગામલોક ધીરે ધીરે વિખરાતું હતું. થોડીવારે ગામમાંથી માથે દૂધ, દહીં ને માખણની મટકીઓ લઈ ઓઓ આવી પહોંચી, સદાવ્રતમાં સીધાં આવી ગયાં ને રસોઈઘરમાં રસોઈ ચાલુ થઈ ગઈ.

પુરીના વિશાળ મહાલયોમાં વસેલી પદ્માવતી આ ભક્તિભર્યાં આશ્રમજનો જોઈ ઘેલી ઘેલી બની ગઈ. કેટલી શાન્તિ, કેટલું સુખ !

રુકમા પોતાની સખીઓ સાથે ભળી નિરાંતે મંદિરનાં ગૌચરોમાં ઘૂમતી હતી. ને કલાપી તો કદમ્બની ડાળે બેસી કોઈ પ્રેયસી સાથે પ્રેમ સંભાષણમાં મગ્ન હતો.

ભોજન બાદ વિશ્રામ કરી રહેલ જયદેવજીના કેશને રમાડતી પદ્મા કહેતી હતી:

"વહાલા, સંસાર બાળીને સંન્યાસી થનાર સંસારના સાચા મર્મને શું જાણી શકે ? પ્રેમની ઉત્કૃષ્ટતા એ જીવનની ઉત્કૃષ્ટતા છે. અહીં જ જાણે વૃંદાવન છે. આ વન, આ ઉપવન, આ ગોપ, આ ગોપિકા: આજ કાલન્દીનો કાંઠો, ને આ જ ગોકળિયું ગામ ! આ કદંબ, આ ફૂલવેલીઓ, આ જળઘાટ ! પેલી ગોપીએ જેમ કહ્યું હતું કે 'મને વૃંદાવન વહાલું રે, મારે વૈકુંઠ નથી જાવું !' એવું કહેવાનું દિલ થાય છે. પ્રિય કવિરાજ, પદ્માને પુરીના વિશાળ મંદિરમાં જે ઓછું ઓછું લાગતું તે જાણે અહીં લાગતું નથી. અહીં હું જાણે રાધા બની બેઠી છું. ને મારા સ્વામીએ જેમ પ્રભુભક્તિની પ્રતિજ્ઞા લીધી છે, તેમ મેં પતિભક્તિનું વ્રત લીધું છે. મારા મનમંદિરના દેવ, વૈકુંઠ કરતાં પણ આ ગામડું વહાલું લાગે છે !"

પદ્માવતીએ પોતાના કોમળ ગાલ જયદેવજીના મુખપર ધીરેથી મૂકી દીધા.

"મારા પ્રાણનો આરામ," જયદેવજીએ પોતાના ધનુષ્ય જેવા અધરને ગુલાબી ગાલ પર દાબ્યા, પહેલું ચુંબન ચોડયું.

સંસારનાં ઓછાં દંપતીએ એવા ચુંબનના હર્ષોલ્લાસ અનુભવ્યા હશે.

૫. સૌંદર્યપૂજા.

પ્રીતમની છાતી પર પ્રિયતમાને મરવાનું મન થાય એવી શિશિરની રાત્રિ હતી. દેહથી દેહ, દિલથી દિલ, અંગથી અંગ, છાતીથી છાતી લગાવીને સૂતેલાં દંપતી સ્વર્ગનાં સુખોને તુચ્છ કરતાં હતાં.

આસવથી ઘેરાયેલાં મદભર નયનાં જેવો ચંદ્ર આકાશમાં હતો. જલઘાટ પર ચક્રવાક ને ચક્રવાકી સિવાય કોઈ બોલતું નહોતું. માળાની ને માદાની હુંફમાં પંખી વધુ ને વધુ લપાતાં જતાં હતાં. દરિદ્રોનો જીવ લેનારી, કાસારોમાંનાં કમળોને મુરઝાવનારી, ખુલ્લાં ગાત્રોને ઠારનારી શિશિરની આ રાતે સર્વ પદ્મો કુમળાઈ ગયાં પછી પણ એક પદ્મ ખીલેલું હતું.

એ હતું પ્રેમભક્ત કવિ જયદેવનું પદ્મ.

એ પદ્મનું લાવણ્ય અજબ હતું. એનું રૂપ અનૂપ હતું. એની લાલી અજોડ હતી. એવું બાલાજોબન સહસ્ર પાંખડીએ પ્રફુલ્યું હતું. જીવનપ્યાલીમાંથી રસ છલકાઈ રહ્યો હતો. મોડી રાત સુધીના નાચગાનથી, નૃત્યઝંકારથી, વીણાવાદનથી, સૂરગાનથી શ્રમિત બનેલું એ પદ્મ, સુંદર પર્યંકાસનમાં હમણાં જ નિદ્રાવશ થયું હતું. કવિદેવ અધૂરું કાવ્ય સંપૂર્ણ કરીને આવવાના હતા. પ્રતીક્ષાના આ કોમળ પદ્મને પોષ માસની ઠંડી ઋતુએ ધારણ વાળી દીધાં.

ફૂલો અને વેણીનાં શિરસાજ હજી એમ ને એમ હતાં. વાળની કાળી કાળી ઘટામાં રહેલું મુખ વાદળોમાં રહેલા ચંદ્રનું ભાન કરાવતું

હતું. કાનમાંનાં શિરીષ પુષ્પ કપોલ પર પડ્યાં હતાં, ને જલકુંભ જેવાં મસ્ત સ્તનો પરનો કદમ્બનો હાર બે ટેકરીઓ વચ્ચે વહેતી નાની સરિતા જેવો વક્ષસ્થલ પર પડ્યો હતો. અંગોની કોમળતા ને ગૌરતાને પારદર્શક કરતું તારાટીપકીવાળું એક અંગવસ્ત્ર એણે પહેર્યું હતું. નિદ્રાની પરવશ દશામાં કેટલાંય કેદ રહેતાં અંગો મુક્ત થયાં હતાં, ને પોતાનો જાદુ જમાવી રહ્યાં હતાં. અર્ધ ખુલ્લો એનો જઘન પ્રદેશ, માખણનો બનાવેલ હોય એવો પીંડી ભાગ, ને રસરહસ્ય જાળવતું વક્ષસ્થળ નેપથ્ય તજીને બહાર આવેલ નાયિકાની જેમ રતિસંકેત કરતાં હતાં.

રસાવતાર જયદેવે અર્ચેલું સ્તનમંડળ હજી ય કેસર ને ચંદનથી આવૃત્ત હતું. ભાલપ્રદેશ પર પરસ્પર રસેલ કુંકુમ હજી ય અક્ષત હતું. મૃગમદ ને કર્પૂરથી સુવાસિત કાયા મહેકી રહી હતી.

આજે રતિરાણી સ્વયં અવતાર ધરીને કવિરાજ જયદેવની પદ્માને પ્રફુલ્લાવી રહી હતી.

કવિરાજ ખંડમાં આવ્યા ત્યારે અંધારે પ્રકાશ વેરવાનું વ્રત ધારનાર દીપકરાજ સિવાય કોઈ જાગતું નહોતું. શીતળ વાયુ પ્રેમીના ગાઢ આશ્લેષમાં જકડાઈ હુંફાળા બનવાનો આદેશ કરી રહ્યો હતો. નિશિગંધની સુગંધી લહેરો, ચાતકના ઉન્માદી સ્વરો ને ગાત્રમાં આછી આછી કંપારી જન્માવનારી વાયુલહરીઓ કવિરાજના દેહને પરવશ બનાવી રહી હતી. યૌવનના ઉંબરે પ્રવેશી ચૂકેલી પદ્મા ચત્તીપાટ સૂતી હતી. એ હવે કંઈક મોટી થઈ હતી. કંઈક ભરાવદાર બની હતી. અંગોમાં સજીવતા આવી હતી. એનાં અંગોપાંગ પ્રફુલ્લી ઊઠ્યા હતા. મુખ પર કામદેવ જાણે શબ્દવેધી બાણ લઈને સજ્જ હતો.પુષ્પધન્વાની નિશાળની આ નૂતન વિદ્યાર્થિનીનાં મંદમંદ ઊછળતાં સ્તનમંડલ પુરુષત્વને જાણે આમંત્રી રહ્યાં હતાં, ને સઘન નિતંબભાગ કવિદિલને કત્લ કરવા જેટલો સઘન બની ચૂક્યો હતો.

હૃદયને મૂર્ચ્છા આવે એવી સૌંદર્યછબી સામે હતી. તો પછી કવિહૃદયનું તો કહેવું શું! અક્ષર થંભી જાય, માત્રામેળ ભૂલી જવાય, પ્રાસાનુપ્રાસ નિરર્થક લાગે એવી કાવ્યમાધુરી અહીં ઉપસ્થિત હતી. અલંકારો ફિક્કા લાગે, ઉપમાઓ હીન લાગે, ઉત્પ્રેક્ષા તો ઉટપટાંગ ભાસે એટલી સુશ્રી અહીં વિલસી રહી હતી.

કવિ જયદેવ પોતાની જીવન્ત કવિતાને એ ક્ષણ નીરખી રહ્યા. ચક્રવાકીના વિરહ સ્વરો, રાત વધતી જતી હતી એમ, વધતા જતા હતા. ઠંડો વાયુ બારીબારણાંને ભડભડાવી રહ્યો હતો. જયદેવજીએ ધીરેથી બારીને ખોલી નાખી. ઠંડી હવાની લહેરો હૂંફાળા ઓરડાને હિમાગાર બનાવવા લાગી. અને હળવે હાથે પર્યંક પર સૂતેલ સૌંદર્ય-મૂર્તિનું એક માત્ર રેશમી ચીર ખેંચાઈ ગયું. જીવનની પવિત્રમાં પવિત્ર અવસ્થામાં પ્રાપ્ત થતી સુરેખ નગ્નતા પદ્માને પ્રાપ્ત થઈ. વિકારી નેત્રોને પતંગની જેમ પ્રજાળી ખાખ કરી નાખનારી—સૃષ્ટિકર્તાની આ પરમોત્કૃષ્ટ કવિતા વાંચીને–સદેહે નીરખીને નમવાનું મન થાય તેવી હતી.

ભર નિદ્રામાં સૂતેલી પદ્મા એબાકળી જાગી ઊઠી. ઠંડી લહેરોથી ધ્રૂજતા દેહને ઢાંકવા એણે અર્ધ મીંચેલી આંખે વસ્ત્ર માટે હાથ લંબાવ્યો, પણ ક્યાંય વસ્ત્ર નહોતું. પડખે સૂતેલા પ્રીતમની સોડમાં છુપાવા પ્રયત્ન કર્યો, પણ સ્થાન ખાલી હતું. હાથ શરમથી પાછા પડ્યા એટલે નાની શી બદામ આકૃતિની આંખો ઊઘડી. ઠંડી રાતનાં ઘેન જામ્યાં હતાં. કોમળ પોપચાં ઊઘડી ઊઘડીને પુષ્પ શાં મીંચાઈ જતાં હતાં. શિશિરની હવા દેહને ધ્રુજાવી દેતી હતી. વસ્ત્રથી શરીરને આચ્છાદિત કર્યા વગર, હવાના સપાટા ફેંકતી બારીને બંધ કર્યા વગર, ઠંડીથી બચવાનો કોઈ માર્ગ ન હતો.

પદ્માવતી ઊભી થઈ. એણે બે હાથથી પોતાના કુચપ્રદેશને દાબ્યો ને બારી તરફ ચાલી. સૌંદર્યની અભિરૂપ છબી જાણે ખંડમાં સજીવ

બની. આખો ખંડ એ સૌંદર્યની જ્યોતથી ઝળહળી ઊઠ્યો. સ્ત્રીના દેહમાં પ્રકૃતિએ મૂકેલ પરમ રહસ્યનો સાક્ષાત્કાર પદ્મા કરાવી રહી હતી. જે સાક્ષાત્કાર પાસે ભલભલા જોગીજતિનું દિલ ચળી ગયું છે, એમની સિદ્ધિઓ ધ્રૂજી ઊઠી છે, એ પળ અત્યારે હતી.

સ્વર્ગીય સૌંદર્યથી ઝળહળતી કાયા, અર્ધપક્વ આમ્રસમો ચંદન-અર્ચિત કુચવિભાગ, વિખરાયેલો કાળી નાગણ સમો પાનીદક કેશકલાપ, કામદેવના મૃદંગસમો તગતગતો જઘન પ્રદેશ: સૌંદર્યના રહસ્ય ભાગને આચ્છાદિત કરવા નિષ્ફળ યત્ન કરતા બે કોમળ કરપલ્લવ, યુવાનીના તેજથી ઝળહળતો કેસરઅર્ચિત ભાલપ્રદેશ, ને અણિયાળાં છલકાતાં નયનો! આજે સંસારના એક ખંડમાં ભુવનમોહન સૌંદર્ય પોતાની સોળે કળાઓનો જાણે સાક્ષાત્કાર કરતું હતું.

એક હાથે બારી બીડી દઈ, પદ્માએ દેહને આચ્છાદવા વસ્ત્રની શોધ શરૂ કરી. ઝાંખા દીપકને સતેજ કર્યો. એકાએક નીચેના અંધારામાં ઊભેલી આકૃતિ નજરે પડી: કોઈ પીતાંબર પહેરેલ પુરુષ ત્યાં હતો.

પુરુષને જોઈ પ્રગટતી લજ્જાએ પદ્માને વિહ્વળ બનાવી દીધી. એણે પોતાનો રતિક્રીડાના રહસ્ય રૂપ ભાગ હાથથી ઢાંકવા માંડ્યો; પણ એ વ્યર્થ પ્રયત્ન હતો.

"પદ્મા!" મધુર સ્વર આવ્યો.

"મારું ચીર લાવો!"

કવિરાજની કલ્પનામાં, વર્ષો પહેલાં વ્રજબાલિકાઓએ ચીર હરનાર શ્રીકૃષ્ણને કરેલી વિનતીની યાદ આવી.

પદ્માવતી આજીજીભર્યા સ્વરે બોલી ને લજ્જાથી વ્યાકુળ બની હોય તેમ ઘડીમાં ઉરભાગ, ઘડીમાં જઘનપ્રદેશ, ઘડીમાં નીવિપ્રદેશ ઢાંકવા કોમળ હસ્તથી વ્યર્થ શ્રમ કરવા લાગી.

" નિરર્થક શ્રમ લેશો મા સુંદરી ! નયનાંને તૃપ્ત તો થવા દો !" અંધારી રાતમાં મોતી લુંટાવનારનાં મોતી તો પામવા દો."

" મારું ચીર આપો !" પદ્માની વિનવણી ચાલુ હતી.

" વસ્ત્ર શા માટે ? શું સુંદર મનોમુગ્ધ છાતીને આચ્છદવાનું પાપ વહોરવા ? પદ્મા, મારી ભવોભવની તૃષા, આજ આ ભુવનમોહન સૌંદર્યને નીરખી લેવા દે ! નયનોની ચિરસંચિત અણુબુઝાયેલી રસ–તૃષ્ણાને છિપાવી લેવા દે ! ભવાટવિમાં ભમવું ટળી જશે. નિશાતારકોથી છવાયેલી આ રાત, મોહક તેજ વેરતો આ દીપક, આ તીવ્ર નિશિગંધ, આ ચક્રવાકીના ઉન્માદ સ્વરો; સૌંદર્યશોભાથી છલકાઈ જતો કામદેવના બગીચાસમો તારો દેહ ! પદ્મા, શોભતી નગ્નતા તો જીવનની પરમ સિદ્ધિ છે ! વસ્ત્ર તો કુરૂપતાને ઢાંકનાર ઢાંકણ છે ! શિષ્યની વર્ષોની સાધના પછી ગુરુદેવ રહસ્ય પ્રગટ કરે છે. એમ આજે એ સાધનાનું રહસ્ય મેં મેળવ્યું છે."

કવિરાજ નજીક સરી રહ્યા હતા. સૌંદર્યમૂર્તિ પદ્મા વેંત ભર જ દૂર હતી. સાધનાની સિદ્ધિને ક્ષણનો વિલંબ હતો. માનિની સ્ત્રી પતિને પરવશ બનેલો નીરખી વિશેષ પરવશ બનાવવા જેમ પાછાં ડગ ભરે, એમ પદ્મા પાછી હટતી હતી. જયદેવ આગળ ને આગળ વધવા લાગ્યા.

દૈવી ચિતારો જ ચીતરી શકે એવું અમર ચિત્ર હતું.

કવિરાજની કાવ્ય કલ્પનાને પાંખો આવી રહી હતી. " પદ્મા, ઈશ્વરના મહામહિમ દાન સમું તારું છલકાતું સૌન્દર્ય; જગતવિજેતા ચક્રવર્તીના બલ: કરતાં ય વિશેષ પ્રબલ છે. નારીનું સૌંદર્ય, એના સૌંદર્યની અભિવ્યક્તિ, એનો શૃંગાર તો સંસારનો સર્વોત્તમ વારસો છે, ને જીવનનો કદી ખાલી ન થતો મધુરસ છે. એનું જેને પરમ દર્શન લાધ્યું, એને સંસારનું દ્રવ્ય, સંસારની સમૃદ્ધિ, સંસારનું સમ્રાટપદ ચપટી રાખ બરાબર છે. સ્ત્રીના નગ્ન સૌંદર્ય પાસે જોગીજતિઓએ

પણ પોતાની હાર કબૂલ કરી છે. કબૂલ કરવા જેટલી ક્ષમતા ન ધરાવનાર લોકોએ જ એ સૌંદર્યની પેટભરીને નિંદા કરી છે; સ્ત્રીના સ્વર ન સંભળાય તેવે સ્થળે બેસીને વૈરાગ્યની વાતો હાંકી છે. જીવન જેટલું સત છે તેટલું સૌંદર્ય સત છે. એને અસત ઠેરવનાર ઈશ્વરની અણમૂલ રચનાનું અપમાન કરે છે."

જયદેવ પર અનંગનો ઘેરો રંગ વ્યાપતો જતો હતો. એ પદ્માને બાહુપાશમાં આલિંગવા આગળ વધતા હતા. પદ્મા પાછી હઠતી જતી હતી. એના જોરથી ચાલતા ઉશ્વાસથી શ્વેત ઘાટીલું સ્તનમંડલ ધબકી રહ્યું હતું, ને સ્તનમંડળની ગતિથી પ્રગતિ અનુભવનારો વક્ષસ્થળને આવરી રહેલો હાર પણ અપૂર્વ માધુર્ય ધારી રહ્યો હતો. પદ્માની મદભરી લાંબી પલક ધીરે ધીરે ઊંચીનીચી થઈ જાણે રતિ-રહસ્યને ગાઢ બનાવી રહી હતી. મદનો આસવ હળવો હળવો ઘુંટાઈ રહ્યો હતો.

સંયમની મૂર્તિ, સ્વાસ્થ્યની પ્રતિમાસમા, ઈશ્વરભક્ત જયદેવ આજ કામદેવના શરથી હત થઈ ગયા હતા. પુષ્પધન્વા ટંકાર પર ટંકાર કરી રહ્યો હતો.

જયદેવે પોતાના પ્રચંડ બાહુને લંબાવ્યા, લજ્જાવંતીના છોડ સમી પદ્માનાં નયનો પોતાના પ્રીતમના દેહ પર રમી રહ્યાં. કેવું ભવ્ય સૌંદર્ય ! ફણીધરને નાથનાર ગારુડી કરતાં એ પ્રસારિત બાહુમાં વધુ શક્તિ હતી. સ્ત્રીને સમાઈ જવાનું મન થઈ જાય તેવું વિશાળ હૃદય-કપાટ આલિંગવાને ઉન્મત્ત બન્યું હતું. અમૃતસુધા વરસાવતા પુરુષાતનથી કાંપતા અધરોષ્ઠ વારંવાર ઉઘાડબંધ થતા હતા. ઘાયલ કરી દે તેવી ભ્રમરોની કમાન ખેંચાઈ ગઈ હતી.

માનિનીની પ્રેમસ્વીકારની 'ના' માં છુપાયેલ 'હા' નો નિર્ઘોષ કવિને થઈ રહ્યો હતો. જેમાં ભરાઈને કચડાઈ જવાનું સંસારની હરકોઈ સ્ત્રી વાંચ્છે એવા માંસલ બાહુ લંબાવી જયદેવ આગળ વધ્યા.

"સુંદરી, સંસારમાં જળના તો ભંડાર ભર્યા છે, પણ અનંત-કાલની તૃષા બુઝાવે એવા તો થોડા જ છે. વર્ષા તો આખું ચોમાસું વરસે છે, પણ સ્વાતિ વરસાવવાની કોક જ ક્ષણ હોય છે. એ અનિર્વચનીય ક્ષણ, એ પરમ પુણ્યે પ્રાપ્ત થતી પળ આજ આવી છે. મારાં હૃદયકપાટ ખુલી ગયાં છે. સ્ત્રીસૌંદર્યમાં જે છૂપું રહસ્ય છે, ને માનવી જે પામવા ભવોભવ તપશ્ચર્યા કરે છે, એ મને પ્રાપ્ત થયું છે. તારા સૌંદર્યે રાધાના વિશ્વવિજયી સૌંદર્યની મને ઝાંખી કરાવી છે. વૃંદાવનવિહારીની વનક્રીડાઓનો મર્મ મને આજ સમજાય છે. સંસારવિજેતા બનવા કરતાં સૌંદર્યવિજેતા બનવું સહેલ નથી. તારા ઉજ્જવલ લલાટની એક બિંદી નિરાશાના મહારણમાં મારું ધ્રુવતારક બની શકશે, ને તારું આ સઘન કેશકલાપથી કલાવન્ત મુખ મારી ગોદને સંસારની સમૃદ્ધિથી છલકાવી દેશે. તારું એક આલિંગન મરુભૂમિને પુષ્પકુંજમાં ફેરવી નાખશે. અધીરા ચાતકની ઓ ચક્રવાકી, સ્વર્ગની સુધા આપી દે!"

ઉન્મત્ત જયદેવ મત્ત હસ્તિની જેમ આગળ વધ્યા. હસ્તિ પોતાની સૂંઢમાં જેમ ફૂલને ઊંચકી લે, એમ એમણે પદ્માને ઊચકી છાતીથી દાબી દીધી, ચુંબનોથી ગુંગળાવી દીધી, નખદંત ક્ષતોથી શણગારી દીધી.

અર્ધખૂલી બારી પવનવેગથી ખુલી ગઈ. હવાની લહરીઓના આગમનથી દીપક પણ ધીરેથી ભપ કરીને બુઝાઈ ગયો. પણ હવે ઠંડીનો ભય નહોતો. ઉષ્માની ઋતુ બેસી હતી. ખંડમાં પ્રસરેલ અંધકારમાં પદ્માની કટિમેખલાની ઘંટડીઓના અવાજ સિવાય કંઈ સંભળાય કે દેખાય તેમ નહોતું. ખંડના મોભ પર બેઠેલો કલાપી પણ પોતાની નવપ્રિયતમાને હૂંફ પહોંચાડવા પ્રયત્ન કરી રહ્યો હતો.

મધરાતે ઊગેલો ક્ષીણકાય ચંદ્રમા પોતાના ભગ્ન દાંપત્યને સ્મરી સ્મરીને ઓગળી ગયો, પણ આ ગાઢ આશ્લેષમાં પડી રહેલ દંપતીને નીરખી ન શક્યો.

૬. ઘેર બેઠાં ગંગા

દૂર દૂર ક્ષિતિજમાં પતંગિયાંની પાંખો ચમકી ઊઠી ને પંખેરુઓએ ગાન આરંભ્યાં, ત્યારે રતિશ્રમથી જલદી મુક્ત થનારો પુરુષ જાગી ઊઠ્યો. શ્રમિત સ્ત્રીના દેહને આસાયેશ આપવા એનાં અંગોપાંગને એ પંપાળી રહ્યો હતો. પ્રિયજનના સ્પર્શથી જાગેલી સ્ત્રી સુખદ તંદ્રાનો આસ્વાદ લઈ રહી હતી. સૂર્યકિરણો ચોરની જેમ ખંડમાં પ્રવેશતાં હતાં.

સૂતેલી સુંદરીની સુશ્રુષા કરી રહેલ પુરુષની નજર અચાનક પોતાના વક્ષસ્થળ પર ગઈ. એ વક્ષસ્થળ પદ્માવતીના સ્તનમંડલ પર અર્ચેલી ચંદનચિત્રાવલીઓની છાપથી શોભી ઊઠ્યું હતું.

કવિરાજના મુખમાંથી અચાનક કાવ્યપંક્તિ સરી પડી.

" पद्मापयोधरतटीपरिरंभलग्न—

" પદ્માના પયોધરના ગાઢ સ્પર્શથી… " કાવ્યપંક્તિ આગળ વધતી અટકી ગઈ ને તેમની નજર અનેક ક્ષતથી રણાંગણમાં ઘાયલ થયેલ શૂરા સૈનિકની જેમ શોભતા હેમવર્ણા પયોધર પર થંભી ગઈ.

પદ્મા ચોર નજરથી જયદેવને નિરખી રહી હતી. એણે પોતાની ચિત્રાવલિની છાપથી શોભતું જયદેવજીનું વક્ષસ્થળ જોઈ ધીરેથી કાવ્યની પંક્તિ પૂરી કરી :

पद्मापयोधरतटीपरिरंभलग्न—
काश्मीरमुद्रितमुरो मधुसूदनस्य ॥

[પદ્માના પયોધરને ગાઢ રીતે આલિંગન કરવાથી, એના પયોધર પર રહેલ કેસરની છાપને પોતાના વક્ષસ્થળમાં મધુસૂદને ધારણ કરી છે.]

"પદ્મા, કરમાં લઈ ઉરમાં પધરાવવાની આ નિશાની છે. મારા હૃદય પર પડેલ આ છાપ, એ તારી સૌંદર્યભક્તિની છાપ છે. એ છાપથી હું રાધાપતિને પામી જઈશ. એ ભક્તિને–એ સૌંદર્ય-ભક્તિને અજર–અમર બનાવીશ."

પદ્માના દેહ પર ફરતો હાથ ત્રિવલિ સાથે રમી રહ્યો હતો.

"પાગલ થઈ જશો!" પદ્માએ હસતાં હસતાં કહ્યું.

"દેવી, પાગલ થયા વિના કયી વસ્તુની પ્રાપ્તિ થાય છે? પોતાની મનોકામના પાછળ, પોતાની આદર્શસિદ્ધિ પાછળ પાગલ થનાર જ સિદ્ધિને વરી શકે છે."

પદ્માવતી ધીરે ધીરે સ્વસ્થ થઈ પોતાનો શિથિલ કેશકલાપ સમારી રહી હતી, રતિશ્રમથી એનાં કોમળ અંગ હજી છૂપું કળતર અનુભવી રહ્યાં હતાં.

"આચારજજી!"

દિવસ નીકળી આવ્યો હતો. કોઈ બહારથી બૂમ મારતું હતું.

"કોણ છે?" પદ્માએ દ્વાર અધુકડાં ઉઘાડી બહાર આવીને કહ્યું.

"એ તો હું–રાધામુકુંદ. માતાજી, ગામલોકનો સંદેશો લઈને આવ્યો છું."

"શો સંદેશો છે, 'રાધામુકુંદ! આવને, બેસને ભાઈ!" સિંહની કેશવાળી જેવા વિખરાયેલા વાળ સમારતા આચાર્ય જયદેવ બહાર

આવ્યા. રાધામુકુંદની નજર આ જોડા પર ઠરી રહી. એણે પોતાની જાત સાથે સમીક્ષા કરી. પારકાના સુખને નીરખી માનવસહજ વિમર્શ એ અનુભવી રહ્યો. આવાં રૂપ, આવી જુવાની, આવી રસિકતાથી ભરેલાં ધણિધણીઆણી જો પોતે હોય તો–અત્યારે શું, અઠવાડિયે પણ ન જાગે. એને સત્વારમાં જ ચૌદમા રત્નનો આસ્વાદ આપીને ડાહી બનાવેલી પોતાની ગૃહલક્ષ્મીની દુઃખદ યાદ આવી.

રાધામુકુંદ સામેની સાદડી પર બેઠો. એણે પોતાનું કથન શરૂ કરતાં કહ્યું : " આચારજજી, હવે રાત નાની થઈ છે, ને દિવસ મોટો થતો ચાલ્યો છે. સૂરજ પણ ઉત્તર તરફ ઢળતો જાય છે. કાલે કુંભારો કહેતા હતા કે હવે અમારા ઘડા જલદી પાકવા લાગ્યા છે. તો મહારાજ, મકર સંક્રાન્તિને કેટલા દિવસનો વિલંબ હશે ? "

" ચાંદ્રમાસ પોષ આવી પહોંચ્યો છે. મકરસંક્રાન્તિ આ આવી સમજો ! "

" આચારજજી, ગામના ભક્તો ગંગાસ્નાન માટે કાશી જવા તૈયાર જ છે. પણ પ્રથમ જેમ આપ સાથે પધારતા, સાથે સાથે પ્રવાસ ખેડતા, કીર્તન કરતા, ભજન કરતા, એમ આ વખતે પણ પધારશો, એમ સહુ ઇચ્છે છે. "

" વારુ ! " હા ભણી રહેલા આચાર્યજીના શબ્દોમાં ઉમળકો નહોતો.

" તો મહારાજ, આપને અનુકૂલ શુભ તિથિ પ્રયાણ માટે નક્કી કરી આપો. "

રાધામુકુંદ જમાનાનો ખાધેલ હતો.

" તિથિ... " જયદેવ વેઢા ઉપર આંગળી મૂકી કંઇક ગણી રહ્યા હતા, ત્યાં અંદરથી પદ્મા ઉતાવળી બહાર ધસી આવી. એના સુંદર ચહેરા પર ક્ષોભ હતો. એણે આવતાંની સાથે કહ્યું :

"રાધામુકુંદ, આ વર્ષે કાશી નહીં જવાય. ખિલજી સરદારોનાં ધાડાં જુલમ વરસાવે છે. હમણાં જ સમાચાર છે, કે મગધનો એક પ્રસિદ્ધ બૌદ્ધ મઠ, એના એકેએક સાધુની કત્લ કરીને, બાળી નાખ્યો. એના જબરદસ્ત પુસ્તકાલયના ગ્રંથોનાં નામ વાંચનાર પણ ત્યાં કોઈ ન બચ્યો. ને પુસ્તકોનું વાંચનાર કોઈ નથી, એ જોઈ એ પુસ્તકાલય પણ અગ્નિદેવને સ્વાધીન કર્યું. અત્યારે પ્રવાસ સહીસલામતી ભર્યો નથી."

"તો માતાજી, શું ગંગાસ્નાન નહીં થાય? આ ગામમાં પ્રતિવર્ષ ગંગાસ્નાન માટે કાશીની યાત્રાએ જવાનું વ્રત રાખનારા છે. એ તો માથું મૂકીને પણ જશે. ગંગાસ્નાન કંઈ અટકે? આચારજજીને ભલે ન આવવું હોય તો ન આવે. તમારા કહેવા પ્રમાણે રસ્તામાં ભો તો ખરો! ભલે તેઓ અહીં રહે ને આશ્રમ જાળવે. અમે તો જઈશું, માતાજી. વર્ષોનાં વ્રત કંઈ આજ એમ તૂટશે?" રાધામુકુંદના શબ્દોમાં જયદેવજીની સ્થિતિ પર કટાક્ષ હતો.

"રાધામુકુંદ, હું આવીશ." જયદેવ વચ્ચે બોલ્યા. "એવા ખિલજી સુલતાનો હજારો આવે ને હજારો જાય, એથી કંઈ ધર્મકાર્ય બંધ ન રહે. ધર્મના કાર્યમાં ખપી જનારા તો જિંદગી જીતી ગયા."

રસભરી રાતોનો કેફ પદ્માવતીના મગજ પર પ્રસરેલો હતો. ભક્ત જેમ પોતાના ભગવાનને એક ક્ષણ માટે પણ વિસરવા તૈયાર ન હોય, તેવી એની સ્થિતિ હતી.

"ગંગાજી સ્વયં અહીં પધારે, તો પણ જવાનું?" પદ્માવતી બોલી ઊઠી.

જયદેવ આ વાક્યનો અર્થ કંઈ ન સમજ્યા. રાધામુકુંદ બોલ્યો: "વાહવાહ માતાજી, ઘર બેઠાં ગંગા આવે તો પછી કોણ મૂર્ખ કાશીએ જાય? પણ માતાજી, પેલી ઉક્તિ જેવું ન કરતાં કે મકર-સંક્રાન્તિ આવે ને લોકો ગંગાસ્નાન કરવા આવે ત્યારે કહી દો કે

"મન ચંગા તો કથરોટમેં ગંગા! ઘેર જઈને ઢાંકણીમાં પાણી લઈ ડૂબકી મારી લો!"

જયદેવ ખડખડાટ હસી પડ્યા. પદ્માવતી તો ગંભીરતાથી વાત કરી રહી હતી. એ ઉશ્કેરાઈ ગઈ. એણે છાતી ફુલાવી ગર્જના કરતાં કહ્યું :

"રાધામુકુંદ, મારા પર વિશ્વાસ રાખ, ભગવાન ગોવર્ધનધારી પર ભરોસો રાખ. ગંગાજીની ધાર આ કેન્દુબિલ્વ ગામને પાદર, મકરસંક્રાન્તના દિવસે, પ્રાતઃકાલે અજયા નદીને આશ્રમને આરે આવી મળશે."

"અને નહીં આવે તો…"

"પદ્માવતી પોતાનાં હાડ અહીં ગાળી નાખશે." પદ્માવતી જીવનમરણના સોદા કરી રહી હતી. એને પ્રિયતમના વિયોગ કરતાં મૃત્યુનો આ સોદો સસ્તો લાગતો હતો.

"પણ માતાજી, આટલા ઊંડા કૂવામાં ઊતરવાની કંઈ જરૂર? જતા હોય એને કાશી જવા દો. થશે એ ખરું."

"રાધામુકુંદ, તું મને માતા કહે છે. શું માતાનું કર્તવ્ય નથી કે પોતાના પુત્રોની રક્ષા કરવી? કે પછી તમે ખાલી ઉપચારમાત્રથી મને માતા માતા કહો છો? જેઓ મને માતા તરીકે સ્વીકારતા હોય તેઓને મારા તરફથી કહી દેજે, કે આ વર્ષે ગંગાજી સ્વયં અહીં પધારશે. કોઈ ગંગાસાગર ન જાય."

"જય ગોવર્ધનધારી, જય વૃંદાવનવિહારી. માતાજી, હમણાં જ ગામપંચને એકઠું કરીને કહી દઉં છું, કે કોઈ કાશી ન જાય. મકરસંક્રાન્તને દિવસે ગંગાજી સ્વયં પાવન કરવા અહીં સામે પગલે પધારશે."

રાધામુકુંદ નમસ્કાર કરી ચાલ્યો ગયો.

આચાર્ય જયદેવ આ અજબ સ્ત્રીને નીરખી રહ્યા. વિરહી રાધાની ઉન્માદ દશા અત્યારે પદ્માવતીમાં સાક્ષાત્ થઈ રહી હતી. રાતે રતિરાણી રૂપે વિરાજતી પદ્મા અત્યારે સતીત્વની આભાથી ઝળહળી રહી હતી. એના મુખ પર ક્ષણવાર માટે પણ મીટ માંડી ન શકાય તેટલી તેજસ્વિતા ભરી હતી. રૂપમાધુર્યનો ભંડાર આજે દુર્ધર્ષ તેજોરાશિ બની ગયો હતો.

"પદ્મા, કંઈ વિચાર, કંઈ પરામર્શ! રણઘેલા રજપૂતોની જેમ વાતવાતમાં પ્રતિજ્ઞા ને પ્રણ!"

"ઘેલી તો બની છું. દીવાનીની વાતોમાં ડહાપણ ક્યાંથી હોય? વિચાર કરી લીધો, વહાલા! આજ કાં તો પદ્માનું પ્રણ રહે છે, કાં જયદેવની ભક્તિ લાજે છે."

"પણ એમ કંઈ ગંગાજી અહીં આવે?"

"જીવનભર જેને દ્વાર તમે અહાલેક જગાવ્યો, એ એક વાર તમારે દ્વાર ન આવે? સ્વામીના સાથે સેવકનો કંઈ સંબંધ દાવો નહીં? ભક્તને ઘેર છાણુવાસીદું કરતાં ન શરમાનાર પ્રભુ તમારી આટલી લાજ નહીં રાખે?"

"પદ્મા, આપણી થોડી તકલીફ ખાતર..."

"તકલીફને ખાતર નહીં. જયદેવ ને પદ્માએ જ્યાં શુદ્ધ દાંપત્યના પ્રથમ પાઠ ભણ્યા, સૌંદર્યભક્તિના શ્રીગણેશ કર્યા, એ ભૂમિને પવિત્ર કરવા અર્થે જ. મારું દીવાનું દિલ સાક્ષી આપી રહ્યું છે કે મા જગદંબા, જેમ ગાંગેયને જન્મ આપવા રાજાના અંતઃપુરમાં કોડભરી નારી બની પધાર્યાં હતાં, એમ અહીં મારા અંતઃપુરમાં જરૂર પતિતપાવની માતા બનીને પધારશે. આ આશ્રમ તીર્થ બની

જશે. જયદેવની ભક્તિ ને પદ્માનો શૃંગાર અજર–અમર બની જશે. આ ભૂમિ પરથી જગતને શુદ્ધ સૌંદર્યપૂજાનો, અભિન્ન દાંપત્યનો, ભગવત્કૃપાનો ત્રિકાલ સંદેશ સાંપડશે. મેં તો આજથી અન્નપાણી મૂક્યાં. ગંગાજી સ્વયં વચન આપશે એ પછી જ હવે ભોજન થશે."

વાતવાતમાં હઠીલી પદ્માએ ગોવર્ધનધારીના મંદિરમાં, સ્નાનાદિથી શુદ્ધ થઈ, કેશની જટા બાંધી, વલ્કલ પહેરી, હાથમાં વીણા ને માળા લઈ આસન જમાવ્યું. હિમાચળની અડગતાથી એનું મસ્તક ઊંચું હતું. શંકરને સાધવા તપશ્ચર્યા કરી રહેલી ગૌરી જેટલી ગરિમા એના અર્ધકુસુમિત ઓષ્ઠ પર હતી.

"પદ્મા, તું સ્ત્રી નહીં, સરસ્વતીનો અવતાર છે. તને રાધાના ઉપાસક જયદેવના નમસ્કાર છે. સ્વર્ગની સુધા ને દેવોના આશીર્વાદ તને પ્રાપ્ત હો !"

જયદેવનાં નેત્રોમાં હર્ષનાં આંસુ હતાં. હૃદયમાં જાગેલા આત્મ-મંથનની રેખાઓ મુખ પર જાગતી જતી હતી. અચાનક ગંભીર મુખમુદ્રા વજ્ર જેવી બની ગઈ.

એ ધીરેથી આગળ વધ્યા. પદ્માવતીની જમણી બાજુ ઊભા રહી હાથ જોડ્યા :

"ભગવન્, પદ્મા નહીં તો જયદેવ નહીં. જે સૌંદર્યે મને સંસારમાંથી સ્વર્ગ તરફ લઈ લીધો, જે સૌંદર્યે મને કામજેતા બનાવ્યો, એનો ત્યાગ અર્થાત્ મારું મૃત્યુ. આજ ભક્તની લાજ રાખવા ફરીથી તૈયાર થજે. હે માતા ગંગા, અમારા અંતરનો પુકાર સાંભળજે! અમારી પવિત્રતાનો સ્વીકાર કરજે. તારે ચરણે દેહ, મન ને આત્માની ભેટ ધરીએ છીએ. પરમબ્રહ્મની યાત્રા એટલે જ પરમ પ્રેમ !"

આચાર્ય જયદેવે પદ્માસન વાળ્યું, પોતાની પોથી ઉખેળી, ને ગંગાસ્તુતિ આરંભી. મેઘગર્જના જેવા એમના સ્વરથી આશ્રમ ગુંજી ઊઠ્યો.

એક પછી એક પંક્તિ સર્જાતી ચાલી. પદ્માવતીની વીણાએ ઝંકાર શરૂ કર્યા. શિશિરનો ઠંડો દિવસ છતાં બંનેનાં કપોલપ્રદેશ પરથી પ્રસ્વેદનાં મૌક્તિક ઝરવા લાગ્યાં. અરે, અંતરની ઉષ્માને વન-વગડાનો વાયુ શું બુઝાવવાનો હતો !

પ્રહર પર પ્રહર વીતતા ચાલ્યા. ન અન્ન ન પાણી, કલાપી પણ દીન વદન કરી પદ્મા પાસે ખડો છે. રુક્મા પણ પોતાની પ્રિય સખીનો હાથ પીઠ પર ફર્યા વગર ચારોપાણી લેતી નથી. આશ્રમ-વાસીઓ પણ મોંમાં તૃણ લઈ દેવને વિનવી રહ્યા છે.

ગામમાં આ સમાચાર વાયુવેગે પ્રસરી ગયા. સહુ ભોગનૈવેદ્ય લઈ દર્શનાર્થે આવી પહોંચ્યાં. આશ્રમમાં ભીડ જામી પડી. કેટલાય પદ્માસન વાળીને બેસી ગયા છે. તીર્થભૂમિ જેવો રંગ જામી ગયો છે. ઉત્સવ જેવો ઉલ્લાસ પ્રસરી ગયો છે.

પણ જયદેવજીનું સ્વરગાન ને પદ્માવતીની વીણામાધુરી અવિરત અખંડ ચાલુ છે. ગંગાસ્તુતિની પદાવલિ રચાયે જાય છે.

જગતના મહાન જાદુગર સૂર્યનારાયણે પોતાની કળા સંકેલી લીધી.

નિશાનાથ ચંદ્રે આશ્રમને રૂપેરી રંગે રસી દીધો.

પણ સ્વરગાન ને વાણીમાધુરી અવિરત ચાલુ હતાં. આચાર્ય જયદેવનો ઘોષ હવે ઉગ્ર બનતો જતો હતો. મંદિરનો નાનો શો ઘુમ્મટ જાણે થરથરી રહ્યો હતો.

પણ ભગવાન ગોવર્ધનધારી શાંત હતા. મૈયા ગંગા અદૃશ્ય જ હતાં.

બીજો દિવસ ને બીજી રાત આ રીતે જ વીતી ગયાં. આચાર્ય જયદેવનો સ્વરઘોષ અન્તિમ સીમા પર હતો. પદ્માવતીની આંગળીઓ જાણે જીવનની છેલ્લી ઉષ્મા આણીને વીણા પર નૃત્ય કરી રહી હતી.

ત્રીજા દિવસના પ્રભાતને હવે થોડી ક્ષણો બાકી હતી, ને એકાએક વીણાના તાર તૂટ્યા. પદ્મા બેભાન બની એના પર ઢળી પડી. વીણાના તારના ઝંકારની સાથે આચાર્યજીનું ગાન થંભી ગયું. એ પણ નિશ્ચેતન બની પૃથ્વી પર ઢળી પડ્યા.

એમના છેલ્લા શબ્દો હવામાં રણઝણાટ કરતા લીન થઈ ગયા. નિશાચર પંખીઓ પણ આજ ગમગીન હતાં. શિશિરના આકાશના નાના તારલિયા પણ જાણે દયામણે મોંએ અદૃશ્ય થતા હતા.

પરોઢનાં પંખેરું જાગ્યાં, ત્યારે જયદેવજીએ પોતાનાં વિશાળ કમળલોચન ઉઘાડ્યાં. એમના મુખ પર સ્મિત હતું. પાસે જ બેભાન પડેલી પદ્માને એમણે ઢંઢોળી:

"પદ્મા, સાવધ થા. સ્વયં માતા ગંગાજીએ સ્વપ્નમાં આવીને મને કહ્યું: "ભક્ત, તમારી પ્રેમભક્તિ પર પ્રસન્ન છું. તમારું દાંપત્ય અભિન્ન રહો. મકરસંક્રાન્તિને દિવસ મારી એક ધાર અજયામાં આવશે."

"મેં કહ્યું: માતાજી, પ્રસન્ન થયાં હો તો આ આશ્રમને તીરે સદાકાળ આવવાનું સ્વીકારો! આ ભૂમિને ત્રણ કાળને માટે અમર બનાવો.*" મેં વિનતિ કરી. "તથાસ્તુ." કહીને મા અંતર્ધાન થયાં. પદ્મા, આપણી સૌંદર્યભક્તિને માતા ગંગાએ માન્ય કરી."

પદ્માવતીએ ધીરે ધીરે નેત્ર ખોલ્યાં. ભક્તોમાં આનંદ પ્રસરી રહ્યો. ગંગાજી આવે કે નહીં, પણ પોતાના આશ્રમનાં મહાન રત્નો બચી ગયાંનો સહુને હૈયે હર્ષ હતો.

ગામમાં આ હર્ષે પોતાનું સ્થાન જમાવ્યું, પણ કેટલાક ચુસ્ત

---

* આજે પણ કેંદુલિ ગામમાં મકરસંક્રાન્તિને દિવસે જયદેવજીના સમાધિસ્થાન પર મેળો ભરાય છે, જેમાં સાઠથી સિત્તેર હજાર વૈષ્ણવો એકત્ર થઈ સમાધિની આસપાસ ભજન-કીર્તન કરે છે. એવી માન્યતા છે, કે આ દિવસે ગંગાજીની એક ધારા અજયા નદીમાં આવે છે.

ભક્તોને લાગ્યું કે આવાં સ્વપ્ન પર ભરોંસો રાખી વ્રતપાલનનો આગ્રહ રાખવો ઠીક નથી. સપનાં કંઈ સદા સાચાં હોતાં નથી. એમ કંઈ ગંગાજી એક ધણીધણિયાણીનો વિરહ ન થાય તે માટે ચાલી ન નીકળે! વ્રત જાળવવું હોય તો કાશી જવું જ જોઈએ. તેઓએ પોતાના વિચાર ગામલોકોને જણાવ્યા, ને કહ્યું :

" ભાઈઓ, સ્વપ્નમાં ઘણી વાર મને સોનાના ચરુ જડયા એવો ભાસ થયો છે. પણ જાગ્યા પછી એક કાણી માટલી ય મળી નથી. વ્રત પાળવું તો અસિની ધારા જેમ પાળવું. એમાં બહાનાં ન ચાલે. કાશીના રસ્તા પર જોખમ હશે, પણ નિષ્કિંચન બ્રાહ્મણોને કંઈ જોખમ નથી. ઝેરી સાપ પણ પગ નીચે દબાયા વિના કરડતો નથી, તો શું ખિલજી ને શું યવનો? અને કદાચ, ધર્મનું પાલન કરતાં મૃત્યુ આવ્યું તો વિવાહથી રૂડું શું? કેમ વૃંદાવનદાસજી!"

વૃંદાવનદાસની દૃષ્ટિ જયદેવજીનાં આ નવાં સહધર્મિણી પ્રત્યે સહાનુભૂતિ ભરી નહોતી. પદ્માવતીનાં નખરાં ને આચારજજીની ઘેલછા માટે તેમનો સારો મત નહોતો.

" મથુરાપ્રસાદજી, તમારી વાતમાં મારી પૂરેપૂરી અનુમતિ છે. હું તો જવાનો જ છું. આચારજજી માટે ભલે ગંગા અહીં આવે. નવાં વહુ છે, બીજીવારનાં છે, રંગીલાં છે, રસનાં જાણકાર છે. અને ભાઈ મારા, ઋતુ પણ કેવી છે? તમે સહુ જાણો જ છો." વૃંદાવનદાસ દાઢમાં હસી રહ્યો હતો.

" પ્રતિ વર્ષ જતો સંઘ આ વર્ષે પણ જશે. બોલો ગંગા મૈયાની જે!"

ને ગામમાં તડામાર તૈયારીઓ ચાલવા લાગી. ગંગાજળ ભરી લાવવા કાવડો સજ્જ થવા લાગી, છતાં કેટલોક વર્ગ એવો હતો જે આચારજજીમાં અચળ શ્રદ્ધા ધરાવતો હતો. એ તો શાન્ત રહ્યો.

પ્રયાણનું મુહૂર્ત આવ્યું એટલે સહુ શુભ શુકને રવાના થયા. જતાં પહેલાં રિવાજ મુજબ આચારજજીનાં દર્શને ગયા.

આચારજજીએ હસતાં હસતાં કહ્યું : " ભાઈઓ, જેને શ્રદ્ધા ન હોય તે ખુશાથી જઈ શકો છો. મને તો ભગવાન ગોવર્ધનધારી અને ગંગા મૈયા પર ભરોસો છે. ભરોસો રાખનારને ભગવાન કદી ભૂખ્યો રાખતો નથી."

" ભલું ભાખ્યું આચારજજી, પણ આ તો બેઠા રહેવા કરતાં ચલતા-ફિરતા ભલા. લો, જયજય, નમસ્તે." જનારાઓને વિવાદ કરવો પાલવે તેવો નહોતો, એમણે બીનું સંકેલ્યું.

" નમસ્તે ભાઈ. આર્યોમાં પરસ્પર પ્રેમ વધે, એ માટે આ પર્વની યોજના થયેલી છે. એ પર્વ નિમિત્તે તમારો પ્રેમ ઓછો થાય તે હું ઇચ્છતો નથી. તમારું સ્નાન નિર્વિઘ્ન હો. બાકી ભરોસા વિના ભવસાગર નહીં તરાય. નગુરાની નાવ મધદરિયે ઝોલાં ખાશે. પ્રભુને પામવા માટે તો પ્રહ્લાદના જેવી આંતરશ્રદ્ધા જોઈશે. જાઓ, शिवास्तु ते सन्तु पंथानः ।"

કાશીસ્નાનનો સંઘ વિદાય થયો, ઉલ્લાસભર્યા દિવસો ને સૌંદર્યભરી રાત્રિઓ વ્યતીત થતી ચાલી. મકર નામની નક્ષત્ર રાશિમાં સૂર્યપ્રવેશનો દિવસ આવી પહોંચ્યો. સંક્રાન્તનો છેલ્લો દિવસ 'ભોગી' આવી પહોંચ્યો. ગામની સૌભાગ્યવંતી સ્ત્રીઓએ સારાં વસ્ત્રાલંકાર ધારણ કરી, સૌભાગ્યની ચીજોનો ઉપભોગ કર્યો. ખજૂરના રસમાં તલ નાખી મિષ્ટાન્ન બનાવ્યું. દર વર્ષે તો ગામમાંથી ઘણા પુરુષો ગંગાસાગરના સ્નાન માટે જતા, પણ આ વર્ષે ઘણા ઘેર રહ્યા હતા, એટલે ઉત્સવની પૂર્વ તૈયારીઓ આનંદભેર થવા લાગી.

છેલ્લી રાત પણ ગળી ગઈ, ને ક્ષિતિજ પર પરોઢની ઝાંખી આભા ચમકી ઊઠી. જયદેવ અને પદ્માવતી અર્ધરાતથી શરીરશુદ્ધિ

કરી, પવિત્ર વસ્ત્રો ધારણ કરી, સુગંધી પુષ્પોની અંજલિ રચી અજયાના તટ પર આવેલી એક ઊંચી ભેખડ પર ઊભાં હતાં.

સમય વીતતો ચાલ્યો. શરદનું આકાશ સ્વચ્છ હતું. ગામલોક વહેલી સવારથી ઠંડીમાં ધ્રૂજતું આવીને જમા થયું હતું. શ્રદ્ધા ને શંકાની મિશ્ર લાગણીઓનો મહાસાગર ઊમટ્યો હતો. સેંકડો આતુર નયન મીટ માંડીને બેઠાં હતાં.

સ્નાન કરવાનો સમય પણ થઈ જવા આવ્યો, ને હજી ગંગાજી કેમ ન આવ્યાં! માનવમેદનીમાં ગણગણાટ શરૂ થયો. નિરાશાની છાયા સર્વત્ર પ્રસરી વળી : પણ પેલાં શુક સમાં તેજસ્વી દંપતીના ચહેરા પર જરાય અશ્રદ્ધા નહોતી.

શ્રદ્ધાના કવચથી સજ્જ થયેલ યોદ્ધાઓએ કયે દિવસે પરાભવ અનુભવ્યો છે કે આજ અનુભવે. એનાં તીર સદા લક્ષવેધી હોય છે.

અચાનક હવાનો સખ્ત ઝપાટો સહુનાં ગાત્રોને કંપાવતો આ બાજુથી પેલી બાજુ નીકળી ગયો, ને ઇશાન કોણમાં ઝંઝાવાત શરૂ થયો. નાની એવી વાદળી ઝડપથી સરી આવતી દેખાઈ.

અશ્રદ્ધાના અંધકારમાં અટવાઈ ગયેલાં હૈયામાં કંઈક પ્રકાશનો સંચાર થયો, નેત્રતારકો હર્ષથી ઝળકી ઊઠયાં. પણ હજી તો આકાશમાં વાદળી જ હતી. આવી વાદળીઓ તો ઘણીવાર આવતી ને જતી.

ધીરે ધીરે વાદળી જામતી ચાલી. અરે, આ તો જટાજુટવાળા ચંદ્રમૌલીશ્વર મહાદેવની મેઘપ્રતિમા! નીલકંઠેશ્વરની પ્રતિમા ધીરે ધીરે ગાઢ બનતી ચાલી. અચાનક વીજળીનો સળવળાટ થયો ને ધરતી ધ્રુજી ઊઠે એવી મેઘગર્જના સંભળાણી.

આચાર્યજીએ ઉચ્ચ સ્વરે સ્તોત્રગાન આરંભ્યું. પદ્માવતીએ વીણાના ઝંકાર શરૂ કર્યા. કલાપીએ ટહુકાર કર્યો. રુક્મા(?)એ ઝાંઝરડા(?) દીધા.

આકાશ બીજી વાર ગાજ્યું. વીજળીએ આભ-પૃથ્વીનાં ઓવારણાં લીધાં. હવા ઝાડપાનને કંપાવી રહી. પક્ષીઓએ સ્વાગતગાન આરંભ્યાં.

ને કદી શ્રવણગોચર ન થયેલી એક ગર્જના આકાશ ભેદી રહી: મેઘનો અવતાર ધરીને વાદળને હૈયે આવેલા ભગવાન ધૂર્જટિની જટાની એક રેખા નીચે ઊતરી. ખળખળ કરતો પાણીનો પ્રવાહ વહી નીકળ્યો.

મણિધર શેષનાગ પૃથ્વીની પરકમ્માએ નીકળ્યા હોય તેમ, પાણીની ધારા આશ્રમ તરફ ધસી આવતી દેખાઈ. ભક્તજનોએ જય-જયકાર ઉચ્ચાર્યા.

જયદેવ અને પદ્માવતીનાં ગાન ચાલુ હતાં, બંનેનાં સુંદર લોચનોમાંથી હર્ષનાં આંસુ ટપકતાં હતાં.

ક્ષિતિજ પર ઊગતો સૂર્યનો લાલ ગોળો પણ આ પવિત્ર દૃશ્ય દેખી પાવન થવા ક્ષણવાર થંભી ગયો. અજયા નદનાં પાણી ગંગા-સાગરનાં સખીપણાંને માટે વાંભવાંભ ઊછળતાં હતાં.

મંદિરમાં ઘંટારવ થયો. શંખ ફુંકાયા. શ્રીફળ, કંકુનાં સ્વાગત થયાં ને અજયા નદ સાથે ગંગાસાગરનો સંગમ થયો.

જયદેવજી સ્તોત્રગાન સાથે સ્નાન માટે ચાલ્યા, પાછળ પદ્માવતી ને ભક્તજનો આવ્યાં.

પૂજા થઈ, આરતી થઈ, નૈવેદ અપાયાં, ગંગાકીર્તન ને ગંગા-માહાત્મ્ય ગવાયાં.

ગંગાની પીયૂષધારામાં એ દહાડે સ્નાન કરી સહુ પવિત્ર બન્યાં.

૭. ભૂતાવળ

ઘેટાનું તાજું માંસ રંધાતું હોય, એવી ઉગ્ર ગંધ વાતાવરણમાં પ્રસરી રહી હતી. કૃષ્ણપક્ષની ઘનઘોર રાત હતી. નાખી નજર ક્યાંય પહોંચતી નહોતી. હૈયાથી હૈયું દબાય, તોય મોં ન ઓળખાય એવો અંધકાર વ્યાપ્યો હતો.

રાત્રિનો શ્યામ પાલવ ઓઢીને પડેલા આ પ્રદેશમાં નાના એવા ઝરણના વહનનો ખળખળ અવાજ સંભળાતો હતો. ઝરણને કાંઠે આવેલાં ઘટાદાર વૃક્ષોની ઉપર નિશાચર પક્ષીઓ ભયજનક બોલી બોલી રહ્યાં હતાં. એ જ વૃક્ષોની નીચે પ્રવાસના શ્રમથી ક્લાન્ત થયેલા પ્રવાસીઓ રાતવાસો ગાળવા પડ્યા હતા.

આ પ્રવાસીઓ લાંબા થઈ સૂતા તો હતા, પણ તેમની આંખો જાગતી હતી. તેમના મનમાં એક મોટો ઉજાગરો હતો. થોડે જ દૂર, મોડી સાંજે, એક પરદેશી અફઘાનોનું ટોળું ત્યાં આવીને રાતવાસો રહ્યું હતું. તેમની પાસે ઊંચા અરબી જાતના ઘોડા હતા, જાતજાતનાં શસ્ત્રાસ્ત્ર હતાં. પ્રવાસીઓએ માન્યું કે ઇરાન ને અફઘાનિસ્તાનથી આવતા ઘોડાના સોદાગરો હશે, પણ એમના ચહેરા પર વેપારીની સાલસતા નહોતી, કરડાપણું હતું. એમના પ્રચંડ, સશક્ત, કદાવર દેહ પર નાના–મોટા જખમ હતા. પણ રાત પડતી હતી, એટલે પ્રવાસીઓએ હરિઆશરે રાતની રાત ગાળી નાખવાનો ન છૂટકે નિર્ણય કર્યો.

રાતનો પ્રથમ પ્રહર વીતતો હતો. પણ જેમ રાત વીતવા માંડી, તેમ ત્યાં શોરબકોર વધવા લાગ્યો. મશાલોનાં અજવાળાં ને રાંધવા

માટેનાં તાપણાં ઠેરઠેર પ્રગટી ઊઠયાં. બાકી રહેલા સાથીદારો આવી રહ્યા હોય, એમ ઝરણાનાં પાણીમાં થોડી થોડી વારે છબછબીઆં થતાં સંભળાતાં હતાં.

રાત્રિના ગાઢ અંધકારમાં કંઈ દેખાતું નહોતું, પણ થોડીવારમાં ઘેટાનું તાજું માંસ રંધાતું હોય એવી ગંધ આવવા લાગી. ડુંગળી ને લસણની વાસ પણ વાયુમાં ભળી જતી હતી.

ધીરે ધીરે આખું ટોળું માયાવી બનતું ચાલ્યું. તાપણાંના પ્રકાશને વધુ ઇંધન નાખીને સતેજ કરવામાં આવતો, ત્યારે પાસે બેઠેલા માણસોના કરડા ચહેરા ક્ષણવાર ઝબકી જતા. લાલ અંગારા જેવી આંખો, કેસૂડાના જેવાં લાલચુંદ મોં ને એના પર કાળા કાળા દાઢીમૂછના ભરાવદાર કાતરા. કેટલાકનાં મસ્તક પર જરિયાની પાઘ ચમકતી દેખાતી, તો કેટલાક ઉઘાડા મસ્તકનાં ભરાવદાર જુલ્ફાંને કાંસકીથી સમારી રહ્યા દેખાતા હતા.

પણ આ તો ક્ષણ માત્રનું અધૂરું દર્શન! માયા નગરીના કોઈ દેવદાનવ ન હોય! ભયંકર ભૂતાવળ તો જામી ન હોય! ઢીલાપોચા યાત્રાળુઓ પડ્યા પડ્યા કંઈ કંઈ કલ્પનાના ઘોડા દોડાવતા હનુમાનકવચ ને ગાયત્રીનો જાપ કરી રહ્યા હતા. એક જણે પડખે સૂતેલા પ્રવાસીને આંગળીનો ઘોંકો માર્યો. પેલો તો જાગતો જ પડ્યો હતો. એણે ધીરેથી પેલાના મુખ પાસે પોતાનું મુખ આણ્યું ને કહ્યું :

"શું છે? અલ્યા, હવે ઊંઘવા દે ને!"

"અરે, આ તે કંઈ ઊંઘવાની વેળા છે. પેલી જમદૂતોની જમાત જોઈ?"

"તને તો બધે જમદૂત જ દેખાય છે. બિચારા ઘોડાના સોદાગરો છે."

"મને તો લાગે છે, કે વિક્રમશીલાના વિહારનું જડાબીટ કાઢી નાખનાર પેલો ખિલજી જ હશે. રાજા પૃથ્વીરાજને હરાવનાર પેલા

ઘોરીને તો જાણે છે ને! આ એનો સેવક છે. રખડતો રઝળતો નોકરીએ આવેલો. બે વાર તો સાફ સાફ ના સુણાવી પાછો કાઢયો, પણ આખરે ખિલજીએ ખરાપણું બતાવ્યું. ઘોરીએ એને નોકરીએ રાખ્યો. પછી તો એણે જ્યાં જ્યાં મળ્યા ત્યાંથી બૌદ્ધોનું જડાબીટ કાઢયું, એકએક વિહારને ઉજ્જડ કરી મૂકયો. ઘોરી બાદશાહે તો એને કહી દીધું છે કે આખો દેશ પડ્યો છે, જેટલું બાહુબળથી મેળવે એટલું તારું. મને તો વહેમ છે કે આ એ જ વાઘ ન હોય!"

"અરે ભાઈ, તને તો અત્યારે બિલાડી પણ વાઘ જેવી દેખાશે. અને ખિલજી હોય તોય શું? આ કંઈ બોડીબામણીનું ખેતર નથી? એક હાક ભેગાં હજાર આદમી આવી મળે!"

પેલાએ પોતાની વાત આગળ ન લંબાવી. વાયુના સપાટા સાથે આવી રહેલી ઉગ્ર ગંધ નાસિકાને અકળાવી રહી હતી, કેટલાકને ગાયત્રીનો જાપ કરતાં ગુંગળામણ થઈ જતી: પણ રાતનો વખત એટલે ઝઘડો કરવામાં સહીસલામતી નહીં. વળી તાપણાના પ્રકાશમાં ચહેરા એવા કરડા દેખાતા કે એમની પાસે જવાની કોઈની હિંમત ન ચાલતી.

ગંગાસાગરના સ્નાનથી પરિશુદ્ધ થઈને આવતો, ગંગાજળથી પરિપૂર્ણ ઘડાવાળી કાવડોવાળો આ યાત્રાળુસમૂહ એકબીજાની હૂંફમાં પડયો હતો.

પણ એ હૂંફ મૃગજળ સમી નીવડી. મોડી રાતે તંદ્રામાં આવી ગયેલ કોઈ ઊંઘણશી લઘુશંકાએ જવા ઊઠયો. એણે દૂર ખંજરી બજતી સાંભળી. ભયંકર સૂરથી કોઈ ગાતું સંભળાયું. ઘુવડ ઝાડ પરથી ભયંકર ચિત્કાર કરવા લાગ્યું, ને વાતાવરણને ભરી દેતું કોઈ માયાવી અટ્ટહાસ્ય વાતાવરણને જાણે ભેદી રહ્યું.

"ભૂત, જન, મારી નાખ્યા મારા બાપ!"

બોલનારના ડોળા ફાટી ગયા, એની આંગળી પેલાં તાપણાં તરફ લંબાઈ રહી, મોંમાંથી ફીણના ગોટેગોટા નીકળવા લાગ્યા, હાથ–પગ લાકડા જેવા થઈ ગયા.

ઊંઘવાનો ડોળ કરીને પડેલા યાત્રાળુઓ સફાળા બેઠા થઈ ગયા. કોઈએ માન્યું કે ચોર આવ્યા, કોઈએ માન્યું કે લૂંટારા આવ્યા. સહુએ પ્રવાસમાં સ્વરક્ષણ માટેની નિયત કરેલી રીત મુજબ ખોંખારા, પડકારા ને હાકલા કરવા માંડ્યા. કોઈએ છરી–ચપ્પુ હાથમાં ખુલ્લાં ઘુમાવવા માંડ્યાં. ઘણાએ લાકડીઓ વીંઝવા માંડી. કેટલાક કાવડમાંથી વંગદેશના જંગલનો વળદાર વાંસ ખેંચી લઈ છાતી ફુલાવીને આગળ વધ્યા.

આ ધમાધમી, આ પડકારાથી ચોર–લૂંટારા ચાલ્યા જાય, એવી એમની કલ્પના હતી, પણ એ કલ્પના ઠગારી નીવડી. ખોંખારાઓએ વાતાવરણને વિકરાળ બનાવ્યું.

રાતના અંધકારને ભેદતો અવાજ આવ્યો : "કૌન હૈ ?"

"જય મહારાજ ગૌડેશ્વર !" પ્રવાસીઓએ ગૌડેશ્વર મહારાજના જયનાદથી દિશાઓ ધ્રુજાવી નાખી. પોતે તેમની પ્રજા છીએ, એનું આ રીતે તેઓએ સૂચન કર્યું.

આ જયનાદથી આકર્ષાઈને આવતા હોય એમ પાંચ–સાત પહાડ જેવા પડછંદ ઘોડેસવારો ત્યાં ધસી આવ્યા. એમના એક હાથમાં ઝળાળ ઝળાળ થતી નાગી સમશેરો હતી, બીજા હાથમાં બળતી મશાલો હતી. આ મશાલના પ્રકાશમાં એમના ચહેરા ભયજનક લાગતા હતા. એક મોટા પડછંદ અશ્વ પર બેઠેલો અગ્રેસર તરત નીચે કૂદ્યો, ને આગળ આવી ભયંકર અવાજે બોલ્યો :

"ગૌડેશ્વર કિધર હૈ ?" અવાજમાં પણ ભયંકરતા હતી, રાતને એ વધુ ડરામણી બનાવતો હતો.

ક્ષણભર પહેલાં શરાતનથી ધમધમી રહેલો યાત્રાળુસમાજ યમરાજના અવતાર સમા આ અશ્વારોહીઓને જોઈ પૂતળા જેવો બની ગયો, છરી છરીને ઠેકાણે રહી. લાકડીઓ હાથમાંથી સરી ગઈ, સહુની નાડીના ધબકારા ને છાતીની ધમણ એકદમ વધી ગયાં.

"બોલો, ગૌડેશ્વર કિધર હૈ? હમકો કામ હૈ." અવાજ ભયંકરતાની પરિસીમા પર હતો. વૃક્ષ પર નિરાંતે ઘોરતાં પંખી પણ ફફડી ઊઠયાં. પંખી જેવા બની ગયેલા આ સમાજના એક યાત્રાળુએ હિંમત એકઠી કરીને કહ્યું:

"અહીં ગૌડેશ્વર મહારાજ નથી. અમે તો તેમની વફાદાર પ્રજા છીએ."

"જૂઠ. ઇધર હી ગૌડેશ્વર મહારાજ હૈ."

"અરે મારા સાહેબ, કંઈ ગૌડેશ્વર મહારાજ અમારા જેવા સાથે હોય ખરા! એ તો અત્યારે નવદ્વીપમાં અનુષ્ઠાન કરે છે. અમે તો ગંગાસાગરનું સ્નાન કરીને અમારે ગામ પાછા ફરીએ છીએ."

"સચ બોલો, યે દેખી?" પડછંદ માનવીએ હવામાં તલવાર વીંઝી. વીજળીનો ઝબકારો દેખી આંખ મીંચાઈ જાય, એમ સહુની આંખો મીંચાઈ ગઈ. મનમાં ને મનમાં સહુ ત્રિપુરારિને હણનાર મહાદેવને, ભસ્માસુરના વિજેતા ભગવાન શ્રીકૃષ્ણને, દ્રૌપદીની અણીની પળે લાજ રાખનાર વૈકુંઠવિહારીને, કાલીય દૈત્યને હણનાર મહાકાલીને, અંબાને, જગદંબાને સ્મરવા લાગ્યા.

ગંગાસાગરના સ્નાનથી પવિત્ર થઈને પાછો ફરતો કેન્દુબિલ્વનો ભક્તસમાજ આચાર્યદેવ જયદેવ ને માતા પદ્માવતીના શબ્દો સ્મરી રહ્યો: આચારજજીની આજ્ઞા લોપીને યાત્રાએ નીકળ્યાના પ્રાયશ્ચિત્તનો આ વારો આવ્યો હતો. પાંચ–સાત જણા જ સામે ખડા હતા, પણ આ સવાસોને ખાઈ જાય તેવી ભયંકર મુદ્રાવાળા હતા. કોઈ સ્વામી

જયદેવને સ્મરવા લાગ્યા. કોઈ કાન પકડી, મોં પર તમાચ મારી, આશ્રમના મંદિરમાં સાત શ્રીફળ કે સવાસો દીવા ચઢાવવાની બાધા રાખવા લાગ્યા.

" તુમ કૌન જાત ? "

" બ્રાહ્મણ. " કહેનારની કાયા ધ્રૂજતી હતી. એણે પોતાની ઉપવીત ખેંચીને સાક્ષી તરીકે બતાવી.

" ભામણ ? બામુન ! હિંદુસ્થાની બામુન સચ્ચા બોલતા હૈ. બોલો, ગૌડેશ્વર મહારાજ ઇધર નહીં ? "

" ના. "

" તો કિધર હૈ. "

" નવદ્વીપમેં. "

" નવદ્વીપ કિધર ! " પૂછનારે પોતાના પડખે ઊભેલા બીજા સૈનિકને પૂછ્યું. એ હિન્દુસ્થાનનો જાણીતો હતો. એણે કહ્યું :

" નવદ્વીપ–ઓહ નદિયા, ઇધિરસે કુછ હી દૂર હૈ ! "

" બામુન લોક, તુમારા ખુદાકા કસમ ખાકર કહતે હો કિ ગૌડેશ્વર મહારાજ તુમારે સાથ નહીં હૈ. "

" હાં, મહારાજ ! અમે બ્રાહ્મણ કદી જૂઠ ન બોલીએ. "

" અચ્છા, ચલો ! " પેલા પડછંદ અશ્વારોહીઓ પાછા ફર્યા. કબૂતરની જેમ ફફડી રહેલા યાત્રાળુવર્ગે છુટકારાનો દમ ભર્યો. પણ હજી તો ઘણી રાત કાપવી બાકી હતી. પાછા ફરેલા આ યમ-રાજ સહોદરો ફરી દર્શનનો લાભ ન આપે, એવી ઈશ્વરપ્રાર્થનામાં ને તેત્રીસ કોટિ દેવતાઓની બાધા–આખડીઓમાં તેઓએ જાગતી આંખે રાત વીતાવવા માંડી. પ્રહર પણ જાણે લાંબા થઈ ગયા હતા; રોજ આંખ મીંચાઈને ઉઘાડતાં રાત વીતી જતી, પણ આજે તો જાણે ખાધેય ખૂટતી નહોતી.

એ રાતે આર્યાવર્તના કોટાનુકોટી દેવતાઓ વિધવિધ જાતનાં નૈવેદ્ય પામ્યા. કોઈ સવાલક્ષ બિલીપત્ર, કોઈ સવાપાંચ મણ તુલસીપત્ર, કોઈ બેથી પાંચ મણ દૂધ, કોઈ એકથી નવ સુધી શ્રીફળ, કોઈ એકથી એકવીસ સુધી દીપક, કોઈ બે ચાર કૂકડા ને કોઈ તો માત્ર ટોપરાની શેષ કે મંત્રના જાપ માત્ર પામ્યા હતા. પણ સંકલ્પ માત્રથી સંતુષ્ટ થનાર આર્યાવર્તના મહાનુભાવ દેવતાઓએ પોતાના ઉપાસક વર્ગની આ બાધા-માનતાઓનો સંપૂર્ણ સ્વીકાર કર્યો. તેત્રીસ કોટિ દેવતાઓ એમના આ પારેવાશાં માનવકંકાલો-ભક્તોની મદદે આવ્યા.

બિહામણા ઓળાઓના ટોળામાંથી હવે હાસ્યના-મજાકના સ્વરો આવી રહ્યા હતા. તેઓ આહાર કરી રહ્યા હોય તેમ લાગતું હતું. તેમના ઘોડા પણ હણહણી રહ્યા હતા. થોડીવારમાં ડફ ને ખંજરી વાગવા માંડી. જેને જેમ ફાવે તેમ ગળાં કાઢીને ગાવા લાગ્યા. મશાલોનો નાચ થતો દેખાયો, પણ અચાનક બધું બંધ થઈ ગયું. અસ્થિર મશાલો સ્થિર થઈ ગઈ, તાપણાં બુઝાઈ ગયાં, ને થોડીવારમાં તો ઘોડાઓના ડાબલાથી રાતનું કલેજું કંપી ઊઠયું.

મધરાતના પ્રહર પૂરા થતા હતા. ગગનના ગોખ પર તારાઓ ટમટમી રહ્યા હતા. એ તારાઓના પ્રકાશમાં ઘોડા ચાલી નીકળ્યા. એક એક પગલું સહુએ ગણ્યું. બરાબર નક્કી કર્યું કે એંશી તો નવદ્વીપની દિશામાં ગયા, માત્ર બેજ બીજી દિશામાં.

વડલાની શૂન્ય ઘટાઓમાં થઈને પવન સુસવાટા બોલાવતો હતો. ઠેરઠેર નાની નાની તાપણીઓથી, વેરાયેલાં લાકડાંઓ ને ફૂટેલાં હાંડલાંઓથી એ ભૂમિ સ્મશાનભૂમિ જેવી ભયંકર બની ગઈ.

યાત્રાળુઓએ શિવમહિમ્ન સ્તોત્ર અને વિષ્ણુસહસ્રનામાવલિનું શરણ લઈ રાત્રિ પૂરી કરી.

૮. સેનવંશ ને નવદ્વીપ

ઘોડાના સોદાગરો જ્યારે નવદ્વીપને પાદર પહોંચ્યા, ત્યારે દેવમંદિરોમાંથી આરતીના શંખ ફુંકાતા હતા. ઠેર ઠેર થતા યજ્ઞોનો ધુમાડો સંધ્યાના આછા પ્રકાશમાં ભળી જતો હતો. મૈયા ભાગીરથીનાં ઊંડાં જળ નવદ્વીપના નાના નાના સુંદર બેટોની આસપાસ વલયાકારે વહેતાં હતાં. મરકતમણિના ગુચ્છ જેવાં શેવાળનાં ગુચ્છકો ને નીલ કમળ ચારે તરફ ટાપુઓની કિનારી બાંધતાં હતાં.

આ જ પ્રદેશમાં ભાગીરથી ને જલાંગીનો પવિત્ર સંગમ થતો હતો. સંગમની આજુબાજુ નાની નાની સાદી ને શાન્ત છાણ–માટીની પર્ણકુટીઓ આવેલી હતી. એના આંગણામાં નાના ફૂલક્યારા હતા, તુલસીના ઝાડ હતા, નાની એવી કપીલા ગાય હતી, બે ચાર રૂપાળાં પંખી પાંખો ફફડાવતાં ફરતાં હતાં. દુર્વાની સુંદર બિછાતની વચ્ચે યજ્ઞની નાની નાની વેદિકામાંથી ધુમાડો નીકળ્યા કરતો હતો. વૈભવ ને વિલાસ જેવો શબ્દ પણ જાણે અહીં સંભળાતો નહોતો. આ નાની નાની પર્ણકુટિઓમાં કેટલાએક વખતથી આર્યાવર્તના અલંકાર સમા જગપ્રસિદ્ધ વિદ્વાનો આવીને વસ્યા હતા, અને તેમણે જ સૂના સૂના આ ટાપુઓને વિદ્યાનું મહાન કેન્દ્ર સર્જ્યું હતું.

સરસ્વતીના આ મહાક્ષેત્રમાં આઠે પ્રહર વેદ, યજ્ઞ ને કલાની વિવેચના, આત્મા, બ્રહ્મ ને મોક્ષની મીમાંસા ચાલ્યા કરતી. પાંચ પાંચ ને સો સો વિદ્યાર્થીઓનાં બનેલાં પંચકો અને શતકો ક્યાંય ઋગ્વેદની ઋચાઓનું અધ્યયન કરતાં, ક્યાંય યજુર્વેદ ને સામવેદનાં

ગાન લલકારતાં, ક્યાંક ઇતિહાસ, વિદ્યા ને પુરાણ પર પારાયણ રચતાં; શ્વાસોશ્વાસમાં અહીં અધ્યયનની ઘટમાળ ચાલતી હતી. અધ્યયન–અધ્યાપન સિવાયના સમયમાં કોઈ આ નાના રળિયામણા ટાપુ પર પતંગિયાં સાથે હોડ બકતા, કોક ધેનુઓ ચારતાં બંસી લલકારતા, કોઈ માધુકરીએ જતા, કોઈ ગુરુપત્ની માટે ઇંધન ને સમિધની શોધમાં ફરતા. યુવાન શિષ્યશતકો ધર્મવિદ્યા સાથે ધનુર્વિદ્યા પણ શીખતા. હેતુવિદ્યા, શબ્દવિદ્યા, ચિકિત્સાશાસ્ત્ર, રસવાદ, ધાતુવાદ ને ગારુડવાદના પરમ નિષ્ણાતો આ ઘાસ–કુસની પર્ણકુટીઓમાં સંસારના બેતાજ બાદશાહ બનીને વસતા હતા.

અહીંનો પ્રત્યેક અધ્યાપક એક સ્વપ્નદ્રષ્ટા હતો. અહીંનો પ્રત્યેક વિદ્યાર્થી એક મહાન કાર્યક્ષેત્ર તરફ સદા નીરખ્યા કરતો હતો. એ કાર્યક્ષેત્ર હિંદુધર્મના પુનર્વિધાનનું, વૈદિક સંસ્કૃતિના પરમ વિજયનું હતું. ધન, વૈભવ ને જીવન એના ચરણે ન્યોછાવર કરવાની એમની નેમ હતી.

હરિયાળા આ પ્રદેશ પર પ્રકૃતિ હમેશાં નવા નવા વાઘા સજીને આવતી. અહીંના વસનારા એ પ્રકૃતિદર્શનમાં પ્રભુદર્શનની પરિતૃપ્તિ અનુભવતા. અહીંનાં વિહંગો પણ જાણે વેદગાન ઉચ્ચારતાં. અહીંની ધેનુઓ જાણે દૂધની નદીઓ રેલવતી. અહીં પુષ્પ ને ફળથી લચી પડતા વેલાઓ ચારે તરફ સુંદર કુંજવનો રચતા. એ કુંજવનોમાંથી હોમના હવિની પવિત્ર સુવાસ દિશાઓને મઘમઘાવી મૂકતી. અહીં કોઈને જાણે પેટની પડી નહોતી. ગંગાનાં પાણી ને ગંગાના તીરનાં ફળઝાડ ને નાનાં કૃષિક્ષેત્રો એમને પેટપૂર આપતાં.

નવદ્વીપના બેટમાં બૌદ્ધધર્મી પાલ રાજાઓ વિહારાર્થે આવતા. એમની નૌકાઓ અહીં દિવસો સુધી પડી રહેતી. વિલાસ ને વૈભવથી ત્રસ્ત થયેલાઓને આ સ્થળ આત્મિક આનંદની ઝાંખી કરાવતું. પણ એ ભૂમિનું પુણ્ય તો હમણાં જ જાગ્યું હતું. હમણાં જ કેટલાક વેદવિદ્યાના

પ્રેમી પરમ શૈવ કે પરમ વૈષ્ણવ બ્રાહ્મણો અહીં આવી વસ્યા હતા. આર્યાવર્તના જગપ્રસિદ્ધ વિદ્યાપીઠો નાલંદા, વિક્રમશીલા ને ઉદ્દંતપુર વગેરે મહાવિહારોની ભસ્મમાંથી એનું સર્જન થયું હતું.

એ ભસ્મ પણ મહામૂલી હતી, આર્યાવર્તની મહાન પ્રાણવાન સંસ્કૃતિની એ ભસ્મ હતી. જે સંસ્કૃતિએ સૈકાઓ સુધી આર્યાવર્તના પ્રત્યેક દર્શનને–શાસ્ત્રને અભિભૂત કરી નાખ્યું એ બૌદ્ધ સંસ્કૃતિની એ તેજોછાયા હતી. જેની સંસ્કૃતિના પ્રકાશને દિશાઓ રોકી ન શકી, જેના પ્રવાહને કાળ થંભાવી ન શકયો, જેના પૂર પાસે વૈદિક ધર્મો વહેણના ત્રાપાની જેમ ઘસડાઈ ગયા, એ બૌદ્ધ સંસ્કૃતિનો સૂર્ય જ્યારે પશ્ચિમાકાશમાં ઢળતો હતો, ત્યારની આ વાત છે.

નવદ્વીપના નવવિકાસને પૂરેપૂરો સમજવા માટે હજી ઈતિહાસના વધુ ઉંડાણમાં જવું પડે તેમ છે. સમ્રાટ હર્ષના રાજ્યકાળ સુધી બૌદ્ધ સંસ્કૃતિના મહાન દિગ્વિજયનો કાળ લંબાય છે. સમ્રાટ હર્ષના મૃત્યુ સાથે એમાં પ્રવેશેલાં અનિષ્ટો મતભેદના રૂપમાં બહાર નીકળી આવે છે. ધીરે ધીરે મતપ્રવર્તકો ક્ષણિક વિજયમાં સંસ્કૃતિના પાયા ખોદતા દષ્ટિગોચર થાય છે. ભવ્ય ગગનચુંબી વિહારો, મહાન પુસ્તકાલયો, વિશાળ ચૈત્યો, ઊંચી ઊંચી રાજપદવીઓ અને અંતરની સુંવાળપ એમને જનભિક્ષુમાંથી રાજભિક્ષુ સર્જે છે. રાજ્યાશ્રય, સત્તા, શ્રીમંતાઈ પાછલા બારણેથી પોતાના પ્રપંચી સાથીદારો સાથે બૌદ્ધધર્મમાં પ્રવેશ પામે છે.

આ સામે દુભાયેલો વૈદિક ધર્મ લાલ આંખ સાથે ખડો છે. પણ આ મહાપ્રવાહને ઉલ્લંઘવાનું એનું સામર્થ્ય નથી. એ પ્રવાહમાં એના વેદ વહી નીકળ્યા છે, યજ્ઞના બલિ બંધ થઈ ગયા છે, સોમ-પાન સ્થગિત થયાં છે, વર્ણાશ્રમધર્મ મરણતોલ માર ખાઈને પડયો છે. શું બ્રાહ્મણ, શું ક્ષત્રિય, શું વૈશ્ય, શું શૂદ્ર, એક આરે સહુ આવીને ખડાં છે. સ્ત્રીની સૈકાજૂની માલિકી નષ્ટ બની છે. સ્ત્રીઓ

સ્વતંત્રતા જાળવવા નાની ઉંમરે *ભિક્ષુણી બની બેસે છે. કુલીનતા એક સ્વપ્ન સમી બની છે. ખાદ્યાખાદ્ય, પેયાપેયતા, બધાનો શંભુમેળો બની ગયો છે. એક બૌદ્ધધર્મના મહા ઉદરમાં જાણે બધા ધર્મો લુપ્તપ્રાયઃ થતા ચાલ્યા છે. તક્ષશિલાનો મહાન વિહાર પણ બોધિસત્ત્વની શિક્ષા આપે છે, ને નાલંદા પણ.

બૌદ્ધધર્મ પાસે બીજી સંસ્કૃતિઓ પણ સૂર્યના પ્રકાશમાં તારકગણની જેમ ફીકી પડી ગઈ છે. 'બુદ્ધ, ધર્મ ને સંઘ' આ ત્રિપદીની મોહિનીથી જગત અભિભૂત બની ગયું છે. છતાંય વૈદિક સંપ્રદાય એક ખૂણામાં ભરાઈને પણ પોતાનું જીવન જાળવી બેઠો છે. વૃક્ષો ભલે કરમાયાં—બીજ તો એ રાખી રહ્યો હતો.

એ બીજમાંથી વૃક્ષ થવાનો સમય સાતવાહન અને ગુપ્ત રાજાઓના કાળમાં આવ્યો. છતાંય એને આ મહાસંસ્કૃતિ સાથે સમન્વય સાધવા અહિંસાના તત્ત્વ પર જવું પડ્યું, વેદવિહિત પશુહિંસા છોડવી પડી, 'અજ'નો અર્થ બકરો નહીં, પણ ડાંગર એવા સમન્વયસાધક અર્થોવાળાં શાસ્ત્રો રચ્યાં. એના હિંસક અર્થ કરનારાઓ સિંહાસન-પરથી ઊથલી પડ્યા. વેદમાં ભલે હિંસા વિહિત ગણી; પણ જો જન-ગણમાં ધર્મ પ્રચારવો હોય તો એનો નિષેધ કર્યે જ છૂટકો. છેલ્લે છેલ્લે સર્વધર્મસમન્વયવાળા પરમ ભાગવત ગુપ્ત રાજવીઓએ વેદ-નિંદક બુદ્ધનેજ પોતાના દશાવતારમાં સ્થાન આપ્યું.

પણ વૈદિક સંસ્કૃતિને જોઈએ તેટલો વેગ ન સાંપડ્યો. શતા-બ્દિઓ બાદ હુણ આવ્યા. તક્ષશિલા ભાંગ્યું. પણ બૌદ્ધ સંસ્કૃતિ સજીવ રહી. છેલ્લા મૌર્ય રાજા બૃહદ્રથને સંહારી પુષ્યમિત્ર ગાદીએ આવ્યો. એણે બૌદ્ધોની કતલ ચલાવી, છતાંય એના જીવનવૃક્ષને એ કાપી ન શક્યો. જે વૃક્ષને પ્રચંડ ઝંઝાવાતો લેશમાત્ર ડોલાવી ન

* સ્ત્રીઓને બૌદ્ધ ભિક્ષુણીઓ બનતી અટકાવવા માટે બાળ લગ્નની પ્રથાએ જન્મ લીધો.

શક્યા, અનેક કુઠારો વિદારી ન શક્યા, એજ ધર્મનાં મૂળ આંતરિક મતભેદોએ ખોદવા માંડયાં. એ મહા વૃક્ષને અંદરથી લૂણો લાગ્યો.

અજેય યોદ્ધો કદી બહારના શત્રુથી પરાભવ પામતો નથી; ગૃહરિપુ જ એને પછાડે છે. બૌદ્ધધર્મને મતાગ્રહોએ વીંટી લીધો. એમના વિહારો મંત્રણાગૃહો બન્યાં. એમનાં વિદ્યાપીઠો સેનાગૃહો બન્યાં. માંસ–મદિરા સાધારણ થઈ પડ્યાં. બાહ્ય કીર્તિની લાલચ એમને દૂર દૂર ટિબેટ સુધી લઈ ગઈ, પણ આંતર કલહોથી એમને જ દેશવટે જવું પડ્યું. એમના ઉપડતા પગ સ્થિર કરવા માટે એમણે ઘણું કર્યું. વૈભવવિલાસનાં વિપુલ સાધનો એકત્ર કરવા લાગ્યા: તપ, ત્યાગ ને સંયમમાંથી તેઓ મંત્ર, તંત્ર ને ચમત્કારમાં પડ્યા; સાધકોના આકર્ષણ માટે સૌંદર્યભરી નગ્ન યુવતીઓના એમને ત્યાં અખાડા જામ્યા અને યોનિપૂજા ઉપાસનાનું અંગ બની.

આ નિષ્કર્મણ્યતાને નાથવા જાણે હિંદના અભેદ્ય દ્વાર પર પહેલો પરદેશી આવીને ખડો થયો. દોમદોમ ગાજતી બાદશાહી, વૈભવભર્યા વિહારો, હિલોળા દેતા સૈન્યના મહાસાગરો છતાં સગે હાથે પ્રજાએ પરદેશીનાં સ્વાગત કર્યાં.

આરબવિજેતા મહમ્મદ બિન કાસમે વાતવાતમાં સિંધ પર છાપો માર્યો. બૌદ્ધો કર્તવ્યવિમુખ બની બેસી રહ્યા. પ્રજાએ બૌદ્ધોના જુલમથી છૂટવા નવી આફતને આવકારી લીધી. માત્ર સાતસો લડવૈયા લઈને આવેલો સોળ–સત્તર વર્ષનો એક જુવાનિયો ઈસ્લામ સંસ્કૃતિનાં બી અહીં વાવી ગયો. સાથે સાથે જર્જરિત બૌદ્ધધર્મનો મૃત્યુઘંટ જોરથી વાગવા માંડ્યો.

આ રીતે રાજકીય ક્ષેત્રમાં પરાંગમુખ નીવડેલો બૌદ્ધધર્મ ગુપ્ત સાધનાઓમાં પડ્યો. મહાયાન અને હીનયાન શાખાઓમાંથી વળી વજ્રયાન નામની વામમાર્ગી શાખાએ જન્મ લીધો. અલૌકિક સિદ્ધિઓનો યુગ બેઠો. તંત્ર, મંત્ર ને યંત્રોએ સમાજ પર નાગચૂડ ભેરવી,

ચમત્કારોમાં પરમ શ્રદ્ધાળુ વર્ગ પેદા થયો. ગુપ્ત સભાઓમાં ધર્મ-સાધનાઓ થવા માંડી, સૌંદર્યવતી સ્ત્રીઓ એમાં ભળવા માંડી, યૌવનથી ઉભરાતી નગ્ન કુમારિકાઓ ધર્મસાધનનું પ્રધાન સાધન બની. એ મંડળીઓમાં સુરા ને માંસ ખાવાં ધર્માનુસાર લેખાવા લાગ્યાં. શાસ્ત્રોને સર્વજ્ઞપ્રણીત લેખી દૈવી ચોકઠામાં નાખી જડ બનાવ્યાં. એની સામે ટીકા એ ભયંકર ગુનો લેખાવા લાગ્યો. માનવતા, સરળતા, સાહજિકતા વિસારે પડયાં. આડંબર, ભપકા, રાજ્યાશ્રય, વૈભવ, વિલાસ, શ્રીમંતાઈ એ ધર્મસાધનનાં મુખ્ય પ્રસાધન બન્યાં.

આઠમી શતાબ્દિમાં અચાનક આકાશમાં ધૂમકેતુ ઝગી ઊઠે, એમ કુમારિલ ભટ્ટ નામના વૈદિક ધર્મના વિદ્વાને આ ધર્મ સામે ખુલ્લો બળવો જગાવ્યો. પોતાના પ્રકાંડ પાંડિત્યના બળે તેમણે યજ્ઞોને ઉત્તેજન આપ્યું

આ બળવાનાં બી ફાલ્યાં. નવમી શતાબ્દિમાં સમસ્ત નભો-મંડળને તેજથી આવરી લેતા એક મહાન સૂર્યનો ઉદય થયો, એમનું નામ શ્રીમદ્ શંકરાચાર્ય. તેમણે વેદધર્મના પુનર્વિધાનની પ્રચંડ હાકલ કરી. સાથે સાથે વૈદિક ધર્મની પુનઃરચના આરંભી. આ પુનઃરચનામાં તેમણે બૌદ્ધધર્મનાં× વિસરાયેલાં સુંદર તત્ત્વોને પોતાના તત્ત્વજ્ઞાનમાં સમાવી લીધાં. બૌદ્ધધર્મથી કંટાળેલી પ્રજાએ આ નવા સમન્વય ધર્મને અપનાવી લીધો. એ વેદાંતકેસરીના ગર્જારવથી આર્યાવર્ત ગાજી ઊઠયો. ત્રણ ત્રણ સૈકા સુધી કોઈ ધર્મવિચાર, કોઈ તર્કપદ્ધતિ આ મહાન પુરુષના તત્ત્વનિર્ણય સામે માથું ઊંચકી ન શકી.

બીજી તરફથી આરબ, ગજની, ઘોરી, તુર્ક, મંગોલ ને અફઘાન વિજેતાઓનાં ઘોડાં આર્યાવર્તને ખૂંદી રહ્યાં હતાં. મહારાજ્યો દૂર

× આ કારણસર લોકો તેમને પ્રચ્છન્ન બૌદ્ધ કહેતા. બૌદ્ધ દાર્શનિક વસુબંધુની તેમના સિદ્ધાંતો પર મોટી છાપ છે.

થઈ જતાં હતાં, મહાપ્રજાઓ નષ્ટ થતી હતી, છતાંય બુઝાતા દીપક જેવો બૌદ્ધધર્મ પોતાની ઝાંખી ઝાંખી પ્રભા પ્રસારી રહ્યો હતો.

દેખાદેખી પ્રત્યેક ધર્મોએ સિદ્ધિઓને પોતાનું ધ્યેય બનાવ્યું હતું, ચમત્કારને પોતાનું સાધન બનાવ્યું હતું અને અંતરની વાસનાઓને વેગ આપી અનુયાયીઓ મેળવવા માંડ્યા હતા. શ્રેષ્ઠ સુરા, સુપક્વ માંસ ને સૌંદર્યભરી નગ્ન સ્ત્રીઓ; આ ધર્મસાધનનાં શ્રેષ્ઠ અંગ બન્યાં. યોનિપૂજા એક મહાપૂજા બની. નૃપતિઓ, લક્ષ્મીનંદનો એના સાધકો બન્યા. સામાન્ય પ્રજા દેખાદેખી એની અનુયાયિની બની રહી.

બૌદ્ધના મહાયાન પંથમાં જેમ વજ્રયાન ને મંત્રયાન પેદા થયા, તેમ શૈવમતમાં કાપાલિક ને પાશુપત જન્મ્યા. શાક્ત સંપ્રદાયે આનંદભૈરવી પૂજાને પ્રચલિત કરી, વૈષ્ણવ ધર્મે પણ ગોપી–લીલા આરંભી.

કુમારિલ ભટ્ટનો શુષ્ક કર્મમાર્ગ અને ભગવાન શંકરાચાર્યનો સંન્યાસ–પ્રધાન જ્ઞાનમાર્ગ પ્રજાને શુષ્ક લાગવા માંડ્યો. ન સુરાની જમાવટ, ન શણગારનું સ્થાન, ન સૌંદર્યનાં દર્શન, ન ખાદ્યાખાદ્યની ભરમાર. સ્ત્રીનું તો તેમાં સ્થાનજ નહીં. ભોગથી તો દૂર ભાગવાનું. પરલોક કોણે જોયું છે–તે આ લોકને આવો કઠિન બનાવી નાખવો! ધીરે ધીરે સમાજમાં પેલા ગુપ્ત ધર્મો પ્રસરતા ગયા. જોતજોતામાં સમાજ બીભત્સતાની પ્રતિમૂર્તિ બની ગયો.

આ પતનને–સમસ્ત દેશની સાર્વત્રિક અધોગતિને–વાળવા માટે દશમી શતાબ્દિમાં દ્રાવિડ દેશમાં એક મહાન વ્યક્તિનો જન્મ થયો; એનું નામ રામાનુજાચાર્ય. એણે શંકરાચાર્યના સિદ્ધાન્તોને છોડીને ભક્તિમાર્ગનો નવો પ્રકાશ પાથર્યો; ગોપીજનવલ્લભ, રાસેશ્વર, ગોવર્ધનધારી શ્રીકૃષ્ણ વાસુદેવની પૂજાનો પ્રચાર કર્યો. અને બૌદ્ધોના આકર્ષણ માટે અહિંસાનો સ્વીકાર ને વૈવિધ્યપૂર્ણ ખાવાપીવામાં માનનારા

૭

માટે રાસલીલા, અન્નકૂટ, છપ્પનભોગ, દોલોત્સવ વગેરે ભોગશૃંગાર-પ્રધાન ભક્તિ–ઉત્સવો નિર્માણ કર્યા.

આ મહાન ભક્તરાજને પહેલી જ તકે શૈવ ને વૈષ્ણવનાં પુરાણાં વેરનો પરચો મળ્યો. એ નાસીને બીજે ચાલ્યા ગયા, પણ જ્યાં ગયા ત્યાં વૈષ્ણવભક્તિની રસગંગા વહાવતા આવ્યા.

પાપાચારથી પરિપૂર્ણ સમાજમાં આ રીતે પવિત્રતાનો પ્રવાહ આવ્યો. બીજી તરફ રાજકીય ક્ષેત્રોમાં ગિજની ને ઘોરીના ભયંકર યોદ્ધાઓ ત્રાડ દેવા લાગ્યા. રાજકીય અંધાધુંધીના આ કાળમાં ધાર્મિક સ્વતંત્રતાએ નવો અવતાર લીધો. શૈવ ને વૈષ્ણવોને એકત્ર થવાનું યોગ્ય જણાય તેવી ઘડીઓ આવી લાગી.

આ વેળાએ વંગદેશની રંગભૂમિ પર બે કર્ણાટકી સૈનિકો એમની જવાંમર્દી માટે વિખ્યાત હતા. આ બે સૈનિકો દક્ષિણના ચંદ્રવંશીય ક્ષત્રિયનાં સંતાન હતાં. એ બે જણાએ વંગ અને તિરહુત પર ચઢાઈ કરી, અતુલ પરાક્રમ દાખવી પોતાની નામના કરી. દેશદેશના વીરો એને આશ્રયે આવ્યા. આ વંશમાં સામન્તસેન નામનો પરાક્રમી પુરુષ થયો. એના પૌત્ર વિજયસેને દાદાના પૌરુષને દીપાવી દીધું.

પરાક્રમી વિજયસેને કામરૂપ પર ચઢાઈ કરનાર ગૌડના બૌદ્ધધર્મી પાલ રાજાને હરાવ્યો. પછી કલિંગ પર એણે પોતાની સેના છૂટી મૂકી. તલવારની તેજસ્વી ધાર પર સામ્રાજ્યનિર્માણના એ કાળમાં એણે પોતાની રાજગાદી સ્થાપી.

એણે સેનવંશને રાજવંશ બનાવ્યો.

આ આસ્તિક રાજા મહાન સ્વપ્નદ્રષ્ટા હતો. એ સ્વયં શિવ-પૂજક હતો, પણ એની આસ્તિકતા ઝનૂની નહોતી. એણે વૈષ્ણવ ધર્મને પણ પ્રોત્સાહન આપ્યું, વર્ષોથી ભૂલાયેલાં યજ્ઞ, દેવપૂજા, હોમ-હવનનો પ્રારંભ કર્યો, વેદધર્માનુયાયીઓને આશ્રય આપવા માંડ્યો.

સેનવંશના આ પ્રથમ સ્વતંત્ર રાજા પછી તેનો પુત્ર બલ્લાલસેન ગાદીએ આવ્યો. બલ્લાલસેને પિતાના મહાન સ્વપ્નને પાર પાડવા કમર કસી. એણે સ્થળે સ્થળે વેદવિજ્ઞ બ્રાહ્મણોને તેડાં મોકલ્યાં.

આ વેળા એને સમાચાર મળ્યા કે મિથિલાના કૈવર્તોએ પાલ રાજાને કેદ કર્યો છે. પાલ રાજા બૌદ્ધધર્માનુયાયી હતો, પણ તેને છોડાવવા બલ્લાલે સ્વયં મિથિલા પર ચઢાઈ કરી વિજય પ્રાપ્ત કર્યો. આ વિજયમાં એને મિથિલામાંથી તપોવન ને આશ્રમોની કલ્પના મળી. રાજર્ષિ જનકનો આદર્શ જડયો. બ્રાહ્મણ ને ક્ષત્રિયોએ સાથે મળીને રચેલ ઉપનિષદનું તત્ત્વ હાથ લાગ્યું. અને એણે પાલ રાજાઓના વિહારસ્થળ નવદ્વીપનું આધ્યાત્મિક સ્થળના રૂપમાં પરિવર્તન કરનારાઓને વેગ આપ્યો. એણે દેશદેશના દિગ્ગજ વિદ્વાનોને આમંત્રીને અહીં વસાવ્યા, બૌદ્ધધર્મે નષ્ટ કરેલ વર્ણાશ્રમધર્મને ફરીથી પ્રચલિત કર્યો. અને આ કાર્યમાં વેગ આણવા માટે તેણે કનોજથી પાંચ અણિશુદ્ધ બ્રાહ્મણકુટુંબોને તથા દક્ષિણમાંથી પાંચ શુદ્ધ ક્ષત્રિયાવતંસોને લાવીને પોતાના રાજ્યમાં વસાવ્યા. ખાદ્યાખાદ્યના વિવેકને તેણે ફરી સજીવન કર્યો; અને સર્વ ધર્મનાયકોને પ્રાર્થના કરી કે સમાજવિશુદ્ધિ માટે વિદ્યા, યજ્ઞ ને ધર્મ કરતાં આચાર પર—, કુલીનતા પર વિશેષ લક્ષ આપો. આચારભ્રષ્ટોને તો સ્વયં વેદભગવાન પણ પવિત્ર કરી શકતા નથી.

આ સિવાય મહારાજ બલ્લાલસેને પોતાના નગરમાં શૈવ અને વૈષ્ણવો એક જ મંદિરમાં એકત્ર થઈ પ્રાર્થના કરી શકે માટે પ્રદ્યુમ્નેશ્વરનું દેવાલય નિર્માણ કર્યું. આ મૂર્તિ પાર્વતીપતિ શિવ અને લક્ષ્મીપતિ વિષ્ણુની મૂર્તિઓને એકત્ર કરી નિર્માણ કરવામાં આવી.

વીર રાજા બલ્લાલસેનને બદરિકાશ્રમવાસી સાધુ સિંહગિરિના ઉપદેશથી તાંત્રિક બૌદ્ધધર્મ પ્રત્યે અરુચિ થઈ. એણે પ્રજાને તંત્ર-

વાદથી વાળવા માટે બીડું ઝડપ્યું. એણે સુંદર સાહિત્ય, નિર્દોષ શૃંગાર, નિરામિષ આહાર, સુંદર ધર્મસ્થાનો, ઉલ્લાસભર્યા ઉત્સવો વગેરે યોજ્યા, અને પોતાની રાજસભામાં પાંચ કુશળ પંડિતરત્નોને રોકીને આ કાર્યને વેગ અપાવ્યો.

એણે બ્રાહ્મણોને સંતાપનારને સખ્ત સજાઓ કરવા માંડી, વર્ણાશ્રમના પાલન માટે અત્યંત કડક નિયમન યોજ્યા. વરેંદ્ર કાંઠાના માછીમારો અત્યંત તોફાની હતા. તેમને બહોળા નૌકાસૈન્યની મદદથી જેર કરી નાખ્યા, તેમજ ફરી તેઓ ઉપદ્રવ ન મચાવે તે માટે તેમને ‘ સત્ શૂદ્ર ’ બનાવી વર્ણાશ્રમમાં દાખલ કર્યા, અને ઘરકામમાં યોજી તેમની આજીવિકાનો પ્રશ્ન હલ કર્યો.

આ રાજાએ પોતાના રાજકાલ દરમ્યાન રાઢ (પશ્ચિમ બંગાળ), વરેંદ્ર (પૂર્વ બંગાળ), વંગ (ઉત્તર બંગાળ), વાગડી (ગંગાના મુખ વચ્ચેનું દક્ષિણ બંગાળ) તથા મિથિલા સુધી પોતાની સત્તા વિસ્તારી. એ વિદ્યાવિલાસી રાજાએ પ્રતિષ્ઠાસાગર, આચારસાગર, દાનસાગર ને અદ્‌ભુતસાગર નામક સુંદર ગ્રંથોની રચના કરી, પણ છેલ્લો ગ્રંથ અધૂરો હતો, ત્યાં ગૌડનો રાજા બળવો કરી ચઢી આવ્યો.

બલ્લાલસેન અત્યંત વૃદ્ધ બની ચૂક્યો હતો. એનો પુત્ર લક્ષ્મણસેન વીરોમાં શિરોમણિ સમાન હતો. એણે ગૌડના રાજાને હરાવ્યો. વૃદ્ધ રાજવીને લાગ્યું કે હવે પોતાના દેહની સાર્થતા સંપૂર્ણ થઈ છે, એટલે યુવરાજ લક્ષ્મણસેનને રાજપદ તથા પોતે અધૂરો રાખેલ અદ્‌ભુતસાગર ગ્રંથ સોંપી નિવૃત્તિ લીધી. આજ્ઞાંકિત પુત્રે રાજધાનીમાં રહેવા ઘણો આગ્રહ કર્યો, પણ પિતાએ કહ્યું :

“ વત્સ, દેહનો ઉપયોગ હોય ત્યાં સુધી જ દેહ ધારણ કરવો, એ ક્ષત્રિયનો ધર્મ છે. આ દેહથી હવે કંઈ સરે તેમ નથી. નિરુપયોગી જીવન જીવી પૃથ્વીને ભારે મારવાનો કંઈ અર્થ ! ”

રાજર્ષિ જેવો રાજા બલ્લાલસેન પોતાની પ્રિય પત્ની સાથે પ્રયાગ મુકામે ગયો, ને એક દહાડો પવિત્ર થઈ ગંગા ને યમુનાના સંગમમાં દંપતીએ જળસમાધિ લીધી.

પરાક્રમી ને વિદ્યાવિલાસી પિતાનો વારસો લઈને પ્રતાપી ને કવિહ્રદય યુવરાજ લક્ષ્મણસેન "ગૌડેશ્વર"નું બિરુદ ધારણ કરી ગાદીએ આવ્યો.

પંજાબ–દિલ્હીનાં મેદાનોમાં ઘોરીના અફઘાન અશ્વો વિજય પર વિજય મેળવી રહ્યા હતા. આ ઘોરી બાદશાહને બે પરિચારકો હતા, આંધિ ને આગના તોફાન જેવા: એક કુતુબુદ્દીન ને બીજો મહમ્મદ બિન બખત્યાર ખિલજી. કુતુબુદ્દીન હિંદનો પહેલો મુસ્લિમ પાદશાહ બન્યો. ખિલજીએ મગધ, બંગદેશ ને દક્ષિણ તરફ પોતાની સેનાઓ વહેતી મૂકી.

ભાગ્યનું વિધાન જ એવું હશે કે આ ખિલજી સરદારના હાથે રહ્યાસહ્યા બૌદ્ધધર્મે હિંદમાંથી છેલ્લી વિદાય લેવી. એણે નાલંદા, વિક્રમશિલા ને ઉદ્દંતપુરના મહાવિહારોનું સત્યાનાશ વાળ્યું, એના વિશાળ પુસ્તકાલયો, સળગાવી મૂક્યાં, જેટલા ભિક્ષુ હાથ આવ્યા તેટલાની કત્લ કરી નાખી.

આ કત્લેઆમની ભસ્મમાંથી નવદ્વીપ ફરી પ્રાણવાન બન્યું. વિદ્વાનોને આ નિર્દોષ ભૂમિ ભાવી ગઈ. આશ્રયહીન બનેલા વિદ્વાનોની હારમાળા ગૌબ્રાહ્મણપ્રતિપાળ સેન રાજાના આશ્રયે આવી. બલ્લાલસેનના પરાક્રમી પુત્ર લક્ષ્મણસેને પણ નવદ્વીપ તરફ પોતાની ઉદાર કૃપાદૃષ્ટિ રાખી વિદ્વાનોને સત્કાર્યા.

ઉત્કલ–ઉડીસા તરફથી વૈષ્ણવધર્મની ભક્તિ–ગંગાનો પ્રવાહ વંગદેશ તરફ વેગથી આવી રહ્યો હતો. મહારાજ લક્ષ્મણસેન શૈવપૂજક પિતાના સંતાન હતા, પણ વૈષ્ણવ પૂજાએ તેમના દિલને

અપનાવી લીધું. તેમને શુષ્ક જ્ઞાન, કર્મઠ વૈરાગ્ય કરતાં, વામમાર્ગની છાયામાં આવેલી પ્રજા માટે, ભક્તિમાર્ગ ઉત્તમ માર્ગ દેખાયો. તેમણે વંગદેશની રાજધાની ગૌડનગરને બદલે પોતાના નામથી લક્ષ્મણાવતી નામનું નવું નગર વસાવી ત્યાં સ્થાપી, સુંદર સેના તૈયાર કરી અને પોતાના દરબારમાં દેશદેશનાં રત્નોને તેડાં આપ્યાં. અને તેમણે જે દિવસે પોતાને પરમ વૈષ્ણવ તરીકે જાહેર કર્યા, તે દિવસે પોતાના નામથી લક્ષ્મણ-સંવત* ચલાવ્યો. તેમણે પોતાના પિતાશ્રીએ અપૂર્ણ મૂકેલ ગ્રંથ અદ્દ્ભુત–સાગરની રચના આરંભી, તેમજ પોતાના પૂર્વજોને પગલે ચાલી નવદ્વીપના વિદ્વાનોને આશ્રય આપતા રહ્યા.

નવદ્વીપનું પ્રકૃતિસૌંદર્ય અપૂર્વ હતું. વિદ્વાનોએ એના આધ્યાત્મિક સૌંદર્યને પણ વધારી દીધું. પર્વપ્રસંગે તથા ખાસ અનુષ્ઠાન પ્રસંગે મહારાજ પોતાના રાજપુરોહિત હલાયુધ સાથે અહીં આવતા. આ ભૂમિની સાત્ત્વિકતા માટે તેઓ બહુ જ સચિંત રહેતા. બૌદ્ધ વિહારોમાં પ્રવેશી ગયેલ રાજસી વાતાવરણની છાયા અહીં ન પ્રવેશ પામે તે માટે પોતે પણ એક ઉપાસકને યોગ્ય નિરાડંબર, નમ્રતા ને નિખાલસતાથી અહીં આવીને વસતા; સેના, શસ્ત્રાસ્ત્ર, રાજખટપટ બધું રાજધાનીમાં મૂકતા આવતા. સાદી પાલખીમાં, પીતાંબર ને ઉત્તરીય ધારણ કરીને એ અહીં આવતા.

એમની સંપૂર્ણ દિનચર્યા પણ સાત્ત્વિક રહેતી. એ અહીંના પ્રચંડ કર્મકાંડી બ્રાહ્મણો, તર્કપંચાનન પંડિતો, અદ્વૈત, દ્વૈત ને વિશિષ્ટાદ્વૈતના પરમ સમર્થકો ને ન્યાયના દિગ્ગજ વિદ્વાનોનો વિદ્વત્ સમાજ યોજતા, રાજપુરોહિત મહાભાગ હલાયુધ સાથે વ્રતાનુષ્ઠાન ને પર્વાનુષ્ઠાન કરતા.

આ ધર્મોલ્લાસ માણવા આર્યાવર્તના સુપ્રસિદ્ધ ધર્મનિષ્ઠ દાનવીરો, રાજાઓ, શ્રીમંતો, શાહ સોદાગરો આવીને વર્ષમાં કેટલોક

---

* આ સંવત આજે તિરહુતમાં ચાલે છે.

સમય અહીં વસતા. ગંગાનાં જળ એમને શુચિતા આપતાં, નવદ્વીપનું વિદ્યા, અધ્યયન ને તપભાવભર્યું વાતાવરણ એમને શાંતિ પ્રેરતું.

આ નવદ્વીપ પર્ણકુટીઓ, મંદિરો, નાનાં દેવાલયો ને થોડાંએક ગૃહોનું શાન્ત સ્થળ બની ગયું હતું. ઘોડાના સોદાગરોનો નાયક જ્યારે ડેરાતંબૂ નાખી ગામની પ્રદક્ષિણાએ નીકળ્યો ત્યારે રાત પડતી હતી, ને ગંગાના શ્યામ પ્રવાહમાં સુંદર જલદીપકો આછું આછું તેજ વેરતા વહી રહ્યા હતા.

નિર્દોષતાની છબી જેવું નવદ્વીપ હતું. ક્યાંય શસ્ત્રોના ઝંકાર નહોતા, વીરત્વના દેદાર નહોતા, રાજસિક કે તામસિક વાતાવરણનું નામોનિશાન નહોતું. શુક્લ પક્ષનો બાલચંદ્ર સુધા ઢોળી રહ્યો હતો. ક્યાંક ભાગવત, ક્યાંક ગીતા, ક્યાંક ઉપનિષદનાં પારાયણો ચાલતાં હતાં. દેવતાઓ પોઢવાની તૈયારી કરતા હતા. પૂજારીઓ મંદિરદ્વારને ભીડાવતા હતા.

"સોદાગરજી, આકડે મધ!" દુભાષિયાએ જરા હસતાં કહ્યું.

ઘોડાના સોદાગરે આંખોના ઇશારાથી બોલનારને ડાર્યો. એ આંખોમાં વસેલા પ્રલયાગ્નિને પરખે એવું રાજસી માનસ ત્યાં કોઈ નહોતું.

મોડી રાતે સોદાગર અને એનો દુભાષિયો પોતાના પડાવ પર પાછા ફર્યા ત્યારે રાત ઘણી વીતી ગઈ હતી.

૯. ઘોડાના સોદાગરનો ભેદ

નવદ્વીપના એક સુંદર ટાપુમાં પરમ ભાગવત, ગૌડેશ્વર મહારાજ લક્ષ્મણસેનનો રાજમહેલ આવ્યો હતો. ગંગાની પવિત્ર ધારા એને સ્પર્શીને વહી જતી હતી. અહીં એવી અદ્ભુત રચના કરવામાં આવી હતી, કે ધસાઈને વહી જતાં પાણી એક વાર રાજમહેલના ઉપવનમાં ઘૂમરી ખાઈને બહાર નીકળી જતાં. સાત્ત્વિક ભાવથી ભર્યાં આ રાજભવનનાં હોજ, કુંડ ને કાસારોમાં રોજ આ પાણી ભરાતાં ને રોજ ઠલવાતાં. દેવસેવા, સ્નાનવિલેપન કે રસોઇગૃહોમાં પણ આ પવિત્ર પાણી વપરાતાં.

રાજમહેલના પ્રવેશદ્વાર પર બે સશસ્ત્ર સૈનિકો બેસી રહેતા. નવદ્વીપમાં આ સૈનિકો સિવાય કોઈ શસ્ત્રધારી નહોતું. રાજમહેલમાં દાન માટે, વ્રત માટે, ભિક્ષા માટે, જતા–આવતા ભિક્ષુઓ, બ્રાહ્મણો, પુરોહિતો ને અભ્યાગતો પર કંઈ ખાસ લક્ષ આપવાનું ન હોવાથી ચોકીદારો ભાગવત ને રામાયણ વાંચ્યા કરતા.

પ્રવેશદ્વારની પાસે જ વિદ્વદ્‌સભા આવેલી હતી, જ્યાં મહારાજ દેશદેશના વિદ્વાનોને મળતા. એની પડખોપડખ યજ્ઞશાળા હતી. ને તેની સામે રાધારમણનું નવું બનાવેલું એક દેવાલય હતું.

યજ્ઞશાળાની પાછળ પાકશાળા હતી, જ્યાં અભ્યાગતો, રાજકર્મચારીઓ અને ખુદ રાજદરબાર માટે ભોજન તૈયાર થતાં.

રાજમહેલની જમણી પાંખ પર એક મોટી ગૌશાળા અને સદાવ્રતશાળા આવેલી હતી. નવદ્વીપમાં આવનાર હરકોઈને એક વાર

ભોજન થાય તેટલું સીધું અહીં મળતું ને સાથે દક્ષિણા મળતી. હજારો વિદ્યાર્થીઓ, બટુઓ, સંન્યાસીઓ અહીં સદાવ્રત પામતા.

ગૌશાળામાં ઉત્તમ જાતની ગાયોનું સંવર્ધન થતું. ગંગાના ટાપુ પરની સુંદર દુર્વા આ ગાયોના આંચળમાં દૂધનો સાગર છલકાવતી, પરમ ભાગવત મહારાજ ગૌસેવાને ધર્મવ્રત ગણી આચરતા.

મહેલની ડાબી પાંખ પર એક વિશાળ અશ્વશાળા હતી. એમાં ભારતવર્ષના દેશદેશના પ્રાણવંત ઘોડાં સંગ્રહવામાં આવતાં, ઉપરાંત ઈરાન–અરબસ્તાનના પાણીદાર અશ્વો પણ રાખવામાં આવતા. ગિજની અને ઘોરીની લડાઈઓએ સાબિત કરી આપ્યું હતું કે તેજવંત અશ્વસેના વિજય માટે અનિવાર્ય–આવશ્યક હતી. ભારતમાં દરેક રાજકુલોમાં હમણાં એ દેશના ઘોડાઓની ખૂબ માગણી રહેતી. આ માટે ઈરાન ને અરબસ્તાનના ઘોડાના સોદાગરો હિંદુસ્તાનમાં સારા પ્રમાણમાં ઊતરી આવતા હતા. રાજાઓ તેઓને અશ્વોનાં મોંમાગ્યાં મૂલ આપતા.

મહારાજ લક્ષ્મણસેન પણ અશ્વસેનાના ખાસ હિમાયતી હતા, ને તેમની પાયગાઓ દેશ દેશના ઉત્તમ, જાતવંત કસાયેલા અશ્વોથી ઊભરાતી હતી. પોતે અશ્વના પારખુ અને કુશળ અશ્વારોહક હતા. એટલે અશ્વની ખરીદીમાં તેઓ જાતે રસ લેતા. પણ રાજધાનીમાં રાજવહીવટ એમનો એટલો સમય લઈ લેતો, કે આ વિષયમાં એ શાંત ચિત્તથી લક્ષ આપી શકતા નહોતા. આ કાર્ય માટે નિવૃત્તિધામ નવદ્વીપ તેમને યોગ્ય લાગ્યું હતું. સારા સારા સોદાગરો પોતાના અશ્વો લઈને નવદ્વીપના પાદરમાં પડ્યા રહેતા. નિવૃત્તિ સમયે મહારાજ અશ્વપરીક્ષા કરતા ને માગ્યાં મૂલ આપી જાતવંત ઘોડાં ખરીદતા.

ગઈકાલ સાંજે જ નવદ્વીપના પાદરમાં એંશી ઘોડાઓ સાથે સોદાગર આવીને પડ્યો હતો. નવદ્વીપવાસીઓ માટે આ કંઈ

નવાઈની વસ્તુ નહોતી; ઘણા સોદાગરો આવતા, રહેતા ને ચાલ્યા જતા. કોણ આવ્યું ને કોણ ગયું, એ પૂછવાની કોઈને પડી નહોતી.

આજ પ્રાતઃકાલમાં જ ઘોડાના સોદાગરનો રૂક્કો મહારાજ લક્ષ્મણસેન પાસે પહોંચ્યો હતો. તેમાં તેણે જણાવ્યું હતું કે આ નાચીજ ગુલામ લક્ષ્મણાવતીથી આવે છે. આપ નવદ્વીપ છો, ને ત્યાં જ અશ્વ જોશો, એવો ત્યાંના મંત્રીમંડળનો સંદેશો છે. મહેરબાની કરી અમને મુલાકાત આપશો.

રાજપુરોહિત હલાયુધ ક્ષણભર વિચારમાં પડી ગયા. મંત્રીમંડળ આવી ભૂલ ન કરે !

વંગ દેશપર હાલમાં અફઘાન વિજેતાઓની વાદળીઓ પથરાઈ રહી હતી. બખ્તિયાર ખિલજીએ કાળો કેર વર્તાવ્યો હતો. બૌદ્ધ વિહારોનું તો જડાબીટ કાઢી નાખ્યું હતું. વિહારના લીધે મગધ પણ બિહારના નામે પંકાઈ ગયું હતું. એવા સમયમાં અનિવાર્ય અનુષ્ઠાન માટે મહારાજ લક્ષ્મણસેનનું અહીં આવવું થયું હતું. એમનું આગમન ગુપ્ત હતું, પણ આ ઘોડાના સોદાગરે ક્યાંથી જાણ્યું તેનું સહુને આશ્ચર્ય થયું.

ગૌડેશ્વર સ્વયં હાજર હોય ને કેવલ એક શંકાના કારણથી મુલાકાત ન આપે, એ પણ રાજવંશને ન શોભતી રીત હતી. ભોજનાદિ પછીનો નિવૃતિ-સમય મુલાકાત માટે રાખવામાં આવ્યો.

યથાસમયે ઘોડાનો સોદાગર કુરનીશ બજાવતો હાજર થયો. એનો વાઘ જેવો વિકરાળ ચહેરો, પડછંદ કાયા, પ્રચંડ બાહુ, લોહના ગોળા જેવા મસલ એક વાર જોનાર કદી ભૂલી ન શકતું. આંખ આ માનવી પર ઠરી જતી. છતાંય એમ લાગતું કે પોતાના ચેનચાળાથી આ ઇન્સાન પોતાનું કંઈક વાસ્તવિક રૂપ છુપાવી રહ્યો હતો.

રાજમહેલના મધ્યભાગમાં આવેલ સુશોભિત ખંડમાં મહારાજ લક્ષ્મણસેન ચંદનના સિંહાસન પર બિરાજમાન થયા હતા. ક્ષત્રિય રાજાનો આ વેળાનો વેશ એક બ્રાહ્મણને શોભે તેવો હતો. એમણે એક પીતાંબર પહેરી, ઉપર કાશ્મીરી શાલ ઓઢી હતી. પાતળી સોટા જેવી ઊંચી રૂપાળી કાયા, અણીશુદ્ધ નાક, આગના તણખા જેવી આંખો, વિવિધ અર્ચાઓથી વિભૂષિત ભવ્ય લલાટ, દેહપર ગોચંદનની મુદ્રાઓ—એક ભક્તરાજની કલ્પનાને ઓપ આપતાં હતાં.

એક તરફ સાત્ત્વિકતાની મૂર્તિ ગૌડેશ્વર, બીજી તરફ પ્રચંડકાય સોદાગર : ઘડીભર એમ ભાસ થાય કે જાણે ઈંદ્રરાજ ને ભસ્માસુર બંને મુલાકાતે મળ્યા છે. મહારાજાના દેહ પર એંશી વર્ષનાં એંધાણ પડયાં હતાં, છતાં પીતાંબર પહેરેલ કાયા યૌવનની સ્ફુર્તિ દાખવતી હતી. અનેક જખમોથી સુશોભિત અંગપ્રત્યંગો અજબ શોભા આપતાં હતાં. સુવર્ણ-જડિત ચાખડીઓ એમના આસન પાસે પડી હતી. કેવલ એક અંગરક્ષક પાસે ખડો હતો અને તે પણ નિઃશસ્ત્ર ! નવદ્વીપમાં આવ્યા પછી શસ્ત્રોનો સંપર્ક સર્વથા તજવામાં આવતો.

ઘોડાના સોદાગરે ખંડમાં પ્રવેશ કરી, ઝૂકીને એક હાથે સલામ કરતાં કહ્યું :

“બંદગી હે બંદેનવાજ ! ઘોડોં કે સોદાગર હૈં. ઈરાનસે, અરબસ્તાનસે, બલ્ખસે, બુખારાસે, સમરકંદસે ઔર શિરાઝસે અસલી નસ્લકે ઘોડે લાયે હૈં. રાજદરબારકે કામકી ચીજ હૈ. હજૂર, એક એક દો હઝારકા, ઔર જોડ સાડે તીન હજારકી.”

“સોદાગરજી, કેટલાં ઘોડાં લાવ્યા છો ?” મહારાજાએ પૂછ્યું. એમની આંખો આ હૃષ્ટપુષ્ટાંગ માનવીને નીરખી રહી હતી. દુભાષિયાએ એનો અર્થ કહી સંભળાવ્યો.

"તસ્લિમ હે જનાબેઅલી. અસ્સી ઘોડે હૈં. એક કો દેખિએ, દૂસરે કો ભૂલીએ. ગરીબપરવર, એકકા નામ નહીં, એકકા કામ નહીં. સમંદરમેં લે જાઈએ, તુફાનમેં લે ખીંચએ, આગમેં ઝોંકીએ, ઈશારેકી દેર હોગી. હવાકે ઝોકારેકે માફિક ચલા જાયગા."

મહારાજ લક્ષ્મણસેન બોલનારની જબાન પર મુગ્ધ બન્યા હતા. બોલનારની આંખો કોઈ ન કળી શકે તેમ ચારે તરફ ફરી રહી હતી.

"સોદાગરજી, હાલમાં એકાદ બે ઘોડાની જરૂર છે. આટલા બધાંની અમારે જરૂર નથી."

"ગૌડેશ્વર મહારાજ, બહુત દૂરસે આપકા નામ સુન કર આયે હૈં. ખૂબ ઈત્મીનાનસે આયે હૈં. એક જિંદગાનીકી યે મહેનત હૈ, ઔર મહારાજ, સો જિંદગાનીકી રોજીકી આશા હૈ. લેના ન લેના, આપકી મરજી, મગર હમારી કરામત પર એક નિગાહે મહેર તો હોની ચાહિએ. જાનવરમેં ભી જાન ડાલનેકા હમારા કમાલ તો નિગાહે હસ્બ કરિયે."

"વારુ, વારુ. સાંજે લઈને હાજર થજો."

"ગરીબ પરવર, મહેલમેં દાખિલ હોનેકા પરવાના."

ઘોડાના સોદાગરને પ્રવેશપત્ર આપવામાં આવ્યું. મહારાજ ઊઠીને ધર્મશાસ્ત્રીઓની સભામાં બેઠા. ચર્ચાઓ ખૂબ તત્ત્વભરી હતી, રસાકસીમાં સમય ક્યાં વ્યતીત થઈ ગયો, તેનું કોઈને ભાન ન રહ્યું.

ગોધુલિનો સમય થયો. સંધ્યાદિ કાર્યથી નિવૃત્ત થઈ મહારાજ લક્ષ્મણસેન ભોજનખંડ તરફ પધાર્યા.

ચંદનકાષ્ઠના બાજોઠપર બિરાજમાન થયેલા મહારાજા પાસે અચાનક એક અનુચરે આવી સપ્રણામ નિવેદન કર્યું કે પ્રવેશદ્વાર પર પેલો સોદાગર પોતાનાં ઘોડાં સાથે હાજર છે.

"હવે દિવસ આથમવાની વેળાએ શું પરીક્ષા થશે? કહો કે કાલે આવે."

અનુચર ચાલ્યો ગયો.

તરત જ બીજા અનુચરે પ્રવેશ કર્યો: "મહારાજ, ઘણી ઘણી ના કહેવા છતાં, આપનો પરવાનો બતાવી પેલો સોદાગર જબરદસ્તી રાજમહેલમાં દાખલ થયો છે."

"વારુ, આપણી અશ્વશાળામાં એના અશ્વ બંધાવી દો. ચારો-પાણી ને ચંદી નીરો. બિચારો પરદેશી છે. કહી દો કે કાલે સવારે નિર્ણય કરી લઈશું.'

અનુચર નમન કરી ચાલ્યો ગયો. પણ સાથે જ હાંફતો હાંફતો બીજો અનુચર અંદર ધસી આવ્યો. એણે પ્રણામ કર્યા વગર જ બૂમ પાડીને કહ્યું:

"મહારાજ, દગો, ઘોડાના સોદાગરના વેશમાં કોક યવનો અંદર ઘૂસી આવ્યા છે. વસ્ત્ર નીચે છુપાવેલાં શસ્ત્રથી તેઓએ આપણા પહેરેગીરોને કાપી નાખ્યા છે."

"દગો! દગો!" આખો રાજમહેલ બૂમોથી ગાજી ઊઠયો.

"સામનો કરો! મારી તલવાર!" મહારાજે આજ્ઞા કરી.

"દગો, મહારાજ, સામનાની પળ નથી, નાસી છૂટો. બંગાળના વાઘથીય વધુ લોહી તરસ્યો બખ્તિયાર ખિલજી આવી પહોંચ્યો છે." રાજપુરોહિત હલાયુધ અંદર ધસ્યા આવતા હતા. તેમના હાથમાંની માળા સરી ગઈ હતી, ગૌમુખી હેઠી પડી ગઈ હતી.

"કોણ, બખ્તિયાર ખિલજી?"

"હા, મહારાજ! મગધનો કટ્ટર વૈરી, બૌદ્ધ ભિક્ષુઓનો મહાકાળ, રાજા ગોવિંદપાલનો વિજેતા—યમરાજનો બીજો અવતાર, નાસી છૂટો, મહારાજ!"

“ક્ષત્રિય નાસે ? સૈનિકો એકત્ર કરો. લાવો, મારું ધનુષ્ય લાવો. એ એંશીને ક્ષણવારમાં ભરી પીશું.”

‘ શસ્ત્રો તો છે જ ક્યાં ? મહારાજ, એક પણ શસ્ત્રધારી સૈનિક બચ્યો નથી. આ પળ બળની નહીં પણ કળની છે.”

“ પુરોહિતજી, ધર્મના જાણકાર થઈ અધર્મનું આચરણ કાં કરાવો છો ? એક તરફ સંસારની સર્વ બલાઓ હોય અને બીજી તરફ એકલો ક્ષત્રિયજાયો હોય, તોપણ એ કદી પીઠ બતાવે ? ખિલજી વાઘ હોય તો એના તીણા નહોર ઘસી નાખનાર હું રણ-યોદ્ધો છું. આજ એ મુલક માત્રના ચોરટાને જીવતો જવા નહીં દઉં.”

“ મહારાજ, વિવાદની આ વેળા નથી. વંગદેશને બચાવવા, પરમ ભાગવતનું બિરુદ સાર્થક કરવા, વિધર્મીઓનો નાશ કરવા જિંદગી બચાવી લો ! સળગતી હોળીને એક પાવળુ પાણી શાન્ત ન કરી શકે. મેં બંધ કરાવેલાં દ્વાર એક પછી એક તૂટી રહ્યાં છે.”

“ જય મધુસૂદન, જય કંસવિજેતા ! પુરોહિતજી, એક વાર તીર-કમાન લાવી દો ! ક્ષત્રિયની કલા તો નીરખી લો. એક જ તીરભેગો ખિલજીને ભોંય ભેગો કરું છું કે નહિ ?” મહારાજ લક્ષ્મણસેનની કાયા શૌર્યાવેશથી કંપી રહી હતી.

રાજપુરોહિતે હાથ જોડ્યા, એણે ગદગદ કંઠે કહ્યું : “ એક માત્ર ખિલજીનો વધ કરે કામ સરી જતું હોત તો આ બ્રાહ્મણ ખુદ પરશુરામ બની જાત, પણ પળ ખોટી છે. શસ્ત્રાગારમાં શસ્ત્ર નથી. રાજ-મહેલમાં રક્ષા માટે એક સૈનિક નથી. દુશ્મન દળ મોટું છે, શસ્ત્રોથી સંપૂર્ણ સજ્જ છે. મહારાજ, આજ તમે પણ એને હાથતાળી આપી જાઓ. યુધિષ્ઠિર પણ લડાઈ જીતવા એક વાર ધર્મ ચૂક્યા હતા. જયદ્રથને મારવા ભગવાન કંસવિજેતાએ પણ છળ આદર્યું હતું. મહારાજ, શાસ્ત્ર-વચન છે, કે વિષનું ઔષધ વિષમાં જ હોય છે. એક સેનાપતિની દૂર દેશીથી,

એક જવાબદાર વ્યક્તિની દીર્ઘદર્શિતાથી કામ લો. જીવતો નર ભદ્રા પામશે." પુરોહિતના શબ્દોમાં આર્જવતા હતી, આર્ષતા હતી. એણે દ્વારની તિરાડમાંથી જોયું. દશ્ય ભયંકર હતું.

"મહારાજ, ક્ષણમાત્ર હત્યાકાંડ નીરખવો હોય તો નીરખી લો. હજી અહીં પહોંચવા માટે ત્રણ દ્વાર તોડવાં બાકી છે."

મહારાજ લક્ષ્મણસેને તિરાડમાં નજર ગોઠવી.

સામેથી ભયંકર પહાડ જેવો ખિલજી સરદાર દોડતો આવતો હતો. એના ખડગ પરથી તાજું શોણિત ટપકી રહ્યું હતું. રક્તના ફુવારામાં સ્નાન કરીને મહાકાલની પ્રચંડ મૂર્તિ જેવો એ ધસ્યો આવતો હતો. અનેક રાજકર્મચારીઓનાં નિર્દોષ મસ્તકો ભૂમિ પર રગદોળાતાં હતાં. એ મસ્તકોને દડાની જેમ ઉછાળતા ખિલજીના સિપાઈઓ કરાલકાલ જેવા ચારે તરફ ઘૂમતા હતા.

"કિવાંડ ખોલો!" ભયંકર ગર્જારવ સંભળાયો. કાચા-પોચાની છાતી બેસી જાય એવી ભયંકરતા એમાં ગાજતી હતી.

ફરીથી દ્વાર પર જબરદસ્ત પ્રહાર થયો. પણ મજબૂત દ્વાર નિષ્ઠુર હૈયાની જેમ નિષ્કંપ હતાં.

ખિલજીએ કલબલી ભાષામાં કંઈ બૂમરાણ પાડી. બે સૈનિકો તરત ત્યાં ધસી આવ્યા, તેમણે પોતાના દેહ પર ખડકી રાખેલાં કંઈ કંઈ લાકડાનાં કટકાનો ઢગલો કર્યો, ક્ષણવારમાં એમાંથી એક યંત્ર ખડું થઈ ગયું.

"મહારાજ, દુશ્મને મરકટી યંત્ર ગોઠવ્યું છે. હવે એ યંત્રથી આગના ગોળા મહેલમાં ફેંકશે. આપ નાસી છૂટો! ગંગાનો પ્રવાહ સાદ કરી રહ્યો છે."

મહારાજ લક્ષ્મણસેને પીતાંબરનો કછોટો માર્યો, ઝૂલતી ઉપવીત કમરમાં ખોસી, છૂટી મૂકેલી શિખાને ગાંઠ વાળી, અને પુરોહિતજીને નમસ્કાર કર્યા.

"અને આપ ?"

"હું પછી. લાખોના પાલણહારની ચિંતા છે, મહારાજ !"

"ભૂલો છો. બ્રાહ્મણની દેહ ખાતર ક્ષત્રિયો પોતાનાં મસ્તક ફૂલની જેમ ઉડાડી દે !"

એક આદર્શપરાયણ ક્ષત્રિય અને એક ધર્મપરાયણ બ્રાહ્મણ વચ્ચેની આ કર્તવ્યપરાયણતા નીરખવા સ્વયં અગ્નિદેવ અંદર કૂદી આવ્યા. મર્કટી યંત્રમાંથી સળગતાં દ્રવ્યોનાં તીર ફેંકાવાં શરૂ થયાં હતાં. ઠેર ઠેર નાની નાની આગ લાગી ચૂકી હતી. પોતાનું શાન્તિનું ધામ આમ નષ્ટ થતું જોઈ બંને વિષાદ અનુભવી રહ્યા.

બંનેએ સાથે નાસી છૂટવાનો નિર્ણય કર્યો, પણ જતાં જતાં કંઈ સાંભર્યું.

"પુરોહિતજી, વેદપાઠ કરતા પેલા શુકદેવને ને ગીતાનો મુખપાઠ કરનારી પેલી મેનાંને તો બંધનમુક્ત કરતા જઈએ."

આખો રાજમહેલ આગમાં સ્નાન કરી રહ્યો હતો, રાતના ચંદ્રના ઝાંખા પ્રકાશમાં ભાગીરથીનાં ઊંડાં જળ ઘૂમરીઓ ખાતાં હતાં.

"જય વૃંદાવનવિહારી !"

"જય ગોવર્ધનધારી !"

રાજભવનના વાતાયનોમાંથી બે માનવ આકૃતિઓ ગંગાના જળમાં પડતી દેખાઈ. પાણીનાં મોજાં ઊંચાં ઊછળ્યાં.

એ જ પળે સળગતાં દ્વાર કકડભૂસ કરતાં તૂટી પડ્યાં. ઉઘાડા ખડગ સાથે વિકરાળ ખિલજી ફલાંગ મારીને અંદર ધસી આવ્યો; પણ મેનાં ને પોપટનાં ખાલી પિંજર સિવાય ત્યાં કોઈ નહોતું.

ચંદનકાષ્ઠના બાજોઠ પર ભાણું પિરસેલું હતું; એક ડોળિયો ભરાયેલો બાજુમાં પડ્યો હતો.

ખિસંજી સરદારે આગના ગોળા જેવી આંખો ચારે તરફ ઘૂમાવી.

"હજૂર, પાનીમેં દેખો!" એક સૈનિકે બૂમ પાડી ને ગંગાના પ્રવાહ તરફ આંગળી ચીંધી.

ચંદ્રના પ્રકાશમાં ગંગાના પ્રવાહ પર લાંબા લાંબા વામ ભરીને કોઈ બે આકૃતિઓ સરી જતી હતી.

સરરર... એક તીર આવ્યું, બંનેએ ડૂબકી મારી. થોડી વાર થઈ ને ફરી મસ્તક બહાર દેખાયાં કે ફરીથી એકસામટાં કેટલાંય તીર વર્ષી ગયાં.

નાનપણમાં રમેલી ડૂબકીદાની રમત રમવાનું આવું સદ્ભાગ્ય એંશી વર્ષની ઉંમરે ન જાણે કેટલાને લાધતું હશે!

પળની યે કિંમત હતી. ગંગાના પ્રવાહ પર હવે કંઈ દૃષ્ટિગોચર થતું નહોતું. ચંદ્રની કિરણાવલિ આછાં તેજ ઢોળતી હતી.

રાજભવન આગમાં ઝડપાઈ ગયું હતું. એની જ્વાલાઓ આકાશને સ્પર્શવા ઇચ્છતી હોય એમ ઊંચે ચઢતી હતી.

૧૦. પરમ ભાગવત

સુઘન વનરાજિની વચ્ચે આવેલ વંગ દેશના એક ગામડા ગામના નાના શા મકાનમાં ઝાંખો ઝાંખો દીવો બળી રહ્યો હતો. મકાનના નાના શા ખંડમાં ખાટલા પર બે વ્યક્તિઓ કંઠ સુધી ઓઢીને સૂતી હતી. એમના મુખ સિવાય શરીરનો કોઈ ભાગ ખુલ્લો નહોતો.

મસ્તક પર તાજા મુંડનવાળી ને લાંબી શિખાવાળી વ્યક્તિ સહેજ સ્થૂલ ને કંઈક શ્યામ વર્ણની લાગતી હતી. એ વ્યથાથી વ્યાકુળ થઈ વારે વારે મોટા નિશ્વાસ નાખતી હતી.

બીજાના મસ્તક પર શ્વેત લાંબા વાંકડિયા વાળ હતા. એ હતો પાતળો સોટા જેવો વૃદ્ધ, પણ દેખાતો હતો માટીમાર. મોંમાંથી એક સીસકારો નાખતો નહોતો. વારે વારે મૂછના છેડા મોંમાં નાખી ચાવતો હતો. કોક વાર વેદનાના ભાવથી એનું મોં વિવર્ણ થઈ જતું, પણ એક અરેકારો સખ્તાઈથી બિડાયેલા હોઠની બહાર આવતો નહોતો. ઝેર પીધેલો માનવી જેમ અંતરમાં ને અંતરમાં એ પચાવતો હોય, ને જાણે ગળા હેઠ ન ઊતરતું કંઈ ઉતારી રહ્યો હોય, તેવો ભાવ મુખ પર હતો. વારે વારે સહેજ ઊંચો થઈ એ પૂછતો :

"પુરોહિતજી, હવે કેમ છે ?"

"શ્રીકૃષ્ણ: શરણં મમ। મહારાજ, મર્મભાગ પર તીર આવ્યું છે. આયુની દોર લાંબી હોય તો જ..." બોલતાં બોલતાં પુરોહિતે ડચકું ખાધું.

" અરેરે, પુરોહિતજી, મારાં તો બેય બગડ્યાં." વૃદ્ધ ક્ષત્રિય ઊંડા વિચારમાં ઊતરી ગયો.

" શું કહ્યું ગૌબ્રાહ્મણપ્રતિપાલ!" મૃત્યુથી હાથ મિલાવતા બ્રાહ્મણે શક્તિ એકઠી કરીને કહ્યું.

મહારાજ નિરુત્તર રહ્યા. એમની આંખોમાંથી રક્તના ફુવારા છૂટી રહ્યા હતા. હોઠ પર જાણે મૃત્યુનો કંપ હતો.

" મહારાજ, ક્ષત્રિય થઈ વૈશ્યધર્મ આચરશો મા! અંતરનાં ઝેર ઉગળી નાખો. મૌન બ્રાહ્મણને શોભે, ક્ષત્રિયને બધી વાતમાં એક ઘા ને બે કટકા જ હોય."

" પુરોહિતજી, મારા ભારથી જાણે ધરા ધ્રૂજી રહી છે. મેં ક્ષત્રિયે પીઠ બતાવી, જનેતાની કૂખ લજાવી. એંશી વર્ષની વયે–સમરભૂમિમાં સાથરો કરવાની વેળાએ મેં પ્રાણ વહાલા કર્યા, ને મારે ખાતર એક પવિત્ર બ્રાહ્મણનો ભોગ અપાયો. બ્રહ્મહત્યાનું આ પાપ ક્યારે ને કયા ભવે ધોવાશે?"

" મહારાજ, સૂર્યના જેવી નિષ્કલંક તમારી કીર્તિ છે. ક્ષત્રિય પોતાના પ્રાણ માટે કાયર થયો નથી. એણે તો હજારો પ્રાણની રક્ષા માટે પોતાના પ્રાણ જાળવ્યા છે. મરવું સહેલું છે, જીવવું કર્તવ્યનો ભાર ઉઠાવીને જીવવું જ મુશ્કેલ છે. અને મહારાજ, બ્રહ્મહત્યા! જો એક ગૌબ્રાહ્મણપ્રતિપાળ બચી શકતા હોય તો મારા જેવા સેંકડો બ્રાહ્મણો કુરબાન છે. આજ તો આ બ્રાહ્મણનો અવતાર વગર જપ–તપે સફળ થઈ ગયો, મહારાજ!"

મહારાજની નજર છાપરામાંથી ચળાઈને આવતા ચાંદરણાં પર હતી. પુરોહિતજીના શબ્દોનો કંઈ જવાબ ન વાળ્યો. પુરોહિતે, નિર્બળ બનેલા દેહમાં ચૈતન્યનો સંચાર કરવા મથતા હોય એ રીતે, મસ્તકને જરા ટટ્ટાર કર્યું.

"મહારાજ, આશાનો પણ ત્યાગ અને નિરાશાનો પણ ત્યાગ, એ વૈષ્ણવ ધર્મનો પ્રથમ મંત્ર છે. નિષ્કામ કર્મ આપણું ધ્રુવતારક છે. મારી વિદ્યા તમને વખાણે છે, મારું શાસ્ત્રજ્ઞાન તમારા શૌર્યને સન્માને છે, મારું પાંડિત્ય તમને પ્રમાણે છે. એ તો મહારાજને પૂરેપૂરું જ્ઞાત હશે, કે તમારા પુરોહિત હલાયુધના પ્રામાણ્યને હજી આર્યાવર્તનો કોઈ વિદ્વાન અપ્રામાણ્ય અર્પી શક્યો નથી."

"એક ક્ષણભંગુર દેહ માટે આટલી માથાફોડ. ક્ષત્રિયને મન દેહનાં મૂલ્ય નથી, દૈવતનાં મૂલ છે."

"દેહ અવશ્ય ક્ષણભંગુર છે, છતાંય એનાં મૂલ છે. ભૂલશો નહીં કે મોક્ષ પામવા આ ક્ષણભંગુર દેહની જ જરૂર રહે છે, મહારાજ!"

વૃદ્ધ રાજા ક્ષણ વાર શાન્ત રહ્યો. થોડી વારે એણે કહ્યું:

"બ્રાહ્મણશ્રેષ્ઠ, બ્રહ્મવિદ્યાનું તેજ એકત્ર કરો. મારે ખાતર, દેશને ખાતર, સેન વંશને ખાતર, વૈષ્ણવ ધર્મના પ્રચાર ખાતર જીવી જાઓ!"

"જીવવા માટે યત્ન કરી રહ્યો છું." પુરોહિતે ઉચ્ચાર્યું, ને એ અશક્તિના ભારથી બેભાન બની ગયા.

વૃદ્ધ ક્ષત્રિય રાજા પોતાના વ્રણના દુઃખને ભૂલી ચૂકયો હતો. દેહ કરતાં દિલના વ્રણ એને વધુ વ્યથા પહોંચાડી રહ્યા હતા. બેભાન બનેલા પ્રિય પુરોહિતના પાંડુવર્ણા મુખ તરફ એ થોડી વાર જોઈ રહ્યા.

વૈષ્ણવ ધર્મના પ્રચારનું સ્વપ્ન જાણે ઊગી ઊગીને આથમી જતું લાગ્યું. પરમ ભાગવતનું બિરુદ શોભાવવાની આકાંક્ષા જાણે હળવે હળવે અદૃશ્ય થવા લાગી હતી. ફરીથી નિરાશાનું એક મોજું વહી આવ્યું. વૃદ્ધ ક્ષત્રિય વિચારસાગરમાં ડૂબી ગયો.

અચાનક બહાર ઘોડાની હણહણાટી થતી સંભળાઈ. સૂતેલો ક્ષત્રિય એકદમ બેઠો થઈ ગયો. તાજા રૂઝાએલા ઘામાંથી લોહીના ટશિયા ફૂટી આવ્યા. શસ્ત્ર સંભાળ્યાં, ને બૂમ મારી :

"મિત્ર કે શત્રુ ?"

"મિત્ર ! રાજરાજેશ્વર મહારાજ લક્ષ્મણસેનનો દાસાનુદાસ ઉમાપતિધર સંદેશ લઈને આવ્યો છે."

"મહામાત્ય ઉમાપતિધર, આવો. શું સંદેશ લાવ્યા છો ? શું મારા પુત્રોએ પિતા તરીકે મારો તિરસ્કાર કર્યો છે ? શું પ્રજાએ પોતાના પરાજિત રાજાને ફિટકાર મોકલ્યો છે? શું વંગ દેશની વીર સ્ત્રીઓએ મારે માટે સ્ત્રીને યોગ્ય શણગારોની ભેટ મોકલી છે ?"

"મહારાજ, પ્રજા, રાજમંડલ અને રાજકુમારોએ આપના ક્ષેમકુશળ પુછાવ્યા છે. સૈનિકોએ સંદેશો કહાવ્યો છે, કે મહારાજ, આજ્ઞા આપો, કેસરિયાં કરીએ ને દગલબાજને પૂરો દંડ દઈએ. રાજમંડલે કહાવ્યું છે, કે મહારાજ ઘા પુરાય નહીં ત્યાં સુધી આસાયેશ લે, કેવળ અમને આજ્ઞાઓ મોકલતા રહે. પાટવીકુમાર માધવસેને અને મહામંડલેશ્વર શ્રીધરે ખિલજી સરદારની સામે આપ પધારો ત્યાં સુધી લક્ષ્મણાવતીની બહાર રહી યુદ્ધ ચાલુ રાખવા આજ્ઞા યાચી છે."

"લક્ષ્મણાવતીની બહાર રહીને ? રાજધાની શા માટે છોડવી ?"

"મહારાજ, રાજધાની તો છૂટી ગઈ છે. નવદ્વીપ પર હલ્લો કરનાર બખ્તિયાર ખિલજીના સરદાર નાસીરુદ્દીને પાટનગર પર હલ્લો કર્યો. એંશી ઘોડાં સાથે નવદ્વીપ આવનારે, એ જ વખતે લક્ષ્મણાવતીને પણ ઘેરી લેવાની યોજના કરી હતી. શહેર ઘેરાયું ને સાથે સાથે આપના મૃત્યુના સમાચાર આવ્યા. સૈન્ય સાવધ નહોતું. જે

સાવધ હતા, તેમના પર નિરાશાએ કબજો કર્યો. નાસીરુદ્દીન ફાવી ગયો. યુવરાજ બહાર હતા. એ આવ્યા ત્યારે બધું પતી ગયું હતું."

"એમ ત્યારે, લક્ષ્મણસેન તો જીવતે જીવ મરી ગયો હતો જ, ત્યાં લક્ષ્મણાવતી પણ ગયું. બાકી શું રહ્યું?"

"અન્નદાતા, આમ કેમ બોલો છો?"

"મહામંત્રી, હું હવે માનવી નથી રહ્યો. રણાંગણમાંથી નાઠેલો ક્ષત્રિય મડદું થઈને જીવે છે. મડા માથે હવે વીજળી પણ મોત નહીં વરસાવે."

"જય હો પરમ ભાગવત મહારાજ લક્ષ્મણસેનનો!" વફાદાર મહામંત્રીથી આ શબ્દો ન સાંભળી શકાયા. "મહારાજ, પતંગિયાની જેમ આગમાં બળી મરવાનો શો અર્થ હતો. નર જીવતો હશે, તો ભદ્રા પામશે."

"મહામંત્રી, તમે બ્રાહ્મણ છો. ક્ષત્રીની રીત તમે શું જાણો? વારુ, માધવસેનને ખબર આપો કે ગમે તે ભોગે યુદ્ધ ચાલુ રાખે, ને એક સારો અશ્વ મને આપો!"

"અશ્વ શા માટે? આપને આરામની આવશ્યકતા છે, મહારાજ!"

"ક્ષત્રિયનો આરામ શાંતિનો સાથરો નહીં. આરામની જ શોધમાં જાઉં છું, મહામંત્રી, અંદર રાજપુરોહિતજી છે. પ્રયત્ન કરો, બચી જાય તો. બ્રહ્મહત્યાના પાપમાંથી તમારા રાજાને મુક્ત કરી શકો તો, જરૂર કરો. હું થોડે સુધી ફરીને આવું છું."

મહામંત્રીએ પોતાનો પાણીદાર અશ્વ આપ્યો. રાજઅશ્વશાળાનું એ તેજસ્વી પ્રાણી હતું. એના કાનની ટશિયો ભુજંગની જેમ ડોલી રહી હતી.

"બેટા !" મહારાજ લક્ષ્મણસેને અશ્વની ગ્રીવા પ્રેમથી પંપાળી ને એક જ છલાંગે ઉપર આરૂઢ થઈ ગયા.

"મહારાજ, કોઈને સાથે..."

"મને એકાંતની જરૂર છે. પુરોહિતજીની પરિચર્યા કરો. માધવસેનને ખબર આપો. બાપની કીર્તિનું..." કલંક એ ધૂએ...એ શબ્દો અશ્વના દાબલામાં ડૂબી ગયા. અનેક ઘાથી ભરેલા, શ્રમિત, વૃદ્ધ રાજવીએ અશ્વને છૂટો મૂકી દીધો.

અશ્વારોહી પોતાના મનનો વેગ પામવા અશ્વને ફટકારી રહ્યો હતો. ઇશારામાત્રથી વગર પાંખે ઊડતો આ જીવ સ્વામીના મનોવેગને પહોંચવા જીવસટોસટનો પ્રયત્ન કરી રહ્યો હતો. લગામ છૂટી હતી. દિશાનો પ્રશ્ન નહોતો. માર્ગ નિશ્ચિત નહોતો. કેવળ વેગ, વેગ ને વેગ જ ખપતો હતો.

ક્યાં જઈને આ ઘોડ-દોડ અટકશે, તે કંઈ કહી શકાય તેમ નહોતું.

એક પ્રહર ચાલ્યો ગયો.

બીજો પ્રહર વીતી ગયો. રાજવંશી પ્રાણીના મોંમાંથી ફીણના ગોટેગોટા ઝરતા હતા. છતાં એ યુદ્ધના મેદાનનો ખેલાડી હતો, અરબ માતાનો શૂરવીર બેટો હતો; નિમકહલાલીને મોતની છેલ્લી પળ સુધી બજાવી લેવા સિવાય એને બીજું શિક્ષણ નહોતું મળ્યું. પણ હવે એના પગ લથડતા હતા. વેગ જાળવી રાખવાના યત્નમાં એ વધુ ઠોકરો ખાતો હતો.

બીજો એક પ્રહર વીતી ગયો. ઘોડેસવારને આ અનંત પૃથ્વીના ક્ષિતિજને સ્પર્શવું હતું. ઘૂઘવતા મહાસાગરોને પેલે પાર જવું હતું. એક ભયંકર ઠોકર અને અશ્વની સ્થિતિએ ઘોડેસવારને ભાનમાં આણ્યો. મોંમાંથી ફીણનો વરસાદ વરસતો હતો.

એકદમ લગામ ખેંચી. ઘોડો થંભી ગયો, છતાંય વેગના કંપથી એના પગ ધ્રૂજતા હતા. ઘોડેસવાર નીચે કૂદ્યો.

અશ્વોનો એ પ્રેમી હતો. ગૌસેવાની જેમ અશ્વસેવા પણ એને પ્રિય હતી. એણે ઘોડાની યાળને ધીરેથી પંપાળીને કહ્યું: "બેટા, તારો સ્વામી તો પાગલ બન્યો છે. એના હાથમાં આવનાર મોત સિવાય કંઈ પામતું નથી."

ઘોડેસવારે વફાદાર પ્રાણીના પગ પંપાળ્યા, પીઠ પર જોરથી હાથ ઘસ્યા, મોંને ધીરેથી દબાવ્યું. પરાક્રમી પ્રાણી ધીરે ધીરે સાતા અનુભવી રહ્યું, એના શ્વાસોશ્વાસ હેઠા બેસતા ચાલ્યા. હવે એને થોડા તાજા ઘાસની, થોડા દાણા–પાણીની જરૂર હતી. ઘોડે-સવારે એની શોધ માટે દિશાઓ તરફ નજર ઠેરવી. પણ એ માટે બહુ આગળ જવાની જરૂર નહોતી. સામે જ પાણીની સ્વચ્છ ધારા વહી જતી હતી. એ ધારાના કિનારે એક મંદિર આવેલું હતું. પાસે જ ગાયો ચરતી હતી. ઘોડેસવારે કલ્પના કરી કે કોઈ ધર્મસ્થાનક હોવું જોઈએ. એણે ઘોડાને એ તરફ દોર્યો.

જલધારાનો તીરપ્રાંત સુંદર દુર્વાથી છવાયેલો હતો. અશ્વે મોકળા મને ચરવા માંડ્યું. સ્વચ્છ જળથી ઘોડેસવારે ધૂળથી છવા-યેલું મોં ધોયું, પેટ ભરીને પાણી પીધું, ચિત્તે સ્વસ્થતા પ્રાપ્ત કરી.

ચિત્ત સ્વસ્થ થતાંની સાથે ત્યાંના શાંત વાતાવરણે તેને અસર કરવા માંડી. લીલીછમ કુદરત ચારે તરફ હસી રહી હતી. કદંબ, આમ્ર, જાંબુ ને વટવૃક્ષ પર વાનરોનાં ટોળાં નિર્દ્વંદ્વ ખેલી રહ્યાં હતાં. ઠેર ઠેર મયૂરો કળા કરી નાચતા હતા, ને મદમસ્ત ધેનુઓ વાછરડાંને વહાલ કરતી ચરી રહી હતી.

મંદિરની દિશા તરફથી આવતી અગરુ ને સુવાસિત ધૂપની ગંધ હવામાં મહેકી રહી હતી: વીણાના આછા આછા ઝંકાર પ્રકૃતિને

અંગીતથી છાઈ દેતા હતા. અહીંનું આકાશ પણ જાણે સૌમ્ય હતું. પંખીઓના મીઠા રવ ને ગોપલોકોની બંસરી કાનને મૂર્છા આપતી હતી.

વિષાદી રાજાને આ શાન્ત ભૂમિ પર કંઈક સાંત્વન મળતું લાગ્યું. ન રાજધુરાની ગુંગળામણ, ન તીરતલવારની રમઝટ, ન શત્રુતા કે દુષ્ટતાની ભાવના, આધિ, વ્યાધિ ને ઉપાધિ જાણે આ ભૂમિ પર પ્રવેશ્યાં જ નથી; મરવા માટે નીકળેલ રાજાને થોડીએક પળ જીવવાનો મોહ થઈ આવ્યો. અશ્વ નિરાંતે ઘાસ ચરી રહ્યો હતો. રાજાએ સુગંધની દિશા તરફ ચાલવા માંડ્યું.

એ દિશામાં જે દૃશ્ય જોયું, તેથી સંતપ્ત રાજવીને ખૂબ આનંદ મળ્યો. પવિત્ર ધારાના તટ પર, સુંદર વનરાજિથી છવાયેલ તપોવન આવેલ છે. મધ્યમાં રાધારમણનું મંદિર ને આંગણામાં તુલસીક્યારો છે.

તુલસીક્યારાની પાસે, કદંબ વૃક્ષની છાયામાં ભગવાન શંકરાચાર્યના જેવી તેજસ્વી વિભૂતિ બેઠી બેઠી ભાગવતનું પારાયણ કરી રહી છે. ચારે તરફ સ્ત્રીઓ અને પુરુષો બેઠાં છે. સહુ કથાશ્રવણમાં તલ્લીન છે. રાજાજીએ પણ ધીરેથી એક ખૂણે પોતાનું આસન જમાવ્યું.

આચાર્યજી શ્રીમદ્ ભાગવતની કથા કરી રહ્યા હતા. સ્વાતિના મેઘ જેવા એ શબ્દો હતા. કથામાધુર્યની સાથે શબ્દમાધુર્ય પણ અદ્વિતીય હતું. રાજાએ નતમસ્તકે તેનું શ્રવણ કરવા માંડ્યું :

“ભક્તો, શુકદેવજીના નિર્મળ મુખમાંથી અમૃત–સુધાની જેમ પ્રાપ્ત થયેલ આ ભાગવત વેદના ફળરૂપ છે. અઢાર પુરાણોમાં એ સર્વશ્રેષ્ઠ છે. સંસારનાં ઝેર ઉતારવા ભાગવત જડીબુટ્ટી સમાન છે. ભક્તિ, જ્ઞાન ને વૈરાગ્યની પ્રાપ્તિ માટેનો એ માર્ગદર્શક ગ્રંથ છે. કળિયુગમાં ભાગવતની કથા સંસારરૂપી રોગનો નાશ કરનાર દિવ્ય

ઔષધ છે, એવા ભાગવતનો મથુરાત્યાગ નામનો પ્રસંગ હવે વર્ણવવામાં આવે છે.

"હે મહાનુભાવો, પૃથ્વીપરથી અધર્મનો ભાર ઓછો કરવા માટે જન્મેલા, ગોપીજનવલ્લભ ભગવાન શ્રીકૃષ્ણે મથુરામાં જઈ, ગરુડરાજ જેમ મહાભયંકર સર્પને સંહારે તેમ, મથુરાપતિ કંસને સંહાર્યો. મથુરાપતિ કંસને અસ્તિ ને પ્રાપ્તિ નામે બે રાણીઓ હતી. બંને પોતાના પિતા જરાસંધ પાસે રોતી કકળતી ગઈ.

"મગધપતિ જરાસંધ બળમાં બીજો રાવણ હતો. આર્યાવર્તના રાજાઓમાં એ અગ્રેસર લેખાતો હતો. એનું સૈન્ય સાગરના જેટલું વિશાળ હતું. એણે ક્રોધથી ત્રાડ પાડી ને પ્રતિજ્ઞા કરી કે મારા જમાઈને હણનારને મારી પુત્રીઓને વૈધવ્ય પ્રાપ્ત કરાવનાર એ તુચ્છ ગોવાળિયાનું ને તમામ યાદવોનું જડાબીટ કાઢી નાખીશ. જરાસંધે તરત જ મથુરાપર ચઢાઈ કરી ને ચારે તરફથી એને ઘેરી લીધી. ભગવાન શ્રીકૃષ્ણ ને શેષના અવતાર બલભદ્ર મેદાને પડયા.

"ક્યાં લોકકલ્યાણના કર્તા ભગવાન શ્રીકૃષ્ણ ને ક્યાં આતતાયીના અવતાર સમો મગધપતિ! સત્તર સત્તર વખત યુદ્ધ થયાં ને મગધપતિનાં સૈન્ય તેટતેટલી વાર હારીને નાસી ગયાં. અઢારમી વખત કાલાગ્નિ જેવો જરાસંધ, જેની ધૂળથી દિશાઓ ઢંકાઈ ગઈ છે એવડા વિશાળ સૈન્ય સાથે ચઢી આવ્યો. બીજી તરફથી કાળના બીજા સ્વરૂપ જેવો કૃતાંત કાલયવન પોતાના ત્રણ કરોડ યવનો સાથે મથુરા પર ચઢી આવ્યો.

"મથુરા પર ભયંકર વિપત્તિ ઘેરાઈ ગઈ. અત્યાર સુધીની લડાઈઓમાં ઘણું સૈન્ય કપાઈ ગયું હતું, પ્રજાની સુખશાન્તિ હણાઈ ગઈ હતી, સુખ–સંપત્તિ નષ્ટ થઈ ગઈ હતી. વિચક્ષણ બુદ્ધિવાળા ને દીર્ઘદૃષ્ટિવાળા મહારથી શ્રીકૃષ્ણે વિચાર કર્યો કે યાદવો જો મથુરાનો

ત્યાગ કરે તો આ સંકટની વાદળીઓ આપોઆપ શમી જાય. દુશ્મનો પછી મથુરાને કંઈ હાનિ નહીં કરે, અને વેરો ઉડાવીને ચાલ્યા જશે. વીરત્વના તણખા જેવા કેટલાક ક્ષત્રિયોએ એનો વિરોધ કર્યો, પણ અંતે સહુને લાગ્યું કે કેવળ તણખા જેવા વીરત્વથી કાર્યની સાધના થતી નથી. સેનાનાયક વિચક્ષણ ને દીર્ઘદૃષ્ટા હોવો ઘટે.

"ભગવાન શ્રીકૃષ્ણે આ માટે યુક્તિપૂર્વક યાદવોને ત્યાંથી ખસેડયા, ને કેટલાય યોજન દૂર, સાગરને કિનારે–જ્યાં શત્રુ જલદી આવી ન શકે–તેવે સ્થળે બાર યોજનવાળી દ્વારામતી વસાવી. યાદવોએ પોતાનું બળ દ્વારામતીમાં એકત્ર કર્યું.

"આ તરફ લીલાના જાણકાર ભગવાન પુરુષોત્તમે મથુરા-નગરીના દરવાજા ઉઘાડી નંખાવ્યા, ને સ્વયં શસ્ત્રહીન બનીને બહાર નીકળ્યા. દ્વારની પાસે પડાવ નાખીને પડેલા કાલયવને નિઃશસ્ત્ર શ્રીકૃષ્ણને જોયા, ને સ્વયં નિઃશસ્ત્ર થઈને આ જુવાનિયાને છૂંદી નાખવા પાછળ પડયો, પણ મારા નાથની લીલાનો એ દુષ્ટ શું પાર પામે ! માર્ગમાં જ યુક્તિથી કાલયવનનો નાશ કર્યો.

"મગધપતિ જરાસંધને આ સમાચાર મળતાં એ આગનો તણખો બનીને ચઢી આવ્યો. ભગવાન શ્રીકૃષ્ણ પ્રવર્ષણ નામના પર્વત પર ચાલ્યા ગયા. પણ જરાસંધને એની માહિતી મળી ગઈ. એણે પર્વતની ચારેબાજુ ખાઈ ખોદાવી અગ્નિ સળગાવ્યો. પર્વત ભડભડ મશાલની જેમ ભડકે બળવા લાગ્યો. ભગવાન શ્રીકૃષ્ણ ચતુરાઈના અવતાર હતા. તેઓ ગુપ્ત રીતે પર્વતની બહાર નીકળી ગયા ને દુશ્મનને કંઈ પણ જાણ થાય તે પહેલાં એ વીરશિરોમણિ પોતાની વસાવેલી નગરી દ્વારામતીમાં પહોંચી ગયા.

"દ્વારામતીમાં પહોંચીને મહાન સેનાનાયક ભગવાન શ્રીકૃષ્ણે સૈન્ય એકત્ર કર્યું, ગોકુળ રચ્યાં ને ધીરે ધીરે પ્રબલ બનીને આર્યા-

વર્તમાં અધર્મી બનેલા જરાસંધ, શિશુપાલ વગેરે રાજાઓને સંહાર્યા. પૃથ્વી માથેથી અધર્મનો ભાર ઓછો કર્યો, ધર્મની સ્થાપના કરી."

આચારજજીએ પોતાની કથા સમાપ્ત કરી. ભક્ત સમુદાય આચાર્યદેવેશ, કવિવર પરમગુરુ જયદેવજીની જય બોલાવતો વિખેરાવા લાગ્યો. પણ પેલો ક્ષત્રિય રાજા ત્યાંજ સ્થિર થઈને બેઠો હતો. એના વદન પરથી નિરાશાની કાળી છાયા અદશ્ય થઈ ગઈ હતી, નેત્રોમાં નવો પ્રકાશ ઝળહળી ઊઠયો હતો; મરતા માનવીને જાણે સંજીવની લાધી ગઈ હતી.

વૃદ્ધ ક્ષત્રિય ધીરેથી ઊઠયો, ને આચાર્ય જયદેવના ચરણમાં નમસ્કાર કરી બોલ્યો :

> नष्टो मोहः, स्मृतिर्लब्धा; त्वप्रसादान्मयाच्युत ।
> स्थितोऽस्मि गतसंदेहः, करिष्ये वचनं तव ॥ *

હે અચ્યુત, તમારા પ્રસાદથી મારો મોહ નાશ પામ્યો છે, ને કર્તવ્યની સ્મૃતિને પામ્યો છું. હું હવે સંશયમુક્ત બન્યો છું. અને આપનાં વચનોનો હું અમલ કરીશ.

પરમ ભાગવત મહારાજ પ્રણિપાત કરતાં ગીતાજીનો શ્લોક બોલી રહ્યા. કુરુક્ષેત્રમાં અર્જુનને પ્રાપ્ત થયેલી સ્થિતિ જેવી એમની સ્થિતિ હતી. એ સ્થિતિમાં આજે આચાર્યદેવ જયદેવજીના ઉપદેશે શ્રીકૃષ્ણના ગીતામૃતની ગરજ સારી હતી.

પ્રણિપાત કરીને હાથ જોડી ઊભા રહેલા રાજવીએ કહ્યું: "આચાર્યદેવ, અર્ધક્ષણનો પણ આપનો સત્સંગ મને સંજીવની સમાન નીવડયો છે. કર્તવ્યથી પરાંગમુખ બનેલ મને આપે કર્તવ્યનું સંપૂર્ણ રીતે સ્પષ્ટ ભાન કરાવ્યું છે. કર્તવ્ય બજાવવા માટે શીઘ્રાતિશીઘ્ર

---

* ભગવદ્ગીતા. ૧૮-૭૩

રવાના થાઉં, તે પહેલાં આપની પાસેથી કંઈક ભગવદ્ધર્મ શ્રવણ કરવાની આકાંક્ષા ધરાવું છું."

"હે વૃદ્ધ મહાપુરુષ, તમારી વેષભૂષા ને તમારા અંગ પર રહેલા અનેક ઘા સ્પષ્ટતાથી સૂચિત કરે છે, કે તમે કોઈ કર્તવ્યનિષ્ઠ ક્ષત્રિય વીર છો. જે હો તે હો! ભગવદ્ધર્મમાં પ્રીતિ રાખનાર તમારું કલ્યાણ હો! ભગવદ્ધર્મમાં કોઈ પણ રીતે–કોઈ પણને મોક્ષ મળી રહે છે. કેવળ મન, વાણી ને કર્મ ભગવાનને અર્પણ કરીને રહો. હસો, રડો, નાચો, કૂદો, ગમે તે કરો, પણ પ્રભુનું ચિંતવન ક્ષણ માત્ર પણ ન તજો!"

"એ ભગવાનના સ્વરૂપ વિષે કંઈ સમજાવશો?"

"આકાશ, વાયુ, અગ્નિ, જળ, પૃથ્વી, તેજ, દિશાઓ, નદીઓ, પર્વતો સર્વ ભગવાનનાં રૂપ છે. એની મહિમાને એ રીતે પિછાણો. સાચો વૈષ્ણવ સર્વત્ર ભગવાનની માયાને નીરખે છે, ને નમ્ર બને છે."

"વૈષ્ણવનાં લક્ષણો કંઈ સમજાવશો?"

"પરબ્રહ્મરૂપે સર્વ પદાર્થોમાં હું વ્યાપક છું; સર્વ પદાર્થો મારામાં રહ્યા છે, આ પ્રમાણે શ્રદ્ધા ધરાવનાર પરમ વૈષ્ણવ છે. માનવમાત્ર પ્રત્યે પ્રેમ, ભક્તગણ સાથે મૈત્રી, મૂર્ખ, કૃપણ ને શત્રુઓ પ્રતિ ઉપેક્ષા, એ મધ્યમ વૈષ્ણવનું લક્ષણ છે. શ્રદ્ધાથી મૂર્તિમાત્રમાં જ ભગવાનને સમજી તેને પૂજે, ને ભગવાનના ભક્તોની સેવા ન કરે, તેને કનિષ્ઠ વૈષ્ણવ સમજવો."

"મહારાજ, સંસારના સર્વ કર્મમાં રચ્યાપચ્યા રહેનાર અમને થોડી મહેનતે તરવાનો ઉપાય શો?"

"સંસારમાં થોડી મહેનતે આ માયા–સંસારને તરવાનો એક માત્ર ઉપાય ભક્તિ છે. આદર્શ ભક્ત બની સર્વ હાસ્યવિષાદ, પુત્ર

પરિવાર, ધનદોલત, આશાનિરાશા, જયપરાજય એ મહાપ્રભુને સમર્પી દો ! ભક્તિ જ એક તમારું ધન હો. ભક્તિમાં પણ પ્રેમલક્ષણા ભક્તિ સર્વશ્રેષ્ઠ છે. સાધુનો સમાગમ કરવો, વિષયો પર વૈરાગ્ય ધારવો, ગુરુશરણમાં જવું, ભગવદ્‌નિમિત્તે જ સર્વ કર્મ કરવાં, મનુષ્ય માત્ર સાથે મૈત્રીભાવ રાખવો, પ્રાણીસેવા, અતિથિભક્તિ: આ બધાં કાર્યો દ્વારા પ્રેમલક્ષણા ભક્તિ પ્રગટે છે, ને જેને એ ભક્તિ પ્રગટી તે સંસાર તરી જાય છે, ગોકુળવૃંદાવનની ગોપીઓ જેવો ભાવ ભગવાનમાં ધારણ કરો ! ”

“ મહારાજ, પણ સંસાર વિચિત્ર છે. આજ તો હડહડતો કળિયુગ બેઠો છે, धर्मस्य तत्त्वं निहितं गुहायाम् । ધર્મો બધા વિસરાયા છે. ઋતુઓના ધર્મ ઋતુ ભૂલી છે. કામ ને ક્રોધ એ લોકસ્વભાવ થઈ પડ્યો છે. પાપકર્મ વિના આજીવિકા સંપાદન થતી નથી. જ્યાં જુઓ ત્યાં સ્નેહમાં શઠતા, વ્યવહારમાં કપટ, હલકા જનો સાથે મૈત્રી ને સ્વજનમાં વેરભાવ જ નીરખાશે. એક તો અલ્પ જિંદગી, એમાં આ ઘોર કળિકાળ ! ”

“ ક્ષત્રિયવીર, કળિયુગને તિરસ્કારશો મા ! કલિયુગ તો કર્મયુગ છે. થોડાં કૃત્યનો આ કાળમાં વિશેષ લાભ મળે છે. શાસ્ત્રમાં સ્પષ્ટ કહ્યું છે, કે સત્યયુગમાં ધ્યાન સમાધિથી જે લાભ મળે છે, ત્રેતામાં યજ્ઞથી જે ફળપ્રાપ્તિ થાય છે, ને દ્વાપરમાં પૂજનથી જે ફળ મળે છે, એના કરતાં કળિયુગમાં કીર્તન માત્રથી તેટલી ફળપ્રાપ્તિ થાય છે. મોક્ષ મળવાના કારણભૂત ક્ષણભંગુર દેહનો માણસે જેમ શોક ન કરવો, એમ ઘોર કળિયુગ માટે પણ લેશમાત્ર મનોક્લેશ ન ધારણ કરવો. ”

“ મહારાજ, આપનો આખરી સંદેશ ? મારી વિદાયની વેળા આવી પહોંચી. પેલે દૂર દૂર ત્રિભેટા પાસે ધૂળની આંધિ ચઢી રહી છે. કાં તો દુશ્મનો મારું પગેરુ સૂંઘતા આવી રહ્યા છે, કાં તો મારા

સાથીઓ મને શોધતા આવી રહ્યા છે. મારે જવું જોઈએ. આર્યાવર્તના ભૂષણસમા આશ્રમો રાજસ ને તામસ વાતાવરણથી દૂર રહેવા ઘટે."

"છેલ્લો સંદેશ એ જ નિષ્કામ કર્મપ્રવૃત્તિ. ભગવાનનો આશાબોલ છે : स्वे स्वे कर्मण्यभिरतः संसिद्धिं लभते नरः । પોતપોતાના કર્મમાં મશગૂલ રહેનાર અવશ્ય સિદ્ધિને વરે છે. એટલું યાદ રાખજો કે યોગ, તપ, દાન, યજ્ઞ ને સંન્યાસથી જે પ્રભુ નથી મળતો, એ એક માત્ર ભક્તિથી મળે છે. જાઓ, ક્ષત્રીવીર, તમારાં નામઠામ જાણવાની લેશમાત્ર ઇચ્છા નથી. જે હો તે તમારું કલ્યાણ થાઓ! કર્તવ્યને સદા કર્તવ્ય જ સમજજો. એમાં બાંધછોડ કરશો નહીં. સર્વ કર્તવ્ય સ્વધર્મમાં રહીને કરજો. કર્મ કરતાં કદી પીછેહઠ ન કરશો, અને અંતે સર્વનો ત્યાગ કરી ભગવદ્‌શરણને પ્રાપ્ત કરજો!"

ક્ષત્રિય વીરે પ્રણિપાત કર્યા. આચાર્યવર્યે આશીર્વાદ આપ્યા.

ક્ષત્રિય વીરે વિદાય લીધી, દૂર દૂર ત્રિભેટા પર ધૂળ ઊડી રહી હતી. ક્ષત્રિયની નસોમાં અત્યારે વનરાજનો જુસ્સો હતો. એના હાથમાં સર્વભક્ષી જ્વાલા જેવી તલવાર હતી. પગમાં પંખીની જેમ ઊડી શકે તેવી ઘોડી હતી. એંશી વર્ષની ઉંમર કાંચળીની જેમ ઉતારી ફેંકી દેતો ન હોય, તેમ એ કૂદ્યો. ઘોડીએ હણહણાટી કરી.

આચારજજી જોતા રહ્યા ને ઊડતી ધૂળમાં ક્ષત્રિય વીર અદૃશ્ય થઈ ગયો. સંધ્યાના સોનલવર્ણા રંગ આકાશમાં પથરાઈ રહ્યા હતા.

ત્રિભેટા પર ચઢતી ડમરી હવે નજીક આવતી હતી. સવારે ઘોડીને એડ દીધી, પણ ત્યાં તો મહારાજ લક્ષ્મણસેનના જયનિનાદે વનપ્રદેશ ગજવી મૂક્યો.

મંત્રીવર્ય ઉમાપતિધર મહારાજની શોધે પગેરું કાઢતા આવતા હતા. સ્વામી અને સેવકનો સામસામો મિલાપ થઈ ગયો.

" મંત્રીરાજ, પુરોહિતજી બચી ગયા !"

" હા, મહારાજ, રાજવૈદનું કહેવું છે કે હવે એ જોખમમાંથી મુક્ત છે."

" મંત્રીરાજ, સર્પથી ડસાયેલા નકુલને સંજીવની લાધી ગઈ છે. ચાલો, નવી રાજધાની વસાવો, નવું બળ ને નવી શક્તિ જમાવો. આચાર્યદેવનું વચન છે, કે स्वे स्वे कर्मण्यभिरतः संसिद्धिं लभते नरः।"

૧૧. નવું પાટનગર

નવી પાટનગરીનું નિર્માણ થઈ રહ્યું હતું. વીરેંદ્ર ભીમના પવિત્ર ક્ષેત્રમાં આવેલ ભૂમિ પસંદ કરવામાં આવી હતી. દૂરદૂર સુધી સુંદર પર્વતમાળ અભેદ્ય કિલ્લેબંધી રચીને ખડી હતી. ઊંડાં ઊંડાં વમળો જન્માવતી નદીઓ અને નદો શત્રુની હામ તોડી નાખતાં હતી. ભૂમિશાસ્ત્રીઓએ નગરને યોગ્ય વાપી, કૂપ ને તડાગથી શોભતી; વનરાજિ ને મોટાં સુગંધી વૃક્ષોથી ભરપૂર, નાના પ્રકારનાં જીવજંતુઓથી મુક્ત નીરોગી ભૂમિ શોધી કાઢી હતી.

વંગદેશના મહાન જ્યોતિર્વિદોએ એને માટે સ્થાપનામુહૂર્ત કાઢયાં હતાં. શુભ ચોઘડિયે ને શુભ પળે એનો પાયો નાખવામાં આવ્યો. દેશદેશના મહાન વેદપાઠીઓ, ઋત્વિજો, યજ્ઞયાગીઓ, ત્યાગીઓ અને તપસ્વીઓ ધર્મમૂર્તિ સેનરાજવીના મંગલપ્રસંગને શોભાવવા પધાર્યા હતા.

સ્થળે સ્થળે હોમ થતા હતા. યજ્ઞયાગ ચાલતા હતા, પારાયણો રચાતાં હતાં. નૃત્ય ને ગાન થતાં હતાં. નાના નાના અખાડાઓમાં જુવાનો મલ્લવિદ્યાનો આસ્વાદ લેતા હતા. સુંદર મેદાનો પર ધનુર્વિદ્યાના પાઠ ભણાતા હતા.

કોઈ સ્થળે કૂપ, વાપી ને તળાવ યોજાતાં હતાં. ક્યાંય રાજભવન, ક્યાંય રાજદરબાર, ક્યાંય રાજવીથિકાઓ રચાતી હતી. દુકાનોની શ્રેણીઓ યોજવા માટે કુશળ વેપારીઓ અત્યંત શ્રમ લઈ

રહ્યા હતા. વિસ્તૃત પ્રાકાર અને મોટી ખાઈ ખોદાઈ રહી હતી, ચૌટાં, હવેલી, ધર્મમંદિરો, ચોરો, બાગ ને ઉપવન પણ યોજાઈ ગયાં હતાં.

મહાન મહાભારતીય શિલ્પકાર મયદાનવની જાણે નકલ થતી હોય તેમ સ્થપતિઓ પૂરા વેગથી પાટનગરીનું નિર્માણ કરી રહ્યા હતા. પ્રાંતે પ્રાંતની પ્રજાઓ આ નવા મહાનગરમાં વસવા આવી રહી હતી. ધર્મમૂર્તિ, પરમ ભાગવત સેનકુલાવતંસ ગૌડેશ્વર મહારાજ લક્ષ્મણસેનના રાજ્યમાં શી શી સમૃદ્ધિ ન સાંપડે !

શું આર્ય કે શું યવન, સૌ પોતપોતાની વીથિકાઓ રચી રહ્યાં હતાં, સ્વસ્વ ધર્મનાં મહામંદિરો નિર્માણ કરી રહ્યાં હતાં. ધર્મમાં ને કર્મમાં સહુને અહીં સ્વતંત્રતા હતી.

વિશાળ એવા રાજપ્રાસાદની રચનામાં દૂરદૂરના સ્થપતિ, શિલ્પસ્વામીઓ, કળાકારો, ચિત્રકારો ભાગ લઈ રહ્યા હતા. ક્યાંય ચંદનનાં દ્વાર, સ્ફટિકનાં વાતાયનો, સુંદર સુવર્ણરસ્યાં છજાંઓ, વિશાળ અગાસીઓ યોજાઈ રહી હતી. હયશાળા, અશ્વશાળા, રથશાળાની રચના થઈ રહી હતી. વર્ણે વર્ણને યોગ્ય વાસ રચાઈ રહ્યા હતા.

હોમ હવનની વેદિકાઓ, તુલસીક્યારાઓ, ગૌગૃહો ને નાનાં સેવામંદિરોવાળો બ્રાહ્મણવાસ સાત્ત્વિકતાની પ્રતિમૂર્તિ સમો રચાયો હતો.

અશ્વશાળાઓની પંક્તિઓથી શોભતો, શસ્ત્રાગારોથી ગાજતો ચોરો, ચબૂતરો ને વિવિધ વાહનોથી યુક્ત ક્ષત્રિયવાસ રાજસિકતાનું પ્રતીક હતું.

અન્નભાંડાગારોથી ભરપૂર, ઊંચી ઊંચી હર્મ્ય–હવેલીઓથી શોભતો વૈશ્યવાસ, વંગદેશની વ્યાપારલક્ષ્મીની મૂર્તિસમો હતો.

ભિન્ન ભિન્ન સેવાધર્મોને અંગીકાર કરી રહેલ શૂદ્રવાસો, યત્ર તત્ર નગરના પ્રાન્ત ભાગમાં ને નગરથી બાહ્ય પથરાયેલા હતા. એક ભાગમાં યવનવાસ પણ હતો.

લક્ષ્મણાવતીની સમૃદ્ધિ અહીં આવતી હતી. મોટા મોટા સરદારો, શ્રીમંતો, સૈનિકો અહીં એકત્ર મળ્યા હતા. કુમાર માધવસેનના નેતૃત્વ નીચે લડી રહેલા સૈન્ય સિવાય અન્ય સેના પણ અહીં આવી ગઈ હતી.

આજે પુરપ્રવેશનો દિવસ હતો. લાંબા લાંબા રાજમાર્ગો જળના છંટકાવ કરી સ્વચ્છ કરવામાં આવ્યા હતા. એના પર શાળ તથા જુવારની ધાણી વેરવામાં આવી હતી. માર્ગની બંને બાજુ હાર,તોરણ ને પતાકાથી ગૃહો શણગારવામાં આવ્યાં હતાં. પ્રત્યેક ઘરની બંને બાજુએ દધિ–ચંદન અર્ચિત જલકુંભ સ્થાપવામાં આવ્યા હતા. કુંભના મુખ પર ફૂલ ને તાજાં કુંપળ ગોઠવવામાં આવ્યાં હતાં. આજુબાજુ કેળ–સોપારીનાં વૃક્ષ રોપવામાં આવ્યાં હતાં.

પરમ ભાગવત મહારાજની સવારી કુવલયાપીડ રાજહસ્તિ પર નીકળી ત્યારે ભેરી, મૃદંગ તથા બીજાં વાજિંત્રોના નાદથી દિશાઓ ગૂંજી ઊઠી. બંદીજનોએ રાજગીત શરૂ કર્યાં. બ્રાહ્મણોએ સ્વસ્તિવાચનનો આરંભ કર્યો. રાજહસ્તિ પર સોનાની અંબાડીમાં બિરાજમાન મહારાજની મુખમુદ્રા પર પરાજયની નિરાશા લેશમાત્ર નહોતી, સહુને એક દૃષ્ટિમાત્રમાં આંજી નાખવાનું અજેય હાસ્ય હતું. તેમની પાછળ જમણી અને ડાબી બાજુ કુમાર કેશવસેન અને કુમાર વિશ્વસેન બેઠા હતા. સૂર્યની પાછળ બે ચંદ્ર હોય એવી એમની શોભા હતી.

યજ્ઞશાળામાં રાજપુરોહિત હલાયુધ પોતાના મંડળ સાથે આવીને મહારાજના આગમનની પ્રતીક્ષા કરી રહ્યા હતા. જીવલેણ માંદગીની ક્ષીણતા એમના દેહ પર દૃષ્ટિગોચર થઈ રહી હતી, છતાં ઉત્સાહની તેજસ્વીતા એમના ચહેરા પર મૌજૂદ હતી.

મહારાજ હસ્તિ પરથી ઊતરી યજ્ઞશાળામાં પધાર્યા કે બ્રાહ્મણોએ વેદમંત્રોનો ઉચ્ચાર શરૂ કર્યો. યજ્ઞ, દાન, દક્ષિણા સમાપ્ત થયે યાચક જનોને સુવર્ણ, રૌપ્ય, વસ્ત્ર, ધન–ધાન્ય વહેંચવામાં આવ્યાં.

અન્ય પ્રારંભિક માંગલિક ક્રિયાઓ સમાપ્ત થયે મહારાજ રાજપુરોહિત સાથે સભામંડપમાં પધાર્યા. પાદપ્રક્ષાલન વિધિ બાદ મોટા જયજયકાર સાથે મહારાજ લક્ષ્મણસેન રાજસિંહાસન પર બિરાજ્યા. દિશાઓ વાજિંત્રોથી ગાજી ઊઠી.

મહારાજ લક્ષ્મણસેનના સિંહમુખ સિંહાસનની જમણી બાજુ નાનાં પણ કલાકારીગરીથી ઓપતાં ત્રણ સિંહાસનો રાજકુમારો માટે ગોઠવવામાં આવ્યાં. પ્રથમ સિંહાસન યુવરાજ માધવસેનનું હતું, જે યુવરાજ યુદ્ધમાં હોવાથી ખાલી હતું. તે પછીનાં સિંહાસનો પર કુમાર કેશવસેન અને કુમાર વિશ્વસેન બેઠેલા હતા. બંનેની મુખમુદ્રામાં લક્ષ્મણસેનની કરડી મુખમુદ્રાનો અંશ ભળેલો હતો. મોટી મોટી આંખો ને સોટા જેવો એમનો દેહ વીરત્વના સ્ફુલિંગો ઝગાવતો હતો. માધવસેને બાર વર્ષથી પિતાનો છાંયો છોડી રણમાં ઝુકાવ્યું હતું, ને ત્યારપછી તેનો વિશેષ સમય રણભૂમિ પર જ વીત્યો હતો: એટલે રાજમંડળમાં આ બે કુમારો લવ અને કુશની જોડી તરીકે વિખ્યાત હતા.

કુમારોના સિંહાસન પછી રાજના સામંતો, ભાયાતો, જાગીરદારો પોતપોતાના હોદ્દા પ્રમાણે બેઠા હતા. સહુની મુખમુદ્રા પર વીરત્વના ઝગારા હતા. સહુના દેહ પર, મુદ્રા પર, અન્ય અવયવો પર રણાંગણના જખમોની અનેક નિશાનીઓ હતી. કેટલાક એકાદ પગ વિનાના તો કોઈ એકાદ હસ્તથી વિવર્જિત હતા. બારમી સદીના ઇતિહાસની રૂપરેખાઓ સમા આ શૂરવીરો સ્વયં ઇતિહાસમૂર્તિ બનીને બેઠા હતા.

મહારાજના સિંહાસનની ડાબી બાજુએ મહામાત્ય ઉમાપતિધર બેઠા હતા. તેમના મોં પર ચાલુ રાજકારણની અનેક રેખાઓ સમુદ્રની તરંગમાળની જેમ જન્મ પામતી ને લય પામતી હતી.

મહામાત્ય પછીનું સિંહાસન મહામંડલેશ્વર શ્રીધરનું હતું. સેન રાજવંશના પ્રીતિપાત્ર મહાસામંત વટ્ટદાસના સુપુત્રોનું એ સ્થાન હતું. પોતાની શૂરવીરતાથી સર્વત્ર વિખ્યાત તેઓના વંશનો મંત્ર સેનવંશની સેવા અર્થે જીવવું અને મરવું—એ જ માત્ર હતો. આ વંશના મહામંડલેશ્વર શ્રીધર આજે રાજસભામાં ઉપસ્થિત નહોતા. તેઓ કુમાર માધવસેન સાથે રણભૂમિ પર ઘૂમી રહ્યા હતા. પણ તેમનો પંદર વર્ષનો, સુકોમળતાની મૂર્તિસમો પુત્ર કંસમર્દન ત્યાં હાજર હતો. એણે કીમતી શેલાનું મંડિલ માથે મૂક્યું હતું, ને ભેટમાં સોનાની મૂઠવાળી, મહારાજ લક્ષ્મણસેને ભેટ આપેલી, નાનકડી દમાસ્કસી તલવાર હતી.

આ પછી રાજપુરોહિત, મહાધર્માધિકારી, મહાભાગ હલાયુધ સાદા ચંદનકાષ્ઠના સિંહાસન પર મૃગચર્મ પર બેઠેલા હતા. વૈષ્ણવ ધર્મની પરમ પ્રતિમાસમું એમનું લલાટ ઝગારા મારતું હતું. ખિલજી સરદારનાં તીરોએ નીપજાવેલ ઊંડા મર્મભેદી ઘા અવશ્ય રૂઝાયા હતા, પણ એ તીરની ફણાનું કાતીલ ઝેર જાણે એમને ધીરે ધીરે સ્વર્ગની તરફ લઈ જતું હતું, છતાં બ્રહ્મવિદ્યાની મૂર્તિસમા આ મહાન પુરોહિતના ચહેરા પર આ નવી વસેલી દુનિયા નીરખવાનો નયનાનંદ અવશ્ય હતો.

સ્વર્ગસ્થ મહારાજ વલ્લાલસેન અને વિદ્યમાન મહારાજ વિક્રમાવતાર લક્ષ્મણસેનની રાજસભાનાં પાંચ પંડિતરત્નોમાંના એક રત્ન તરીકે પુરોહિત હલાયુધની ગણના થતી હતી. તેઓ શબ્દાર્ણવને વલોવી એક મહાન કોશની રચના કરી રહ્યા હતા.

આ પછી પંડિતસભાના બીજા રત્ન કવિવર ઉમાપતિ પોતાના આસન પર બિરાજમાન હતા. આર્યાવર્તના વિદ્વાનોમાં તેઓ પોતાની પ્રૌઢિપ્રિય ભાષા માટે વિખ્યાત હતા.

તૃતીય ચંદનકાષ્ઠના આસન પર પંડિતસભાના ત્રીજા રત્નસમા શીઘ્રકવિ શરણ ભટ્ટ બિરાજમાન હતા. એમની જિહ્વા પર સ્વયં

સરસ્વતી હાજરાહજૂર હોવાનું કહેવાતું. વીજળીના ચમકારાની જેમ વેગવંત શીઘ્ર કવિતાના એ રચયિતા હતા. એમની ફૂટ કવિતા ભલભલી સભાઓ પર જાદુ ડાલી જતી. એમના મુખમાંથી નીકળતો સરસ્વતીનો પ્રવાહ, સરસ્વતી નદીનાં નીર કરતાં વેગવંત વહેતો.

ચોથા સિંહાસન પર શ્રીયુત ગોવર્ધનાચાર્ય બેઠેલા હતા. શૃંગારના કવિ તરીકે એમની ખ્યાતિ અંગ, બંગ ને કલિંગમાં વ્યાપેલી હતી. એક આર્યામાં શૃંગારનું સર્વસ્વ એ જમાવી દેતા. મિતાક્ષરતામાં અર્થનો મહાઅર્ણવ સમાવી શકતા. તેઓ હાલમાં આર્યા-સપ્તશતી નામના મહાગ્રંથની રચના કરી રહ્યા હતા. એમના પ્રાસાદિક શૃંગારને કારણે ગોવર્ધનાચાર્ય રાજકર્મચારીઓમાં અત્યંત પ્રિય હતા.

પાંચમા સિંહાસન પર કવિવર ધોયી બિરાજેલા હતા. કાવ્યમાં એ કાલિદાસ હતા. મહાન શ્રુતધરોના એ સમકક્ષ લેખાતા. શબ્દ-મૌક્તિના એ મહા ઝવેરી હતા. વિચારસામર્થ્ય, કલ્પનાકૌતુક, સુંદર પદાવલિમાં ભારતવર્ષમાં એમની જોડ નહોતી. એમના જેવા રસના જ્ઞાતા, કવિચાતુરીના મર્મજ્ઞ કોઈ નહોતા.

રસમર્મજ્ઞ મહારાજ લક્ષ્મણસેન પોતાના આ પંડિતમંડલ પર અત્યંત ખુશ હતા. દિગ્વિજયો કરતાં આ વિદ્યાવિલાસોમાં એ અત્યંત રાચતા હતા. ખાંડાના આ ખેલાડીને ઘાના દર્દ ભૂલવાનું એક જ અમોઘ ઔષધ કાવ્યવિલાસ હતો. આર્યાવર્તના ખૂણેખૂણા પર વસતા વિદ્વાનોની કદર કરવાનો, બહુમાન કરી સત્કાર કરવાનો મહારાજને મોટા શોખ હતો.

રાજસભા હેકડેઠઠ ભરાઈ હતી. અન્ય નાના મોટા કર્મચારીઓ, સરદારો, સામંતો યોગ્ય સ્થાને ગોઠવાઈ ગયા હતા. પ્રારંભિક ગાન-વાદન ચાલુ હતું.

એકાએક બહાર કંઈક શોર થતો સંભળાયો. દ્વાર પરનો રાજ-

પ્રતિહારી આવીને મહામંત્રીના કાનમાં કંઈક કહી ગયો. મહામંત્રી ભર્યા દરબારે ઊઠીને બહાર ગયા. સ્વયં મહારાજ સિંહાસન પર બિરાજમાન હતા, પણ રજા માગવાનો વિવેક પણ ન કર્યો. અરે, ખુદ મહામાત્યે જ રાજરીત ઉવેખી! સમસ્ત સભા તેમની પીઠને નિહાળી રહી.

કોઈ કંઈ પણ સૂચન કરે, મહારાજ પોતે આવી શીઘ્રતાની કંઈ સ્પષ્ટતા માગે, તે પહેલાં તો મહામાત્ય પાછા આવતા દેખાયા. પણ એમના ચહેરા પરથી જાણે કોઈએ નૂર હરી લીધું હતું, સંગ્રામમાં જાણે કોઈએ તેમને સામી છાતીએ ચિત્ત પછાડ્યા હોય, તેવી કાલિમા તેમને ઘેરી વળી હતી. એમનાં પગલાંમાં કંપ હતો, આંખોમાં વિષાદ હતો, પ્રયત્નપૂર્વક જાળવેલી સ્વસ્થતાથી એ પોતાના આસન પર બેઠા, ને ગાનવાદન બંધ કરવા ઈશારો કર્યો.

ગાયકનું ગળું હજી હમણાં જ જામ્યું હતું, ત્યાં એના જામેલા તાર તૂટી પડ્યા.

"મહામાત્ય, ગાન–વાદન શા માટે બંધ કર્યાં? સહુ સહુને પોતાની કરામત તો દેખાડવા દો!"

"મહારાજ, ગાનવાદનની વેળા નથી રહી, રાજસભાનું કામ જલદી સમેટવું ઘટે."

"કારણ?"

"અપરાધની ક્ષમા! કારણ પછી કહીશ."

"ના, પાટનગરની સ્થાપના પ્રસંગે મળેલી અસાધારણ સભા સમેટવાનું કારણ પણ અસામાન્ય જ હોઈ શકે. સભા પણ એ જાણવાને ઉત્સુક હશે."

"હા, મહારાજ!" સભામાંથી અવાજ આવ્યા.

મહામંત્રી ઘડીભર વિમાસણમાં પડી ગયા. જવાબ આપતાં એમની જીભ ઉપડતી નહોતી. થોથરાતા સ્વરે તેમણે કહ્યું:

"મહારાજ, મેદાન પરથી સંદેશો લઈને દૂત આવ્યો છે..." ને મહામાત્યની જીભ આગળ બોલી ન શકી.

"રણાંગણ પરથી સંદેશવાહક આવ્યો છે! અરે, અમે એને આ વેળા જ મુલાકાત આપીશું. કવિરાજ શરણ, એ સંદેશવાહકને અત્રે તેડી લાવો."

કવિરાજ શરણ આજ્ઞા ઉઠાવવા આસન પરથી ઊઠી શીઘ્રતાથી બહાર ગયા, પણ જેવા ગયા તેવા પાછા આવ્યા. એમના ચહેરા પર મોતિયા મરી ગયા હતા. કવિત્વ ઝરતી એમની જબાન પર થરથરાટ હતો.

"મહારાજ, એ દૂતને હમણાં આમંત્રણ દેશો મા! આભ તૂટી પડ્યું."

"આભ તૂટી પડ્યું? કંઈ સમજાતું નથી. એવા શા સમાચાર છે? અરે, અમે તો આશા ને નિરાશા જગતના નાથને હવાલે કરી કેવલ કર્તવ્યનો મંત્ર ભણી રહ્યા છીએ. ઊઠા દો લંગર, છોડ દો નૈયા, કિનારે લગાવવાવાળો લગાવશે. દૂતને શીઘ્ર હાજર કરો, જેથી સહુની ચિંતાનું નિરાકરણ થાય! પ્રતિહારી, સંદેશવાહકને સત્વર રાજસભામાં હાજર કર."

ક્ષણવારમાં નખથી તે શિખ સુધી સફેદ પોષાકમાં સજ્જ થયેલો રાજદૂત સભામાં હાજર થયો. એના બે હાથમાં સુવર્ણનો મોટો થાળ હતો: ને ઉપર બહુમૂલ્ય ચીનાઈ રેશમનો ધ્વજ ઢાંકેલો હતો. દૂત અભિવાદન કરી ઘૂંટણીએ પડ્યો.

"રાજદૂત, રણાંગણના શા વર્તમાન છે? તું કયો સંદેશો

લઈને ઉપસ્થિત થયો છે, તે નિવેદન કર. તારા હાથના આ સુવર્ણ-થાળમાં શું ઢાંકેલું છે?"

"મહારાજ પ્રસન્ન હો! રણાંગણ પરથી મહાસેનાપતિ શ્રીધર સંદેશો કહાવે છે, કે બહોળા નૌકાસૈન્યની સહાયથી ગંગા કાંઠાના પ્રદેશમાંથી શત્રુઓનો પરાભવ કર્યો છે. આપણી સત્તામાંથી છટકી જવા માગતા કામરૂપ, કલિંગ ને રાઘવને ફરીથી આજ્ઞામાં આણ્યા છે, યવનોને આસપાસથી જેર કરી નાખ્યા છે: ને એ કાર્ય શ્રી મહારાજની કૃપાથી અવિરત ચાલુ છે. હેઠ કાશી ને પુરીમાં આપણા જયસ્થંભ રોપ્યા છે. પણ અમારા વિજયના સોનાના થાળમાં કુદરતે લોઢાની મેખ મારી અમને હતોત્સાહ કરી નાખ્યા છે."

"પાટનગરની સ્થાપના પ્રસંગે સમાચાર તો સારા સંભળાવ્યા, પણ સાહિત્યવિલાસી મહાસેનાપતિએ સોનાની થાળીમાં લોઢાની મેખ શી મારી?" મહારાજના ચહેરા પર ઉગ્રતા હતી. રાજસભાના ચહેરા પર પણ અજબ કુતૂહલ રમી રહ્યું હતું.

રાજદૂત આ પ્રશ્નનો જવાબ આપી ન શક્યો. એ મસ્તક નમાવી થોડાંએક ડગ આગળ વધ્યો, ને સિંહાસન પાસે સુવર્ણથાળ મૂકી મસ્તક પૃથ્વી પર અડાડી નમન કરી રહ્યો.

"રાજદૂત, રાજભામાં આ નાટક ન શોભે. હિંમતથી ખુલાસો કરી દે!"

પહાડ જેવા પડછંદ ને દૈત્ય જેવા વિકરાળ દૂતની આંખોમાંથી શ્રાવણ–ભાદરવો વરસતા હતા.

"આ વિચિત્ર વર્તાવનું કારણ નથી સમજાતું." મહારાજ સિંહાસન પરથી ઊભા થયા. સુવર્ણથાળ પર ઢાંકેલો રેશમી ધ્વજ ખેંચી લીધો. ખેંચતાંની સાથે જે દૃશ્ય નજરે પડ્યું, એ દૃશ્ય ક્ષણ-ભર મહારાજ પોતે જોઈ ન શક્યા. એમની આંખે અંધારાં આવી

ગયાં. પણ નિરાશાની પળને ખંખેરી નાખતા શાર્દૂલની જેમ મહારાજે મસ્તક હલાવ્યું. પળવારમાં સ્વસ્થ થઈ સુવર્ણથાળ ઊંચો કર્યો.

વહી ગયેલા લોહીના ખાબોચિયામાં બેઠેલું રૂપાળું ગૌર કુમાર માધવસેનનું મસ્તક, જાણે હમણાં બોલી ઊઠશે એવી મોહિની ધારી રહ્યું હતું. છૂટા કેશકલાપ ને ભાલમાં ચંદનની અર્ચા હજી એટલાં જ તાજાં હતાં. ગુલાબની પાંખડી જેવા ઓષ્ઠ હજી અર્ધખૂલ્યા જ હતા, જાણે હમણાં બોલ્યા કે બોલશે !

રાજસભા શોકગ્રસ્ત બની ઊભી થઈ ગઈ. મહામાત્ય પોતાનાં આંસુ ખાળી ન શકયા.

મહામહેનતે સ્વસ્થ થયેલો દૂત કહી રહ્યો હતો :

" મહારાજ પ્રસન્ન હો ! શત્રુસેના સામે લડતાં સામા મોંએ એ હણાયા. સેનાપતિ શ્રીધર પણ અત્યંત ઘાયલ થઈ પડદે પડયા છે. તેમણે એકલે હાથે શત્રુસેના વચ્ચે જઈ કુમારદેવના મસ્તકને આણ્યું છે."

" ચિરંજીવ, કુમાર ! આવ, બેટા ! છેલ્લી વારની એક ચૂમી લઈ લેવા દે ! હે સ્વર્ગના વાસી !"

મહારાજે રેશમની લચ્છી જેવી વાળની લટ ઊંચી કરી મરેલા પુત્રના કપોલપ્રદેશ પર જોરથી ચુંબન કર્યું. આ દૃશ્ય સભા ન જીરવી શકી. કેટલાક મોટે અવાજે રડવા માંડયું. આ રુદનના અવાજોને કારતો મહારાજનો અવાજ ગાજયો:

" પુરોહિતજી ! "

પુરોહિત હલાયુધ આગળ આવ્યા.

" કુમારના રક્તથી અમને સહુને તિલક કરો ! આવાં મોંઘાં લોહીનાં તિલક તો ક્ષત્રિયને પરમ ભાગ્યથી જ લાધે."

પુરોહિતજીએ ધ્રૂજતે હાથે મહારાજને તિલક કર્યું. સભા આ દૃશ્ય જોઈ શકતી નહોતી. પ્રજાવત્સલ રાજવીની વેદના એમના હૈયે ભરી વાદળીની જેમ વરસતી હતી.

“ સભાજનો, આજના મંગળમય દિવસે કોઈ રુદનના સ્વરો કાઢશો મા. રોવાની આ વેળા નથી. કુમાર માધવસેનના વિક્રમે આપણી તમામ કાલિમા ધોઈ નાખી. આ નગરનું નામ મેં વિજયપુર રાખવા ઇચ્છેલું, પણ વિક્રમસંવતની જેમ એ પણ વિક્રમપુર કહેવાશે. આજ વિક્રમપુર અમર થઈ ગયું. પાટનગરીના પાયા બલિદાનના મોંઘેરા રક્તથી છંટાયા. મર્દોના મોત પર મરશિયા ન હોય, નરસિંહોની જાનન્યોછાવરી પર જીવતરના બળાપા ન હોય. એવા જીવનસાફલ્યસમા મૃત્યુની તો આપણુ સહુને કામના હોય.” મહારાજ ક્ષણુવાર થોભ્યા. એમના ચહેરા પર મમતાની છાયા નહોતી, મર્દપણાનાં મહાતેજ પથરાયેલાં હતાં.

“ કુમાર માધવસેન મરીને અમર થઈ ગયો, અનંત તારાગણોથી ઉજ્જવળ આકાશમાં એ પણ એક પ્રકાશવંત તારક બની ગયો. માયા–મોહની અંધારી રાતે આપણુ સહુને એ સદા કર્તવ્યનો માર્ગ દાખવતો રહેશે. સદા સંદેશ પાઠવતો રહેશે કે ધર્મ, દેશ કે દુનિયાને માટે કુરબાની કરનાર આ માયાવી જગતને જીતી જાય છે.

“ અને સભાજનો, પિતા–પુત્રના સંબંધથી હું કદાચ ખેદ કરું, પણ જેણે ભાગવત ધર્મનું રહસ્ય જાણ્યું છે, એ એવા ગર્વને પણ માયાનું કારણુ લેખે. આપણાં બાળકો એ કંઈ આપણી મિલકત નથી. સર્વશક્તિમાન પરમાત્મા જે સહુનો મહાન પિતા છે, એણે તમને નિમિત્ત બનાવીને તેઓનો જન્મ આપ્યો એટલું જ. નિમિત્તમાત્ર બનનાર કતૃત્વની ખુમારી કરી શકતો નથી. પ્રાણી માત્ર પરમેશ્વરની શેતરંજનું પ્યાદું છે. એની મરજીવિરુદ્ધ એક પણ ચાલ કોઈ ચાલી શકતું નથી.” પરમ ભાગવત મહારાજની આ ફિલસૂફી સભાને

મુગ્ધ કરી રહી. પોતાના ખીરોદાત્ત રાજવી પ્રત્યે વફાદારીથી એમનાં દિલ દ્રવી રહ્યાં.

મહારાજે પુનઃ પોતાનું વક્તવ્ય ચાલુ કર્યું: "આજના પ્રસંગને કોઈ શોકનો પ્રસંગ સમજશો નહીં. આજની રાતે પાટનગરીને દીપકોથી ઝળહળાવી દેજો. રણાંગણના સાથરે સૂનાર ક્ષત્રિય તો ત્રણ જગત જીતી ગયો. બાકી સભાજનો, નિરાશાના મહાસ્મૃત્યુથી ઊગરેલો હું, એક જ બોધપાઠ ભણ્યો છું, કે કર્તવ્યને સદા કર્તવ્ય જ લેખો. એમાં બાંધછોડ ન ચાલે. કર્તવ્ય માગતું હોય ત્યારે મસ્તકની માયા ધરનાર આલોક અને પરલોક બંને બગાડે છે." મહારાજ અટક્યા. પુનઃ થોડીવારે બોલ્યા :

"કેશવ !"

"પિતાજી !" વીસેક વર્ષની તારુણ્યભરી અવસ્થાવાળો કેશવસેન હાથ જોડીને સામે આવી ઊભો રહ્યો.

"કેશવ !" મહારાજની આંખો પુત્ર પર નહોતી, એ દૂર નભોમંડળ પર ખેંચાયેલી હતી. એમણે દૂર દૂર આકાશ તરફ જોતાં કહ્યું:

"કેશવસેન, ભાઈનું ખાલી સ્થાન..."

"ભાઈ લેશે." વચ્ચે જ કેશવસેને વાક્ય ઉપાડી લીધું. "પિતાજી, ભર્યા દરબાર વચ્ચે પાનનું બીડું આપો, જેથી આજે લાલચોળ પાનનું બીડું ચાવીને રણમેદાનમાં જાઉં ને એ જ લાલ મોંએ હું સામનો કરી શકું. પિતાજી, આશીર્વાદ આપો."

"આશીર્વાદ, બેટા !" મહારાજ હજીય નેત્ર બીજે રાખી રહ્યા હતા. પુત્રના મુખ સામે જોતાં જાણે તેઓ કંઈક ભય અનુભવતા હતા.

"મને પણ આશીર્વાદ આપો." એક રૂપેરી ઘંટડી જેવો અવાજ આવ્યો. બાળકના જેવી મૃદુતા એમાં હતી.

"કોણ ?" મહારાજે નેત્રને નીચાં કર્યાં.

"હું, મહાસેનાનાયક શ્રીધરનું સંતાન."

"કોણ કંસમર્દન, વત્સ, તારે શા અર્થે આશીર્વાદ જોઈએ ?"

"યુવરાજ કેશવસેનના અંગસેવક તરીકે રણાંગણમાં જવા."

"ના. કંસમર્દન, તારાં તો લગ્ન લેવાણાં છે. શ્રીધરને મેં પત્ર લખેલો જ છે."

"મહારાજ, મારાં લગ્ન થઈ ચૂકયાં. હવે તો રણસુંદરી સિવાય કોઈની સાથે મને પ્રેમ નહીં થાય."

"કંસમર્દન, તને હું આશીર્વાદ નહીં આપું."

"મહારાજ, ક્ષમા કરજો. તો આ તમારી તલવાર તમારે ચરણે. મમતાના પડછાયા પાછળ મહાસામંત વર્દ્ધદાસના કુળને કાલિમા નહીં લાગવા દેવાય. પુત્રોને હસતે મુખે બલિ આપતાં લેશ-માત્ર આંચકો ન ખાનાર, પારકા પુત્ર માટે આટલી ચિંતા કાં ધરાવે ?"

"કંસમર્દન, તેં સુંદર પ્રશ્ન કર્યો. રક્ષણ કરે તે રાજા; પ્રજાને પાળે તે પ્રજાપતિ. પ્રજાની વૈભવસંપત, પ્રજાનાં સદાનાં માનપાનના અધિકારી રાજાની શું ફરજ નથી, કે પ્રજાની વિપદવેળાએ પોતાના તન, મન, ધનથી તેની સેવા કરવી? પ્રજા પોતાનો ધર્મ અદા કરશે તો શું રાજા પોતાનો કર્તવ્યધર્મ ચૂકશે? સેનાપતિ શ્રીધરનું તું એક માત્ર સંતાન છે. મારે તો ત્રણ ત્રણ સંતાન છે."

"મહારાજ, આગ લાગે ત્યારે કોણે કેટલા ઘડા નાંખ્યા એ ન જોવાય. જેની પાસે જે હોય તે લઈ સહુએ હાજર થવાનું હોય. આશીર્વાદ આપો મહારાજ !"

"અને અમને પણ આશીર્વાદ આપો !" રાજસભામાંથી પોકારો આવ્યા.

"તમારી સ્વામીભક્તિ માટે મને માન છે. મારા તો સહુને આશીર્વાદ જ હોય. આ વૃદ્ધાવસ્થાએ રણમેદાનમાં મરવાનું સદ્ભાગ્ય પામવાની મને પણ હોંશ છે, પણ આપણે યોજનાપૂર્વક લડવાનું છે. ભગવાન કંસવિજેતા શ્રીકૃષ્ણ જેમ જરાસંધ, શિશુપાલ જેવા શત્રુઓ સાથે લડયા હતા, તેમ કળ અને બળ–બંનેથી લડવાનું છે. કુમાર કેશવસેન અને કંસમર્દન થોડા સૈનિકો સાથે ભલે રણમેદાનમાં જાય. બાકીના અત્રે રહી વિક્રમપુરને મજબૂત બનાવે; એનો કિલ્લો અજેય, એના વ્યૂહ દુર્ભેદ્ય, એની સંપત્તિ અજોડ ને એનું લાવલશ્કર વિશાળ બનાવે. કુમાર માધવસેને ઘણું કામ કરી લીધું છે; થોડું ઘણું બાકી છે, કુમાર કેશવસેન એ સંપૂર્ણ કરશે."

મહારાજ લક્ષ્મણસેન ધીરેથી ચાલીને સિંહાસન પર આરૂઢ થયા, ને અંતિમ વચનો બોલ્યા:

"સભાજનો, હવે રાજસભા સંપૂર્ણ થાય છે. મેં ખિલજીને કહેવરાવ્યું છે, કે ભડનો દીકરો હોય તો ચાલ્યો આવ. લક્ષ્મણાવતી ભલે ગયું. આજે એની ચિંતા નથી કરવી. આપણો નવો મોરચો મજબૂત કરો. મારાં બે સ્વપ્ન છે: ગૌડના શત્રુઓનો સંપૂર્ણ પરાભવ અને વૈષ્ણવ ધર્મનો સર્વત્ર પ્રચાર. આ માટે વિક્રમપુરની આ સ્થાપના તમને સહુને યાદ રહે. તમારા દ્વારા તમારાં સંતાનોને એ વારસો મળતો રહે. આજ આખા નગરમાં દીપમાલાઓ પ્રગટાવજો, સહુ કથાકીર્તન કરજો, શોકની ભાવના કોઈ હૃદયમાં ધારશો નહીં. કર્તવ્યની વિચારણા કરજો. કુમાર માધવસેનના મસ્તકને એક સુવર્ણરચિત પાલખીમાં પધરાવી નગરમાં ફેરવી વિક્રમપુરને પાદર અગ્નિસંસ્કાર થશે. વિક્રમપુરને પાદર ભલે બત્રીસલક્ષણાની મહાન

ચિતાભસ્મ વેરાય. એ ભસ્મમાંથી ન જાણે શું શું શૌર્યસમૃદ્ધિ લાધશે."

સભા વિસર્જન થઈ. મહારાજ પોતાના મંત્રણાગૃહમાં પ્રવેશ કરે છે, ત્યાં કંચુકીએ આવીને કહ્યું:

"અન્નદાતા, અંતઃપુર વિલાપ અને આક્રંદથી કંપી ઊઠયો છે. સહુ આપને યાદ કરે છે."

"ચાલો, હું આવું છું."

મહારાજ અંતઃપુર તરફ વળ્યા. અંતર ન જાણે કયા હૈયાભારથી ગળી જતું હતું.

૧૨. સિંહાસન કે શરશય્યા

રાજમહેલના પાર્શ્વભાગમાં અંતઃપુર આવેલું છે. અંતઃપુરમાં જવા માટે રાજભવનમાંથી બંને બાજુ શિલ્પથી ભરેલી એક સંગેમરમરની પગથી આવેલી છે. આ પગથીની બંને બાજુ ઊડતા ફુવારા, સ્ફટિક શા સારસ ને હંસથી સુશોભિત કુંડ ને ચંદનવૃક્ષો આવેલાં છે. રાજકાજની ઉષ્ણતા અનુભવીને આવતા રાજવીને એ મધુર મધુર લહરીઓથી શાન્તિ પહોંચાડે છે. અંતઃપુરના મજબૂત પ્રવેશદ્વાર પર બે સશક્ત ને સશસ્ત્ર કંચુકીઓ પહેરો ભરે છે. તેમની પરવાનગી વિના એક જંતુ પણ તેમાં પ્રવેશ કરી શકતું નથી.

અંતઃપુરમાં પ્રવેશ પામનાર એકવાર અમરાપુરીની ભ્રમણામાં પડી જાય, એવી કલાચાતુરી અહીં યોજાયેલી છે. કુશળ શિલ્પીઓએ અને ચતુર ચિતારાઓએ એક એક ખૂણો પોતાની કળાની કરામતોથી ભરી દીધો છે. સંપૂર્ણ અંતરભાગ નકશીમય સ્તંભો, સુશોભિત આવાસો ને સોનારૂપાના ઢોળથી શણગારેલા ખંડોથી ભરપૂર છે. આ અંતઃપુરમાં સૂર્ય પ્રવેશ કરી શકતો નહીં; એનો મૃદુ મૃદુ પ્રકાશ મણિફલકની બનાવેલી વાતાયનો અને પારદર્શક પથ્થરોમાંથી બધે ઢળાતો. આખા અંતઃપુરને સુગંધી રાખવા ફૂલવેલો ને નાના નાના કુંજ અને સ્વચ્છ રાખવા નાનાં નાનાં ઝરણું વહે જતાં હતાં.

ઋતુઓ અહીં આવતી તો પોતાનો ધર્મ બદલીને આવતી. શિશિરઋતુ ઉષ્મા લઈને આવતી, વસંત મલયાનિલ લઈને આવતો, વર્ષા ઇંદ્રધનુના શણગાર સજીને આવતી. સોનેરી આસનો, રત્નજડિત

પીઠિકાઓ, ચીનાઈ બહુમૂલ્ય રેશમના ગાદીતકિયાઓ, ચિતરામણોથી ભરપૂર છત્રપલંગો અને રત્નજડિત દીવીઓ ખંડેખંડમાં યોગ્ય રીતે ગોઠવાયેલી હતી. ઊભી લીસી દીવાલો પર કૃષ્ણનગરની પૂતળીઓ અને ચીનાઈ રમકડાં ગોઠવેલાં હતાં. હાથીદાંત, સાગ અને સીસમની સંદૂકોમાં નવનવાં અમુલખ હીરચીર ભરેલાં હતાં.

પ્રત્યેક ખંડના દ્વાર પર, ટોડલા પર કે વાતાયનમાં કુશળ, નયનમનોહર પંખીઓનાં સુવર્ણમય રત્નજડિત પાંજરાં લટકતાં હતાં. હાસ્યમાં કુશલ, સ્વાગત કરવામાં પટુ ને વ્યંગોક્તિમાં વિશારદ આ પંખીઓ આખા અંતઃપુરને આનંદી બનાવતાં હતાં. ઠેરઠેર કીમતી ધૂપદાનીઓમાંથી સુગંધી ધૂપ ગૂંચળાં વળતો બધે પ્રસરતો હતો.

શિલ્પીઓએ સંગેમરમરની સુંદરીઓ કંડારી દ્વારોપાન્તમાં મૂકી હતી. નમણી, નાજુક, ભરાવદાર સ્તનોથી ઝૂકી જતી, એ શિલ્પકૃતિઓ પરિચિતને ભ્રમમાં નાખતી. ચિતારાઓએ દીવાલોના સપાટ ભાગને પોતાની રંગબેરંગી પીંછીઓના ચમત્કારથી બોલતો કરી નાખ્યો હતો.

અંતઃપુરના એક ભાગમાં ચાંદની ગૃહ હતું. અંતઃપુરની અસૂર્યંપશ્યાઓ ચાંદની રાતે ત્યાં ઉત્સવ કરતી, આમોદ કરતી. વરેંદ્રભૂમિના પહાડો પાછળથી ચંદ્ર પોતાનો રૂપેરી ગોળો આકાશમાં રમવા મોકલતો ને આ રાતરાણીઓ ઉલ્લાસમાં થનગની રહેતી. આ અંતઃપુરના એક ખુલ્લા ભાગમાં નૃત્યગૃહ આવ્યું હતું. આર્યાવર્તની પ્રસિદ્ધ નર્તિકાઓ અહીં નાચ કરતી. અનેક પ્રકારનાં વાદ્યો પણ વસાવવામાં આવ્યાં હતાં. આ નૃત્યગૃહની પાસે જ રસશાળા આવી હતી. વિદ્યાવિલાસિની સુંદરીઓ અહીં કાવ્ય કરતી, કવિતા રચતી, પ્રાસાનુપ્રાસ ને નવરસની ચર્ચા કરતી. કેટલીક વાર અંતઃપુરની નવયૌવનાઓ એકાદ નાનું નાટક પણ યોજતી.

સદા હાસ્ય, સદા આમોદ, સદા ગીત, સદા નૃત્યથી અંતઃપુર ગાજી રહેતું. મહારાણી મૃણાલદેવી સાલસ, શાન્ત ને ભક્તિભર્યા સ્વભાવનાં હતાં. અંતઃપુરની ખટપટોથી એ સદા અળગાં રહેતાં. પોતાના ગુણ અને પોતાનો સ્વભાવ રાજકુમારી રાધિકાના હૃદયમાં પ્રવેશે તે માટે તેઓ સદા યત્ન કરતાં.

હાસ્યની લહેરોથી હિલોળા દઈ રહેલા આ સુખી ને શાન્ત મહાસાગરમાં આજ એકાએક શોકનો વડવાનળ ભભૂકી ઊઠયો.

યુવરાજ માધવસેનના મૃત્યુના સમાચાર અંતઃપુરમાં ફરી વળ્યા હતા, ને સાથે કેશવસેનના રણભૂમિ પ્રતિ પ્રયાણ કરવાના વર્તમાન પણ વાયુવેગે આવ્યા.

મહારાજ લક્ષ્મણસેન અંતઃપુરના પ્રવેશદ્વાર પર પધારતાંની સાથે મહારાણીએ જોરથી આક્રંદ કરવા માંડયું.

"સ્વામીનાથ, મારો લાલ!" ને મહારાણી બેભાન થઈ ધરતી પર ઢળ્યાં.

"પિતાજી, મારો ભાઈ!" કુમારી રાધિકા મુક્ત કંઠે વિલાપ કરવા લાગ્યાં.

પણ મહારાજની નજર ત્યાં નહોતી, દૂર–ખંડના એક ખૂણે પોતાની ગોરી ગોરી કાયા ઢાંકીને બેઠેલી નવોઢા નારી પર હતી. અશ્રુ એની આંખમાંથી ખૂટી ગયાં હતાં. સુકાઈ ગયેલા સરોવરની ભૂમિ ઉનાળે જે લા કાઢે, એવી જ લા એમાં લાગી ચૂકી હતી. મોં પર કંકુ વેરાય એટલી લાલાશ આવી હતી, ને હાથ ઘસી ઘસીને જાણે હિંગળોકિયાં બનાવ્યા હતા.

પરિચારિકાઓ રાણીજીના મુખપર શીતલ ગુલાબજળ છાંટી, એમને ભાનમાં લાવી રહી હતી. થોડીવારે ભાનમાં આવતાં ફરીથી ચીસ પાડીને એમણે કહ્યું:

"નાથ, મારો લાલ લાવો! મારા લાડલાને મને સોંપો. મારે રાજ નથી જોતાં, મહેલ નથી જોતા, ખજાના ભલે મારા ખાલી રહે. મારા હૃદયનો ખજાનો કોઈ લૂંટી લેશો મા!"

"શાન્ત થાઓ, રાણી! ક્ષત્રિયાણી છો, એ રખે ભૂલતાં. તમારો લાલ તો અમર થઈ ગયો; દેશને ખાતર દેહ આપીને સ્વર્ગનો અધિકારી બની ગયો. તેત્રીસ કોટી દેવતાઓમાં એ એનું સ્થાન પામી ગયો. એને માટે શોક ન હોય; પૂજા હોય, સ્મરણ હોય, સંકીર્તન હોય."

"રાજાજી, શોક કેમ ન હોય? જુવાનજોધ દીકરો ઊપડી ગયો છે, કંઈ પાંજરામાંથી પંખી ઊડી નથી ગયું! ક્ષત્રિયાણી થઈ એટલે સ્ત્રી મટી ગઈ? માતાનું કલેજું તમે શું જાણો?"

"પિતાને કંઈ નહીં? તમારી પ્રસૂતિની વેદના કરતાં પિતાને હૈયે વધુ વેદના છે. રાણી! બેટા માટેની બાપની ઝંખના તમે શું જાણો? તમે પ્યાર કરી જાણો, સ્નેહ કરી જાણો, પણ બાપના જેટલી મહોબ્બત કેળવી ન જાણો! પુત્ર એ તો પુરુષાર્થી પિતાના અધૂરા અરમાન પૂરા કરનાર, ક્ષત્રિય પિતાનાં બાકી રહેલા વેરના સરવાળા–બાદબાકી સરખાં કરનાર, પિતાએ પોષેલ બગીચાને ઉછેરનાર અધિકારી છે. એ માટે જ શાસ્ત્રમાં પિંડદાનનો મહિમા વર્ણવ્યો છે, ને અપુત્રપિતાની અગતિ વર્ણવી છે. વળી તમે જન્મ આપ્યો એટલે તમારો પુત્ર થયો? સંસારમાં કોણ કોનાં પિતા–માતા ને કોણ કોનો પુત્ર!"

"પિતાજી, એવું ન બોલશો. આ તો રક્તસંબંધ છે. હજી અમે સંન્યાસ નથી લીધો કે ભિખ્ખુ કે ભિખ્ખુણી નથી બન્યાં." રાધાકુમારીએ માતાનો પક્ષ લીધો.

"રક્તસંબંધની વાત સાચી છે, રાધિકા! પણ જે રાજા થયો,

જે પ્રજાનો પિતા થયો, એનો પોતાની પ્રજા પ્રત્યેનો ધર્મ ભિન્ન છે. આ માન સન્માન, આ સ્વર્ગીય સંપત્ત ને વૈભવીય જીવન, આ સત્તા, આ સામર્થ્ય પ્રજાએ પોતાનાં બચ્ચાં અર્ધભૂખ્યાં રાખીને તમને આપ્યાં છે. રાજા થનારને અંગત કંઈ હોતું નથી. એ સમજે તો સંન્યાસીનો પણ સંન્યાસી છે." મહારાજ આગળ વધ્યા, ને રાણીજીને આશ્વાસન આપતા કહેવા લાગ્યાઃ

"રાણીજી, અફસોસની આ વેળા નથી. સિંહનું સંતાન સિંહ નીવડ્યાનો હર્ષ કરો ! ક્ષત્રિયનો બેટો રણભૂમિમાંથી જીવતર વહાલું કરીને આવ્યો હોત તો વગર મોતે આપણને મોત ઘેરી વળત. રાણી, મને તો જીવતાં જીવે પિંડદાન મળી ગયું, હવે કોઈ પાછળ આપે કે ન આપે, એની ચિંતા રહી નથી."

"પિતાજી, મને સતી થવાની આજ્ઞા આપો !" ઉદ્યાનમાંથી કોઈ કોકિલાનો ટહુકો આવ્યો.

કંકુની રચેલ સુરેખ પ્રતિમાશી કુમાર માધવસેનની પત્ની નત મસ્તકે આજ્ઞા માગી રહી હતી.

"સતી મા, અમે શું આજ્ઞા આપીએ. તમે જ આશીર્વાદ આપો !" વજ્રહૃદયી મહારાજનું હૈયું આ સૌંદર્ય-પ્રતિમાને જોઈ દ્રવી ઊઠયું. એમના લાલચોળ નેત્રોના એક ખૂણે પાણીનું બિંદુ ઝળકી ઊઠયું. થોડીવારમાં સ્વસ્થ થઈ મહારાજે કહ્યું:

"વહુરાણી, કુસુમસમો આ દેહ અગ્નિજ્વાલાને અર્ધ્ય તરીકે આપવાનું કહેતાં મારું દિલ નથી માનતું. ભગવાન ગોવર્ધનધારીની ભક્તિ કરજો, તમારો શોકભાર એ ઉપાડી લેશે. તમારો સ્વામી મર્યો નથી. એ તો અણુએ અણુમાં સજીવન થઈને બેઠો છે. આ પુષ્પોમાં આ ઝરણુમાં, આ રાજભવનમાં, આ દેશની માટીમાં એ અજર-અમર છે. જ્યાં શોધશો ત્યાં સાંપડશે."

"ના પિતાજી, ચિતાની સ્થૂલ જ્વાલાઓ કરતાં અંતરની જ્વાલાઓ અસહ્ય બની છે. મને વિલંબ થાય છે. આજ્ઞા આપો! સ્વર્ગમાં મારા દેવ રાહ જોતા હશે."

"ભલે, પધારો, સતી મા! તમારા ચરણની તેજોમય રજ અમારા મસ્તક પર હજો! આ નગરીના દરવાજે તમારાં કલેજાનાં કુંમકુમથી એવા થાપા મારજો ને એવા આશીર્વાદ આપજો કે કદી સ્વધર્મ ચૂકે તો આ નગરી સ્મશાન બની જજો! સતી મા, સિધાવો!"

"અને કેશવને તમે રણક્ષેત્રમાં મોકલો છો?"

"હા. નહીં તો શું ક્ષત્રિયનો બેટો અંતઃપુરમાં બેઠો રહેશે? એને અંતરથી આશીર્વાદ આપજો, રાણી. ભાઈનું સ્થાન ભાઈ નહીં લે તો બીજો કોણ લેશે?"

"પણ એ અસુરોની સામે આ મારો કિસલય જેવો કેશવ કેમ કરીને ટકશે?"

"પહાડ જેવા હાથીને સિંહણનું નાનું શું સંતાન સંહારી શકે છે. મોરનાં ઇંડાં ચિતરવાં ન પડે. ચિતરવાં પડે તો સમજવું કે એ સાચાં નથી."

"ઘરડા ઘેર રહેશે ને બાળક લડશે, એ કેટલું શોભશે?"

"રાણીજી, પુત્રમોહ તમને આ બધી દલીલો સુઝાડે છે. રણવાસ કરતાં રણાંગણ ક્ષત્રિયને વધુ પ્રિય હોય. કેટલીક વાર મૃત્યુ કરતાં જીવતર વધુ દુઃખદ હોય છે. જેને માથે જે કાર્યભાર આવ્યો તે તેણે અદા કરવો રહ્યો. આવો મોહ રાખીને ક્ષત્રિયાણીઓ સંતાનનો જન્મ આપશે, તો ક્ષત્રિયત્વ નાશ પામશે. ક્ષત્રિયાણી તો સાત સાત પુત્ર હોમ્યા પછી ય એમ જ ચિંતવે કે આઠમો હોત તો બલિવેદીમાં અર્પી દેત! રજપૂતાણીઓ તો જગદંબાનો બીજો અવતાર છે, સંસાર સદા એની પૂજા કરે છે."

અંતઃપુરમાં રાજકુળની સ્ત્રીઓ એકઠી મળી રહી હતી. ચંદનની અર્ચાઓ ને કંકુના શૃંગાર સતીને શરીરે થઈ રહ્યા હતા. 'જય અંબે, જય અંબે'ના પોકારથી રાજભવન ગાજી ઊઠયું; નગરમાં આ વર્તમાન પ્રસરતાં રાજચોકમાં માનવીનો મહાસાગર ઉમટયો.

સતીમાએ વિદાયની તૈયારી કરી.

કેશવે પગે લાગી ચરણરજ મસ્તક પર ચડાવી ને કહ્યું: "સતી મા, આશીર્વાદ આપો!"

"આશીર્વાદ છે, મારા ભાઈ! નવ ખંડમાં તમારી નામના રહેજો."

રાધાકુમારીએ ચરણરજ લઈ આશીર્વાદ માગ્યા. રાજકુળની બીજી સ્ત્રીઓ પણ તેનું અનુકરણ કરવા લાગી. મહારાણી તો આંખમાંથી શ્રાવણ-ભાદરવો વરસાવતાં ઊભાં હતાં.

થોડીવારમાં સુવર્ણજડિત પાલખી આવી પહોંચી. સતી મા બે હાથે સ્વામીનાથના મસ્તકને ખોળામાં લઈ પાલખીમાં બેઠાં. એ વેળાનું દૃશ્ય ભલભલાને રડાવતું હતું.

એક જ દિવસમાં કેટકેટલી ઘટનાઓ! કોક દિવસ જ એવા ભારબોજ લઈને ઊગે છે.

સંધ્યાકાળ થતાં થતાં નગરના પાદર પર અગ્નિની જ્વાલાઓ ભભૂકી ઊઠી. જય અંબે જય અંબેના નાદથી આકાશ ધ્રૂજી ઊઠયું. એ દિવસે આખું નગર દીપકોથી ઝળહળી ઊઠયું, પણ એ દીપકોય જાણે આનંદના નહોતા. સ્થિર બનીને સમાધિસ્થ યોગીશાં પોતાનાં ગંભીર તેજ પ્રસારતા હતા.

રાજભવન ગમગીન હતું. અંતઃપુરમાં સહુ જાણે દીવાલનાં ચિત્રો જેવાં નિષ્ક્રિય હતાં.

રાજપુરોહિત હલાયુધ ભાગ્યે જ અંતપુરમાં આવતા. તેમાં પણ છેલ્લો ઘાત વીતી ગયા પછી તેઓ જેમ બને તેમ ઓછું બહાર નીકળતા: પણ આજે તો તેઓ સ્વયં ધીરે ધીરે પરિચારકના ટેકે ટેકે આવી રહ્યા હતા.

મહારાજ લક્ષ્મણસેન ચિતાદર્શન કરીને આવ્યા પછી ભગવાન રાધારમણના મંદિરમાં ઘૂંટણીએ બેઠા હતા. બે હાથની અંજલિ રચેલી હતી, ને નેત્રોમાંથી ટપટપ મોતી ટપકતાં હતાં. ભગવાન સિવાય અન્યને મસ્તક ન નમાવનાર, આજે પોતાનું હૈયું પણ કોની પાસે ખાલી કરે!

"અન્તે તો પિતાનું હૃદયને! મહારાજ, આંસુ બહુ વહેવડાવશો નહીં. ક્ષત્રિયનાં આંસુમાં તો પ્રલયનાં કણ હોય છે."

"મહારાજ, હૈયાભાર ઓછો થાય તેમ કરો!"

"યોજના વિચારી છે. મંજૂરીની મહોર મારો એટલી જ વાર છે. આપનો જન્મોત્સવ મોટા આડંબરથી ઉજવવાનો નિર્ણય કર્યો છે. દેશદેશમાં વર્તમાન આપીશું, એક વિદ્વદ્સભા, એક કવિસભા પણ યોજવાની ઇચ્છા છે."

"મારો જન્મોત્સવ નહીં, કૃષ્ણજન્મોત્સવ યોજો. એમાં મારી સંમતિ છે. ભગવદ્સ્મરણ સિવાય મને શાન્તિ નહીં લાધે."

મહારાજ અને પુરોહિતજી પછી ઘણીવાર સુધી એકાંતમાં બેઠા. વિક્રમપુર તેજના દીપકોથી ઝળાંહળાં હતું, પણ હર્ષ કે આમોદના ઉછાળા ક્યાંય દેખાતા નહોતા.

"પુરોહિતજી, સિંહાસન પણ એક શરશય્યા છે."

"સાચું છે. કોક ભીષ્મ પિતામહ જ એને વેઠી શકે છે, મહારાજ!"

૧૩. આચાર્યજીની યાદ

મધરાતનું અબોલ હૈયું કાળી કાળી વેદનાની ઘટાઓથી છવાયેલું હતું. શ્રાવણનું આકાશ સ્વચ્છ હતું. એને હૈયે નાની નાની વાદળીઓ હતી, પણ એ વરસે તેવી નહોતી. ન વરસતી વાદળીની વ્યથા ભારે હતી. એ હવાની લહેરો સાથે પૂર્વથી પશ્ચિમાકાશ સુધી ને પશ્ચિમાકાશથી ઉત્તર દિશામાં અથડાયા કરતી હતી. જીવનના ભાર એને વરસવા દેતા નહોતા—એની વિહ્વલતા પણ ઓછી કરતા નહોતા.

પૃથ્વી જંપેલી હતી. દિશાઓ શાન્ત હતી. હવા મંદ હતી. આકાશના ઓઢણામાં નવલખ તારા ચમકતા હતા. વિક્રમપુરના ચોકીદારો સિવાય કોઈ અત્યારે આકાશના તારાને નિહાળતું નહોતું. હજારો મીંચાયેલી આંખો પર આ થોડી ઘણી આંખો ચોકી કરતી હતી. પણ રાતની ઠંડી મીઠી હવા એમને પણ કોઈ હૂંફાળો ખૂણો શોધવાનો આગ્રહ કરી રહી હતી. આકાશમાં ઝબૂક ઝબૂક થતી હરણી એમને દૂર દૂર, પલંગમાં એકાકી સૂતેલી પોતાની મૃગનયની પ્રિયતમાની યાદ જગાડતી. આલસ્યભર્યાં નૈનાંવાળી, વૃક્ષને આલિંગવા ઉન્મત્ત બનેલી વેલીની જેમ ધ્રૂજતી પ્રિયા જાણે દેશી ભાષામાં સંભળાવી રહી હતી:

ચાર ટકાકી તેરી ચાકરી,
લાખ મહોરકી મેરી રાત;
નિકટકી કર લો ચાકરી,
સાજન, સાંજ પડે ઘર આવ !

વિરહિણીના ઠપકાના આ અમોલ પડઘા સાંભળતાં સાંભળતાં, ચાર ટકા ને લાખ મહોરનો ભેદ સમજવા છતાંય, કર્તવ્યના બંધાયેલા રસીલા ચોકીદારો ઓઢણને ગાઢ આશ્લેષ આપીને અંતરનાં દુઃખ ઓછાં કરતા હતા.

વિક્રમપુરની આ નાની શી દુનિયામાં કેવલ આકાશની વાદળી અને ચોકીદારોની હૈયાવાદળી જ ભારે નહોતી, એથી પણ ભારે બોજ લઈને એક હૈયાવાદળી અત્યારે અંધકારમાં આથડી રહી હતી. કોકવાર એ આકૃતિ દુર્ગના ઊંચા બુરજ પર ચઢીને આકાશને નિહાળી રહેતી; કોક વાર નગરની શેરીઓ– વીથિકાઓમાં ફરી વળતી; કોઈ વાર અંધકારનાં ઉંડાણને ભેદવા મથતી. ઘૂવડના ઘૂઘૂઘૂ અવાજ જાણે એના દિલને સાતા પહોંચાડતા ને ચીબરીની ચીસો જાણે અંતરમાં પેઠેલી કોઈ આકુળવ્યાકુળ ચીબરીનો આભાસ આપતી.

વિક્રમપુર ઉપરથી શત્રુના ઓળા હઠી ગયા હતા. કેશવસેન અને કંસમર્દનની રણહાકે પ્રજામાં પૂર્ણ શાન્તિ પ્રસારવી હતી. છતાંય વિક્રમપુરનો રક્ષાવિભાગ કંઈ ગાફેલ નહોતો. કૃષ્ણજન્મોત્સવના સમાચાર બધે પ્રસર્યા પછી, દૂર દૂરથી માણસો આવી રહ્યા હતા. એમાં પંડિતજનો હતા, કવિચાતુર્યમાં કુશળ વિદ્વાનો હતા. તર્કભૂષણો હતા, વાદવિદ્યાવિશારદો હતા, નટ, વિટ ને ગાયકો પણ હતા ને ભક્તહૃદય ભાવિકો પણ હતા. ઉત્સવરસિયાં નરનારીઓનો પાર નહોતોઃ ને આ ઉત્સવરસિકજનો પાસે કમાવા આવેલ કુશળ વેપારીઓનો પણ તોટો નહોતો. ખાનપાનની, તાંબુલ મુખવાસની, અબીલગુલાલની અનેક દુકાનો હતી. કૃષ્ણનગરના કુશળ કલાકારો પોતાની વિધવિધ ઘાટની પૂતળીઓ લઈને આવ્યા હતા. એ પૂતળીઓમાં કેટલીક તો એવી આબેહૂબ હતી કે માત્ર જાન નાખવાની જ બાકી હતી. કૃષ્ણનગરની સુંદર પૂતળીઓની બાજુમાં નવદ્વીપની બેનમૂન મૂર્તિઓની દુકાનો હતી.

વંગદેશની વસ્ત્રરચના તો અદ્દભુત હતી. સાતપડો સાળુ ઓઢેલી સુંદરીના અંગપ્રત્યંગ દેખાયા વિના ન રહેતાં. સોનાની સળીઓનું, જરીભરતનું બેનમૂન કસબ એમાં વણાતું. શ્રીહટની ઢાલ, લાહોરી તલવાર, કાશ્મીરી કંકુ, પશ્મીનાની મૂલ્યવાન શાલના વેચનારા અહીં દિવસોથી આવીને મુકામ નાખી રહ્યા હતા. ઠેઠ ચીનથી રમકડાં વેચનારા, ને રેશમ વેચનારા વેપારીઓ પણ અહીં આવેલા દષ્ટિપથમાં આવતા હતા.

કોઈ તંબૂ નાખીને, કોઈ રાવટીઓ રચીને, કોઈ નાની નાની ઝૂંપડીઓ ને પર્ણકુટીઓ બાંધીને પડયા હતા. અઢારે દેશની પ્રજાનો શંભુમેળો જામ્યો .હતો. ઇરાન-અરબસ્તાનના ઘોડાના સોદાગરો ને ભારતવર્ષના સુંદર ગોકુળોના ઉપરીઓએ પણ અહીં થાણાં નાખ્યાં હતાં. પહાડ જેવા કદાવર ને પવન જેવા ગતિશીલ ઘોડાઓ ને દૂધના સાગરસમી, રૂપરૂપના અંબાર વેરતી નાની શીંગડીઓ વાળી કામધેનુઓ જોતાં જ મન શાન્ત થઈ જતું હતું.

પણ આ માનવ મહાસાગરને એકઠા કરનારની ચિંતાનો પાર નહોતો. દૂધથી દાઝેલાઓ છાશને પણ હવે ફૂંકી ફૂંકીને પીતા હતા. અલબત્ત નવદ્વીપની નવીન આવૃત્તિ રચવાના સમયસંજોગ હવે રહ્યા નહોતા: છતાંય ખબરદારી આજના યુગનો પ્રથમ ધર્મ હતો.

આ ધર્મ અદા કરવા ગૌડેશ્વરના કુશળ રાજપુરુષો ને ગુપ્તચરો સર્વત્ર ભમ્યા કરતા ને જે જે બાતમીઓ મળતી તે મહામંત્રીને પહોંચાડયા કરતા. આટલું માત્ર પૂરતું ન હોય તેમ ગૌડેશ્વર મહારાજ સ્વયં રાત્રિચર્યાએ નીકળતા. ચોકીદારો, પહેરેગીરો, સંત્રીઓ આ વાતથી વાકેફ હતા. અને અંધારી રાતે પણ તેઓ ગૌડેશ્વર મહારાજને તરત પરખી લેતા.

ઊંચી, પડછંદ આકૃતિવાળું, ઉન્નત મસ્તકથી અંધકારને ભેદવા

મથતું કોઈ દેખાય કે તરત તેઓ માની લેતા કે મહારાજ ગૌડેશ્વર સ્વયં પરકમ્માએ નીકળ્યા છે. છતાંય કોઈને શંકા આવતી તો સંકેતસૂચક અવાજ કરતો, ને મહારાજની છાયાંની જેમ જરા દૂર દૂર ભમતો અંગરક્ષક તેનો જવાબ વાળતો.

હમણાં હમણાં ઘણા દિવસથી મહારાજ દુર્ગના ઊંચા બુરજ પર અવારનવાર બેઠેલા જોવાતા. બુરજ પરથી, પ્રાકાર ને નગરના બહારનો દૂર દૂર સુધીનો ભાગ દેખાતો. કોક વાર નિરાશ આત્માને યોગ્ય કાળાશ એમાં ઘુંટાતી, તો કોઈ વાર આછા આછા બ્રહ્મજ્ઞાન જેવો ઉજાશ દેખાતો. અંધારી રાતમાં, અંધકારની પ્રતિમા જેવી એ આકૃતિ ઘટિકાઓ સુધી બેસી રહેતી. રાજમંડલ સમજતું કે જેમ જેમ કૃષ્ણજન્મોત્સવમાં ભાગ લેવા માનવમેદની એકઠી થતી જાય છે, તેમ તેમ મહારાજને કોઈ જાલિમ છદ્મવેશીઓનો ભય વધતો જાય છે. આ કારણે તેઓ રણાંગણના વિધવિધ સુખદ સમાચારો લાવીને મહારાજને પહોંચાડતા. તેઓ ઇચ્છતા કે કોઈ રીતે મહારાજના જીવને શાન્તિ થાય ને તે નિરાંતે ઊંઘ લે!

પણ રાજમંડલની કલ્પના અસત્ય ઠરતી ચાલી. પ્રત્યેક મધરાતે નિયમિત સમયે કિલ્લાના બુરજ પર એ આકૃતિ દેખાતી; તારાઓની જેમ નિશ્ચલ, નક્ષત્રોની જેમ અટલ!

અંતઃપુરમાં જવાનું લગભગ ગૌડેશ્વરે બંધ જ કર્યું હતું. ભોજનાદિ પ્રસંગ સિવાય રાણીજી સાથે ભાગ્યે જ વાર્તાલાપ કરતા. સંન્યાસીની આછી આછી વૃત્તિ તો પહેલેથી જ હતી, માધવસેનના મૃત્યુ પછી એ ખરેખર રાજસંન્યાસી બની ગયા. થાળમાં પિરસાયેલી અનેક વાનીઓ એમ ને એમ રહી જતી, ને મહારાજ એકાદ શુષ્ક નીરસ વાનીથી ભોજન સમાપ્ત કરતા. ભાગવત ધર્મ સ્વીકાર કર્યો ત્યારથી મધુ, માંસ ને શિકાર વગેરે બીજાં વ્યસનોનો તેમણે ત્યાગ કર્યો હતો. ક્ષત્રિય થઈને તેમણે બ્રાહ્મણશ્રેષ્ઠનો ધર્મ અંગીકાર કર્યો હતો. બહુમૂલ્ય

પોશાક રાજસભાના પ્રસંગ સિવાય તે ધારણુ કરતા નહીં, નિવૃત્તિનો મોટો ભાગ રાધારમણુના મંદિરમાં ગાળતા, ભાગવત વાંચતા, ગીતાનો પાઠ કરતા, ભજન કરતા ને આવેલા સાધુ–સંન્યાસીઓ સાથે વાર્તાલાપ કરતા.

તેઓ જ્વલંત રાજમૂર્તિ મટીને સૌમ્ય ધર્મમૂર્તિ બની રહ્યા હતા. દેહ પર પણુ એક પરમ વૈષ્ણવને છાજતો શૃંગાર રહેતો. આ ધર્મમૂર્તિ મહારાજે રાતને દિવસના ધર્મમાં પલટાવી નાખી હતી. વિજોગણુ યુવતીની જેવી એમની આંખોમાં નિદ્રા તો ભાગ્યે જ ડોકાતી. અનિદ્રાની અવસ્થામાં, હૃદયની અશાંત સ્થિતિમાં દુર્ગનો ઊંચો એકાકી જેવો બુરજ એમને એક વિચિત્ર શાન્તિ આપતો. ઊંચા સાદે આલાપી રહેલ ઘૂવડ એક ભયંકર આશ્વાસન આપતો.

એમની હૈયાવાદળીના ભાર વચ્ચે જતા હતા, એ કારણે તો કૃષ્ણુજન્મોત્સવની રચના કરી હતી.

અંધકારમાં તીક્ષ્ણુ દૃષ્ટિથી તેઓ નિહાળી રહ્યા હતા. વિચારી રહ્યા હતા, કે શું મૃત્યુ પછી માનવી આવા જ અંધકારમાં પ્રવાસ કરતો હશે. અંધકારમાં મનથી, દેહથી ને આત્માથી વિલુપ્ત થયેલ ગૌડેશ્વર મહારાજના કાન પર અચાનક વીણાના ઝંકાર આવ્યા. મધ-રાતનો છૂટેલો પવન આછા આછા એ સૂરોને વહી લાવતો હતો. વીણાના ઝંકારની પાછળ કોઈનો મધુર કંઠરવ પણ શ્રવણુગોચર થવા લાગ્યો.

મધરાતની મીઠી પળોમાં, કોઈ કુશળ ગાયક પોતાની વીણા સાથે કંઠમાધુરીને છેડી બેઠો હતો. દક્ષિણ દેશની પ્રસિદ્ધ ગૂર્જર રાગિણીમાં એ ગાઈ રહ્યો હતો.

ત્રુટક ત્રુટક શબ્દો બુરજ પર આવી રહ્યા હતા :

दिनमणिमण्डलमंडन भवखंडन ए ।
मुनिजनमानसहंस, जय जय देव हरे ॥

મુનિજનોના મન રૂપી સરોવરમાં હંસ સમાન, ભવના નાશક! વાહ, વાહ, કવિમર્મના જ્ઞાતા ગૌડેશ્વર મહારાજને આ સ્વરોમાં વસેલી શ્રુતિ અપૂર્વ લાગી, તેમના દિલને શાતા વળતી લાગી. સ્વરો આગળ વધતા ચાલ્યા:

कालियविषधरगंजन जनरंजन ए ।
यदुकुलनलिनदिनेश, जय जय देव हरे ॥

અદ્‌ભુત સૂરાવલિ! મહારાજ ઊભા થયા. મધરાત વીતી ગઈ હતી. એમણે મુખેથી ઝીણો સ્વરસંકેત કર્યો. થોડે દૂર ઊભેલો અંગરક્ષક સામે આવીને હાથ જોડીને ખડો થયો.

"અભય, પેલા ગાયકને તું પિછાણે છે?"

"ના, મહારાજ!"

"એ ગીતને તું જાણે છે?" મહારાજે અંગરક્ષકને બીજો પ્રશ્ન કર્યો. વિદ્યાવિલાસી મહારાજાનો પરિચારક પણ કાવ્યવિલાસનો મર્મજ્ઞ હતો.

"ના, અન્નદાતા! આવી ગીતમાધુરી આ પ્રદેશમાં તદ્દન અશ્રાવ્ય છે."

"અભય, ત્યાં પહોંચવા માટેનો ટૂંકો માર્ગ જાણે છે?"

"હા, સ્વામી, કિલ્લાની રાંગે ચાલીને પશ્ચિમી દરવાજે નીકળીએ એટલે ત્યાં પહોંચી જવાય."

"ચાલ ત્યારે."

"મહારાજ, કંઈ વાહન, પાલખી?"

"ના, એમ વિલંબ થશે. આપણે ચાલી નાખીએ."

"જેવી આજ્ઞા !"

અભય આગળ ચાલ્યો, અંધકારને ચીરતા ગૌડેશ્વર પાછળ પાછળ અનુસરતા ચાલ્યા. સ્વરો હવાની પાંખે આવી આવીને શ્રવણપથ પર અથડાઈ જતા હતા. રાત્રિની નીરવતા સ્વરમાં અદ્ભુત આકર્ષણ જમાવતી હતી.

પશ્ચિમી દરવાજા ઉપર હમણાં જ પહેરો બદલાયો હતો. સૈનિકોએ ગઢની રાંગને ઉતાવળે ઉતાવળે પાર કરતા બે પ્રચંડ કાય પડછાયા નીરખ્યા. આકાશનો ઝાંખો ચંદ્ર કંઈ સ્પષ્ટ દર્શન કરાવી શકવા અસમર્થ હતો, ને અસ્પષ્ટ દર્શને અનેક શંકાઓ જન્માવી.

દ્વારપાળે ધનુષ્ય પર તીર ચઢાવ્યું, ને જે હોય તેને ત્યાં જ થોભી જવા પડકાર કર્યો.

બન્ને આકૃતિ હતી ત્યાં ને ત્યાં થંભી ગઈ. તરત વાતાવરણમાં કંઈક સાંકેતિક સ્વર સંભળાયો. દ્વારપાલના શ્રવણપટ પર એ અથડાતાં એણે ધનુષ્ય નીચે નમાવી દીધું, ને ચોરદીવો પેટાવ્યો.

બંને આકૃતિ ઝડપથી નીચે આવતી હતી.

"કોણ ? મહાભાગ અભયદેવ ?"

"બંદોબસ્ત બરાબર છે ને !" અભયે સામે જવાબ વાળ્યો.

"જી હા." દ્વારપાલે મસ્તક નમાવ્યું. પણ એની જિજ્ઞાસા પાછળ આવતી વ્યક્તિને પિછાણવા તરફ હતી. આજના વાતાવરણમાં સાવધતા સહુથી પ્રથમ જરૂરી હતી. એણે ચોરદીવાનું આછું અજવાળું એ તરફ ફેંક્યું, પણ ફેંકતાંવેંત તરત બુઝાવી દીધું.

એ હતા સ્વયં મહારાજ ગૌડેશ્વર !

એ ભૂમિ પર મસ્તક અડાડી પ્રણિપાત કરી રહ્યો, ને ઊભો થઈ આજ્ઞા માટે કંઈક પૂછે, તે પહેલાં બંને આકૃતિઓ બહાર નીકળી ગઈ ગૌડેશ્વર મહારાજને આ રીતે બહાર જતા નીરખી દ્વારપાલનું મન અનેક તર્કવિતર્કથી ભરાઈ ગયું.

મધુર સ્વરો અવિરત ચાલ્યા આવતા હતા. અલ્પ સમયમાં બંને ત્યાં પહોંચી ગયા. જોયું તો એક પર્ણકુટિમાં બેઠો બેઠો કોઈ જુવાન વીણા પર કંઠમાધુર્ય રેલાવી રહ્યો હતો. પાસેજ તેની પત્ની ઊંઘતી હતી, ને ઊંચે બાંધેલી ઝોળીમાં એનું બાળક ઘસઘસાટ ઘોરતું હતું.

ગાયકનાં નેત્રો રસવહેણમાં અર્ધનિમિલિત હતાં.

अभिनवजलधरसुंदर धृतमन्दर ए।
श्रीमुखचंद्रचकोर जय जय देव हरे ॥

ગૌડેશ્વર મહારાજ મુગ્ધ બની ગયા; અપૂર્વ કંઠમાધુરી, અપૂર્વ શ્રુતિરચના !

"ગાયકરાજ !" અભયે પાસે સરીને ગાયકને સંબોધ્યો.

ગૌડેશ્વર મહારાજે અભયને શાન્ત રહેવા આંગળીથી ઇશારત કરી. ગાયકને વ્યર્થ છેડવાથી આ સ્વરગાનનો અપૂર્વ યોગ નષ્ટ થઈ જાય, સાંભળવાની સુંદર ઘડી નષ્ટ થઈ જાય તેમ હતું. ગાયક પોતાની ધૂનમાં મસ્ત હતો. એનો નાનો દીપક તેલ ખૂટવાથી બુઝાઈ ગયો હતો. આકાશનો ચંદ્ર આછાં આછાં રૂપેરી કિરણોથી એની પર્ણકુટીને અજવાળી રહ્યો હતો, પણ ગાયકને તો દીપક કે ચંદ્ર કશાયનું ભાન નહોતું.

નિજ સ્વરમાધુરી પર મુગ્ધ ગાયકનું ગળું મીઠાશનો મહેરામણ ઉછાળી રહ્યું હતું.

तव चरणे प्रणता वयमिति भावय ए।
कुरु कुशलं प्रणतेषु जय जय देव हरे ॥
श्रीजयदेवकवेरिदं कुरुते मुदम्।
मंगलमुज्ज्वलगीति जय जय देव हरे ॥

" જયદેવ કવિ ! " ગૌડેશ્વરથી અચાનક બોલાઈ ગયું. એમની સ્મૃતિનું પંખી અનેક પાંખો ફફડાવવા લાગ્યું. ચિંતા, વિષાદ, કાલુષ્યથી ઘેરાયેલું એમનું મન જાણે કોઈ છૂટી જતી વાતને પકડવા ઉછળવા લાગ્યું.

" અભય, જયદેવ કવિને તું જાણે છે ? "

" ના, સ્વામી ! આ સ્વયં જ જયદેવ કવિ હશે. એ વિના આવું સુંદર ગાન કોણ કરી શકે ? "

ગાયક પોતાનું ગીત સમાપ્ત કરી વીણાને ખૂણામાં મૂકવા જતો હતો, ત્યાં તેણે પોતાના દ્વાર પર બે પુરુષો ઉભેલા જોયા. એ ચિંતાથી બોલી ઊઠયો: " કોણ છે એ ? "

" કવિ, એ તો અમે તમારું ગાન સાંભળવા આવ્યા હતા. તમારા સ્વર, તમારી ગીતરચના, તમારી શ્રુતિ અદ્‌ભુત છે. તમારું નામ જયદેવ ? ક્યાંના રહેવાસી ? "

" મારું નામ જયદેવ નથી. "

" જૂઠું કહેશો મા. ગીતના અંતે તમે જયદેવ કવિની આ કૃતિ છે, એમ તો કહ્યું. "

" શાન્તમ્ પાપમ્, હરે હરે ! " ગાયક હસી પડયો. " અરે ભાઈ, સૂર્ય અને આગિયાને એક જ ઉપમા આપી શકશો ખરા ? કાવ્ય-કલાના અનભિજ્ઞ લાગો છો. "

"અનભિજ્ઞ! ખુદ, કવિરસના પરમ જ્ઞાતાનું આ અપમાન! અરે ગૌડેશ્વરના દરબારમાં તો ન જાણે આવા કેટલાય કવિઓ આવી આવીને ભવનાં ભાથાં બાંધી ગયાં." અભયના અવાજમાં રોષ હતો.

"અભય," મહારાજે અભય શબ્દનો ઉચ્ચાર કરી આંખોના ઈશારાથી એને શાન્ત રહેવા સૂચવ્યું.

"ભાઈ, તમારા ગૌડેશ્વરના દરબારમાં અનેક કવિઓ આવ ગયા હશે, એની ના નથી; પણ આ તો ભગવાન ગોવર્ધનધારીન દરબારનો કવિ છે. એની માધુરી, એના સ્વર, એની શ્રુતી, એન રચના પૃથ્વીના કોઈ દરબારનો કવિ નહીં કરી શકે. ભાઈ, ગાવા-બજા વવાનો ધંધો કરું છું, દેશવિદેશ ભમ્યો છું, પેટ ખાતર અને નૃપતિઓને રીઝવ્યા છે. પણ એક વાર આ મહાકવિની વાણ સાભળ્યા પછી, બીજાં ગીત ગાવાં ગમતાં નથી. મનમાં એમ થાય છે છે કે રે ટુકડખોર ગાયક, તારા ગળામાં તે શું બળ્યું હતું, તે ગાવા નીકળ્યો છે! ગીતદેવીની મશ્કરી શા માટે કરે છે? ભાઈ મારામાં તે શું મોહ્યા? જીવનની સાર્થકતા અનુભવવી હોય, ભગવાન કાન આપ્યા તો એને સાર્થક કરવા હોય તો, વધુ નહીં તો જીવનમ એક વાર જયદેવ કવિની ગીતિ સાંભળજો. કૃષ્ણની બંસીની ને ભગવા રસેશ્વરની યાદ આવી ન જાય તો મને કહેજો. કવિવર જયદેવન પ્રતિજ્ઞા છે કે—જે એમની કવિતા સાંભળશે, એમને દ્રાક્ષ અને સાકરને રસ ફીકો લાગશે."

"કવિ જયદેવ તે આચાર્ય જયદેવ જ ને!" ગૌડેશ્વરે પ્રશ્ન કર્યો.

"હા, કેન્દુબિલ્વ આશ્રમના કુલપતિ, અદ્ભુત એમની જીવનકથા છે." ગાયકને પોતાના પરમ ઉપકારીની કથા કહેવામાં અપૂર્વ ઉલ્લાસ આવ્યો. છેવટે ઉપસંહાર કરતાં બોલ્યો. "ભાઈઓ, તમે કવિ અ

કાવ્યકલાના પ્રેમી લાગો છો. જયદેવની ગીતરચના અને એમની પ્રિયતમા પદ્માની નૃત્યકલા એક વાર નીરખવા મળે તો જાણજો કે જીવનનો પરમ આનંદ લાધી ગયો."

"ગૌડેશ્વરના દરબારમાં એ આવે ખરા?"

"ના, ભાઈ! કંઈ કહી શકતો નથી. આવે પણ ખરા, ન પણ આવે. ઈશ્વર સિવાય એ કોઈની પાસે યાચતા નથી. પરમાત્મા સિવાય કોઈની કવિતા કરતા નથી."

"અમારી ઇચ્છા પણ એવી છે. આ જાતમાં તો વખાણવા કે વર્ણન કરવા જેવુંય શું છે? વારુ અભય, ચાલો! પરોઢ થતું આવ્યું." ગૌડેશ્વર કંઈક વિચારમાંથી ઝબકીને જાગ્યા ને બોલ્યા: "ગાયક, પછી ગૌડેશ્વરના રાજભવનમાં આવજો. તમારું અવશ્ય સન્માન થશે."

"આપ કોણ?"

"ગૌડેશ્વર સ્વયં." અભયે ટૂંકો જવાબ વાળ્યો. પણ ગૌડેશ્વર તો બહાર નીકળી ગયા હતા. ગાયક વિસ્મયની નજરે નીરખી રહ્યો.

પરોઢની ઝાંખી પ્રભા બુરજના કાંગરા પર રમી રહી હતી. વતાલિકાએ પોતાના ગાનનો આરંભ કર્યો હતો.

"અભય!" ચાલતાં ચાલતાં ગૌડેશ્વરે કહ્યું.

"જી?"

"મહાઅમાત્યની હવેલીએ જઈ તેમને શીઘ્ર મારી પાસે મોકલ."

"અન્નદાતા, મહામાત્ય આપણી પાછળ જ છે."

"કેમ?"

"એની ખબર નથી. પણ તેમના અશ્વને મેં પારખી

લીધો હતો."

"બોલાવ!"

થોડે દૂર રહીને આવતા મહામાત્યને અભય તરત બોલાવી લાવ્યો.

"મહામંત્રી, તમે ક્યાંથી?"

"મહારાજ, આપ દરવાજાથી થોડે જ દૂર ગયા હશો, ને હું ત્યાં નિરીક્ષણ કરતો કરતો પશ્ચિમ દરવાજે આવેલો. દરવાજો અર્ધ ખુલ્લો જોઈ દ્વારપાલને મેં પ્રશ્ન કર્યો કે શું કોઈ આ વેળાએ બહાર ગયું છે? દ્વારપાલે કહ્યું: મહારાજ તથા અભયદેવ હમણાં જ ગયા, એટલે કુતૂહલથી હું આપની પાછળ પાછળ થોડું અંતર રાખીને ચાલતો રહ્યો."

"તમને વહેમ હશે કે મહારાજને વળી કોક ખિલજી હેરાન કરી જશે." ગૌડેશ્વરે હાસ્યમાં કહ્યું.

"ના, મારા દેવ! મહારાજના શૌર્યથી પૂર્ણ પરિચિત છું. પણ સેવકનો જીવ છે ને! સ્વામીને અંધારી રાતે એકાકી ફરતા સાંભળી એને કેમ ઊંઘ આવે?" મહામાત્યના અવાજમાં કંઈક ક્ષોભ હતો.

"મહામંત્રી, ક્ષોભ ન અનુભવશો. ગૌડેશ્વરને પોતાની જાત કરતાં પોતાના સેવકો પર પરમ વિશ્વાસ છે. વારુ, મહામંત્રી બહુ વેગથી જનારા તમારી પાસે કેટલા અશ્વ છે?"

"મહારાજ, વીસથી પચીસ."

"ને તેવા જ અશ્વારોહીઓ?"

"માત્ર પાંચથી સાત. બીજા રણાંગણમાં છે."

"માત્ર પાંચ અશ્વારોહીઓને કેન્દુબિલ્વ ગામે મોકલો, ને ત્યાંના તપોવનના કુલપતિ આચાર્યવર્ય જયદેવને અમારી વતી વિનતી કરી કૃષ્ણજન્મોત્સવમાં તેડી લાવવાની આજ્ઞા કરો. પાલખી વગેરેની વ્યવસ્થા કરી આપી, બહુમાન પુરઃસર અહીં પહોંચાડે. રાજપત્રિકા પણ સાથે આપજો."

"જેવી આજ્ઞા!" મહામાત્ય નમન કરી પોતાની ફરજ બજાવવા ચાલી ગયા.

સૂર્યનો ગોળો વિક્રમપુરની કાળી દિવાલો પર જ્યારે પોતાનાં પચરંગી કિરણો પ્રસારી રહ્યો હતો, ત્યારે પાંચ અશ્વારોહીઓ કેન્દુબિલ્વની દિશામાં ઊડી રહ્યા હતા.

૧૩. ગૌડેશ્વરની રાજસભામાં

કૃષ્ણજન્મોત્સવનો પ્રારંભ થઈ ચૂક્યો હતો, અને કવિસભાનો દિવસ પણ આવી પહોંચ્યો હતો. ભારતવર્ષના પ્રસિદ્ધ કવિપંડિતોથી વિક્રમપુર ઉભરાઈ રહ્યું હતું. સ્વયં ગૌડેશ્વર પોતે પણ આ સભામાં ભાગ લેવાના હતા; એટલે સહુના ઉલ્લાસ ને આનંદનો પાર નહોતો. જીવનભર સરસ્વતીની ઉપાસના કરનાર નિષ્કિંચન કવિઓ જાણતા હતા કે મહારાજ ગૌડેશ્વરનો એક જ કૃપાકટાક્ષ પ્રાપ્ત થયો તો ભવનાં દારિદ્ર દૂર થઈ જવાનાં. દૂરદૂરથી, ટાઢતડકો, ક્ષુધા ને નિદ્રા સહન કરતા તેઓ આવી રહ્યા હતા. એમના મનોરથસિદ્ધિના કાળની હવે ઘડીઓ ગણાતી હતી.

આવી ઘડીઓ સ્વયં ગૌડેશ્વર મહારાજ પણ ગણી રહ્યા હતા. પેલા મધરાતના અપરિચિત ગાયકના ગાનસ્વરો હજીય એમના ચિત્ત-તંત્રને રણઝણાવી રહ્યા હતા. એણે કવિ જયદેવની કરાવેલી પિછાને પ્રાણમાં એક ઝંખના જન્માવી હતી: ઈશ્વરપ્રેમનો આવો એક ગાયક મળી જાય, બસ, ધન્ય જીવન જીવી લઉં. અને એ માટે વેગવંત અશ્વારોહીઓને મોકલ્યા હતા.

પણ એ ઈશ્વરપ્રેમના ગાયકના કંઈ સરસમાચાર નહોતા. ગયેલા અશ્વારોહીઓ પણ પાછા આવી ગયા હતા, ને નિવેદન કરતા હતા:

“ અન્નદાતા, કેન્દુબિલ્વ ગામને પાદર પહોંચતાં અમને લેશ-માત્ર પણ વિલંબ નહોતો થયો. આશ્રમ શોધી કાઢતાં પણ પરિશ્રમ

નહોતો પડયો. રસ્તે જતો બાળક પણ એ નામથી ત્યાં સુપરિચિત છે. અમે આશ્રમના દ્વારે પહોંચ્યા ત્યારે આપના સંદેશના નામ માત્રથી એમના બંધુ પારાશરે અમારું ખૂબ સ્વાગત કર્યું. અમે સંદેશો કહ્યો ત્યારે કહ્યું કે જન્મોત્સવના સમાચાર યાત્રિકો દ્વારા અત્રે પણ પ્રાપ્ત થયા હતા, ને આચાર્યપત્નીની ખાસ ઇચ્છાથી તેઓ તે તરફ જ આવ્યા છે. કાં તો પહોંચી પણ ગયા હશે, અથવા પહોંચવાની તૈયારીમાં હશે. પછી મહારાજ, અમે આખા માર્ગ પર નજર નાખતા આવ્યા, પણ ક્યાંય તેમના વર્તમાન ન મળ્યા. અહીં પણ ક્યાંય પત્તો ન ખાધો."

મહારાજે ઊંડા નિશ્વાસ મૂકયો. "તપાસ કરતા રહેજો, વહેલા-મોડા આવશે. આવે એટલે મને શીઘ્ર ખબર આપજો."

આટલો સંદેશ આપી ગૌડેશ્વર કવિસભા માટે સજ્જ થવા ગયા. વખત થતો આવતો હતો. કવિસભા માટે યોજાયેલ મંડપમાં મેદનીનો સુમાર નહોતો. દિગ્ગજ વિદ્વાનો ને પંડિતો આવી ગયા હતા. ગૌડેશ્વર મહારાજનાં પંચરત્ન પણ આવીને યથાસ્થાને બેસી ગયાં હતાં.

માત્ર મહારાજ લક્ષ્મણસેનના શુભાગમનની જ પ્રતીક્ષા હતી. માર્ગ પર ગૌડ લલનાઓએ અનેક સુશોભનો રચ્યાં હતાં. દેશદેશની લલનાઓ વીરોમાં શિરોમણિ ને ભક્તોમાં મુગટમણિ આ મહામાનવને નીરખવા ક્યારની હાથમાં પુષ્પાંજલિ લઈને ખડી હતી.

થોડી વારમાં, ગંધર્વનગરીના દરવાજા વટાવીને ઐરાવત પર આવતા ઇંદ્રરાજ જેવા, મહારાજ ગૌડેશ્વર દુર્ગમાંથી કુવલયાપીડ પર આવતા દેખાયા. રાજહસ્તી કુવલયાપીડનો શૃંગાર અદ્ભુત હતોઃ એના ગંડસ્થળ પર સ્વયં કુમારી રાધિકાએ માણેકનો સ્વસ્તિક રચ્યો હતો, ને મહારાણીએ એની પ્રચંડ સૂંઢને કુંમકુમની ચિત્રાવલિઓથી આળેખી હતી. સુવર્ણરચિત અંબાડી ને રત્નજડ્યાં છત્ર—ચામર

વચ્ચે બેઠેલા ગૌડેશ્વર સાત્ત્વિકતાની મૂર્તિ જેવા શોભતા હતા. ચારે દિશાઓમાંથી આવી રહેલ જયજયકાર પ્રત્યે તેઓ નમ્રતા દર્શાવી રહ્યા હતા. આટલા બધા સન્માનનો સ્વામી કરતાં સેવકને નશો ચડયો હોય તેમ કુવલયાપીડ મદભરી ચાલે ચાલી રહ્યો હતો. એનાં પર ઢોળાતા સુવર્ણજવ, રત્નમૌક્તિક, પુષ્પઅક્ષત પ્રત્યે એ વારેવારે એની ઝીણી આંખે પ્રસન્નતા પ્રગટ કરતો જતો હતો.

કુવલયાપીડ પણ રાજમાર્ગ પરથી પસાર થઈ ગયો. એની સુવર્ણઘંટાના નાદ ધીરે ધીરે શમી ગયા. સહુ કવિસભા તરફ વળ્યાં. એ વેળા વિક્રમપુરના સીમાડા પરથી એક ગાડું વેગથી આવી રહ્યું હતું. મોરનાં ઈંડાં જેવા બે મસ્ત બળદ વેગથી ધસ્યે આવતા હતા. એવાં તો અનેક ગાડાં અહીં આવતાં ને જતાં; કોઈનું લક્ષ એ તરફ ખેંચાતું નહીં. પણ આ ગાડા તરફ સહુનું લક્ષ ખેંચાયું. બધા ધ્યાનથી એ તરફ નિહાળી રહ્યા.

એ નિહાળવાનું ખાસ કારણ હતું: એક ગોરી ગોરી યુવતી ગાડાનું સંચાલન કરી રહી હતી. શિવજીના માનીતા મહાનંદીના બે સંતાનને શકટ પર જોડીને દેવી પાર્વતી આવી રહ્યાં હોય, એવું એ દૃશ્ય હતું. ગાડું રાજમાર્ગ નજીક આવી પહોંચ્યું, ત્યારે જણાયું કે અંદર કોઈ પુરુષ સૂતો હતો.

"અરે, કામરુદેશની કોઈ કામિની લાગે છે! પુરુષ નિરાંતે અંદર સૂતો હોય, ને સ્ત્રી ગાડું હાંકે, એવું આપણા દેશમાં ક્યાંય જોયું છે?"

"હશે ત્યાંની રાણી કે મહારાણી! જુઓ તો ખરા, કેવાં રૂપ ઢોળાય છે? અને વૃષભ પણ કેવા છે? આ પ્રદેશમાં આવા હૃષ્ટપુષ્ટ વૃષભ કદી જોવાયા નથી."

આવી આવી ચર્ચાઓ કરતો માનવગણ થોડી વાર આ નવી નવાઈ જોવા થોભી ગયો. પણ ગાડું તો આગળ જવા માગતું હતું,

એ રાજમાર્ગ વટાવવા ઇચ્છતું હતું. અચાનક એક કોરડો બળદ પર વીંઝાયો.

"એ, બળદને કેમ મારે છે?" હાંકનારી અલબેલીએ બૂમ મારી. પણ મારનાર ઉત્તર આપવા નવરો નહોતો. એ તો ઘોડા પર બેઠો બેઠો ચારે તરફ કોરડો વીંઝતો હતો, ને માર્ગ કરતો હતો. એ માર્ગમાં આ ગાડાએ વિઘ્ન કર્યું. એક કોરડો ફટકારવા છતાંય બળદ તો જ્યાંસુધી પોતાના સંચાલકની આજ્ઞા ન મળે, ત્યાંસુધી પાછા હઠવા તૈયાર નહોતા.

બીજો કોરડો વીંઝાયો ને દૂધ જેવા શ્વેત વૃષભની પીઠ પર લાલ પટ્ટો ઊપસી આવ્યો.

"અરે, આ તે કેવી અંધેરી નગરી છે! ન વાંક, ન ગુનો ને કોરડો!"

સ્ત્રીના શબ્દો હવામાં ઊડી ગયા. ઘોડેસવારની પાછળ પાલખી આવતી હતી. એમાં બહુમૂલ્ય જરીભરતના વસ્ત્રમાં વીંટાળેલ એક પ્રત હતી. પુષ્પ, કંકુ ને અક્ષતથી એની પૂજા થયેલી દેખાતી હતી. બધેથી બૂમો પડતી હતી:

"દૂર હટો. કવિરાજ ધોયીના મહાકાવ્યની હસ્તપત્ર છે. અતિ વિલંબ થયો છે. સભાનો પ્રારંભ પણ થઈ ચૂક્યો હશે. શીઘ્રાતિશીઘ્ર ત્યાં પહોંચવું ઘટે."

આ કોલાહલમાં અંદર સૂતેલો પુરુષ જાગ્રત થઈ ગયો. એણે મસ્તક ઊંચું કરી પૂછ્યું:

"પદ્મા, શું છે?"

"અરે! કોક કવિરાજના મહાકાવ્યની પ્રત પાલખીમાં જઈ રહી છે. જલદી પહોંચવા માટે સૈનિકો કોરડા વીંઝી રહ્યા છે."

"કોરડા વીંઝે છે ? એવો તે મહાકવિ કેવો ?" પુરુષ બેઠો થવા માટે યત્ન કરવા લાગ્યો, પણ એનાથી બેઠા થવાતું નહોતું. પદ્માના હાથના આલંબનથી એ ધીરેધીરે બેઠો થઈ ગયો. પાલખી તીરની જેમ આગળ ચાલી જતી હતી. પુરુષ રોષથી એ તરફ જોઈ રહ્યો.

"પદ્મા, ગાડું કવિસભા તરફ લે ! એ અભિમાની કવિરાજના અભિમાનને ઉતારી નાખવું પડશે. વિદ્યા તો નમ્રતાની સંગિની હોય. આ તો શેષને માથે મણિ."

"ના, તમારું સ્વાસ્થ્ય સારું નથી. હાલમાં તો આરામની આવશ્યકતા છે."

"મને આરામ કવિસભામાં મળશે. ઘાયલ ક્ષત્રિયને રણભૂમિનું રણશીંગુ સાજો બનાવી દે. અસ્વસ્થ સરસ્વતીપુત્રને આવી કવિસભા સજીવન બનાવી દે !"

ગાડું કવિસભા તરફ વહેતું થયું. કૌતુકપ્રિય નરનારીઓનું મોટું જૂથ તેમની પાછળ ચાલવા લાગ્યું. ભીડ ઘણી હતી, એટલે માર્ગ કરતાં વિલંબ થતો. કવિસભાના પ્રવેશદ્વારથી થોડે દૂર ગાડું ઊભું રાખી સ્ત્રીના ટેકે ટેકે પુરુષ નીચે ઊતર્યો. છતાં તે ટટ્ટાર રહી શકતો નહોતો. એની કમર વાંકી વળી ગઈ હતી. એમ લાગતું હતું કે કોઈએ મૂઢ માર માર્યો હશે.

સ્ત્રીને ટેકે ટેકે એણે કવિસભામાં પ્રવેશ કર્યો. એ વેળા પંડિત-રત્નોનો કાવ્યપ્રસાદ ચાલી રહ્યો હતો.

કવિવર ઉમાપતિએ પોતાની પ્રૌઢીપ્રિય ભાષાથી સભાને મુગ્ધ કરી નાખી હતી. એમની એક એક ઉપમા ને એક એક અલંકાર પર સભા નાચી ઊઠી હતી.

કવિવર ઉમાપતિ પછી કવિવર શરણુ ભટ્ટે વીજળીના ઝબકારા જેવી પોતાની ફૂટ કવિતાઓથી સભાને આંજી નાખી. શીઘ્ર કવિતાનાં એમનાં એક એક પદ પહાડ પરથી ઝરતા પ્રપાતની વેગચ્છટાથી આવતાં હતાં. સભા મોં ફાડીને વિસ્મયથી નીરખી રહી હતી. પદબંધનાં વેગ ને ઝલક એવાં હતાં કે સર્વત્ર મંત્રમુગ્ધતા પ્રસરી ગઈ હતી.

ત્યાં આચાર્ય ગોવર્ધન શર્મા સભામાં પોતાંના શૃંગારાર્ણવની તરંગાવલિઓ લઈને ઉપસ્થિત થયા. મનોહર રામાના પીન પયોધરના વર્ણનમાં તેમણે કમાલ કરી નાખી. કદી પયોધરને સમુદ્રમંથન વેળા રવૈયો બનનાર મંદરાચલની ઉપમા આપી, કદી એને પૃથ્વી પરના સુમેરુ પર્વત કલ્પ્યા, કદી હેમકુંભની ઉપમા આપી, તો કદી સ્ત્રીરૂપી વૃક્ષ ઉપર ઊગેલ અમૃતફળની કલ્પનાથી નવાજ્યા. એક માત્ર રામાના–શ્યામાના–તન્વાંગીના પીન પયોધર ને એના પર સહસ્ર સહસ્ર ઉપમાઅલંકાર ને ઉક્તિઓ. કવિસભાએ હર્ષોન્મુખતાથી વિદિત કર્યું કે આર્યાવર્તમાં આવો શૃંગારરસનો વિવેચક હજી પાકયો નથી, ને હવે પાકશે નહીં. ન ભૂતો ન ભવિષ્યતિ.

કવિસભા પર એક અજબ વાતાવરણ છવાયું હતું. એક એક મસ્તક મસ્તીમાં ડોલી રહ્યું હતું. પણ હજી મહારાજ ગૌડેશ્વર શાંત ને સ્વસ્થતાની પ્રતિમા બનીને બેઠા હતા. જાણે સભારૂપી તમામ સંસારને તરબોળ કરનાર આ કાવ્યરૂપી પ્રચંડ જળતરંગો એ સુમેરુ પર્વતની તળેટીને સ્પર્શી સ્પર્શીને પાછા ફરી જતા હતા.

•

સ્ત્રીને ટેકે ટેકે પુરુષે વિશેષ આગળ પ્રવેશ કર્યો ત્યારે મહાન કવિરાજ ધોયી પોતાની ખૂબી દર્શાવી રહ્યા હતા. એમની સમક્ષ સુવર્ણ-પીઠિકા પર તેમના અભિનવ કાવ્યની પ્રત પડી હતી. ને પોતે તેને ઉચ્ચ સ્વરે કથી રહ્યા હતા.

*કાવ્ય અત્યંત સુંદર હતું. વિષય પણ આકર્ષક હતો. સ્વયં મહારાજ ગૌડેશ્વરને જ એમાં નાયક તરીકે કલ્પ્યા હતા. અને મલયાચલવાસિની ગાંધર્વકન્યા ‘ કુવલયવતી ’ ને નાયિકા કલ્પી હતી. વિષય એવો હતો કે સુભટોમાં શિરોમણિ, રાજાઓમાં રાજરાજેશ્વર ગૌડેશ્વર મહારાજ ભુવનવિજય સાધવા પૃથ્વીની પરકમ્માએ નીકળ્યા છે. તેમની હયસેના ને ગજસેનાના પાદપ્રહારથી શેષનાગ પણ ડોલી ઊઠયા છે. એમના રથનાં ચક્રોથી પૃથ્વીની છાતી ચિરાઈ ગઈ છે, ને એમના યોદ્ધાઓની ગર્જનાથી ભયભીત બનેલી દિક્સુંદરી–દિશારૂપી સુંદરીઓના વસ્ત્ર સરી ગયાં છે, અર્થાત્ દિગંબર બની ગઈ છે.

“ અદ્દ્ભુત ! અદ્દ્ભુત! ધન્ય કવિરાજ !” સભાઓમાંથી પોકાર ઊઠવા લાગ્યા. કવિરાજ વિશેષ વેગથી પોતાની કાવ્યમાધુરી રેલાવવા લાગ્યા.

“ દેશદેશના નૃપતિઓને નાથતા, નમાવતા, વશ કરતા મહારાજ લક્ષ્મણસેન મલયાચલ પર્વત પર આવી પહોંચ્યા. ચંદનવૃક્ષનાં વનો વચ્ચે, મંદમંદ વહેતા સુગંધી પવન નીચે, રત્નમણિની ગુફાઓમાં તેઓએ નિવાસ કર્યો. મણિનો પ્રકાશ ગુફાઓને અજવાળતો. વૃક્ષો મોં માગ્યા વનમેવા આપતા. આ વનમાં સ્વર્ગની મેનકાની બીજી આવૃત્તિસ્વરૂપ, ઉર્વશીની ઉત્તમ પ્રતિકૃતિસમી કુવલયવતી નામની ગાંધર્વકન્યા વસતી હતી. તેણે રૂપમાં દ્વિતીય કામદેવ સમા ગૌડેશ્વર મહારાજને નીરખ્યા, ને એ કામથી વિહ્વલ બની. એણે એક દિવસ વસંતની સંધિવેળાએ, રઢિયાળી રાતે ગૌડેશ્વર મહારાજને પોતાની પુષ્પથીય કોમળ કાયા અર્પણ કરી. સજ્જનો, મહાકવિ કાલિદાસ પણ મહારાજના આ કાર્યને અનુમોદન આપે છે. તેઓ કહે છે : “ ज्ञातास्वादः विवृतजघनां को विहातुं समर्थः । ”

*કવિરાજ ધોયીનું ‘પવનદૂત’ એક સુંદર કાવ્ય છે, ને મેઘદૂત પછી તેનું નામ આવે છે. થોડા વખત પહેલાં જ તે પ્રગટ થયેલ છે.

"ધન્ય, ધન્ય કવિરાજ!" સભા કથાપ્રવાહમાં મુગ્ધ બની ગઈ હતી.

"સભાજનો, वियोगान्ता: हि संयोगा: । સંયોગનો અન્ત વિયોગમાં આવે છે, એ ન્યાયે સ્વકાર્ય પરિપૂર્ણ થયે મહારાજ ગૌડેશ્વર સ્વપાટનગર વિક્રમપુર પધાર્યા. કર્તવ્યધર્મના પૂજારી મહારાજ પોતાનાં રાજકાજમાં મગ્ન બની ગયા, પણ પેલી મંદરાચલની માનુનીને હૈયે તો વિજોગની જવાળાઓ જગી ઊઠી. કામદેવના શરપાતથી ક્ષતવિક્ષત થયેલ એ કામિની કૃશાંગી બની ગઈ. એ વિરહિણીએ એકદા મલયના સુંદર પવનને પોતાનો સખા કલ્પી, એને વિનંતી કરી કે–હે, પવનદૂત, કૃપા કરીને મારો સંદેશો લઈને તું વિક્રમપુર જા! તું ગમનાગમનમાં અત્યંત કુશળ છે, છતાં હું તને માર્ગ બતાવું. તું અહીંથી પાંડયદેશ થઈને ઉરગપુર જજે, ત્યાંથી તામ્રપર્ણી નદી પર થોડી વાર પ્રવાસની ઉષ્ણતા શમાવી પવિત્ર થઈ, પુરીના મહામંદિરનાં દર્શન કરી, સુંમલા ને કાવેરી નદી ઓળંગી, માલ્યવાન પર્વત પર થોડીવાર ક્રીડા કરી શ્રમ નિવારજે. ત્યાંથી કમળોથી વ્યાપ્ત પંચાસર કાસારમાં પરિભ્રમણ કરી, કલિંગની કામિનીઓની છટા નિહાળી વિક્રમપુર જજે, ને મારા પ્રાણપ્રીતમને નીચેના શબ્દોમાં સંદેશો કહેજે:

मुष्टिग्राह्यं किमपि विधिना कुर्वता मध्यभागं
मन्ये बाला कुसुमधनुषो निर्मिता कार्मुकाय ।
राजन्नुच्चैर्विरह – जनित – क्षामभावं वहंती,
जाता संप्रत्यहह सुतनुः सा च मौर्वीलतेव ॥

હે રાજન્, વિધિએ જ એના મધ્યભાગને મૂઠીમાં ગ્રહણ કરી શકાય તેવો નાજુક બનાવ્યો હતો. મને લાગે છે, કે કામદેવે ટંકાર કરવા માટે એને પોતાનું ધનુષ્ય બનાવી હશે. પણ હે રાજન્, તમારા વિયોગથી એ તન્વાંગી એટલી કૃશ થઈ ગઈ છે કે એનો કમરનો

બાણ કામદેવનું ધનુષ્ય બનવાને બદલે હવે દોરીરૂપ જ બની ગયો છે.

सारंगाक्ष्या जनयति न यद् भस्मसादंगकानि,
त्वद्विश्लेषे स्मरहुतवहः श्वाससंधुक्षितोऽपि ॥
जाने तस्याः स खलु नयनद्रोणिवारां प्रभावो
यद्वा शश्वन्नृप तव मनोवर्तिनः शीतलस्य ॥

"હે રાજન, તે મૃગનયની તમારા કામરૂપી વિરહમાં પ્રજ્વલે છે, ને શ્વાસોશ્વાસથી એ અગ્નિ ઔર ભડકા નાખે છે. છતાં પણ એ મલયાચલની માનુની ભસ્મ નથી થતી, તેનાં માત્ર બે જ કારણો છેઃ એક તો ટાંકારૂપ બનેલાં તેનાં નેત્રોમાંથી નિરંતર જલ ટપક્યા કરે છે, ને બીજું તેના હૃદયમાં તમારી શીતલ પ્રતિમા વસેલી છે."

વાહ, વાહ, સભામાંથી વાહવાહનો ધ્વનિ ગાજી ઊઠયો. કવિરાજ ધોયીની રસકવિતા આગળ વધતી જ ગઈ. એક સો ચાર મંદ્રાકાન્તા શ્લોકોમાં સમાયેલો આ રસસાગર પૂર્ણ થયો ત્યારે એક-એક પંડિત વાહવાહ ઉચ્ચારતો હતો.

"મહારાજ, કવિકુલગુરુ કાલિદાસ પછી આવી કાવ્યમાધુરી આજે જ સાંભળી."

મહારાજ લક્ષ્મણસેને સહેજ મુખ મલકાવી એમાં સંમતિ સૂચવીઃ પણ એમના મુખપરની ગંભીરતા દૂર ન થઈ. મહારાજની નજર બધી સભા ઉપર, ને સભાની બહાર રમી રહી હતી. એમનું અંતર ઝંખી રહ્યું હતું, કોઈ આશાનુરૂપ કવિ માટે!

એમની આકાંક્ષાને જાણે વાચા આવતી હોય તેમ એક મીઠો છતાં મેઘગર્જના જેવો અવાજ આવ્યો.

"ભો ભો પંડિતજનો,

यदि हरिस्मरणे सरसं मनो,
यदि विलासकलासु कुतूहलं।

मधुरकोमलकान्तपदावलीं,
शृणु तदा जयदेवसरस्वतीम् ॥

वाचः पल्लवयत्युमापतिधरः संदर्भशुद्धिं गिरां,
जानीते जयदेव एव शरणः श्लाघ्यो दुरूहद्रुतेः
शृंगारोत्तरसत्प्रमेयरचनैराचार्यगोवर्धन
स्पर्धी कोऽपि न विश्रुतः श्रुतिधरो धोयी कविक्ष्मापति ॥

"હે સભાજનો, જો હરિભક્તિમાં તમારું મન ઉત્કંઠાપૂર્ણ હોય, તેમજ વિલાસાદિ શૃંગાર કલાઓ માટે તમારું મન ઉત્તેજિત હોય તો, મધુર, કોમલ ને મનોહર એવી જયદેવની ગીત-પદાવલિઓ શ્રવણ કરો !

"હે પંડિતજનો, કવિવર ઉમાપતિધર વાણીનો અદ્ભુત વિસ્તાર કરી જાણે છે. શરણ કવિરાજ દુર્બોધ કાવ્યની શીઘ્ર રચનામાં કુશળ છે, શૃંગારશ્રેષ્ઠ નાયકનાયિકાનાં વર્ણન કરવામાં આચાર્ય ગોવર્ધન બિનહરીફ છે. ધોયીની ગ્રંથાદિ ધારણ કરવાની શક્તિ અપૂર્વ છેઃ પણ સંદર્ભશુદ્ધિ, ગુણ ને અલંકારયુક્ત વાણી તો કેવલ જયદેવની જ છે."

સભા આ સ્વરો તરફ વિસ્ફારિત નેત્રે નીરખી રહી. કોણ છે એ માથાળો કવિ ! અરે, એ તો પ્રશંસાને બહાને ગૌડેશ્વરની સભાના કવિરત્નોની મશ્કરી કરતો લાગે છે.

"અરે, શું અમે કાવ્યપ્રબંધથી સર્વથા અજ્ઞાત છીએ, કે આ આત્મદર્પવાળા કવિની કવિતાચાતુરી ન પરખી શકીએ ! અરે, એ તો વ્યાજોક્તિથી કહે છે કે–કવિરાજ ઉમાપતિ કેવલ વાણીનો વિસ્તાર કરી જાણે, એ તો પલ્લવગ્રાહી દોષ છે. શરણ કવિ દુર્બોધ કવિતા કરે છે, પણ એમાં પ્રસાદ ગુણ જ ક્યાં છે ? ગોવર્ધનાચાર્ય-ને શૃંગાર સિવાય બીજા રસ ક્યાં આવડે છે ? ને ધોયીરાજને કાવ્યકલાનું ભાન ક્યાં છે ? કોણ છે એ મિથ્યાભિમાની, મૂઢ !"

સભામાં કોલાહલ પ્રવર્તી રહ્યો. એક સ્ત્રીના ટેકે ટેકે મંદ મંદ સ્વરે ગાઈ રહેલો પેલો ગાયક તો હવે ટેકો મૂકીને કેસરીસિંહની જેમ ગર્જારવ કરી રહ્યો હતો. એના કાવ્યઝરણુમાંથી જેમ કેસરીની ત્રાડ સંભળાતી તેમ કોકિલના જેવો ટહુકાર પણ સંભળાઈ રહ્યો હતો.

"અરે, અશ્રુત કાવ્યમાધુર્ય! આવી પદાવલિ તો આપણે કદી શ્રવણ કરી નહોતી! કોણ છે આ જયદેવ? ક્યાંનો છે આ જયદેવ?" સભા ધીરે ધીરે શાન્ત થતી ચાલી. મહારાજ લક્ષ્મણસેન પોતાનાં નેત્રોને ફેરવી રહ્યા હતા. નેત્રથી વસ્તુપરીક્ષા કરી રહ્યા હોય તેવી તેમની મુદ્રા હતી. અચાનક તેમણે જોરથી બૂમ પાડીઃ

"જય હો આચાર્ય જયદેવનો!" ને મહારાજ સિંહાસનથી ઊઠીને નવીન કવિરાજનું સ્વાગત કરવા ખડા થયા. સભાને ચીરતા આગળ આવ્યા, ને એ ગાયકના ચરણુને સ્પર્શ કરી રહ્યા.

"પધારો આચાર્યદેવ! એ જ સ્વર, એ જ ભાવ, એ જ કંઠ-માધુર્ય. આપને માટે તો મારી દિવસોની ઝંખના હતી. યાદ છે, આપના આશ્રમમાં આવેલો એક ક્ષત્રિયવીર? પધારો! આપને માટે સ્થાન તૈયાર છે."

"રાજન્, પિછાણી લીધા. કંઈ સૂરજ છાબડે ઢંકાય? પણ મારું સ્થાન અહીં નથી. મારે તો એટલું જ દર્શાવવું છે, કે આવી અભિમાની, શૃંગારી વિદ્વત્તાથી શું વળવાનું? વિદ્યા નમ્રતાથી દીપે છે, શૃંગાર ભક્તિથી શોભે છે. આ સભામાં સૌંદર્યની અભિરામ છબી સમાન કોઈ માનવમૂર્તિ બતાવશો? કવિહૃદયને થનગનાવી શકે તેવાં એકાદ સુરેખ સૌંદર્યની પ્રતિમા સમાં નાયક—નાયિકા દર્શાવશો? અરે, માનવી-સૌંદર્યને ગાવું શું?"

આચાર્ય જયદેવનો વ્યંગ મહારાજ સમજી ગયા. તેમના ચહેરા

પર ગ્લાનિ છવાઈ ગઈ. આખી સભા આ કડવાબોલા કવિ તરફ એક નજરે નીરખી રહી હતી. કવિના ચહેરા પર અદ્દભુત સૌંદર્ય-છટા બિરાજી રહી હતી.

"મહારાજ, શૃંગાર તરફ સંસાર વહી રહ્યો છે. ધર્મકાર્યમાં કે અન્ય કાર્યમાં હરેક પ્રવૃત્તિનું મૂળ શૃંગારરસ જ થઈ રહ્યો છે. શૃંગાર સિવાય કોઈનું આકર્ષણ થતું નથી. અમારી કવિસભાઓ, રાજસભાઓ, નૃત્યો, કાવ્ય, કવિતા, એમાં શૃંગારરસને વ્યક્ત કરતી એકાદ પંક્તિ, પદ કે દશ્ય ન હોય તો સહુને નીરસ લાગવાનાં."

"આજના ધર્મોનું એ અધ:પતન છે. છતાં જનરુચિને એમ તરછોડી નહીં શકાય. પાણીનાં વહેણને હળવે હળવે વાળવાં પડશે."

"એનું માર્ગદર્શન, આચાર્યદેવ?" ગૌડેશ્વરના મુખ પર એક બુદ્ધિશાળી શિષ્યને શોભતી જિજ્ઞાસા હતી.

"ભક્તિશૃંગાર! રાજન્, એક જ કાર્ય એ માટે થાય છે: સકામ ને નિષ્કામ. શૃંગાર ભલે વર્ણવાય, પણ સુરુચિપૂર્ણ. સાધારણ માનવીનો શૃંગાર તો કામનાપ્રસૂત છે, એ હૃદયમાં કામ પેટાવશે. પ્રકૃતિ ને પૂર્ણ પુરુષનો શૃંગાર જ્ઞાનપ્રસૂત છે. એ મુક્તિ તરફ લઈ જશે. મહારાજ! રાસેશ્વરી રાધા જેવી સુંદર ને રસેશ્વર શ્રીકૃષ્ણ જેવાં સૌંદર્યવંત નાયકનાયિકા હોય ત્યાં અન્ય નાયકનાયિકાની શી જરૂર? અનન્ય પ્રેમ, ઉત્કંઠાપૂર્ણ ભક્તિભાવ ને રસોલ્લાસથી છલકાતાં એ જીવનમાં શી શી માધુરી નથી? એ વિવિધતાના—નવીનતાના ભંડારસમા જીવનના ઉપાસક થઈ જાઓ. સહસ્ર જીવનનો સાર એમાંથી લાધશે. ગોકુળના બાળ, ગોપીઓના સાથી, ગોવાળોના પ્રેરક, જુલમગારોના નાશક, જ્ઞાનોપદેશક અર્જુનના સારથી, આર્યાવર્તના નવયુગપ્રવર્તક: શું શું એ જીવનમાં નથી. નવેનવ રસ એ પ્રભુનાં ચરણ પખાળે છે."

"આચાર્યદેવ, ગૌડેશ્વર એવા એક અપૂર્વ કાવ્યની આશા રાખે છે. પરમ વૈષ્ણવને એક એવા પ્રભુપ્રેમથી છલકાતા કાવ્યની ઝંખના છે. કવિરાજ, કહેશો તો સિંહાસન આપીશ, કહેશો તો સુવર્ણથી આશ્રમ છાઈ દઈશ. એક એવું કાવ્ય રચો, એવો ભક્તિ-શૃંગારરસ વહેવડાવો, કે યુગેયુગ એમાં તરબોળ બની જાય, વિલાસભૂખ્યાંના વિલાસ શમી જાય, કામનાઘેલાની કામના નષ્ટ થાય, તમારી ગિરા ને ગૌડેશ્વરની કવિસભા અમર બની જાય. કવિરાજ, લક્ષ્મણસેન ક્ષત્રિય છે. યાચના કરવાનું જાણતો નથી, પણ પ્રભુપ્રીત્યર્થે આજ આટલી યાચના કરે છે."

જયદેવ વિચારમાં પડી ગયા. આ તો ગળામાં નવું બંધન બંધાતું હતું. પણ મહારાજ લક્ષ્મણસેનનો આગ્રહ એવો પ્રબલ ને પ્રેમભર્યો હતો, કે એને તરછોડી શકાય તેમ નહોતું.

" આ દરબાર, મારી રસશાળા, મારું કવિભુવન, મારી જાત અને મારી રાજસમૃદ્ધિ એ કાવ્ય પર હું ન્યોછાવર કરીશ. આપની અલ્પ પદાવલિ જ મેં સાંભળી છે, પણ અંતરને ઝણઝણાવવાની એમાં જે શક્તિ છે, એ મેં અન્યત્ર નથી નીરખી. મહારાજ, આ સિંહાસન તો અમારે શરશય્યા છે. આવો શ્રેષ્ઠ કવિતા—આનંદ જ અમારો જીવન-આનંદ છે. પધારો, મારી પુત્રી રાધિકા પણ એમાં રસ લેશે. નવરસની એ જ્ઞાતા છે." મહારાજે રાધિકાને બોલાવી: " રાધિકા !"

નેપથ્યની પાસે બેઠેલ કુમારી રાધિકા પિતાજી પાસે આવી. સૌંદર્યના તેજસ્વી કિરણોથી એ ઝળહળતી હતી.

" રાધિકા, આચાર્યપત્નીને તારી સાથે લઈ જા! આપણા ઉદ્યાનનું સુંદર વસંતગૃહ એમને વસવા માટે આપજે. જોજે, સરોવરનાં મત્સ્યને કુંડ–કાસાર ઓછાં ઓછાં ન લાગે; એમને આપણા જીવનની અશાન્તિ ન સ્પર્શે."

રાધિકા આચાર્યપત્નીને તેડીને ચાલી ગઈ. જયદેવ વિચારમગ્ન

બની ગયા હતા. મહામાત્ય તેમના સ્વાગત માટે ત્યાં પાછળ જ ખડા હતા.

વારે વારે કમરમાંથી વાંકા વળી જતા કવિરાજ જયદેવને નિહાળી, મહામંત્રીએ પોતાનો ટેકો આપ્યો ને પોતાના આસન સુધી લઈ ગયા. તેમણે આ દર્દનું કારણ જાણવા પોતાની ઉત્કંઠા પ્રદર્શિત કરી.

" કારણ સામાન્ય છે. માર્ગમાં લૂંટારાઓએ અમારી થોડી પૂજા–સેવા કરી. કંઈક દ્રવ્ય પાસે હતું. એમને લાગ્યું કે એ ઉપર ક્ષુધા–તૃષાથી તપ્ત એવા તેઓનો અધિકાર છે. અધિકારની અથડામણ વિચિત્ર છે, છતાં માર એવો ગંભીર નથી."

" મારા રાજ્યમાં એક પ્રભુભક્ત પર આ જુલમ! મહામંત્રી," ગૌડેશ્વર કંઈક કડક આજ્ઞા આપવા જતા હતા, ત્યાં આચાર્યવર્યે કહ્યું:

" ના મહારાજ, એ તો ગોવર્ધનધારીની એવી મરજી હશે. એની મરજી વિના વૃક્ષનું પાંદડું પણ ક્યાં હાલે છે? પછી આ તો એના ભક્ત પર જુલમ ગુજર્યો છે. ન જાણે ચર્મચક્ષુથી ન દેખાતાં આપણાં કોઈ મહાપાપની એ સજા હશે!"

" જેવી આપની ઇચ્છા. પણ આચાર્યદેવ, ભક્તિશૃંગારના આગાર સમા કોઈ રસભર્યા કાવ્યની રચના કરો! અંતરથી બીભત્સતાની મૂર્તિ બનેલ સમાજને ભક્તિશૃંગારનાં દર્શન કરાવો! વૈષ્ણવ ધર્મના પ્રચારના મારા જીવનધ્યેયને પરિપૂર્ણ કરો! એનાં માગ્યાં મૂલ આપીશ."

" રાજન્, મૂલ માનવી શું આપશે? આપનારો હજાર હાથવાળો છે. એ આપવા બેસશે ત્યારે બે હાથવાળો કેટલુંક લેશે. ગૌડેશ્વર મહારાજ, તમારી વિનતિનો હું સ્વીકાર કરું છું. જીવનની આકાંક્ષા તો હતી જ: એકાદ જીવનધનસમું મહાકાવ્ય પ્રભુચરણે સમર્પી જવાની. આજ તમારા નિમિત્તે એ રચાઈ જાય તો કંઈ

અનુચિત નથી. હું જાણું છું કે આજના સંસારને શુષ્ક ભક્તિમાં રસ નથી, અને કામસૂત્ર આદિમાં રચાયેલો એકલો શૃંગાર પણ જીવન માટે હિતકર્તા નથી. શૃંગારભરી ભક્તિ, ભક્તિભર્યો શૃંગાર જ આજના યુગની આકાંક્ષાને તૃપ્ત કરશે. દરેક હૃદય રાધાની પ્રતિમૂર્તિ બની જાય, પ્રીતમને પામવાની એના જેવી વ્યાકુળતા જગાવી દે, એને માટે સંસારનાં, લોકમરજાદનાં, ધર્માધર્મનાં બંધનો ફગાવી દે, તો પ્રભુ કંઈ દૂર નથી. ટૂંક સમયમાં જ આવું ભક્તિ–શૃંગારથી ભર્યું મહાકાવ્ય રચીને હું રજૂ કરીશ."

"ખૂબ જ પ્રસન્ન થયો છું, આચાર્યદેવ! મારી રસશાળા આપને સુપ્રત કરું છું. મારો ખજાનો, મારા અંગરક્ષકો, મારા પરિચારકો આપની સેવામાં મૂકું છું. મહામાત્ય, કુશળ રાજવૈદ્ય પાસે એમની પરિચર્યા કરાવજો. જેટલા જલદી સ્વસ્થ થશે, તેટલું તેમનું પારિતોષિક મોટું હશે."

"દીન બ્રાહ્મણને આટલાં માન, વૈભવ ન ખપે! આજના કવિસભાના કાર્યમાં હસ્તક્ષેપ કરવા બદલ હું સર્વ કવિજનોની ક્ષમા યાચું છું. રાજસભાના પંડિતવર્યો વિષે કંઈ પણ અનુચિત કહેવાયું હોય તો કારણવશ જ એમ બન્યું છે. વિદ્યા વિનયથી જ શોભે છે. લક્ષ્મી-પુત્રની શોભા ભલે અભિમાન હશે, સરસ્વતીપુત્રને તો સહકારનો જ ધર્મ હોય. એ ફળ આવે નમતો જ જાય. મહારાજ, સરસ્વતીસેવકોની કદર કરવાના આપના કાર્યનો હવે આરંભ કરો! આશાભર્યો કોઈ રહી ન જાય."

ગૌડેશ્વર મહારાજનું હૃદય આજે પ્રસન્ન હતું. એમણે છૂટે હાથે સર્વનું સ્વાગત કર્યું. કવિવર ઉમાપતિને બે ચામર, છત્ર ને પાલખી; ગોવર્ધનાચાર્યને બે સુવર્ણમશાલ, સુવર્ણજડિત મંડિલ ને એક ગોકુળ; એમ એક પછી એક કવિરાજોને પારિતોષિકથી નવાજવામાં આવ્યા.

સભા વિસર્જન થઈ ત્યારે અવર્ણનીય આનંદના ઉદધિમાં સહુ નાહી રહ્યા હતા.

૧૪. નાટચગૃહનું નિર્માણ

પદ્મા અને જયદેવને વિક્રમપુર જલદી ગમી ગયું. વનનાં પંખેરુને નગરના અભાવા ન લાગ્યા. કુમારી રાધિકા પદ્માવતીની પૂરેપૂરી સંભાળ રાખતી. એને ઓછું ન આવે, અજુગતું ન લાગે, અડવું અડવું ન ભાસે, એ માટે એ ખડે પગે રહેતી. પદ્મા હતી પણ પ્રેમના સાગર સમી. જીવનની પ્રત્યેક પળે એ પ્રેમહિંડોળે હિંચતી ન હોય એમ ઉલ્લાસભરી લાગતી. રાધિકા સ્વયં સૌંદર્યભરી હતી. એનું જાજ્વલ્યમાન રૂપ ભલભલાને મુગ્ધ કરી દેતું; પણ પદ્માનું સૌંદર્ય જોતાં જાણે રૂપની પરિભાષા જ પલટાઈ જતી.

"પદ્માવતી, તમારા ફૂલગજરા મને આપો. મારા આ સુવર્ણ-ગજરા તમે પહેરો."

"રાજકુમારી, વનનાં પંખીને એ ન અરઘે."

"અરઘશે, બહેન! જેનો દેહ ભગવાને સુરેખ ઘડયો હોય એને શું ન શોભે?"

"રાજકુમારી, ભગવાને મને જો ડાબે હાથે ઘડી હશે, તો તમને જમણે હાથે ઘડયાં છે. તમારા દેહમાં તો રૂપના સાગર છલકાય છે."

રાજકુમારી ધીરે ધીરે પદ્માના બધા પુષ્પના અલંકાર લઈ લેતી, અને સુવર્ણ, મણિમાણેકના અલંકાર પદ્માને પહેરાવી દેતી. એ પહેરીને રાધિકા રાજભવનના મોટા અરીસા સામે ઊભી રહેતી. પણ બધી

મહેનત વ્યર્થ ! જે ગજરા, જે કંઠહાર પદ્માના દેહને પાંગરાવતા, એ જ જાણે એના દેહ પર આવી વાસી બની જતાં. અરે, પુષ્પ વાસી બની ગયાં જાણી વનમાલા નવાં–તાજાં ફૂલ વીણીને લાવતી ને વિવિધ શૃંગાર-સાજ બનાવતી. પણ જાણે પદ્માના દેહ પર પ્રફુલતાં ફૂલડાં કુમારી રાધિકાના દેહને સ્પર્શી શ્રીહીન બની જતાં.

" રાજકુમારી, તપોવનની સ્ત્રીઓના અલંકારો તમે લૂંટી લેશો મા ! તમારી કાયા તો સુવર્ણ ને રૌપ્ય માટે જ સરજાઈ છે."

" પદ્માવતી, આ પહાડની રંગીન માટી તમને પામીને જાણે કેસર કે મૃગમદ બની જાય છે. આ જંગલી લતાનાં ફૂલ તમારે અંબોડે આવી જાણે મણિની કણિકાઓ બની જાય છે. પ્રકૃતિ જાણે પદ્માવતીને અનુરૂપ બનવાનું શાખી છે."

"વ્યર્થ વાતો કરી કોઈને બનાવશો મા ! તમારી સૌંદર્યછટા નીરખી મને મોહી જવાનું મન થાય છે."

પદ્મા હસી પડતી. રાજકુમારી પણ એમાં સૂર પુરાવતી, ને એ સખીઓ નાનાં સ્નેહાળ પંખીની જેમ સદા કિલ્લોલ કર્યા કરતી. કદી વીણાવાદન, કદી ગીતવિનોદ, કદી વનવિહાર ! હાથથી હાથ, દેહથી દેહ, પ્રાણથી પ્રાણ જાણે ભેટી રહ્યા હતા.

કવિ જયદેવ પોતાની પ્રિયતમાને-વનહરિણીને નગરનિવાસમાં લુબ્ધ બનેલી નીરખી ઊંડો આત્મસંતોષ અનુભવતા. પદ્માવતી રૂપ કાઢી રહી હતી. રાજભવન જેવા વસંતગૃહમાં વિક્રમપુરના રાજવીના વૈભવો ઢોળાઈ રહ્યા હતા. સુવર્ણદીપિકાઓ, રૌપ્ય હિંડોળાખાટો, મણિમુક્તાભર્યા પાત્રો, હીરચીર ને જરિયાની વસ્ત્રોથી છલકાતી મંજૂષાઓ ! સેનકુલાવતંસ મહારાજની ખાસ આજ્ઞા હતી કે કવિહૃદયોને કોઈ વાતની કમી ન આવે; એમની ઇચ્છિત વસ્તુઓ મોં માગ્યાં મૂલ આપીને પણ પહોંચાડવામાં આવે.

મહારાજ લક્ષ્મણસેન પોતે પણ ઘણો કાળ કવિરાજના સમાગમમાં નિર્ગમન કરતા. કવિરાજના સ્વર, એમની શ્રુતિ, એમની પ્રાતઃસાંધ્ય પ્રાર્થના, એમની બંસી ને એમનાં ભજનઃ એક અપૂર્વ આત્માનંદ પ્રત્યે આકર્ષી જતાં. પુત્રના મૃત્યુનું ઊંડું દર્દ ધીરે ધીરે વિસરાતું જતું હતું. છાયામાનવીની જેમ આચાર્યની પાછળ મહારાજ ઘૂમતા. પ્રહરોના પ્રહર આચાર્યદેવ બંસીની સુધા વહેવરાવતા, ને ચાતકની જેમ તૃષાર્ત મહારાજ એ પીતા.

ગૌડેશ્વર મહારાજે ફરી એક વાર વિનતિ કરીઃ "કવિરાજ, એવું અદ્ભુત કાવ્ય રચો, કે સમસ્ત સંસાર ભગવાન ગોવર્ધનધારીની લીલા પાછળ પાગલ થઈને નાચી ઊઠે, શુધબુધ ભૂલી જાય, સંસારના વિલાસ શુષ્ક લાગે, સંસારના વિષયભોગ વ્યર્થ ભાસે."

કવિરાજે મૌન રહી સ્મિત કર્યું.

"અને આચાર્યદેવ, આટલી કૃપા કરી છે, તો હવે વિશેષ કૃપાપ્રસાદ યાચું છું. રંગશાળાનું નિર્માણ કરો. આપનું કાવ્ય રંગભૂમિ પર સજીવ થવા દો. સાંભળ્યું છે, કે આપ ગીત, વાદ્ય ને નૃત્યના શિરોમણિ છો! તો એવું પરમ રસેશ્વરનું ગીત આપો કે સંસારની જીભ પરથી બીજાં ગીત ઊતરી જાય; એવો રસ જન્માવો, કે એ રસમાં સંસારના સર્વ રસ અલૂણા ભાસે; એવું નાટ્ય દર્શાવો, કે સંસારના આ નાટક પરથી માનવીનું મન ઊઠી જાય; એવો શૃંગાર દર્શાવો કે સંસારને અન્ય શૃંગાર પ્રતિ ઘૃણા છૂટે. પાંચે ઇંદ્રિયો આસક્ત બની જાય, પ્રાણ સર્વસ્વ એમાં ડૂબી જાય, એવી રચના કરો! ગૌડેશ્વરના જીવનની આ એકમાત્ર મહેચ્છા!"

"કવિના જીવનની પણ એકમાત્ર આકાંક્ષા—દીર્ઘ સમયનું સ્વપ્ન છેઃ દૃશ્ય અને શ્રાવ્ય બંને પ્રકારનું કાવ્ય રચવાની આકાંક્ષા રાખું છું, મારો નાથ લખાવશે, તો."

"અંતઃપુરની રંગશાળાનું સર્વ સંચાલન આપને સુપ્રત કરું છું, કવિરાજ! દેહના હવે ભરોસા નથી."

"આશાનો સ્વામી કોઈને અંતરિયાળ રાખતો નથી. શ્રદ્ધાના દીપ અણબુઝ રાખજો, રાજવી!"

એ દિવસથી મહારાજ પોતે કવિરાજની સાથે રંગશાળાના નિર્માણમાં રસ લેવા લાગ્યા. અદ્યાપિ પર્યંત અંતઃપુરની રમણીઓ એનો ઉપયોગ કરતી, કુમારી રાધિકા એનું સંચાલન કરતાં. કેટલીય અંધારી રાતો દીપકરાગ ને દીપકનૃત્યથી ઉજ્જવળ બનતી. કેટલીય અજવાળી રાતોને અલબેલીઓ રાસ રમીને ઉજ્જવળ બનાવતી. કુમારી રાધિકા શ્રીકૃષ્ણનો મોરમુગટ પહેરી મૃદંગ વગાડતાં ને અંતઃપુરની અસૂર્યંપશ્યાઓ સ્વર ને સૌંદર્યના સાગરને લહેરે ઉછાળતી.

આ રંગશાળા કવિરાજે મહાન નાટયાચાર્ય ભરત મુનિના શાસ્ત્રાધારે નિર્માણ કરવાની પોતાની ઇચ્છા વ્યક્ત કરી. અહીં તો પડયો બોલ ઝીલવાનો આદેશ હતો. બીજે દિવસે મહારાજ, મહામાત્ય, મહારાણી, રાજકુમારી સર્વે ઉપસ્થિત થયાં. રંગશાળાના નવનિર્માણનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું. મહામુનિ ભરતે દર્શાવેલ ત્રણ પ્રકારમાંથી કવિરાજે બીજા પ્રકારની રંગશાળા પ્રત્યે પસંદગી કરી. પડયો બોલ પ્રેક્ષકો ઝીલી શકે તેવી શ્રવણસુભગતા આ રચનામાં રહેલી હતી.

લંબચોરસ સમતલ ભૂમિ પસંદ કરવામાં આવી. ૬૪ હાથ લાંબું ને ૩૨ હાથ પહોળું એનું રંગગૃહ નિર્માણ કરવામાં આવ્યું. આ રંગગૃહનું શિલ્પકામ ને ચિત્રકામ કવિરાજની ઇચ્છા મુજબ થવાનું હતું. કવિરાજે સંક્ષેપમાં સર્વ મર્મની વાત કહી દીધી.

"ભગવાન ગોપીજનવલ્લભના જીવનમાં શું નથી? કયો રસ, કઈ ઉપમા, કયો અલંકાર બાકી છે, તે બીજા માનવી કે અન્ય દેવતાઓને શિલ્પમાં ઉતારવા પડે."

કુમારી રાધિકાને આ વાત ખૂબ જ ગમી ગઈ. એણે કવિરાજ સાથે ખભેખભો મિલાવી કામ કરવા માંડયું. રાજકુમારીને આ રીતે રસ લેતી જોઈ કવિ જયદેવને પણ અત્યંત ઉત્સાહ વ્યાપ્યો.

રંગભૂમિની આગળ રંગશીર્ષ રચવામાં આવ્યું. એની પાછળ નેપથ્યગૃહ યોજવામાં આવ્યું. જવનિકાના રંગ માટે રાજકુમારી અને કવિ જયદેવની વચ્ચે ખાસ વિવાદ ચાલ્યો, ને લાંબી રસાકસીને અંતે નાટકના પ્રધાન રસને સંવાદી રંગ રાખવાનું ઠર્યું. રંગભૂમિ લગભગ સંપૂર્ણ થવા આવી. હવે તેને શણગારવાનું કામ બાકી હતું. સાથે સાથે પ્રેક્ષકગૃહના નિર્માણનું કાર્ય પણ આરંભવામાં આવ્યું.

રસશાળાના આ કાર્યમાં રસ લેવાનો પ્રારંભ કર્યા પછી, રાજકુમારી અને પદ્માવતીની મુલાકાતો ઓછી થતી ચાલી હતી. પણ પદ્માવતીને અહીંના જીવનમાં રસ પડી ગયો હતો. રાજની વિશાળ સદાવ્રતશાળા, અતિથિશાળા, ગૌશાળા, રાજમંદિર વગેરે સ્થળે એ જતી, ને એમાં રસ લેતી. અંતઃપુરમાં એ જતી, પણ ત્યાં એના સ્વભાવને અનુકૂલ ઓછું આવતું. કદી ઉદ્યાનમાં પુષ્પચયન કરતી, કદી પદ્મકાસારમાં પગની પાનીઓ બોળી માછલીઓને લોભાવતી. ને સાંજ પડી જતી ત્યાં તો સંધ્યા ને ઉષા જે નિયમિતતાથી આવે છે એ અચૂકતાથી આવનારો પોતાનો પ્રાણેશ્વર પ્રીતમ આવી પહોંચતો.

રાત રોજ નવી ઊગતી. યૌવન રોજ અધીર થઈ થનગની ઊઠતું. નવીન દાંપત્યના રસોલ્લાસનાં ત્યાં રોજ દર્શન થતાં.

આ નિયમિતતા થોડાએક દિવસથી ખંડિત થઈ હતી. રંગભૂમિના નિર્માણકાર્યમાં સમયનું ભાન ભુલાઈ જતું. સંધ્યા થતી ને દીપકો પેટાઈ જતા, ત્યારે મોડા મોડા પ્રાણેશ્વર પધારતા. પદ્માવતી રાહ જોઈને વ્યગ્ર બની જતી. એ સંસારની સમૃદ્ધિને એક પલ્લામાં મૂકીને પણ પતિસહવાસના પલ્લાને ઊંચું થવા દેવા ઇચ્છતી નહોતી. પણ પરમ

ભાગવત મહારાજની ધર્મપ્રેરણા હતી. જે ધર્મના પોતે ઉપાસક હતાં, એની આ પ્રભાવના હતી. એટલે એ સ્વસ્થ થવા પ્રયત્ન કરતી, ન ગમતી પ્રવૃત્તિને ગમતી કરતી. ત્વરાથી રંગભૂમિનું નિર્માણ થઈ રહ્યું હતું. કવિરાજે એની જવાબદારી લીધી હતી. એટલે કોઈ માર્ગ નહોતો. અને કંઈ સદા આ કાર્ય થોડું ચાલવાનું હતું? પદ્માવતી પોતાના વ્યાકુળ દિલને આ રીતે આશ્વાસન આપતી.

કવિ જયદેવની પણ યોગ્ય સમયે પદ્માવતીની સેવામાં ઉપસ્થિત થવાની ઉત્કંઠા ઓછી નહોતી; પણ રાજકુમારી કોઈ ને કોઈ બહાને વિલંબ કરાવતી: સમય પૂર્ણ થવાની વેળાએ જ નવી ચર્ચા છેડી બેસતી, કોઈ નવા રાગની સમજ લેવા જ બેસી જતી, રંગભૂમિની કઈ જવનિકા પર ભગવાન શ્રીકૃષ્ણની કઈ લીલા ચીતરવી, એ વિષે પ્રશ્ન કરતી. કદી કદી રૂપસૌંદર્યથી ઝગહળતી રાધાકુમારી ભક્તિભર્યા દિલે પૂછી બેસતી:

"આચાર્યદેવ, આટઆટલી રૂપવતી–ગુણવતી રાણીઓ હોવા છતાં, ભગવાન રાધા પ્રત્યે કેમ રાગવંત? ગોપીઓ એમને આટલી વહાલી કેમ?"

"એનું કારણ નિષ્કામ ભક્તિ. ભગવાનની રાણીઓ તેમની પ્રત્યે પ્રેમ ધરાવતી હતી, કારણ કે તે તેમના પતિ હતા. અન્ય રાજકુળની રૂપવતીઓ તેમને ઇચ્છતી હતી, કારણ કે તેઓ પરમ વૈભવશાળી ચક્રવર્તી હતા. પણ રાધા અને ગોપીઓએ એમની સાથે પત્ની, માતા, સખી કે બહેન–કોઈ પણ સંબંધ ન હોવા છતાં જે આત્મસમર્પણ કર્યું, આત્મસમર્પણ માટે સગાંસંબંધી પાસેથી જે ત્રાસ, જુલ્મ, ફિટકાર હસતે વદને સહન કર્યાં તે અદ્ભુત ને પ્રેમની પરમ કોટીરૂપ હતું. આવી ભક્તિથી માનવી શું પામતો નથી?"

"કવિરાજ, ભક્તિથી સર્વ મનોવાંછિત મળે છે?"

"અવશ્ય, ત્રણ લોકમાં કોઈ એવી દુર્લભ વસ્તુ નથી, કે જે ભક્તિથી પ્રાપ્ય ન થાય."

આવી ચર્ચામાં વખત વીતી જતો. કવિ જવા માટે શીઘ્રતા કરતા, તો રાજકુમારી કહેતી:

"ચાલો, મારી શિબિકા સજ્જ છે. મારે પણ પદ્માવતીબેનને મળવું છે. એમને મળ્યા ઘણા દિવસ વીતી ગયા. યાદ કરતાં હશે!"

એક જ શિબિકામાં કવિરાજ અને રાજકુમારી ઘેર આવતાં. ચકોરીની મનોવેદના ધરી બેઠેલ કંઈક રોષભરી પદ્મા પતિને મનમાં ઠપકો આપવા નિર્ણય કરી રાખતી, પણ પતિદેવની સ્નેહસૌરભભરી પ્યારી મુખમુદ્રા જોતાં એ બધું વિસરી જતી. વેલી વૃક્ષને વીંટાવા ધસે, એમ એ ધસતી: ત્યાં રાજકુમારીનો સૂર સંભળાતો:

"પદ્માબેન, ક્ષમા કરજો! ઘણા દિવસથી મળાયું નથી, વિચાર થયો કે ચાલો આજે જ ભેગી થઈ આવું. કુશળ તો છોને?"

ભોળી પદ્મા મધુરું હાસ્ય કરતી. કવિહૃદય જયદેવ સૂર્ય ને ચંદ્રની કળાઓથી ઓપતી આ બે સખીઓ પ્રત્યે સ્નિગ્ધ નજરે જોઈ રહેતા. એકના દેહમાં રૂપ હેલે ચઢ્યું હતું, બીજીના રૂપમાં છાની તરંગમાળાઓ લહેરાં લેતી હતી. સૌંદર્યના કેવા બે અદ્ભુત નમૂના!

રાજકુમારી કેટલોક વખત ત્યાં બેસતી, વિનોદ કરતી ને પછી ચાલી જતી. આ વિલંબનો બદલો પદ્મા બીજે દિવસે કવિરાજને બધું કામ વિલંબથી કરાવીને લેતી. કવિરાજ જવા માટે શીઘ્રતા કરતા, તો પદ્મા કહેતી: 'વિલંબથી આવો છો, તો જવામાં જરા વિલંબ થાય તો શી હાનિ?' પદ્માની આ દલીલ સામે કવિરાજ હસતા.

એ હાસ્યનો ઉપભોગ બંને જણાં કરી રહે, તે પહેલાં તો રાજશિબિકા આવીને ખડી રહેતી. રાજસેવક નમન કરીને વિનતિ કરતો:

"મહાનુભાગ, રંગગૃહ પર સહુ ઉપસ્થિત છે, આપની રાહ જોવાય છે. શીઘ્ર પધારો એમ સહુ ઇચ્છે છે."

કવિરાજ ગુલાબના ગોટા જેવા બની ગયેલા પદ્માના ગાલને સ્પર્શ કરવાની ઇચ્છા મનમાં ને મનમાં શમાવી ચાલી નીકળતા, પણ પદ્મા પોતાના આ એકચક્રી સામ્રાજ્યમાં કોઈ વિક્ષેપ ઊભો કરે તે સહી ન શકતી. એણે તો ચારેક આવા પ્રસંગો પછી કહી દીધું: "રાજશિબિકા આવી તે શું થયું? એમને કંઈ બીજું કામ છે? જવાય છે."

પદ્માના આ આગ્રહ પછી રાજશિબિકા ત્યાં કેટલોક સમય પડી રહેતી. કવિરાજ મોડા મોડા બહાર નીકળતા. રાજસેવકની વિનતિ પર વિનતિ અફળ જતી.

બીજે દિવસે રાજશિબિકા સાથે રાજકુમારી તેડવા માટે આવ્યાં. હવે પતિને શીઘ્ર વિદાય આપ્યા સિવાય કોઈ માર્ગ નહોતો. પદ્માની ક્ષમા યાચતી રાજકુમારી કહેતી:

"પદ્માબેન, કામ ભારે ઉપાડીને બેઠાં છીએ. કવિરાજની પ્રેરણાથી કર્યું છે, ને હવે અતિ વિલંબ થાય તેમાં સારું નહીં ને! પિતાજીના ઉત્સાહને કંઈ સીમા છે? એ તો જાગ્રત ને સ્વપ્ન બંને અવસ્થામાં ગોવિંદનાં ગુણ ગાઈ કવિરાજની કૃતિની માળા જપી રહ્યા છે."

પદ્મા શું જવાબ આપે? ભારે કામ, ખરેખર ભારે કામ ઉપાડ્યું હતું. રાજકુમારીને કવિ જયદેવના સાનિધ્યમાં એક છૂપો રસ પેદા થઈ ગયો હતો. કવિ જયદેવ એટલે સોળે કળાએ ખીલેલું પદ્મ, વિધાતાએ નીર્મેલું બેનમૂન રત્ન. એનો શંખાકાર કંઠ, ડોલર ફૂલ જેવો વર્ણ, બિંબફળ જેવા આરક્ત ઓઠ, જળતરંગ જેવાં ઝૂલી રહેલાં કાળાં ભમ્મર ઝુલફાં, પીધે કદી પૂર્ણ ન થઈએ તેવો નયનરસ, ભ્રમર પર દુર્જેય ગૌરવ, લાંબા બાહુ: રાજકુમારી રંગગૃહની રચના કરતાં કવિ જયદેવની દેહયષ્ટિના રચનાનૈપુણ્યમાં મુગ્ધ બની ગયાં.

હતાં. સ્ત્રી અને પુરુષ, સમ યુવા, સમરસ મળ્યાં કે જાણે કેફ ચઢવાનો જ. પ્રભુનું આ દિવ્ય રસાયણ અદ્‌ભુત છે. ન ચાલે ત્યાં ફિલસૂફી, ન ઊભા રહે સંસ્કાર, ન ટકી શકે કોઈ પાર્થિવ સીમાબંધન! રાજકુમારી આ દેહશોભા પર, જીવનસુવાસ પર, કાવ્ય, કંઠ ને નૃત્યના અવતાર પર મુગ્ધ બનતાં ચાલ્યાં. એમની દૃષ્ટિમાં નવી સૃષ્ટિ ખડી થવા લાગી.

એ કંઠસ્વર, એ આલાપસંલાપ, એ બંસીના સ્વરો, ગતિની એ મોહકતા—કલાધર કૃષ્ણ કનૈયાની તેમને યાદ આપવા લાગ્યાં, ને પોતે—રાધા, જન્મનું નામ જ રાધા!

જયદેવ કૃષ્ણ ને રાધા એ રાધા! વળી એમાં પૂછવું જ શું? યોગીઓ જેની ચંચળતા જીતવા જીવનભર ધૂણી ધખાવ્યા કરે છે, છતાં જે પોતાની ચંચળતા નથી છોડતું, એ મન અહીં પણ કૂદકા મારવા માટે નીસરણી લાધી ગયું. એનો મર્કટધર્મ એ અદા કરવા લાગ્યું.

પોતે નૃત્ય કરે ને જયદેવ બંસી બજાવે! જયદેવ કૃષ્ણ બને ને પોતે રાધા બને! એ ધીરોદાત્ત નાયક બને ને પોતે મુગ્ધા નાયિકા બને! આ પૂર્ણ પાંડિત્ય ને પોતાનું રસભર્યું ચાતુર્ય! આ સરસ્વતીપુત્ર ને પોતે સ્વયં સેનવંશની લક્ષ્મી!

યુક્ત યુગલ! જુગલ જોડી!

રાધિકા છપ્પનના ચકરાવે ચઢી ગઈ. પ્રહરોના પ્રહરો કવિરાજ સાથે વીતાવવા છતાં, એની પ્યાસ અણબૂઝી રહેવા લાગી. કદી નૃત્ય શીખતી, કદી ગીત જાણતી, કદી રાગ–રાગિણી પિછાણતી, કદી બંસી બજાવતી એ કવિરાજના વધુ ને વધુ નિકટ થવા યત્ન કરવા લાગી.

'તમે બંસી બજાવીને બતાવો!' રાધાકુમારી કહેતી.

જયદેવ બંસી બજાવતા, પછી રાધિકાને બંસી બજાવવા આપતા. રાજકુમારી રાધા વિહ્વળ બની બંસી બજાવવાને બદલે જ્યાં જયદેવના રક્તઅધર સ્પર્શ્યા હોય ત્યાં વારંવાર ચૂમી ભરી લેતી.

"અરે ઘેલાં કુમારી! બંસીને ચૂમાય કે બજાવાય?"

રાજકુમારી હસી પડતાં. એમની સુરેખ દંતપંક્તિ હજાર હજાર હીરાનું તેજ વેરતી. બંસીને ચુંબન! અરે, હૈયામાં બજી રહેલી પ્રેમબંસીનું આ તો પ્રાકટ્ય માત્ર હતું.

નૃત્ય કરતાં ય રાધાકુમારી કંઈ કંઈ છળકપટ કરતાં. કેટલીક વાર ધબ લઈને પડી જતાં. કવિરાજ પોતાના પુરુષાતનભર્યા હસ્તે ફૂલની જેમ એને ઊચકી લેતા. કરોળીઓ જાળ સુંદર ગૂંથી રહ્યો હતો. એ જાળની રચનાનું અદ્‌ભુત નૈપુણ્ય કોણ આપતું હતું, એ પણ એનો રચયિતા જાણતો નહોતો. જાળ ગુંથાતી જતી હતી. જાળના હિંડોળે નિર્દોષભાવે રમી રહેલ આત્મા તદ્દન અનભિજ્ઞ હતો. સંસારરંગ તે આનું નામ!

રંગભૂમિ રચતાં રચતાં લાગેલા આ રંગથી બંને રંગાઈ રહ્યાં હતાં. એક જાણપણાથી, બીજો અજાણતાથી; પણ આ દ્વંદ્વની દુનિયામાંથી ત્રીજું વિસારે પડી રહ્યું હતું—અને તે વસંતગૃહમાં પ્રેમના સદા તાજા હિંડોળે ઝૂલતું પદ્મ! રંગભૂમિનું નિર્માણ કરી રહેલો પ્રીતમ હવે બહુ બહુ વિલંબથી આવતો. રોજરોજની ટકોરથી એ ધિટ બની ગયો હતો. ટકોર કે વ્યંગ હવે નિરર્થક હતાં. પદ્મા જાગતાં જાગતાં થાકી જતી. ભૂખી ને તરસી વિહ્વળ પદ્મા નેત્રોનાં પોપચાં શ્રમિત થઈને ઢળી પડે ત્યાંસુધી બેસી રહેતી.

પતિ પાસે સ્વતંત્રભાવે બોલતી ચાલતી પદ્મા હમણાં હમણાં ભારેખમ બનતી જતી હતી. એક વાર પતિદેવે પદ્માને જરા ઉગ્ર ભાવમાં સમજાવી દીધું: "પદ્મા, આ તપોવન નથી, રાજકુળ છે. આદરેલું કામ અધૂરું મૂકીએ એ ન ચાલે! કીર્તિને બદલે કલંક

લઈને જઈશું, તો તને ગમશે ? આ કાર્ય પૂર્ણ થઈ જવા દે, હું ક્યાં ભાગી ગયો છું. પછી તો હું છું ને તું છે, અને રસભરી રાતો પણ ક્યાં ઓછી છે ?”

પણ પદ્માના દિલને જાણનારા જ કહી શકતા હતા કે–સંસારની આ પદ્મિનીને એક ભવની રાત્રિઓય પ્રણયરસનું પાન કરવા માટે ઓછી જ હતી. અવનિપર એક માત્ર હૃદય એવું છે જે જગના ડહાપણને દેખતું જ નથી. છતાં એ પતિપ્રાણા પતિના કાર્યમાં લેશમાત્ર વિઘ્ન આવે, એ ઇચ્છતી નહોતી.

આજે જ કૌમુદી–ઉત્સવની રાત હતી. પદ્માએ વહેલા આવવા વિનતિ કરી. ઘણે દિવસે કવિરાજે એનો સ્વીકાર કર્યો. પણ એ રાતે એકલી પદ્માને ઘેર જ કૌમુદી રસ ઢોળવાની નહોતી. રાજપ્રસાદ પર, રંગભૂમિ પર, અંતઃપુર ઉપર ને દરેક રસિયાં જીવની ઉપર એની માધુરી રેલાવાની હતી. રાજકુમારી રાધિકાએ આજે નિર્ણય કર્યો હતો કે કવિરાજ બંસી બજાવે, મહારાણી મૃદંગ બજાવે, ને પોતે રાધાનૃત્ય કરે. આખા અંતઃપુરને નિમંત્રણ હતું. મહારાજ લક્ષ્મણસેન પણ ઉપસ્થિત થવાના હતા. પદ્માવતીને પણ ‘કૌમુદી–ઉત્સવ’ માં આમંત્રણ હતું, પણ એ કેવી રીતે આવે ? એને ત્યાં પણ ‘કૌમુદી–ઉત્સવ’ જ હતો ને ! ઘણે દિવસે વહાલાએ વહેલા આવવાની વિનતિનો સ્વીકાર કર્યો હતો. એ રાજભવનમાં કેવી રીતે આવે ?

કૌમુદીએ પોતાનો રસ ઢોળવો શરૂ કર્યો. અંતઃપુરમાં બંસીના સૂરો, મૃદંગની થનગનાટ ને નૃત્યની રમઝટ જામી ગઈ. વસંતગૃહ-માં પદ્માએ પણ આજે નવનવી રચના કરી હતી. કાળા ભમ્મર કેશકલાપ સીધેસીધા ઓળી એમાં કુંદકળીઓ ગુંથી હતી, હાથ પર રાધિકાએ આપેલાં સુવર્ણકંકણ, પગમાં નૂપુર, મસ્તક પર હીરાની દામણી ને કટી પર રત્નજડિત રસના ધારણ કરી હતી. વંગદેશમાં અલભ્ય એવું પારદર્શક હંસવસ્ત્ર પહેરીને, હાથમાં વીણા લઈને આજ

એ ગાનવાદન કરવાની હતી. ઘણાં દિવસથી નેત્રેનેત્ર મિલાવી નયનનર્તન કર્યાં ન હતાં, અધરે અધરનાં અમૃત પીધાં નહોતાં, સાથે સેજ પર બેસી વિશ્રંભાલાપ કર્યો નહોતો.

ઘણા દિવસોનો ખંગ આજ વાળવાનો હતો. સમી સાંજથી સજ્જ થઈને એ બેઠી હતી. આજ તો પિયુ વહેલો વહેલો પધારશે! સ્વાદિષ્ટ પક્વાન ને ઊની ઊની રસોઈ તૈયાર હતી. સ્નાન–વિલેપનના ને શૃંગારના સાજ સંપૂર્ણ હતા. ઉત્તમ સેજ તૈયાર હતી.

આકાશમાં કૌમુદી ભરપૂર રેલી રહી, અંતઃપુરમાં પણ ગાનવાદન ને નૃત્યની રમઝટ જામી રહી. આજે સુકુમારી રાધિકા પ્રચંડ નૃત્યમૂર્તિ બન્યાં હતાં. શ્રોતા શ્રમ અનુભવે પણ રાધિકા શ્રમિત દેખાતી નહોતી. રાત્રી વીતતી ચાલી, એક, બે પ્રહર વીતી ગયા, પણ વાત રંગ પર ચઢી હતી. અચાનક રાજકુમારીએ કહ્યું:

"કવિરાજ, તમે તો કંઈક રસદાન કરો?"

"અવશ્ય, અવશ્ય! અમે રાજકુમારીના પ્રસ્તાવ પ્રત્યે સંપૂર્ણ સહમત છીએ." ગૌડેશ્વર મહારાજ વચ્ચે બોલી ઊઠયા, ને ગૌડેશ્વર મહારાજની વાતને બધાએ સમર્થન આપ્યું.

રાત ગળતી હતી. નિષેધ નિરર્થક હતા. કવિએ વીણા મંગાવી. જોતજોતામાં તાર રણઝણી ઊઠયા, કંઠમાધુરી રેલાવા લાગી, કૃષ્ણ કનૈયાના રાસમંડલની યાદ તાજી થવા લાગી. એ વૈકુંઠની દિવ્ય ભૂમિ, નટવર નાગર રાસેશ્વર શ્રીકૃષ્ણ ને ગોપિકાઓ રાસ રમનારી! કવિ ભાન વિસરી ગયા. સમય પોતાનું માપ ભૂલી ગયો. શ્રોતા પર એક મોહક ધારણ ફરી વાળું. પ્રહરો વીતી ગયા. કવિરાજ પોતાનું ગીત ખત્મ કરી રહ્યા ત્યારે રાતનો ત્રીજો પહોર સંપૂર્ણ થઈ ચૂક્યો હતો.

કવિરાજ ઝડપી શિબિકામાં ઘેર પહોંચ્યા ત્યારે દ્વારમાં જ પદ્મા મિંચાયેલ નેત્રે ઢળેલી પડી હતી. એણે સજેલા સાજ, પેટાવેલા

દીપક, રાંધેલાં ધાન, ને બિછાવેલી સેજ એમ ને એમ હતાં. કવિરાજ ક્ષણભર થંભી ગયા. પ્રેમની પ્રતિમા સમી રાધિકાને કેટલો ગંભીર અન્યાય કર્યો હતો, એની દુઃખદ સ્મૃતિ ઘેરી વળી. પતિવિરહથી કંઈક કલાન્ત બનેલા પદ્માના મુખપદ્મ ભણી એ નીરખી રહ્યા.

નીરખતાં નીરખતાં કવિરાજ એકદમ હર્ષાવેશમાં આવી ગયાઃ "લાધી ગઈ મારા કાવ્યની નાયિકા! અરે, શ્રીકૃષ્ણની યાદમાં કુંજવનમાં રાધા આમ જ બેઠી હશે. વાસકસજ્જા નાયિકા રાધાની આવી જ પ્રતિમૂર્તિ હશે."

કવિરાજે પદ્માને ઉપાડી લીધી, છાતીએ ચાંપી દીધી. રોષભરી પદ્મા પ્રીતમના હૈયે ઝૂલી રહી. વસંતગૃહની પૂર્વદિશાની બારીઓ વાટે ચંદ્ર પોતાની કૌમુદી અંદર રેલાવી રહ્યો હતો. ખાન-પાન, સ્નાનશણગાર ભૂલીને દંપતી રસલહાણમાં ડૂબી ગયાં. રિસાયેલી પદ્મા મનાઈ ગઈ. બિછાવેલી સેજ સાર્થક થઈ ગઈ. મોડી રાતે દંપતી નિદ્રાધીન બન્યાં. ગાન, તાન ને સુરત શ્રમથી થાકેલા કવિરાજ ભરનિદ્રાને આધીન થયા પછી પ્રથમના પ્રહરોમાં નિદ્રાધીન બનેલી પદ્માની આંખ ઝટ મીંચાય તેમ નહોતી. એ પ્રીતમને વળગીને તંદ્રાવસ્થામાં પડી હતી. અચાનક નિદ્રાધીન પતિના મુખમાંથી રાધા, રાધા, રાધા શબ્દોની ઉચ્ચારમાળા સંભળાવા લાગી.

રાધા! રાધા! કોણ રાધા?

પદ્માનો આશ્લેષ છૂટી ગયો. કોણ રાધા? રાજકુમારી? શું પોતાનો પ્રાણ રાધાને મોહી ચૂક્યો? વિલંબનું શું આ જ માત્ર કારણ હશે? જંગલના ફૂલથી તૃપ્ત થઈ ગયો? એને રાજોદ્યાનનું કમળ ભાવી ગયું? રાજકુમારીના અતિ સહવાસ પાછળ શું આ કારણ હશે?

પદ્માની રાત વેરણ થઈ પડી. કૌમુદી જાણે ઝેર વર્ષાવતી લાગી. એનાં નેત્રોમાંથી અશ્રુની ધારા વહી નીકળી.

૧૫. ધન્ય બનેલી રસવતી ને સરસ્વતી

કુવિરાજ જયદેવને પોતાની પ્રેરણા લાધી ગઈ હતી. કૌમુદી-ઉત્સવની રાતે પદ્માના દેદારનાં દર્શન પછી, એ જ ભાવભર્યું કાવ્ય એ રચી રહ્યા હતા. ઊર્મિ સામે હતી. ઉલ્લાસ નજર સામે નર્તતો હતો. કલ્પના, અલંકાર કે ઉપમા માટે દૂર જવું પડે તેમ નહોતું. ભગવાન પુરુષોત્તમ સિવાય એમના કાવ્યનો કોઈ નાયક થવાનો ન હતો. કવિરાજ માનવ–કવિતા કે માનવ–પ્રશંસામાં માનતા નહોતા. પણ સહુની ઉત્સુકતા એ હતી કે કવિરાજ ભગવાન શ્રીકૃષ્ણના રસસાગર જેવા જીવનમાંથી કયો પ્રસંગ પસંદ કરે છે.

રંગભૂમિના નિર્માણ પછી હવે પ્રેક્ષકગૃહનું શિલ્પવિધાન ચાલી રહ્યું હતું. બ્રાહ્મણવર્ગ માટે શ્વેત સ્થંભથી યુક્ત પ્રેક્ષાગૃહનું નિર્માણ થવાનું હતું. રક્ત સ્થંભવાળું પ્રેક્ષાગૃહ બ્રાહ્મણ–પ્રેક્ષાગૃહની પાછળ બનાવવામાં આવ્યું હતું, ને તેમાં ક્ષત્રિયો માટે સ્થાન નક્કી કરવામાં આવ્યું હતું. આ પછી વાયવ્ય કોણમાં પીળા સ્થંભવાળું પ્રેક્ષાગૃહ વૈશ્ય માટે અને ઈશાન કોણમાં શૂદ્ર–પ્રેક્ષાગૃહનું નિર્માણ ચાલી રહ્યું હતું.

અંતઃપુરમાં જવાને કવિરાજને હજી વેળા હતી, ત્યાં તો રાજકુમારીની પાલખી આવી પહોંચી. પાલખીમાં બેઠાં બેઠાં જ રાજકુમારીએ કવિરાજને બોલાવ્યા:

" આ તમારી આવી પહોંચી." પદ્માએ રોષમિશ્રિત વ્યંગ કર્યો.

" મારી ? કોણ ?" કવિરાજ જયદેવે પ્રશ્ન કર્યો.

"પાલખી!" પદ્માના અવાજમાં રોષ પણ હતો, હાસ્ય પણ હતું.

"તો હું જાઉં." કવિરાજે જવાની સંમતિ માગી.

પદ્મા મૌન રહી.

"મને વિલંબ થાય છે." કવિરાજે પુનઃ કહ્યું. પદ્માએ મૌન ચાલુ રાખ્યું. રાજકુમારી સાદ પર સાદ દઈ રહી હતી. કવિરાજને હવે પ્રસ્થાન કરવા સિવાય કોઈ માર્ગ નહોતો. તેઓ અનિચ્છાએ બહાર નીકળ્યા ને પાલખી પાસે આવ્યા.

"ચાલો, કવિરાજ!" રાજકુમારીના શબ્દોમાં વ્યગ્રતાની છાંટ હતી. "પ્રેક્ષાગૃહ તો તૈયાર થયું. પણ હજી મહારાજ, અંતઃપુર, મહાસામંતો આદિનાં સ્થાનની યોજના બાકી છે ને?"

"હા, હા. ચાલો!" કવિરાજે પાલખીમાં બેસવાની તૈયારી કરતાં કહ્યું. પણ બેસતાં બેસતાં નીચે ઊતરીને જાણે કંઈ યાદ આવ્યું હોય તેમ તેઓ બોલ્યા: "કુમારી, જરા કાર્ય છે. બે ક્ષણમાં ઉપસ્થિત થાઉં છું."

કવિરાજ પાછા ગયા, પણ એ પદ્માના નિવાસખંડમાં ન ગયા. પદ્મા સેજ પર મસ્તક ઢાળીને પડી હતી. અદ્‌ભુત ચિત્ર સમી એ ભાસતી હતી. કવિરાજ જાળિયા વાટે નીરખી રહ્યા. ઈર્ષ્યા, રોષ, તિરસ્કાર, ન જાણે કેટકેટલી ભાવભંગી એના પૂર્ણચંદ્ર જેવા મુખ પર અંકાઈ રહી હતી. થોડી થોડી વારે એનાં કમળપત્ર જેવાં નેત્રોમાંથી સ્વાતિનાં બિંદુ ઝરતાં હતાં.

પણ આ દર્શન ક્ષણિક હતું. રાજકુમારીના સ્વરે એમાં ભંગ પાડ્યો. કવિરાજ ઉતાવળે પાછા ફર્યા. પાલખી રવાના થઈ.

"કેમ અતિ વિલંબ થયો, કવિરાજ?"

"મારા કાવ્યની નાયિકાને નીરખી રહ્યો હતો. વિરહોત્કંઠિતા,

ખંડિતા ને કલહાન્તરિતા: ત્રણ ત્રણ નાયિકાનાં એક જ નાયિકામાં દર્શન! અદ્ભુત!"

"તો તમારા કાવ્યની નાયિકા પણ નિયત થઈ ગઈ?"

"હા, રાધા કુમારી!"

"કોણ?"

"રાધિકા."

"રાધિકા? આખરે રાધિકા જ તમને પસંદ પડી!" ઉત્તરમાં મનને ગલીપચી કરાવે તેવો વ્યંગ હતો. રાજકુમારીના દિલમાં આ શબ્દોએ એક નવું તોફાન જગાવ્યું. એ સહેજ પાસે સરી. અંગથી અંગ સ્પર્શ્યાં. કવિરાજ પોતાની ધૂનમાં મગ્ન હતા. એ સ્પર્શે કુમારીના રોમાંચ થનગનાવ્યા.

"કવિરાજ, સંસારના પ્રખર જ્ઞાતાઓએ, રાતદિવસની પરિચર્યા કરનારાઓએ એ પુરુષોત્તમને પૂરો ન પિછાણ્યો ને એક નાનકડી ભલીભોળી રાધાએ શા રીતે પિછાણ્યો?"

"ભક્તિથી, પ્રેમથી. રાજકુમારી! અંતરના અર્પણથી. રાધા તો મુગ્ધતા, સરલતા ને નરી પવિત્રતાની મૂર્તિ છે."

"હા, કવિરાજ, રાધિકાનો ત્યાગ એવો મહાન છે. કુળાચાર છોડી, શિષ્ટાચાર ઉવેખી, લોકલાજ છાંડી......"

રંગભૂમિ આવી જતાં આ ચર્ચા અધૂરી રહી જતી. પણ કુમારીના નેત્રના વિલાસ, ભ્રમરના વિભ્રમ, મુખના હાવ, ચિત્તના ભાવ કવિહૃદયથી વધુ વખત અજાણ્યા ન રહ્યા. પણ દિવસો ટૂંકા હતા, ને કાવ્યરચના હજી બાકી હતી. રંગભૂમિના નિર્માણમાં જે અતિ ઉલ્લાસવંત રહેતા, એ હવે કાવ્યરચનાના વખતે ગંભીર બન્યા હતા.

પદ્મા વેદનામૂર્તિ બની રહી હતી. રાતના વખતે કવિરાજના મુખમાંથી નીકળેલ 'રાધા! રાધા!' શબ્દ એના દેહને પ્રજાળી રહ્યો હતો. જિહ્વાનું અમી જાણે શોષાતું હતું. પતિપત્ની વચ્ચેના અલ્પ સંભાષણે હવે ધીરે ધીરે મૌનનું રૂપ ગ્રહ્યું હતું. એ પતિવ્રતા મૂક પૂજાધર્મ આચરી રહી હતી. પતિનાં પગલાં પૂજતી, પતિના સ્પર્શને પવિત્ર લેખતી, પતિના આનંદમાં એ પોતાનું સર્વસ્વ સમજતી, છતાંય એનું ક્ષુબ્ધ નારીહૃદય કદી કદી વેદનાના આર્તસ્વરો કાઢી બેસતું. કેન્દુબિલ્વ આશ્રમમાંથી આણેલી ને એક સુંદર ગોલકમાં પધરાવેલી રાધારમણની મૂર્તિ પાસે ઘૂંટણીએ પડી એ ગાતી:

" આવડા રૂપાળા કોણે કીધા? કહોને કોઈ!
શ્યામ મારા, આવડા રૂપાળા કોણે કીધા?
સૂર્યને વલોવિયા કે ચંદ્રને નીચોવિયા,
કે લાખ લાખ તારા ઢોળી લીધા,
કહોને શ્યામ મારા, આવડા રૂપાળા કોણે કીધા?"

રૂપ, ભગવાનની સર્વશ્રેષ્ઠ ભેટ! એ જ રૂપ આજ વેરી બન્યું. અશ્રુ, રુદનનો એક પ્રવાહ વહી નીકળતો. પણ એ રુદન પ્રેમની લીટીને ભૂંસી શકે તેમ નહોતું. પ્રેમના પ્રાસાદમાં એ આંસુ પ્રબલતા અર્પતાં હતાં.

દિવસો જતા ગયા, એમ કવિરાજની તન્મયતા વધતી ગઈ. એમને તો એમના કાવ્યની નાયિકા લાધી ગઈ હતી. પ્રહરોના પ્રહર કાવ્ય રચવામાં ચાલ્યા જવા લાગ્યા. પદ્માવતી દેહ ને મનને સંયમના માર્ગે વાળી, કવિરાજના વચનનો પડઘો ને દેહની છાયા બની રહી હતી. હવે કાવ્ય સમાપ્ત થવાની ઘડી પર હતું. છેલ્લી પંક્તિઓ રચાવાની બાકી હતી; કેટલાંએક અધૂરાં પદો પૂરાં કરીને સળંગ, સુરેખ કૃતિ સરજી લેવાની હતી. કેટલીક શંકાઓ–ગીત, પદ ને ભાવાર્થ પરત્વે હતી.

પણ પદ્માના શોકના પડઘા ધીરે ધીરે કવિરાજના અંતરમાં પડવા લાગ્યા. કાવ્ય રચતાં રચતાં આજે એ ઘોષ મનપર કાબૂ જમાવી ગયો. કાવ્યરચનાને બદલે, કાવ્યની નાયિકાને બદલે, પોતાની જીવન-નાયિકાને તેઓ સંબોધી રહ્યા; કવિરાજની કલમથી નીચેની પંક્તિઓ સરવા લાગી:

“ પ્રિયે ચારુશીલે, પ્રિયચારુશીલે,
મુંચ મયિ માનમનિદાનમ્.

“ હે સુંદરી, માન મૂકી દે! તું જ જેનું જીવન છે, એવા મુજ વિષે તારે કોપ કરવો ઘટતો નથી!

“ હે ચારુશીલે, જ્યારે તું કંઈ બોલે છે, ત્યારે તારી દંત-પંક્તિરૂપી કૌમુદી મારા હૃદયના અંધકારને ભેદી નાખે છે. તારો મુખરૂપ ચંદ્રમા, મારા લોચનરૂપી ચકોરને અધરામૃતનું પાન કરાવે છે.

“ હે ચંદ્રાનને, જો તું મારા ઉપર કોપપૂર્ણ હો, તો તારા તીક્ષ્ણ નખરૂપી બાણના ઘા મારા દેહ પર લગાવ. એથી પણ સંતોષ ન વળે તો બે ભુજાઓ કરીને બાંધી લે. એથી પણ તને સાતા ન વળતી હોય તો તારા દાંતથી મારા અધર ક્ષતક્ષત કરી નાખ. અથવા તને સુખ ઉપજે એવા ઉપાય કર! પણ તારો રોષ છોડી દે.

“ હે માનિની, તું જ મારું પ્રાણધન છે. તું જ મારું આભૂષણ છે. તું જ સંસારસમુદ્રમાં મારું રત્ન છે. તું મારા પર સદા પ્રસન્ન રહે, એ માટે જ મારો સતત યત્ન છે.

“ હે તન્વાંગી, શ્યામ કમળની—નીલકમળની કાંતિ ધરનારું આ તારું લોચન ક્રોધથી લાલ કમળના રૂપની શોભા ધારણ કરી રહ્યું છે. દારુણ કામદેવરૂપી સૂર્ય મારા દેહને પ્રજાળી રહ્યો છે. એનાથી પ્રાપ્ત થયેલા વિકારને હરવા માટે હે સુંદરી! કામદેવના વિષને હર-

નાર, મનોવાંછિત આપનાર, ભૂષણરૂપ તારા ચરણપલ્લવ મારા મસ્તક પર મૂકી મારા મનોવિકારને હરી લે !

"સ્મરગરલખંડનં મમ શિરસિ મંડનં
દેહિ પદપલ્લવમુદારમ્ !"

—અરે, પણ આ શું ? અનુચિત, સર્વથા અયોગ્ય ! કવિરાજ, મહાન અપરાધ તમે આચર્યો ? ગમે તેવી રૂપવતીને ખોળામાં લઈ શકાય, હસ્તામલક કરી શકાય, ફૂલદડાની જેમ ઊંચકી શકાય, પણ એના પગને મસ્તક પર આરુઢ કરી શકાય ! ઘેલા કવિ ! કોના ચરણ ? કોના મસ્તક પર ? રાધાના ચરણ ભગવાન શ્રીકૃષ્ણના મસ્તક પર ?

રે પાગલ કવિ, પોતાનું દર્દ આ રીતે રડી દીધું ? અને તે પણ પોતાના સુપ્રસિદ્ધ કાવ્યમાં ? ના, ના, એ ભૂલ ન થઈ શકે.

કવિએ લખ્યું, ભૂસ્યું.

ફરી લખ્યું ફરી ભૂસ્યું.

કવિ–મન કોઈ જાતનો નિર્ણય કરી શક્યું નહીં. વ્યાકુળચિત્ત બની એ ઊઠયા, ને એમ ને એમ કાવ્ય અપૂર્ણ મૂકી સ્નાન કરવા માટે જલઘાટ પર ચાલ્યા. જલઘાટનું નૈસર્ગિક વાતાવરણ કદાચ પોતાની મનોવ્યથા ટાળે.

જલઘાટ પર કવિરાજ જયદેવ કવચિત જ દેખાતા. એમનાં ગીતો સર્વત્ર પ્રસિદ્ધ થઈ ચૂક્યાં હતાં, એમની ગીતમાધુરી ઘરઘરની પ્રશંસાનો વિષય બની હતી. આજ એના રચયિતાને સ્વયં ઘાટ પર નીરખી ભક્તોનાં ટોળાં એકઠાં થઈ ગયાં.

"કવિરાજ, એકાદ ગીતપંક્તિ રેલાવો ને અમને ધન્ય બનાવો !"

જનગણની માગણીનો ઇન્કાર કેમ થાય ? એક દહાડો એ જ

જનગણ પાસે તેમણે ન્યાય માગ્યો હતો. કવિરાજે એક સુંદર કાવ્ય છેડી દીધું. આખો ભક્તસમુદાય એમાં લીન બની ગયો.

વખતને સરતાં કંઈ વાર લાગે છે ? પ્રભુભજનમાં લીન બનેલા કવિરાજને રાજકુમારીના એક રાજભૃત્યે જગાડયા:

" કવિરાજ, રાજદરબારથી તેડું આવ્યું છે. "

" ચાલો, ભાઈ ! હજી તો ભોજન પણ બાકી છે. "

" મહારાજ, આજ અમે તો અમૃતનું ભોજન પામ્યા. રાજ-મહેલની દીવાલો વટાવી કોઈક વાર અમને ધન્ય બનાવવા પધારજો. "

કવિરાજે જનગણની વિનતિ પ્રત્યે હાસ્ય કર્યું ને રાજભૃત્ય સાથે ઘર તરફ વળ્યા. ઘેર પહોંચ્યા ત્યારે પદ્માવતી ભોજન જમી રહી હતી. જયદેવજી વિચારમાં પડી ગયા: ' કોઈ દિવસ નહીં ને આજે પતિવ્રતા પદ્મા પોતાના પહેલાં ભોજન કરી રહી હતી ! ' અરે, પણ ન કરે તો શું કરે ? પોતાની ઉપેક્ષા ક્યાં ઓછી હતી ? જયદેવજીના દિલમાં કંઈક હર્ષ થયો. તેઓને લાગ્યું કે પદ્મા આ કૃત્યથી કંઈક સંકોચ અનુભવે એ પહેલાં, પોતે જ ખુલાસો કરી લેવો:

" પદ્મા, ઉચિત જ કર્યું, મારું શું ઠેકાણું ? જમી લીધું તે ઠીક જ કર્યું ! "

" હું જમી ને તમે હજી ભૂખ્યા છો એમ કે ? " પદ્માએ નિર્દોષભાવે કહ્યું. જયદેવને લાગ્યું કે પદ્મા ટકોર કરી રહી છે. એ આક્ષેપ કરી રહી છે, કે અન્યત્ર રાજકુળમાં જમીને આવ્યા હશો.

" પદ્મા, હું બીજે ક્યાંય જમતો નથી. જળઘાટ પર કથા-કીર્તનમાં મોડું થયું. "

" મને ન બનાવો. મને વિશ્વાસ છે કે તમે અન્યત્ર જમતા નથી. પણ હમણાં મારે હાથે જમ્યા તેનું શું ? "

"કોણ જાગ્યું ? પદ્મા, ઘેલી તો નથી થઈ ને ?"

"ઘેલા તો તમે થયા લાગો છો. અરે, જલઘાટ પરથી તમે આવ્યા. મેં થાળી તૈયાર રાખી હતી. તમે તરત જ જમવા બેઠા. ભૂખ્યા ખૂબ થયા હતા, હું જેટલું જેટલું આપતી ગઈ, એટલું એટલું તમે બધું આરોગતા ગયા. મારા માટે નામમાત્રનું ભોજન બાકી રાખી બધું તમે આરોગી ગયા."

"પદ્મા, અસંભવ ! હું આવ્યો નથી, જમ્યો નથી. તને સ્વપ્ન આવ્યું. હું તો જલઘાટ પર જ હતો."

"સ્વપ્ન નહીં, પણ સત્ય. તમે જમ્યા ને પછી લેખનગૃહમાં જઈને લખવા બેઠા. અરે, તમે જ જોરથી ત્રણ વાર બોલ્યા : स्मरगरलखण्डनं मम शिरसिमंडनं देहि पदपल्लवमुदारं । ને પછી પેલા પલંગ પર સૂઈ ગયા."

"આશ્ચર્ય. પદ્મા, હું માની શકતો નથી. હું તો જળઘાટ પર જ હતો. ચાલ, પદ્મા, મારું લખાણ બતાવ."

પતિપત્ની લેખનગૃહમાં ગયાં. લેખનગૃહનાં દ્વાર બંધ હતાં. તિરાડમાંથી કવિરાજે નજર કરી. એમના કાવ્યની પ્રત ખુલ્લી હતી ને મયૂરપિચ્છથી કોઈ લખી રહ્યું હતું. અદ્ભુત ! ભક્તની વહારે ભગવાન ધાયા હતા ! કવિરાજ ઉન્મત્તની જેમ નાચી રહ્યા. એ જ મારો ગોવર્ધનધારી, એ જ વૃંદાવનવિહારી ! જય જય દેવ હરે !

"પદ્મા, ઓ સતી સ્ત્રી, તારા લીધે મારું કાવ્ય પવિત્ર થઈ ગયું. એ પામર જયદેવ નહોતો, ભગવાન જગત્પતિ હતા. તેં મને તાર્યો. તારા માટે કરેલી રચના પ્રભુએ સ્વીકારી. મારી રાધા !"

"કોણ રાધા ? ક્યાં છે રાધા ?" પદ્માએ બૂમ પાડી.

"આ રહી ! મારા જીવનની ને કવનની નાયિકા રાધા !" એકાંત હતું. જયદેવે પદ્માને ગાઢ આશ્લેષ લીધો.

“પ્રાણ, હું નથી માની શકતી. તમે પોતે જ, તમારી જ મુખમુદ્રા, તમારી જ ચાલઢાલ. શું એ ભગવાન હતા? ચાલો, દ્વાર ઉઘાડીને જોઈએ.”

દ્વાર ખુલ્યાં. અંદર કોઈ નહોતું. મયૂરપિચ્છની લેખિની પણ અદૃશ્ય હતી. કેવલ અર્ધખુલ્લી પ્રત પર તાજી શાહી ચમકતી હતી. એ ચરણ–મુદ્રા ને એ તાજાં સુમન પડ્યાં હતાં. કવિરાજે આશ્ચર્યભરી આંખે પ્રતને મસ્તકે અડાડી પ્રણિપાત કર્યા. અંદર જોયું તો અધૂરી રચના પૂરી થઈ ગઈ હતી, શંકાસ્થાનો ભરાઈ ગયાં હતાં, અને રાધાના ચરણને પોતાના મસ્તક પર મૂકવાની કવિકલ્પનાને વૃંદાવનવિહારીએ સંમતિ આપી હતી. પદ્મા માટે રચાયેલી કવિતા રાધા માટે મંજૂર થઈ હતી.

કવિરાજ પુનઃ પોતાના કાવ્યને પ્રણિપાત કરી રહ્યા. આ કાવ્ય હવે એમની પોતાની રચના નહોતી, હવે તો એ પ્રભુનું દાન હતું. ધીરેથી પ્રત લઈ, તેમણે રાધારમણના મંદિરમાં પધરાવ્યું. પૂજા, ધૂપ, દીપ કર્યાં, આરતી ને નૈવેદ્ય ધર્યાં. આજ એમનો અવતાર સફળ થઈ ગયો હતો; એમનું કવિત્વ સફળ થઈ ગયું હતું.

પણ કોના લીધે પોતાનું કવિત્વ અમર બની ગયું? પોતાની પ્રાણપ્રિયતમા પદ્માને લીધે. કવિરાજ સુધબુધ ભૂલી ગયા, પદ્માનો ચરણસ્પર્શ કરવા લાગ્યા. પણ પતિવ્રતા સાવધ હતી. એણે અંજલિ જોડેલા પતિના એ હાથ પોતાની વિશાળ છાતીમાં સમાવી દીધા. દંપતીનાં નેત્રોમાંથી અવિરત અશ્રુધારા વહી રહી.

“રાધા! રાધા!” કવિરાજ ઉન્મત્ત બનીને બોલી રહ્યા હતા. ‘હું તો રાધાસેવક! રાધા મારી ઉપાસ્ય મૂર્તિ! રાધા!’

દ્વાર પર કુમારી રાધિકા એ વેળા આવીને ખડાં હતાં. પોતાનું નામ સાંભળી એ અંદર ઉતાવળાં આવ્યાં, પણ અહીં દૃશ્ય જુદું

હતું. પતિપત્નીની સ્થિતિ નિહાળી એ સ્તબ્ધ બની ગયાં. મનમાં ઘડીભર થઈ આવ્યું, કે પદ્મા કદાચ પ્રેમકલહ કરી ચૂકી હશે. પ્રેમકલહથી થાકીને અશ્રુથી બંને એકબીજાને રીઝવતાં હશે. પણ કવિ 'રાધા !' રાધા !' શબ્દ કેમ ઉચ્ચારી રહ્યા હતા, તેનો ભેદ સમજવા તેણે કહ્યું:

"કવિરાજ, પદ્માબેન !" કુમારીનો સ્વર આવ્યો. બંને ક્ષણભરમાં સ્વસ્થ થઈ ગયાં, છતાંય એકબીજાનાં નેત્રોમાં પ્રેમનો સાગર ઉછાળા મારી રહ્યો હતો.

"કોણ? રાજકુમારી ! આવો ! આવો ! આજ હું તો અમર થઈ ગયો."

"કવિ તો અમર જ છે."

"ના, ના, કવિ બિચારો પામર જીવ છે. આજ તો મારી કૃતિને પ્રભુએ માન્ય રાખી. મારી શંકાઓ, મારા સંદેહો સુધારી એણે મારી કૃતિને સંપૂર્ણ કરી દીધી."

"સુધારાનું કે શંકાઓ ટાળવાનું કામ શિક્ષકનું છે. પ્રભુને બિચારાને કયાં પંતુજી બનાવો છો?" રાજકુમારીએ વ્યંગ કર્યો. એનો આશય કવિરાજને ધૂનમાં જાગ્રત કરવાનો હતો.

"રાજકુમારી, એ તમે ન સમજી શકો. તમારે સમજવાની હજી વેળા નથી આવી. પ્રેમની પાછળ સર્વસ્વનો ભોગ આપનાર જ તેનો અંશમાત્ર પામી શકે. પ્રભુએ મારી કૃતિ રચી."

"તો કવિરાજ, તમારી રચના સંપૂર્ણ થઈ? વિષય, રસ, અલંકાર, નાયક, નાયિકા?"

"નામ ગીતગોવિંદ, વિષય રાધા–કૃષ્ણનું મિલન, રસ શૃંગાર, નાયક શ્રીકૃષ્ણ, નાયિકા રાધિકા."

"રંગભૂમિ પર શ્રીકૃષ્ણ ને રાધા કોણ બનશે ?"

"જેના જીવનમાં એવો રસાસ્વાદ જાગ્યો હશે તે. જેના જીવનમાં એવો રસ ન જાગ્યો હોય એ શું નાટ્ય ભજવવાનાં. નાયકપદ લેવાનો મેં નિર્ણય કર્યો છે."

"ને નાયિકા ?" રાજકુમારીના દિલમાં તોફાન હતું.

"જેણે રાધાનું જીવન જીવી જાણ્યું એ."

"એટલે ?" રાજકુમારીના ચહેરા પર આનંદ હતો.

"નામથી તો તમે રાધા છો જ. પણ–"

"શું કહો છો, કવિરાજ ?" રાજકુમારીના અવાજમાં રોષ હતો.

"કુમારી, મિષ્ટતાના સ્વાદીલાઓ કટુરસની પણ તૈયારી રાખવી ઘટે. ગુણથી રાધા તે પદ્મા. એ રાધાનું જીવન જીવી ગઈ. એણે પોતાની સર્વ આશાઓને, સુખસંપદાઓને મારા ચરણે અર્પી દીધાં. ન્યોછાવરીનો ધર્મ એણે સ્વીકાર્યો, મારું કાવ્ય એના ઉપર જ રચાયું. એ ન હોત તો આ કાવ્ય ન હોત. મારા નાટ્યની એ જ નાયિકા !"

રાજકુમારી ક્ષણભર વિહ્વળ બની ગઈ. એનો પ્રેમપ્રાસાદ કડકભૂસ કરતો જમીનદોસ્ત થતો લાગ્યો. એનાં સ્નેહસ્વપ્ન ઊડી જતાં લાગ્યાં. એના દેહ પર પ્રસ્વેદનાં બિંદુ વળ્યાં. એનું હૈયું ક્ષણભર આગથી ભડકી ઊઠયું. પણ ના, ના, સંસ્કાર પણ કોઈ ચીજ છે. મહારાજ લક્ષ્મણસેન જેવા પરમ ભાગવતની એ પુત્રી હતી. પોતાની ભૂલ સમજતાં એને વિલંબ ન લાગ્યો. એની આંખમાં છલોછલ આંસુ ઊભરાઈ આવ્યાં.

"પદ્માબેન, મારા અપરાધની ક્ષમા !"

"બહેન, તમારો અપરાધ કેવો ? તમારું નામસ્મરણ પણ મને

તો પાવનકારી છે. અમારી મૈત્રીને ગાઢ બનાવવામાં તમે નિમિત્ત બન્યાં. અમે અમારું દાંપત્ય કસોટીના પથ્થરે કસી જોયું. કસોટીના પથ્થર પર એ સુવર્ણરેખાઓ કેવી ઝળહળી ઊઠી! બેન, રાધારમણની સાચી ભક્તિ સાધી લો. સાચાં રાધિકા બની જશો! આ ચાતુર્ય, આ સૌંદર્ય, આ રસજ્ઞાન અમર થઈ જશે!"

"કવિરાજ, તમારા કાવ્યમાંથી મારું નામ કમી કરશો. જીવન વિષે જેણે કદી વિચાર નથી કર્યો, એને આજ જીવનદૃષ્ટિ લાધી. હવે હું પદ્માબેનના જેવા તપની આકાંક્ષા કરીશ, જીવનનું પ્રતિબિંબ પડે તેવી શુચિતા સેવીશ."

"મારા કાવ્યમાં તમે અમર છો, રાજકુમારી! યોગ્ય ભૂમિકા રચનાર સખીપદ તમારું છે. તમે પવિત્ર છો. ભગવાન ગોવર્ધન-ધારીના સાચા ઉપાસકને અશુચિતા સ્પર્શતી નથી. ચાલો, રાજકુમારી, હવે આજથી આપણે તૈયારીઓ શરૂ કરીએ; સંસારના મહાન નાટકમાં એક નાનું નાટક આપણે પણ ભજવી જઈએ." જયદેવ ઊર્મિના ઉચ્ચ શિખર પર હતા. તેમને કંઈક યાદ આવતું હોય તેમ એ બોલ્યા:

"અરે, ન જાણે આ રસમાં ક્ષુધા ને તૃષા મને વીસરી ગઈ. ઊભા રહો. હું ક્ષુધાશાન્તિ કરી લઉં. પદ્મા, આજ આપણે બન્ને સાથે જ રંગભૂમિ પર જઈશું. આપણું કાર્ય આજથી આરંભી દઈએ. આજ ક્ષુધા તો સંતાપતી નથી, પણ મારી સરસ્વતીએ બનાવેલ અમૃત જેવી રસવતીનો આસ્વાદ તો લઈ લેવા દો. જીવનના પરમ ભાગ્યની આ ઘડી છે!"

જયદેવ રસોઈગૃહ તરફ વળ્યા. પદ્મા રસવતી તૈયાર કરવાની તૈયારીમાં પડી. પણ જયદેવે પદ્માની એઠી થાળી ખેંચી લીધી, ને એમાંથી ખાવા માંડયું.

"અરે, અરે, એ તો મારું એઠું છે!" પદ્માએ દોડીને થાળી ખેંચી લેવા માંડી. જયદેવજીએ બે હાથે થાળી પકડી રાખી એમાંથી ખાવા માંડયું.

"પદ્મા, પતિવ્રતાની એઠ પણ ક્યાંથી? તારી એઠ જેને મળે એ તો સંસારમાં સ્વર્ગ ઉતારી દે! પદ્મા, પતિવ્રતા, પ્રાણેશ્વરી!"

સંસારનો શ્રેષ્ઠ કવિ એ દહાડે પતિવ્રતાની એઠ જમી પવિત્ર બન્યો!

રાધાકુમારી સંસારના આ પ્રેમભક્ત યુગલને નિહાળી મૂઢ બની ગઈ!

૧૬. ગીતગોવિંદ

ઉત્કંઠાના દિવસોનો અંત આવી ગયો હતો. વિક્રમપુર શહેરની ગલીએ ગલી આજ હર્ષથી ગાજી રહી હતી. જયદેવનું કંઠમાધુર્ય ને કવિત્વ, પદ્માવતીનું અભિરૂપ સૌંદર્ય ને વીણાકૌશલ, રાજકુમારી રાધિકાનું ચિત્ર તથા નૃત્યનૈપુણ્ય નીરખવાનો લહાવો સહુને મળવાનો હતો. ભક્તિશૃંગારને આજ સદેહે નીરખવાનો અવસર મહાભાગ્યે આવ્યો હતો.

મહારાજ લક્ષ્મણસેનના હર્ષને સીમા નહોતી. જગતનું બેનમૂન ભક્તિશૃંગાર કાવ્ય તેમના રાજદરબારમાં રચાયું હતું. કવિઓ પદ, ગીતિ ને શબ્દલાલિત્ય પર ડોલી ગયા હતા. સંસારમાં કાલે લક્ષ્મણસેન હોય કે ન હોય, સેનવંશ પણ પૃથ્વીના પટપરથી ભલે વિલુપ્ત થઈ જાય, વિક્રમપુરનાં ખંડેરો પણ ભલે શોધ્યાં ન જડે, પણ એ વેળા જનસમૂહના કંઠમાં રમી રહેલ આ કાવ્ય પોતાને, પોતાના વંશને, પોતાની ઈકોતેર પેઢીને લોકહૃદયમાં ચિરંજીવ બનાવશે.

સહુ પ્રથમ આ કાવ્ય રાજસભામાં કવિરાજે ગાઈ બતાવ્યું ત્યારે શ્રોતાઓ મુગ્ધ થઈ ગયા, કવિઓ ડોલી ઊઠ્યા, મહારાજ તો એ કાવ્ય મસ્તક પર લઈ નાચી ઊઠ્યા. તેઓએ જાહેર કર્યું: “ જ્યાં આ ગીતગોવિંદ છે, ત્યાં સ્વયં વૈષ્ણવ ગોષ્ઠિ છે, ત્યાં સમાજ છે, ત્યાં વૃંદાવન છે. એ જ્યાં જ્યાં ગવાશે ત્યાં પ્રેમસરોવર છલકાશે, ભાવસમુદ્રની ભરતી થશે, ત્યાં ગોલોક દેખાશે, ત્યાં અપૂર્વ બ્રહ્માનંદ પ્રાપ્ત થશે. મંત્રીરાજ, કવિ જે માગે તે પુરસ્કાર આપો, ને દેશદેશથી લહિયા તેડાવી આની નકલો કરાવો. આર્યાવર્તના ખૂણે ખૂણે આ કાવ્ય-

પ્રબંધનો પ્રચાર કરો ! આવા લલિત પદવિન્યાસ, આવી પ્રીતિવ્યંજક મનોહર છટા, શ્રવણમનોહર અનુપ્રાસ, ભક્તિવિલસિત પદાવલિ, સ્વરઅક્ષરનો સંવાદ અમે અન્ય કાવ્યમાં કદી નીરખ્યો નહોતો."

કવિસભાએ ગૌડેશ્વર મહારાજના અભિપ્રાયને પોતાની સંપૂર્ણ સંમતિ દર્શાવી. કવિરાજ જયદેવને પુરસ્કાર માગવા માટે કહ્યું ત્યારે તેમણે નમ્ર વદને કહ્યું :

"મહારાજ, આ તો લોકોત્તર પ્રેમનું મહાકાવ્ય છે. એનો પુરસ્કાર લૌકિક સંપત્તિ ન હોય. અને આધ્યાત્મિક પુરસ્કાર મને મળી ચૂક્યો છે."

"નાટ્યરૂપે પણ નિહાળવાની અમારી ઇચ્છા છે." ગૌડેશ્વરે કહ્યું.

"એની પણ સર્વ સામગ્રી તૈયાર છે. આજ રાત્રે જ..."

"આજ રાત્રે જ ?" મહારાજે અડધેથી વાક્ય ઉપાડી લીધું.

"મંત્રીરાજ, જાઓ નગરમાં ડિમડિમ નાદે આ વાત જાહેર કરો !"

ડિમડિમ નાદ વિક્રમપુરની વીથિકાઓમાં ગાજી ઊઠયો. સાંજ થતાં થતાં તો માનવમહેરામણ હેલે ચઢયો. લોકવાયકાઓ ચાલતી હતી, કે ગીતગોવિંદ તો ભગવાને પોતે રચ્યું હતું. કવિ જયદેવે તો માત્ર ગાઈ બતાવ્યું હતું.

રંગશાળા માટે પણ અનેક વાયકાઓ હતી, અદ્દભુત ને ભવ્ય રચના માટે શત શત મુખે પ્રશંસા થતી. આજે રંગશાળામાં વૃંદાવન ખડું થવાનું હતું, યમુનાનાં જળ અહીં જ સંગીત કરતાં વહેવાનાં હતાં, શ્રીકૃષ્ણની મોહક બંસીના સૂરો આજ અહીં જ છેડાવાના હતા !

પદ્મા પોતાનાં અતુલ સૌંદર્ય ને અભિનયને આજે બહેલાવવાની હતી. જેને શ્રીકૃષ્ણ માની, પોતાનું સર્વસ્વ ન્યોછાવર કર્યું, એ જ જયદેવ શ્રીકૃષ્ણનો સ્વાંગ સજવાના હતા. નવરસ વિશારદા, સેનવંશની લક્ષ્મી-

સખી રાજકુમારી રાધા સખીવેશ લેવાનાં હતાં. જીવનમાં એક જ વાર નીરખવા મળે એવું આ નાટક હતું.

પુરજનો યોગ્ય સમયે પોતપોતાના પ્રેક્ષાગૃહમાં ગોઠવાઈ ગયા. રંગ આગળ શ્રીકૃષ્ણની દાણલીલાથી અંકિત શ્યામરંગની યવનિકા પડેલી હતી. એના આગળ રંગશીર્ષ પર પુરોહિતો હવ્યાદિની સામગ્રી સાથે યજ્ઞ માટે સજ્જ હતા. રંગ ને નેપથ્યગૃહની મધ્યમાં આવેલ વાદ્યગૃહમાં વાયુવાદ્ય, તંત્રીવાદ્ય ને મૃદંગ વગેરેથી સજ્જ બજવૈયા આવી ગયા હતા.

નેપથ્યની સામે જ ગૌડેશ્વર માટે સિંહાસન ગોઠવવામાં આવ્યું હતું. એમની ડાબી બાજુએ અંતઃપુરની સ્ત્રીઓ માટે પ્રેક્ષાગૃહની યોજના કરવામાં આવી હતી. તે પછી યુવતીજનો માટે ને તે પછી અમાત્ય ને દરબારીઓ માટે આયોજના હતી.

સિંહાસનની જમણી બાજુ નાટયશાસ્ત્રના નિયમ પ્રમાણે મહાસામંતો, રાજકુમારો, નાના અન્ય સામંતો, કોષાધ્યક્ષ ને બીજા રાજ-અધિકારીઓનાં સ્થાન હતાં. આ પછી પંડિતરત્નો, ધર્મવેત્તાઓ, રાજકવિઓ, રાજજ્યોતિષી ને રાજવૈદ્યનાં આસનો હતાં.

મહારાજ લક્ષ્મણસેન નિયત સમયે મહામાત્ય ઉમાપતિધર સાથે પધાર્યા. તેમની સાથે પંચ પંડિતરત્નો પણ હતાં. એમની વિદ્વત્તાને માટે આ નવીન હતું. આ રીતના વરણાગિયાવેડા તેમને કંઈક ખૂંચતા હતા. ગંભીર પાંડિત્ય સાથે આવાં નાચગાન બેસૂરાં લાગતાં હતાં.

હવ્યાદિ સમાપ્ત થયાં.

નેપથ્ય પાછળ ગંભીર શંખનાદ સંભળાયો. નગારાનો ધ્વનિ વાતાવરણમાં ચેતન પૂરવા લાગ્યો. પ્રેક્ષકોનાં નેત્રો રંગભૂમિ પર સ્તબ્ધ થઈ ગયાં.

નગારાના ધ્વનિ પછી મૃદંગના સ્વરો આવ્યા. એ સ્વરો સાથે

બજવૈયાઓએ પોતાનાં વાયુવાદ્ય ને તંતુવાદ્ય મિલાવવા શરૂ કર્યાં. નેપથ્યમાંથી સમૂહગીતના સ્વરો આવવા લાગ્યા.

આ સમૂહગીત રંગભૂમિના રક્ષક ગંધર્વ, દૈત્ય, દાનવ, રાક્ષસ, ગુહ્યક ને યક્ષો માટે હતું. સમૂહગીતના છેલ્લા સ્વરો હવામાં વિલીન થતા ચાલ્યા, કે જવનિકા પુનઃ શંખસ્વર સાથે ઊંચકાઈ.

સૌમ્યતાના અવતાર સમો સૂત્રધાર ત્યાં ઊભો હતો. એણે મધુર પાદવિન્યાસપૂર્વક જર્જર નામનો ઇંદ્રધ્વજ ઊંચો કર્યો, ને પોતાનું ગાન આરંભ્યું. ચંદ્રની બંને બાજુ જેમ વાદળીઓ સરી આવે એમ બે પરિપાર્શ્વિકાઓ ધીરે ધીરે સૂત્રધારના ગીત સાથે પગનો તાલ મિલાવતી આવી. સ્વર્ગની અપ્સરાના સાજ એમણે સજ્યા હતા. એકના હાથમાં પુષ્પથાળ હતો. અન્યના હસ્તમાં જલાદિકથી પૂર્ણ સુવર્ણકલશ હતો.

સૂત્રધારે પરિપાર્શ્વિકાઓ સાથે ગીત ને તાલ મેળવતાં રંગભૂમિની પરિક્રમા કરી, પછી વિશ્વપાલક બ્રહ્માની સ્તુતિ કરી, ને અંતે ધ્વજવંદન કર્યું.

ધ્વજ સમીપે સૂત્રધારે દેવપ્રીત્યર્થે તાંડવ નૃત્ય કર્યું.
એક પરિપાર્શ્વિકાએ ઉમાના માનમાં ચારી નૃત્ય કર્યું.
અન્ય પરિપાર્શ્વિકાએ ભૂતગણના માનમાં ઉગ્ર નૃત્ય કર્યું.

ને ધ્વજના મૂળમાં જલસિંચન કરી, પુષ્પ ચઢાવ્યાં. પૂજન સમાપ્ત થયું. સૂત્રધારે વિદાય લેતાં આજના નાટકનું મંગલાચરણ શરૂ કર્યું:

મેઘન તેં નભ છાઇ રહ્યો, બનભૂમિ તમાલન સોં ભઈ કારી.
સાંજ સમેં ડરી હેં, ઘર યાહી, કૃપા કરકે પહુંચાવહુ પ્યારી.
યોં સુનિ નંદ નિદેશ ચલે, દોઉ કુંજનમેં વૃષભાન દુલારી.
સોઇ કાલિન્દી કે કૂલ ઈકંતકી, કેલિ હરે ભવભીતિ હમારી.

બાની ચારુ ચરિત્ર સોં, ચિત્રિ જા હિય ભીતિ
પદ્માવતી પદ દાસ જો, જાનત કવિતા રીતિ
સોઈ કવિ જયદેવ યહ, ગીત ગોવિંદ રસાલ
રચ્યો કૃષ્ણ કલ કેલિમય, નવ પ્રબંધ રસજાલ.
જો હરિ સુમિરન હોઈ મન, જો શૃંગાર સોં હેત
તો બાની જયદેવકી, સુનુ સબ સુગુન નિકેત.*

વાદકોએ સૂર લંબાવ્યા. સૂત્રધારે સ્વરોને આરોહ પર ચઢાવી છોડી દીધા, ને પૂર્વરંગ પૂર્ણ થયો.

પટાક્ષેપ થયો, ને રંગભૂમિ પર વૃંદાવન આવીને ખડું થયું. થોડે દૂર યમુના કદંબ વૃક્ષોના પડછાયા ઝીલતી મંદમંદ વહી જતી દેખાય છે. તીરપ્રાંત પર સુંદર કુંજવનો આવેલાં છે, તીવ્ર ગંધથી છકી રહેલાં તુલસીનાં વન છે. જાઈ જુઈ, માધવી ને માલતી લતાઓના મંડપો છે. મયૂરો ખુલ્લી કુદરતમાં કેકા કરે છે, ને હેલડીઓ ઓધાન ભરે છે. સંધ્યાને વાર જોઈ ચાતક ને ચક્રવાકી પાંખેપાંખ ભીડીને બેઠાં છે. વાનરયુથ નિર્દ્વંદ્વ ખેલી રહ્યાં છે, ને ચમરી ગાયો નિરાંતે ચરી રહી છે.

એક પ્રૌઢ પુરુષ ચાલ્યો જતો દેખાય છે. એની આંગળીએ એક કિશોર છે. તમાલનાં વનની પાછળ સૂરજ પશ્ચિમાકાશમાં સરતો જાય છે. એના રક્ત પડછાયામાં આખો વનપ્રદેશ નાહી રહ્યો છે.

વાહ, વાહ, અદ્ભુત દૃશ્ય! પ્રેક્ષકો અનિમેષ નયને નીરખી રહ્યા. શી કલાચાતુરી! શું સંવિધાન!

તીરપ્રાંત પર કદંબવૃક્ષની ઘટા નીચે એક નમણી કિશોરી નૃત્ય કરી રહી છે. એના પગ મોરલા જેવા છે. એનો અવાજ

---

* ભારતેંદુ બાબુ હરિશ્ચંદ્ર વિરચિત.

કોકિલા જેવો છે. એણે દેહ પર મયૂરપિંછના રંગોનું અંબર ઓઢ્યું છે, પગમાં રત્નજડિત ઝાંઝર છે, નાકમાં મોતીયુક્ત નથની છે, કાનમાં કુંડળ છે. એ મોરલાની નકલ કરતી થનગન થઈ રહી છે.

અચાનક મોરલાની ચીસ સંભળાય છે, બપૈયો પ્રચંડ પોકાર પાડે છે. કિશોરી આકાશ ભણી નીરખી રહે છે.

તમાલનાં વનો પાછળ સૂરજ વાદળોમાં ડૂબી ગયો છે. નિરભ્ર આકાશ જળભરી વાદળીઓથી છવાતું જાય છે. ઈશાન કોણથી વાયુના ઝંઝાવાત આવે છે. કદંબની ડાળો ચીરાવાનો અવાજ સંભળાય છે.

પુરુષની સાથે જતા કિશોરની રોમરાજિ ઊભી થઈ ગઈ છે. એની કાયા કંપી ઊઠે છે. પુરુષ કંપિત કિશોરને નીરખી ચિંતાતુર થાય છે. હજી એને આગળ વધવું છે, પણ આ કિશોર ડરી રહ્યો છે.

એ ચારે તરફ નજર ફેરવે છે. થોડે દૂર ગોપકુળોની લાડઘેલી રાધા પવન સાથે નૃત્ય કરી રહી દેખાય છે. પુરુષ બૂમ મારી એને બોલાવે છે.

ગડગડાટમાં અવાજ ડૂબી જાય છે. ફરીથી બૂમ મારે છે. મોરલાના કંઠની સાથે પોતાના અંગનો ભંગ કરતી રાધા સાંભળતી નથી. પુરુષ જરા નજીક જાય છે. બૂમ મારે છે: "ઓ રાધા!"

"હો, હો!" કાનનકોકિલા જેવી રાધા ટહુકાર કરી દોડીને પાસે આવે છે, પ્રણામ કરી પૂછે છે: "શું કહો છો, નંદરાય?"

"રાધા, નંદકુમારને ઘેર લઈ જઈશ?" પુરુષના શબ્દોમાં વાત્સલ્ય હતું. કિશોરના દેહમાં હજી કંપ થતો જોવાતો હતો. "જોને રાત કેવી અંધારી છે? આકાશ મેઘખંડોથી છવાઈ રહ્યું છે. તમાલવૃક્ષોની ગીચ ઝાડીને લીધે વનભૂમિ ભેંકાર બની રહી છે. આ બાલકૃષ્ણ ભીરુ છે. રાધા, તું એને ઘેર લઈ જા!"

"ઓહોહો..." રાધા ટોળ કરે છે, ને શ્રીકૃષ્ણના દેહ પર એક નજર નાખે છે. શ્રીકૃષ્ણે પોતાના શ્યામસુંદર દેહને પીતાંબરથી આચ્છાદિત કર્યો છે, ઘનશ્યામ કેશકલાપ ચામર જેવો ચૂડાકારે બાંધ્યો છે. એમાં ખોસેલું સુંદર રંગબેરંગી મયૂરપીંછ હવા સાથે ડોલી રહ્યું છે. ભાલ પર ચંદનનું ચંદ્રબિંદુ ને ગોરોચનનું તિલક કર્યું છે. શંખાકાર નયનોમાં છલકાતું આંજણ આંજ્યું છે. મકરાકાર કુંડલો કર્ણપ્રદેશ પરથી ગાલ સુધી હીંચી રહ્યાં છે. દેહપરથી મૃગમદની સુવાસ આવી રહી છે. અંગપ્રત્યંગ પર ચોઆચંદન લગાવેલું છે. કંઠમાં વૈજન્યતી માળા છે. માળામાં કૌસ્તુભમણિ ઝળકી રહ્યો છે. લાક્ષારાગથી રંગેલા સુકોમળ પગ ખુલ્લા છે, ને જમણા હાથમાં બંસી શોભી રહી છે.

નંદરાય ફરી આગ્રહ કરે છેઃ "રાધા, તું ગોકુળની રાણી છે. આ પુરુષોત્તમ છે. એનું રક્ષણ કરીને ઘેર પહોંચાડ." નંદરાયની દૃષ્ટિ જાણે ભવિષ્ય નીરખી રહી હતી.

રાધાએ પોતાનો સશક્ત સુંદર બાહુ પ્રસાર્યો. કિશોરને લઈ એ ચાલવા લાગી. આકાશ ગડેડાટોથી ગાજી રહ્યું છે. વીજળી વારે વારે પૃથ્વી–આભનાં ઓવારણાં લે છે. યમુનાનો શ્યામ કિનારો અતિ શ્યામ બની રહ્યો છે.

ગાઢ અંધકારમાં મેઘ ને વીજળી જેવાં કૃષ્ણ અને રાધાને જતાં નીરખી નંદરાય સંતોષ અનુભવે છે.

રાધા અને કૃષ્ણ ચાલ્યાં જાય છે. અચાનક રાધા થંભી જાય છે. કૃષ્ણ કારણ પૂછે છેઃ રાધા કહે છેઃ

"હે પુરુષોત્તમ, તારી માયા દર્શાવ, તારું અદ્‌ભુત સ્વરૂપ ધારણ કરી મારા તૃષાતુર દિલને શાન્તિ આપ!"

કૃષ્ણ મંદ મંદ હસે છે. રાધા ચિડાય છે. એ પાસે જઈ કહે

કે "ઠગારા, તેં ઘણા દિવસ મને છેતરી. આજ નહીં જવા દઉં. મારી ભક્તિના બળે તને બાંધી લઈશ."

મંદ મંદ હાસ્ય કરતા કૃષ્ણ અટ્ટહાસ્ય કરે છે. એ હાસ્યના પડઘા દિગદિગન્તને સ્પર્શી રહે છે. વીજળી ચૂપ થઈ જાય છે, મેઘ વિખરાઈ જાય છે, શરદની છટા સરી જાય છે.

કામદેવનો મિત્ર વસંત આવે છે, પુષ્પે મહોર, આમ્રે મંજરી, વને વને કોકિલગાન સાથે લેતો આવે છે.

રાધા વિવાહવધૂના સ્વાંગમાં છે.
કૃષ્ણ વરના પોશાકમાં છે.
બ્રહ્માજી કન્યાદાન આપી રહ્યા છે.

પણ આ તો નટવરનાગર. મહોરેલા કદંબની નીચે, યમુનાના તટે, એક રાત રાધા સાથે રમીને અદશ્ય થઈ જાય છે. જે મોટા મોટા યોગીઓને–યતિઓને શોધ્યો જડતો નથી, એ બિચારી નવોઢા રાધાનો શોધ્યો કેમ કરી જડે !

રાધાને વિરહવેદના વ્યાપે છે. એ કૃષ્ણાભિસારિકા બની કુંજે કુંજે શોધવા નીકળે છે. એના નીલ પોશાકમાંથી દામણીના હીરા ઝગી ઊઠે છે.

આખરે નિરાશ થઈ એ મૂર્છિત બની જાય છે.

[પટાક્ષેપ]

આખી સભા આ નાટયનૈપુણ્ય તરફ મંત્રમુગ્ધ બની ગઈ. સળી પડવાનો કે શ્વાસોશ્વાસનો પણ અવાજ સંભળાતો હતો.

કૃષ્ણ પક્ષની અષ્ટમીનો ચંદ્ર આકાશમાં અમૃત વરસાવી રહ્યો દેખાય છે. યમુના જળમાં કદંબના રૂપેરી પડછાયા વહી રહ્યા છે. વ્રજભૂમિ વસંતઋતુની શોભાથી છલકાઈ રહી છે.

વિરહોત્કંઠિતા રાધા દેખાય છે. વસંતના શૃંગાર એણે સજ્યા છે. માધવી લતા સમાં એનાં અંગો શ્રમિત દેખાય છે. દુર્ગમ વનો વીંધતાં એ થાકી છે. એને નાવલિયો શોધ્યો જડતો નથી.

એ વેળા મંદમંદ નુપૂર રણઝણાવતી, નયનનાં નૃત્ય કરતી રાધિકાની સખી આવે છે. એણે સાદો પણ કળામય પોશાક પહેરેલો છે. એનું ઉત્તરીય ભૂમિ પર ઘસડાય છે. એનું ચંચળ મસ્તક ધૂણી રહ્યું છે. તે હાથનું લીલાકમળ રમાડી રહી છે. એનું હૈયું આનંદથી ભરેલું છે. એના દિલમાં કંઈક નવીન સમાચાર આપવાનો છૂપો આનંદ છે. ભગ્નાશ પ્રિય સખી માટે એ આશાનો સંદેશ લાવી છે.

"હે સખી, આ વસંતની શોભા તો નિહાળ! લવંગલતાઓના સ્પર્શથી કોમળ થયેલો આ મલયાનિલ મંદ મંદ વહે છે. ભ્રમરો એના ગુણ ગાતા વીણા બજાવે છે. કોયલ પંચમ સૂરે એનું સ્વાગત કરી રહી છે.

"હે પ્રિય રાધિકા, બોલસરીનાં વૃક્ષની શોભા તો નીરખ! ભ્રમરોના સમૂહથી છવાયેલ એના પુષ્પોની છટા તો નીરખ! અને આ તમાલનાં વૃક્ષ નવીન પલ્લવોથી છલકાઈ રહ્યાં છે. રસથી સભર એ ડાળીઓ ભોગીભ્રમરના બેસવાથી લચકાતી હવામાં હિંડોળે ચઢે છે. અને એને પ્રેમ મસ્તીમાં હિંડોળે જોતાં પ્રવાસીપતિની મદભરી પ્રિયાઓ પણ કરુણ સ્વરે આર્તનાદ કરી ઊઠે છે.

"હે પ્રિય સખી! વસંત કુંજકુંજે ખીલી ઊઠયો છે. યુવાન હૃદયોને વિદારનાર વાઘનખ જેવાં આ કેશૂડાંના પુષ્પસ્તબક તો જો! અરે, કામરાજાની પધરામણી થઈ રહી છે! એ રાજાના સુવર્ણદંડ સમાં આ નાગકેશર તો જો! આ અલિમુખથી ઘેરાયેલ પાટલીપુષ્પ પણ એ મહારાજાનાં તીરોનું ભાથું બની રહેલ છે.

"આ સુંદર કાલન્દીનો કાંઠો, શીતલ એવી વૃંદાવનની કુંજ,

યુવાનયુવતીઓનો નિષ્કારણ બંધુ આ વસંત! અરે સખી, તને, મને તો શું, મુનિજનોનાં મનને પણ એ ચંચળ બનાવે છે.

"હે સખી, સંયોગશૃંગારી શ્રીકૃષ્ણ આ સમયે વૃંદાવનની કુંજકુટિરમાં મદ યૌવનભરી પ્રેમદાઓ સાથે વિહાર કરે છે."

વ્યાકુળ રાધા સહસા ઊભી થઈ જાય છે, સખીને ભેટી પડી સાનુનય કહે છે:

"હે સખી, જો તો ખરી, દિવસો કેવા દુર્નિવાર છે! કેતકીની આ ઉગ્ર ગંધ, મલ્લિકાની આ બહાર! મધુકરો આમ્રમંજરીઓ ડોલાવી રહ્યા છે. આમ્રમંજરીએ નર્તતી કોકિલા વનોપવનને મિષ્ઠ સ્વરોથી ગજાવી રહી છે. આવા દિવસો વીતાવવા વિરહી જનો માટે દુઃશક્ય છે."

"સખી, શક્ય બનાવ! તારો પિયુ તો પ્રેમદારૂપી વનમાં અટવાઈ ગયો."

"પ્રિયના સ્મરણ-સમાગમથી મને પ્રેમસમાધિ લાગી રહી છે. હે સખી, મારી એક વિનતિનો સ્વીકાર કરીશ?"

"શી વિનતિ?"

"મને હરિનાં દર્શન કરાવ!" સખી માની જાય છે.

[પટાક્ષેપ]

યમૂનાની કુંજોમાં કોકિલાઓ ગાઈ રહી છે. એ વેળા સખી પ્રેમકોકિલા રાધાને લઈને પ્રવેશ કરે છે.

સુંદર એકાંત છે. મૃગ ને મૃગી, કપોત ને કપોતી, વાનર ને વાનરી પ્રેમવિશ્રંભાલાપમાં મશગૂલ છે.

સખી દૂર દૂર અંગૂલિ નિર્દેશ કરતી ગાય છે:

ચંદનચર્ચિત–નીલકલેવર, પીતવસન વનમાળી
કેલિચલ-મણિકુંડલ–મંડિત–ગંડયુગ: સ્મિતશાલી

"હે રાધા, પેલા દેખાય તે, ચંદનચર્ચિત નીલરંગી દેહ પર પીળા રંગનું અંબર પહેરેલા તે જ તારા શ્રીકૃષ્ણ. જોઈ લે, એમના ગંડસ્થળ પર મણિકુંડળ લટકે છે, ને હૃદય પર હાર છે. મધુરું મધુરું એ હસી રહ્યા છે."

રાધા વિહ્વળ નેત્રથી શ્રીકૃષ્ણને નીરખી રહી છે. પ્રમોદવનમાં પ્રમદાઓના વૃંદમાં એ નટનાગર નાચી રહ્યા છે.

રાધાની વિહ્વળ દશાને વધુ ગાઢ કરવા સખી ફરી અંગૂલિ-સંકેત કરી કહે છે:

"હે સખી, જરા નીરખ તો ખરી! આ દિગ્સુંદરી-ઓને સંતપ્ત કરતો વેણુનાદ. આ વૃંદાવન કુંજ ને આ રાસક્રીડા. નટનાગર થનગન નૃત્ય કરી રહ્યા છે, ને કોઈક નર્તકી લળકી લળ-કીને તાલ આપી રહી છે. અરે, એના કંકણોનો સંવાદી મધુર રવ ખરેખર શ્રવણસુભગ છે.

"અરે રાધા, પેલી મત્તપયોધરવાળી ગોપિકાને તો જો! એ પોતાના સ્તનભાર પર શ્રીહરિને આલિંગી કોઈએ આલાપેલું ગીત ગાઈ રહી છે: પેલી રૂપમુગ્ધા તો પોતાનાં વિશાળ વિલાસભર્યાં લોચનથી કટાક્ષ કરતી, મદનમગ્ન બની મધુસૂદનના મુખારવિંદનું ધ્યાન ધરી રહી છે."

રાધાની વિહ્વલ દશા વિશેષ વાધે છે, સાથે પોતાના પ્રિયતમને અન્ય પ્રેમદાઓમાં રાચતો નિહાળી એ રોષ અનુભવે છે. સખી પરમ ચતુરા છે, એ પોતાનું વક્તવ્ય જારી રાખે છે.

"વાહ, વાહ, શી શૃંગારચાતુરી! રાધા, પેલી મોટી નિતંબિની નારીએ હરિને ખરેખર છેતર્યા. કંઈક કહેવાના મિષે હરિના કપોલ પાસે પોતાનો કપોલ ધરી, એમને અનુકૂળ જાણી, સુંદર એવા કપોળનું ગાઢ ચુંબન કરી લીધું.

"અરે, આ સુરતકલાકોવિદ પ્રેમદાઓથી પણ કંટાળ્યા. નટનાગર પેલા આસોપાલવના નિકુંજમાં પ્રવેશવા ધસમસ્યા આવે છે, પણ પેલી પ્રમદાઓ એમનું પીતાંબર ગ્રહીને ખેંચે છે.

"એમના વેણુનાદથી ઉન્મત્ત બનેલી આ ગોપાંગનાઓ+ હાથ, તાલ ને કંકણથી નૃત્ય કરી રહી છે, ને હરિ પોતે એમની કદર કરતા ન હોય તેમ કોઈકને આલિંગે છે, કોઈકનો કપોલ ચૂમે છે, કોઈ રૂપરાણી સામે મરકીને જુએ છે, ને પરિલંભન દ્વારા, ભ્રૂભંગ, સ્મિત, હાસ્ય ને કુચમર્દન વડે રિસાયેલી અલબેલીને મનાવે છે. અરે, મૂર્તિમંત કામદેવસમા હરિ ક્રીડા કરી રહ્યા છે, આ તો મદનમહોત્સવ મંડાયો છે. તારે પણ તારું ચાતુર્ય દર્શાવવું ઘટે, સખી!"

"સખી, મારા તનમાં અસૂયાની જ્વાળાઓ જગી છે. મને તું બીજે લઈ ચાલ."

બંને જાય છે.

[પટાક્ષેપ]

પ્રેમગર્વિતા રાધા લતાકુંજમાં નવ કુરબકની શય્યા પર સૂતી છે. એ ભારે નિશ્વાસ નાખી રહી. છે આજ એના ગર્વનું ખંડન થઈ ગયું છે.

રાધા ખંડિતા નાયિકાના સ્વાંગમાં છે. સખી વાયુ ઢોળે છે, મયૂર કળા કરે છે, કોકિલા ગાન કરે છે, યમુનાનો પ્રવાહ શીતળ

+ ગોપી તે શ્રુતિ. ભગવાન શ્રુતિને વહાલા ને શ્રુતિ ભગવાનને. શૃંગારરસ દ્વારા તેનું આ નિરૂપણ છે.

જળકણ પ્રસારે છે: પણ માનભંગ થયેલી માનિની રાધા ઘવાયેલી વાઘણની જેમ ચત્તીપાટ પડી છે. પ્રેમભંગ અનુભવતું આરસશિલા જેવું એનું હૈયું ધડકી રહ્યું છે, ગૌર મુખ આરક્ત બની ગયું છે, કંચુકીની કસ ઢીલી પડી ગઈ છે, ને કેશકલાપ અસ્તવ્યસ્ત બન્યો છે.

“હે સખી, મારા ગર્વનો રાશિ એક જ દશ્ય નીરખતાં ભસ્મ થઈ ગયો છે, પણ મારા શ્યામસુંદરને હું કેમ વિસરી શકીશ? હે સખી, આ જ કુંજમાં મારો ને મનમોહનનો પ્રથમ સમાગમ થયો હતો. જરા નજીક આવ.”

“બેન, તમારા ઉષ્ણ શ્વાસથી મારાં ગાત્ર દાઝે છે. ચંદનનું વિલેપન લાવું? આ સુગંધી વીંઝણો ઢોળું?”

“જે શ્વાસ સ્પર્શમાત્રથી તારાં ગાત્રને પ્રજાળતો હશે, ઓ ચતુર સખી, એ શ્વાસની ધમણ મારા હૈયામાં કેવી પ્રચંડ જ્વાલા જગાવતી હશે. આમ સમીપ આવ! એક સુખદ સ્મરણ!...”

“સુખદ સ્મરણ?” સખી પાસે સરી.

“સુખદ, આશ્વાસક, જીવિતદાયક સ્મરણ, બરાબર સાંભરે છે: શરદઋતુની એ રૂપાળી રાત. નવોઢા નારી બનીને હું લજ્જાવનત અહીં આવેલી. મને આ જ કુંજમાં પ્રભુ પ્રથમ મળ્યા હતા. આ જ સ્થળે અમે રાસ રમ્યાં હતાં, ને આ ગોપિકાઓ ભવોભવમાંય ન પામી શકે તેવા અદ્ભુત વિલાસ–પરિહાસ માણ્યાં હતાં.

“એ હરિની મનહર છબી મને બરાબર સ્મૃતિમાં છે. અદ્ભુત બંસીનાદથી પોતાની અધરસુધા એ વહાવતા હતા. એ બંસીનાદે મને મુગ્ધ કરી. ઝળહળતા મુગટ અને ચંચળ કર્ણકુંડલથી તીક્ષ્ણ ભ્રૂભંગથી મને ઘાયલ કરી. એમનો કેશકલાપ મયૂરપિચ્છનાં ચંદ્રકાથી બાંધેલો ઇંદ્રચાપ જેવો શોભતો હતો. એ કેશકલાપે મને વ્યાકુળ બનાવી. અરે સખી, એ પ્રીતમનું વર્ણન કરતાં મારાથી કવિ બની જવાય છે.

ચંદ્રક-ચારુ-મયૂરશિખણ્ડકમંડલવલયિતકેશમ્,
પ્રચુરપુરંદરધનુરનુરંજિતમેદુરમુદિરસુવેશમ્;
ગોપકદમ્બનિતંબવતી-મુખચુંબનલંભિતલોભમ્,
બંધુજીવમધુરાધરપલ્લવમુલ્લસિત-સ્મિતશોભમ્.

"હે સખી, આવા શ્યામસુંદર મને આ સુંદર કદંબવૃક્ષ નીચે મળ્યા હતા. એ હું જાણું છું, કે મસ્ત પયોધરા સ્ત્રીના ઉરપ્રદેશને કચરવામાં એ કુશળ છે. એવા હરિ, મને આ જ રમ્યકુંજમાં મળ્યા હતા. મુનિ, મનુષ્ય, સુર, અસુર જેની શોધમાં ભમ્યા કરે છે, એવા એ મુરારિએ મારા પ્રેમવિવાદને ચારુ-ઉક્તિએ શમાવ્યો હતો, ને મને રાસ રમાડી હતી. એ સ્મૃતિ આજ મારા બળેલા હૈયામાં નંદનવન ખીલવે છે."

"સખી, તમારો નાવલીઓ નમેરો થયો. એ તો હવે બીજી ગોપિકાઓ સાથે રમે છે, તમે પણ હવે તેના સ્મરણનો ત્યાગ કરો." સખી રાધાના અંતર્ભાવની પરીક્ષા લઈ રહી હતી.

"સખી, અમારા પ્રેમને તું શું જાણે? ગમે તેવો તોય એ મારો છે. ક્રોધ આવવા છતાં એનો પ્રેમ હું ભૂલી શકતી નથી."

"તું કેવલ મુગ્ધા સ્ત્રી છે. બીજી કોણ આ રીતે પ્રેમ ધારણ કરે?" સખીએ પુનઃ ટીકા કરી.

"અરે, ઘડી ઉપર જ મને જોતાં એમના હાથમાંથી કેવી બંસી સરી પડી હતી! કેવાં પ્રસ્વેદનાં મોતી એમના મુખારવિંદ પર ચમકી ઊઠયાં હતાં, ને કેવી સંમોહન દૃષ્ટિથી મને નીરખી હતી! અરે, આ પેખી સર્વ ગોપિકાઓ કેવી ક્ષોભ પામી ગઈ હતી! આ તો હૃદયનાં દાન છે, પ્રાણની ભેટ છે. મને એની લગની લાગી છે, સખી!"

"રાધા, આવા નાયક પ્રત્યે તારો શ્રમ નિરર્થક છે."

"એમ ન બોલીશ. શ્યામસુંદરની આ શંગારચેષ્ટાઓ તો, કુશળ નાયકનું દાક્ષિણ્ય માત્ર છે. ગોપીઓના સૌભાગ્યની મારી ઈર્ષ્યા નષ્ટ થઈ છે. પણ સખી, તને મારી પ્રથમ મિલનરાત્રિની કથા કહું?"

"કહે, જો તારું દર્દ એ રીતે ઓછું થતું હોય તો."

"સુંદર સ્યામ રાત્રિ હતી. શ્યામ વૃક્ષરાજિમાં છુપાયેલા હતા. કુંજેકુંજમાં ચોતરફ ચકિત નયને વિલોકતી તેમણે મને નીરખી, હૃદયગતભાવોને એ કુંજવિહારી પામી ગયા. તેમણે લજ્જાભારથી લદ્દાયેલી મુજને મધુર વચનથી પ્રસન્ન કરી. મધુર સંભાષણ કરતાં કરતાં અમે હૃદયેહૃદય મળ્યાં. ગાઢ આશ્લેષ આપી અમે અધરસુધાનું દાન કર્યું ને આપ્યું. મારી કાયા સ્વેદથી ભીંજાઈ ગઈ. મારી આંખો મદથી ઘેરાઈ ગઈ.

"મારા કેશ વિખરાઈ ગયા. અંબોડાંનાં પુષ્પ વેરાઈ ગયાં, ત્યારે તેણે મારી અલકલટ સમારી. મારી કટિમેખલા તૂટતી હતી, પણ એ બેદર્દે જરાય પરવા ન કરી. તેણે નખરૂપ લેખિનીથી પોતાની સ્મરજય લેખાવલિ મારા અંગપ્રત્યંગ પર આલેખી. મારાં રૂમઝૂમતા ઝાંઝરના ઝણકારે મારા નાથે કલાને વિસ્તારી. વધુ તો શું કહું? આ આસોપાલવનાં તાજાં કુંપળો, સરોવરનો આ શીળો વાયુ, ભ્રમરોના ગુંજારવ, મને દહી રહ્યાં છે. ગમે તેમ કરી મને સ્યામસુંદર સાથે મેળવી આપ! મારી સંજવર અવસ્થાને દૂર કર!"

[પટાક્ષેપ]

કંસારિરપિ સંસારવાસનાબન્ધશૃંખલામ્,
રાધામાધાય હૃદયે તત્યાજ વ્રજસુંદરી

યમુના તીરના વેતસ કુંજમાં નટવરનાગર રાસ રમતા દેખાય છે. ગોપિકા ભાન ભૂલીને તાલ પર તાલ આપી રહી છે. બંસીનાદ દૂર દૂર સુધી વહ્યો જાય છે: એ વેળા અચાનક રાત્રિને વિષે

ચંદ્રનો ઉદય થાય ને પ્રકાશ વેરાઈ રહે તેમ ચંદ્રાનના રાધા, તેની સખી સાથે દૃષ્ટિપથમાં આવે છે. અને એ દૃષ્ટિગોચર થતાંની સાથે ભારે ક્ષોભથી બંસી સરી પડે છે.

પ્રણયમસ્ત બનેલી ગોપાંગનાઓ કોપાયમાન બની ભ્રુભંગ કરવા લાગે છે. કેશ સમારવા નિમિત્તે ભુજમૂલ સ્પષ્ટ કરી એ સ્તનમૂલ દર્શાવવા મથે છે, મુગ્ધ ને મનોહર ચેષ્ટાથી હરિને વશ કરવા યત્ન કરે છે, પણ એ બધું વ્યર્થ જાય છે.

હરિ હાથથી જાય છે, રાસેશ્વરી રાધાની શોધમાં નીસરે છે. કાલિન્દીનો તટેતટ, કુંજેકુંજ, વનેવન એ ફરી વળે છે: પણ આતુર નયનાં ક્યાંય હૃદયેશ્વરીનાં દર્શન પામતાં નથી.

અનંગના શરથી ઘાયલ હરિ આખરે યમુનાતટની શીતલ વંજુકુંજમાં વિશ્રામ લે છે. આવેગ તેમને ઘેરી વળે છે. વિષાદ તેમને સ્પર્શી જાય છે. તેમના અમૃતસુધા ઝરંતા ઓષ્ઠ પ્રલાપ કરે છે, હૃદયેશ્વરી રાધાની છબી હૃદયમાં કલ્પી એનું સ્મૃતિ-ચિંતન આદરે છે:

"પ્રેમદાઓના વૃંદથી વ્યાકુળ મને નીરખી; એ રોષ કરીને ચાલી ગઈ. અરેરે, મેં દોડીને માનિનીને મનાવી પણ નહીં!

"પ્રણયભંગ થયેલી મારા મનની મેના, અરે, એના વિરહાગ્નિના શમન માટે શું કરશે? રે, તેની સખીને શું કહી શકશે? આ મારાં ભવન, ધન, પ્રજજન અને મારું જીવતર પણ શા કામનાં?

"આ વનેવન વૃથા શા માટે રવડું? શા માટે આક્રંદ કરું? તારું હૃદય અસૂયાએ ઘાયલ થયેલું છે, એ હું જાણું છું. માન મૂકીને મારે તને મનાવવા આવવું ઘટે, પણ તારો ક્યાં નિવાસ છે, એની મને જાણ નથી. અને માત્ર તે જ કારણે હે સુલોચને, હું તારી પાસે આવી શકતો નથી.

"હે રાધિકે, હું જ્યારે તારું સ્મરણ કરીને હૃદયમાં ચિંતવન

કહું છું, ત્યારે તું સાક્ષાત્ મારી પાસે આવતી–જતી હોય તેમ ભાસે છે. તો પૂર્વની જેમ આલિંગન કેમ આપતી નથી ?

"હે સુંદરનયના, મારો અપરાધ ક્ષમા કર ! આવો અપરાધ હવે નહીં કરું. મને ત્વરિત દર્શન દે !"

પણ પ્રલાપ વ્યર્થ છે. રાધિકાનો પદસંચાર પણ સંભળાતો નથી. પાંદડું ખખડે છે ને હરિ કાન માંડે છે. વાનર એક ડાળથી બીજે ડાળ કૂદે છે, ને આશંકા અનુભવે છે. અચાનક કેસૂડાનાં વૃક્ષમાં શરસંપાત કરતો અનંગદેવ દેખાય છે. પણ હૃદયેશ્વરી ક્યાંય દૃષ્ટિપથમાં આવતી નથી. હરિ આત્મવિમર્શ કરતાં કામદેવને કહે છે:

"હે કામદેવ, મને શા માટે મારે છે ? મારું નામ હરિ, હું હર–શંકર નથી. હરની ભ્રાંતિથી મારા પર શરસંપાત કરતો હોય તો ભાઈ, એટલું જાણી લે કે શંકર તો હમેશાં પ્રિયાસહિત છે. મુજ દુઃખીની પ્રિયા જ નથી. અરે, કદાચ મારા કંઠમાં હળાહળનો ભાસ થયો હોય તો તે ભ્રાંતિ માત્ર જ છે. એ તો નીલકમળનો હાર છે. મારા હૃદય પર વાસુકિ નાગ નથી, માત્ર કમળતંતુનો હાર છે. અને મારા દેહ પર રહેલ આ અર્ચા ભસ્મ નથી, ચંદનનો લેપ છે.

"હે રતિનાથ ! આ નવીન આમ્રમંજરી ગ્રહણ ન કર. ગ્રહણ કર્યો તો ભલે, પણ તારા ચાપને ચડાવીશ મા ! રમતમાત્રમાં જગતને જીતનાર ઓ કામરાજા, મૂર્છા પામેલાને મારવાથી શું ? એમાં તારો પુરુષાર્થ ક્યાં ? તરુણ પ્રિયાના તાતા નેત્રશરથી ઘાયલ મારું દિલ હજી સ્વસ્થ થયું નથી, ત્યાં તારું આ કાર્ય તને શોભતું નથી.

"વળી હે અનંગ, તું તો અંગહીન રહ્યો. તેં તારું સામર્થ્ય રાધારૂપી વિજયી દેવતાને અર્પ્યું છે. તેની ભ્રકુટિરૂપ ચાપમાં યોજાયેલ તીર મર્મમાં વ્યથા કરે છે, ભલે કરે ! કારણ કે ચાપમાં જે યોજાયેલ છે, તે મર્મમાં વાગવાનો ને વ્યથા નીપજાવવાનો ! એનો કાળો ને

કુટિલ કેશકલાપ મને સંહારવા યત્ન કરે છે, ભલે કરે. કાળા ને કુટિલ પાસેથી બીજી આશા પણ શી હોય? એનો રાગભર્યો બિંબફળ સમો અધર મોહનો વિસ્તાર કરે છે. રાગી બીજું કરે પણ શું? પણ ગુણીજનોના જેવા આ ઉન્નત પયોધરો શા માટે ઊછળી ઊછળીને મારો પ્રાણ લેવા તલસી રહ્યા છે?

"હે પ્રિયે, મેં તારામાં સર્વ ઇંદ્રિયોની સમાધિ પ્રાપ્ત કરી છે. મારી ત્વચા, ચક્ષુ, ઘ્રાણ, શ્રવણ અને રસના તારામાં એકાકાર કર્યાં છે. પ્રથમ અનુભૂત શરીરસ્પર્શથી ત્વચા, ચપળ વિલાસભર્યાં કટાક્ષથી ચક્ષુ, મુખકમળના સુગંધથી ઘ્રાણ, અમૃતસુધા વરસાવનારી વાણીથી શ્રવણ અને મુખમધુ પીવાથી રસના તારા વિષે સંલગ્ન છે, આવા તારા ભક્તને વિરહનો વ્યાધિ કેમ પીડે છે?"

એક ઉષ્ણ નિશ્વાસ સાથે હરિ ત્યાં પલ્લવ શય્યામાં આડા થાય છે, ત્યાં કોઈની ઝાંઝર ઝમકતી સંભળાય છે.

'અરે, રાધા આવી!' કુંજમાંથી દૂર દૂર પેખે છે.

"ના, ના, ભણકારમાત્ર. એવાં સદ્ભાગ્ય ક્યાંથી?"

ફરીથી ઝણકાર સંભળાય છે, રાધાની પ્રિય સખી આવતી જોવાય છે.

"અરે, રાધા તો નથી, તો પણ એના સ્વજનના મેળાપથી પણ મને કંઈક શાન્તિ લાધશે. પ્રિયનું પ્રિય એ મારું પણ પ્રિય હો!"

"ઓ રસકુંજમાં વસનારી રાધા–સખી!"

"કોણ? નટવર નાગર!"

"હા, એ જ. હે ચતુર સખી! મારી પ્રિય રાધા શું કરે છે, તે મને કહે. મારા કામજર્જરિત પ્રાણને એ રીતે કદાચ શાન્તિ લાધશે."

"હે માધવ, તમે રાધાના દુઃખને શું જાણો ! સુકુમારી રાધા તમારા વિરહમાં કરુણાની પ્રતિમા બની છે. ચંદનના લેપ, મલયનો પવન ને ચંદ્રની સુધા એને પ્રજાળે છે. ભીનાં કમળપત્રથી એ ઉરને આચ્છાદે છે, પણ એને શાન્તિ લાધતી નથી, પુષ્પશય્યા એને શરશય્યા થઈ પડી છે. એનું મુખ રાહુગ્રસ્ત ચંદ્રની મ્લાન કાંતિ ધરી રહ્યું છે."

"હે કુશળ સખી ! મને તારી સખીનો પૂર્ણ વૃત્તાંત સંભળાવ, મને એના નામશ્રવણમાં પણ સુખ મળી રહ્યું છે."

"વિરહવ્યથાથી વ્યાકુળ મારી સખી, તમારું ચિત્ર દોરે છે. કેસર–ચંદનનાં કચોળાંને બદલે એના પ્રિય શ્યામરંગ માટે એ કસ્તૂરીનાં કચોળાં ભરે છે. મયૂરપિચ્છથી એ તમારી આકૃતિ રચે છે. છતાંય મારી શરમાળ સખી કોઈ પાસે પોતાની વેદના પ્રગટ ન થાય, કોઈ એના અંતરની વાત વાંચી ન લે, એ માટે નીચે મત્સ્યનું ચિત્ર દોરે છે, ને હાથમાં આમ્રમંજરી આપી કહે છે, મેં તો કામદેવ* ચિતર્યો છે."

શ્રીકૃષ્ણની ચિંતાતુર મુખછબી કંઈક સ્મિત કરતી દેખાઈ.

"હવે તો મારી સખીની દશા વિશેષ કરુણ થતી જાય છે. એ મોહ પામે છે, માછલીની જેમ તરફડે છે, પાગલની જેમ પ્રલપે છે. દોડી દોડીને વિલાપ કરે છે. જન્મજન્માંતરમાં તમે જ મળો, એવી વાંછના કરી રહી છે. નટવરનાગર, વિલંબ કરશો તો બધું ખોશો; જગતમાં નિર્દય ને નિષ્ઠુર કહેવાશો."

"હે ચંદ્રાનના સખી, મારું દિલ રાધાને મળવા ઉત્કંઠિત છે. પણ હું અપરાધી છું. મને તેણે ગોપાંગનાઓ સાથે જોયો છે. હવે એ માનુની પાસે જવા મારા પગ નથી ઊપડતા. કૃપા કરીને તું એને

---

*કામદેવનું વાહન મીન, પતાકા મગરની ને બાણ આમ્રમંજરીનું છે.

અહીં આ કુંજમાં તેડી લાવ! દુઃખી, બળ્યાંઝળ્યાં એ હૈયાંને શાન્તિ પ્રાપ્ત કરાવ!"

ચતુર સખી માધવનો સંદેશ રાધાને કહેવા તથા તેડી લાવવા માટે પાછી ફરે છે.

[પટાક્ષેપ]

રાધાની સખી ગાતી ગાતી આવે છે, એના પગનાં ઝાંઝર એના સૂર સાથે સંવાદી બની રહ્યાં છે. એના હાથનું લીલાકમળ આમતેમ ઉછાળી રહી છે. એ ગાય છે:

ધીરસમીરે યમુનાતીરે વસતિ વને વનમાલી,
ગોપીપીનપયોધરમર્દન, ચંચલકરયુગશાલી.

"ચાલ રે સખી, તારો સાજન યમુનાની કુંજમાં તારી રાહ જોઈ રહ્યો છે. અધીરા એ તારા અલબેલાને મનાવી લે, માનુની!"

"સખી, શું તું સત્ય વદે છે? અંતરનો સાજન ખરેખર મને સ્મરે છે? મારી પ્રતીક્ષા કરે છે?"

"અરે, તારી પ્રતીક્ષા પાછળ પ્રાણ ખૂએ છે. પોતાનો અપરાધ સ્મરીને તારા જેવી માનુની પાસે આવતાં તે ડરે છે."

"સખી, ચાલ, મને શૃંગાર કર! હું ચાલવાને અધીરી છું."

"કૃષ્ણપક્ષની રાત્રિ છે. સખી, કૃષ્ણ–અભિસારિકા તરીકે જ તારે જવું ઘટે. લે આ નીલરંગી શ્યામ વસ્ત્ર સજી લે! તારા ગોરા ગોરા દેહને એ વિશેષ દેદીપ્યમાન કરશે. ને આ ઝાંઝર? અરે, છોડી નાખ એ ચબાવલાને! પ્રારંભથી પૂર્ણાહુતિ સુધી એ ચંચળ તને દુઃખ દેશે.

"મૃગમદનું તિલક કર, અને શ્વેત કમળના તંતુનાં આ વલય

હસ્તમાં ધારણ કર. આ તાજાં કમળોનો હાર ને શિરીષ પુષ્પનાં કર્ણકુંડલ પહેરી લે! રાધા, એવું ન થાય કે તને શ્રીવિહોણી નીરખી તારા નાથનો ભાવ ઊતરી જાય."

રાધા અભિસારિકા તરીકે સજ્જ થાય છે, ને પ્રયાણ કરે છે. પણ વિરહિણી થોડાંએક ડગ ચાલે છે, ત્યાં શ્રમથી પૃથ્વી પર ઢળી પડે છે. સખી યમુનાનું શીતળ જળ લાવીને મુખ પર છાંટે છે, કમળપત્રથી વાયુ ઢોળે છે, મંદ સ્વરે કૃષ્ણનું પ્રિય ગાન ઉચ્ચારે છે.

થોડીવારે રાધા પોયણાં જેવાં નેત્રો ઉઘાડે છે. એ નેત્રોમાં ચિંતા, શ્રમ, વ્યાકુળતાં ઘુંટાઈ રહ્યાં દેખાય છે.

"સખી, કૃપા કરીને શ્યામને અહીં તેડી લાવ! મારાથી એક ડગ પણ ભરી શકાય તેમ નથી. પ્રીતમને મારો સંદેશો કહેજે કે—ઓ શ્યામ, તારી માનીતી તારા વિના મરવા પડી છે."

રાધાની દયાજનક સ્થિતિ નીરખી સખીનું હૈયું દ્રવી જાય છે. એ કહે છે:

"સખી, અહીં સેજ બિછાવ! શ્યામને અબઘડી તેડી લાવી સમજજે."

રાધા વાસકસજ્જાના સ્વાંગમાં દેખાય છે.

સખી સંકેતસ્થાન તરફ જાય છે, પણ વડલો ને જીર્ણમંદિર સૂનાં છે. ન વેણુનાદ સંભળાય છે કે ન યમુનાનાં નીર ખળખળે છે. ચક્રવાકી એકલી ચિત્કાર કરી રહી છે.

સખી ચારે તરફ શ્યામને ઢૂંઢે છે. દૂર દૂરથી એક બુઢ્ઢો પ્રવાસી ચાલ્યો આવતો નજરે પડે છે.

રાત થઈ ગઈ છે. રાતવાસો રહેવું છે. યમુનાનો કિનારો ને

જીર્ણમંદિર એ મુક્કાના દિલને ભાવી જાય છે. એ ખભેથી ખડિયાપોટલિયાં ઉતારે છે, ને હરિનામ લઈ આડો પડવાની તૈયારી કરે છે.

સખી આ નવા વિઘ્નને નીરખે છે. કોઈ પણ ઉપાયે એને દૂર ખસેડવો જ જોઈએ. ક્ષણવારમાં વાળને ચૂડા આકારે બાંધી કરેણુની વેણી એમાં ગૂંથી લે છે. હાથમાં કમંડલુ ને રુદ્રાક્ષનાં વલય પહેરી એ ત્યાં આવે છે. અરે, આ તો મંદિરની પૂજારણ! એ હાંફતી હાંફતી ત્યાં આવે છે ને બૂમ મારે છે:

“અરે, ઓ પ્રવાસી, કાળના મુખમાં શા માટે આવ્યો છે?”

“કાળના મુખમાં? શું છે, માઈજી?” પ્રવાસી ફફડી ઊઠ્યો.

“કાલન્દીના ધરામાં રહેનારો કૃષ્ણ ભોગી* આજકાલ અહીં જ ભાંડીર વૃક્ષની આજુબાજુ ભમે છે. હળાહળ વિષ છે એ નાગરાજનું.”

“માઈ, આટલી રાતે કયાં જાઉં?”

“ભાઈ પ્રવાસી, જો દૂર દૂર દીવો ટમટમે. નંદરાયનું એ ઘર છે. સહુની મહેમાનગતી ત્યાં થાય છે. રાતવાસો ત્યાં રહેજે!”

પ્રવાસી આશીર્વાદ આપતો નંદરાયના ઘર તરફ જાય છે. નંદરાજ દ્વારની પાસેના ખંડમાં બેઠા છે. શ્રીકૃષ્ણ કંઈ કાર્યમાં વ્યગ્ર છે.

“નંદરાજનું ઘર આ જ ને! ભાઈ, યાત્રાળુને રાતવાસો રહેવા મળશે?”

“ક્યાંથી આવો છો?”

“યાત્રાથી આવું છું. આ પાસેના જીર્ણમંદિરમાં રાતવાસો રહ્યો હતો. ત્યાંની ભલી પૂજારણે કહ્યું કે અહીં તો ભાંડીર વૃક્ષ નીચે

*ભોગી એટલે સર્પ.

કૃષ્ણ જોગી ભમે છે. ને પછી તેણે સુરક્ષિત સ્થળ તરીકે તમારું ઘર બતાવ્યું."

"સારું." નંદરાયે શ્રીકૃષ્ણને પ્રવાસીને આશ્રય આપવા સૂચના કરી.

"કૃષ્ણ જોગીની ખબર પૂજારણે આપી?" શ્રીકૃષ્ણે અતિથિને પૂછ્યું.

"હા."

"કેવી હતી? જુવાન?"

"હા, ભાઈ." યાત્રાળુએ કંઈક આંખ ત્રાસી કરી જવાબ દીધો.

"અરે, વિલંબ થયો." શ્રીકૃષ્ણથી ઉતાવળે બોલી જવાયું.

"શાનો વિલંબ, ભાઈ?"

"તમારી પરોણાગતનો. ચાલો તમને સ્થળ બતાવું."

પ્રવાસીને સ્થળ બતાવી, કોઈક કામના બહાને ચતુર શ્રીકૃષ્ણ ઘરબહાર નીકળી જાય છે, થોડે સુધી ચૂપચાપ ચાલે છે અને પછી પોતાના આગમનની ખબર આપવા, બંસી બજાવતા એ ચાલવા લાગે છે.

"અરે, મારી ચાતુરી સફળ થઈ. એ આવે!" સખીના મોં પર સ્મિત ફરકી રહ્યું. બંસીના સૂર નજીક ને નજીક આવી રહ્યા હતા.

સભાજનો સખીની આ કરામત ઉપર આફરીન થઈ ગયા. હર્ષસૂચક પોકારોથી રંગભૂમિ ગાજી રહી.

પણ અરે આ શું? બંસીના સૂરો આછા થતા થતા વિરમી ગયા! સખી રાહ જોઈને થાકી, શ્રીકૃષ્ણ ન જ આવ્યા તે ન આવ્યા.

ઘનઘોર આકાશમાં કૃષ્ણપક્ષનો ચંદ્ર ઊગ્યો. તમાલની ટોચ પર

રૂપેરી શોભા પથરાઈ રહી. એ પ્રકાશમાં જોયું તો થોડે દૂર શ્રીકૃષ્ણ કનૈયો કોઈ ગોપિકાઓ સાથે રમી રહ્યો હતો.

સખી નિરાશ બની ગઈ. એના હાથનું ચંચળ લીલાકમળ પડી ગયું. અભિસારિકા બનીને આવેલી રાધા, જે પતિમિલન માટે વાસક સજ્જા (સેજ બિછાવીને પતિની રાહ જોતી હતી) બનીને આતુર ચિત્તે બેઠી હતી, એને નિરાશાનો સંદેશ આપવા એ પાછી વળી.

રાધા વાસકસજ્જા બનીને બેઠી છે. પળ પળ એને ભારે પડી રહી છે. ઊગતી ચંદ્રરેખ એને વિશેષ વિહ્વળ બનાવે છે: હજી વેણુનાદ કાં ન સંભળાય ? કંઈ પગરવ કેમ ન જણાય ?

શ્યામ કેમ ન આવ્યો ? અરે, આ મંદમંદ પગરવ સંભળાય. અશક્ત રાધા ઉન્નત કંઠે નીરખે છે. ત્યાં પોતાની પ્રિય સખી આવતી દેખાય છે. પણ એકલી કાં ? પ્રિયતમ કેમ સાથે નથી ?"

" સખી ! નાથ કેમ નથી ? "

" રાધા, શ્યામ રંગનો સંસારમાં શો વિશ્વાસ ! અડધે રસ્તે કોઈ અલબેલીએ એને રોકી લીધો. "

રાધા ફરીથી પૃથ્વી પર પટકાઈ પડી. વૃક્ષવિહોણી વેલીની જેમ એ ઝૂરવા લાગી. સખી એને આશ્વાસન આપવા લાગી. ધીરે ધીરે રાધા સચેત બને છે, ને ગાય છે :

શ્યામરંગ સમીપ ન જાવું,
મારે આજ થકી શ્યામરંગ સમીપ ન જાવું.
જેમાં કાળાશ તે એકસરખું, સરવમાં કપટ હશે આવું ?
મારે શ્યામરંગ સમીપ ન જાવું.
કસ્તૂરીની બિંદી તે કરું નહીં, કાજળ આંખમાં ન અંજાવું,
નીલાંબર કાળી કંચુકી ન પહેરું, જમનાનાં નીરમાં ન નાહવું.+

+ દયારામ.

રાધા ગાતાં ગાતાં ક્રોધમાં આવી ગઈ; વિપ્રલબ્ધા નાયિકાની જાણે સાક્ષાત્ મૂર્તિ બની રહી. એણે એક પછી એક અલંકારો દૂર કરતાં કહ્યું : " સખી, જે સૌંદર્યથી પતિનું મન રીઝે નહીં, એને શું કરવાનું ? જે અલંકાર શ્યામને સ્પર્શે નહીં, એ મારું ભૂષણ નહીં પણ દૂષણ છે."

" પણ સખી, " રાધા વિચારમાં પડી જાય છે. થોડી વારે બોલે છે : " મારો ક્રોધ કદી નિરર્થક પણ હોય. અંધારી રાતે વનની વાટ પણ ભૂલ્યા હોય. મારા પરનો એમનો પ્રેમ અલૌકિક છે. સંસાર અમારા સ્નેહને શું જાણે ? "

સખી મંદ મંદ હસે છે, રાધા ગંભીર થતી જાય છે :

" હે સખી, હવે કદાચ હું મૃત્યુ પામીશ, પણ શું છેલ્લી પળે પણ મને માધવનાં દર્શન પણ નહીં થાય ? અમે તો દિલનાં દાન દીધાં છે. એક વાર, અંતર્યામીનો આશ્લેષ પમાડ ! સખી, મારા વહાલાને લાવ ! ન જાણે ક્રોધ કરતું કરતું પણ મારું મન એના જ ચરણમાં વિરામ પામે છે. "

આવા વિલાપ–પ્રલાપમાં રાત ગળતી જાય છે.

[પટાક્ષેપ]

યમુનાના શાંત નીર પર ઉષા ખીલી રહી છે. પંખેરું ગાન ગાઈ રહ્યાં છે. વહેલી રાતથી ચરતી ધેનુઓ જળ પીવા કિનારા તરફ જાય છે. કુંજે કુંજે જાઈ, જુઈ ને તુલસીની મહેક છૂટી રહી છે. ભ્રમરો ફૂલે ફૂલે વસંતગાન ગાતા ઘૂમે છે.

મૃદુ મૃદુ પવનની પાંખ પર બંસીના આછા સૂરો સંભળાય છે. આખું વાતાવરણ માદક બનતું જાય છે. સૂરો ખેંચાતા જાય છે. મધુરસ ઘુંટાતો હોય એવો નશો વ્યાપી રહ્યો છે.

"માનિની, તારો શ્યામ આવ્યો!"

"શ્યામ આવ્યા? અરે, હું મરતી મરતી જીવી ગઈ!"

"ઘેલી ન થા! જરા માન બતાવ!"

ઉત્સાહઘેલી રાધા એકદમ કૃત્રિમ ગંભીરતા ધારણ કરી લે છે. શ્રી શ્યામસુંદર ઘેરાતા યૌવનની છબી જેવી રાધાને નિહાળી વ્યાકુળ થઈ જાય છે. લતાકુંજના દ્વાર પર આવીને એ ઊભા રહે છે. બંસીના સૂરો વિલીન થાય છે, બપૈયાના સ્વર જેવો સ્વર આવે છે.

"રાધે!"

"કોણ છો?"

"હું હરિ."

*"હરિ હો તો પહાડપર્વતમાં વસો, વનમેવા વીણી ખાઓ, અહીં શું છે?"

"અરે, હું માધવ!"

"તો કોકિલાને મળો.

"રાધા, શું મને નથી પિછાણતી? હું મોહન!"

"તો નગરમાં જઈ મંત્ર–અભિચાર કરી ખાઓ. રાધા પાસે તમારું શું કામ છે?"

"અરે રાધા, હું ચક્રી! હું ભોગી!"

"ચક્રી હો તો કુંભારને ત્યાં જાઓ. ભોગી હો તો પાતાળમાં જઈને રહો."

"એટલી વારમાં ભૂલી ગઈ? અરે હું ઘનશ્યામ."

"ઘનશ્યામ હો તો વરસો."

---

* હરિ–વાંદરો.

"રાધા, મારી વિડંબના ન કર: મારો અપરાધ ક્ષમા કર! કહે: તો તારા ચરણ ચાંપું!"

રાધા રોષ ભૂલી જાય છે. સ્વાધીનપતિકાના સ્વાંગથી હરિને ભેટવા ધસે છે: પણ અર્ધે થંભી જાય છે.

"આહ!" રાધાના હૈયે કાળી વેદના જાગે છે. "અરે, તમારા વક્ષસ્થળ ઉપર કોઈ સ્ત્રીના લાક્ષારાગથી ભરેલા ચરણની છાપ છે. રંગ રમીને છેતરવા આવ્યા છો? જાઓ, શ્યામ! તમે તો સ્ત્રીઓના કાળ છો. બાળપણમાં પૂતનાના સ્તનને વળગી એને સંહારી, આજ મારો સંહાર કરવા આવ્યા છો?"

ખંડિતા રાધા રોષથી ધ્રૂજતી ભૂમિ પર પડી ગઈ. ચતુર શ્રીકૃષ્ણ ત્યાંથી સરકી જાય છે; સાથે સખીને પોતાના તરફથી મનાવવા વિનતી કરતા જાય છે.

ખંડિતા રાધાને ધીરે ધીરે સખીએ સમજાવવા માંડી: "જા, જા, ઓ અભાગી! તારું ભાગ્ય કેટલું બળવાન છે, કે તારા તિરસ્કારના ભયે તારો પ્રીતમ ધ્રૂજે છે. આ વસંત જો! મલયાનિલ જો! ફૂલ ને ભ્રમર જો! વેલી ને વૃક્ષ જો! ચાલ વેતસકુંજમાં એ તારી રાહ જોતા પોતાના આત્માને નિંદી રહ્યા છે. પ્રાણપ્રીતમનો આ રીતે તિરસ્કાર કરવો ન શોભે."

રાધા ધીરે ધીરે ઊભી થાય છે, સખીને અનુસરે છે. વેતસકુંજમાં શ્રીકૃષ્ણ પાસે રાધાને મૂકી સખીઓ અદૃશ્ય થઈ જાય છે. શ્રીકૃષ્ણ રાધાને મનાવવા બંસી લે છે: વેણુ વાય છે.

મંજુલ મંદ મલય વા વાયે,
વનમાં વાસ કરે વ્રજરાયે:
માનની, માન ની, માં કર, માન ભલા!*

---

* રા. બ. કે. હ. ધ્રુવ.

મોહક સૂરો રાધાના હૃદયને વણબોલ્યા મનાવી રહ્યા. પરાંગમુખ રાધા ધીરે ધીરે શ્રીકૃષ્ણ તરફ મુખ કરતી ગઈ. નટવર નાગરે સમય પરખ્યો. રાધાને ભુજપાશમાં જકડી લીધી.

" રાધા, સંસારમાં તું જ મારું સર્વસ્વ છે. હું તારી જ આકાંક્ષા દિલમાં ધારું છું. અરે, લાવ, આ તારી કોમળ પગની પાનીને હું જ અળતો લગાવી આપું. અરે, તારો વિખરાયેલો કેશકલાપ હું જ સમારી આપું. "

શ્રીકૃષ્ણ રાધાના પગે લાક્ષારાગ લગાવે છે, કેશ સમારે છે. રાધાની રીસ ઓછી થતી જાય છે.

" પ્રિયે, આભરણો કેમ દૂર કર્યાં છે. ગિરિશૃંગ સરખા આ સ્તનમંડલ પર કામદેવના વિજયધ્વજ સમો મોતીનો હાર ધારણ કર! આ કામદેવના દુંદુભિરૂપ સઘન નિતંબ પર કટિમેખલા ધારણ કર! હે રાધા, તારી રીસ ઉતાર! તારા ચરણપલ્લવ મુજ મસ્તક પર ધરી કામની આગમાંથી મારો ઉદ્ધાર કર! "

રાધા માની ગઈ. કોયલ કૂકૂ કરી ઊઠી. રાધામાધવની કેલિક્રીડા અમર બની ગઈ. કિશોરયુગલ યમુનાનો કાંઠો સદાને માટે સૌભાગ્યશ્રીથી યુક્ત કરે છે.

રાતનો પડદો પડે છે. પ્રહરો વીતી જાય છે, યમૂનાના જળ પર ફરી ઉષા આવે છે. પ્રભાતની સુરખી બધે છવાઈ રહે છે.

ચતુરા સખી કિશોરયુગલને નીરખવા લતાકુંજમાં આવે છે. ઉતાવળાં ઉતાવળાં બંને બહાર આવે છે.

અરે, સખી ખડખડાટ હાસ્ય કરી ઊઠે છે. વાહવાહ, શ્યામસુંદરે રાધાનું નીલ ઉરવસ્ત્ર પહેરી લીધું છે; રાધા શ્યામના પીતાંબરથી આવૃત્ત છે. પ્રાણમાં પ્રાણ નિમજ્જન થઈ ગયા છે.

સખી જુગલકિશોરની જય જય પોકારે છે.

[યવનિકા પડે છે.]

નેપથ્યમાંથી કવિસ્વર સંભળાય છે:

“હે વિબુધજનો, આ સંસારમાં જ્યાંસુધી કવિ જયદેવનું [illegible] શૃંગારરસ ભરેલું ‘ગીતગોવિંદ’ હશે, ત્યાં સુધી અન્ય રસોની ચિંતા ન કરશો! મધુરસ પણ એની સ્પર્ધા નહીં કરી શકે. મધુ માદક છતાં કટુ છે. સાકરને કોણ ચાખશે? એ મિષ્ઠ છતાં માદક નથી. અમૃતનું કોણ પાન કરશે? એ તો કાવ્યના રસ પાસે નીરસ થઈ ગયું. ગોટલા ને છાલથી કંટાળો આપતું આમ્રફળ પણ વ્યર્થ ભાસશે. સ્ત્રીના અધર પણ આ શૃંગારસારસ્વત પાસે ફીકા લાગશે. ભક્તિની વિહ્વલતા ને ઈશ્વરના અનુરાગને શૃંગારદ્વારા સ્પર્શતું આ ગીતગોવિંદ તમારું સદા કલ્યાણ કરો!”

નાટ્યાભિનય સમાપ્ત થતાં મહારાજ ગૌડેશ્વર રંગગૃહ પર આવ્યા. મહારાજે કવિરાજને બાથમાં લઈ લીધા. આજ તેમનો આનંદ હૃદયમાં સમાતો નહોતો.

તેમણે જાહેર કર્યું: “મહાકવિ જયદેવને હું કવિરાજરાજેશ્વરનું બિરુદ આપું છું, ને મારી કવિસભાના શ્રેષ્ઠ પંડિતરત્નને સ્થાને નિયોજું છે. તમે સર્વ તેમાં સહમત થશો.”

મહારાજ ગૌડેશ્વરના નિર્ણયને જનસમૂહે હર્ષનાદથી વધાવી લીધો.

‘ગીતગોવિંદ’નું દર્શન કરી પ્રેક્ષકગણ વિસર્જન થયો ત્યારે જાણે ચારે કોર ભક્તિરસની ભાગીરથી વહેવા લાગી હતી, અને એના નિર્મળ પ્રવાહમાં મહાસતી પદ્મા અને મહાકવિ જયદેવ રાધા–રમણ-રૂપ એકરસ થતાં જતાં હતાં.

૧૭. સુદામાઓની સેવામાં

કવિરાજ જયદેવની કીર્તિ એના સર્વોચ્ચ શિખર પર બિરાજમાન હતી. આર્યાવર્તના કોઈ કવિને ન લાધી હોય તેટલી નામના તેમને વરી ચૂકી હતી. ગીતગોવિંદ ભારતવર્ષના એક છેડેથી બીજા છેડા સુધી ગવાતું હતું. ગાનાર આ કાવ્યના રસમાં સાકર શેરડીનો રસ ફિક્કો લાગે છે, એમ કહેતા. પ્રભુપ્રેમથી છલોછલ આ પ્યાલાએ અનેકને મસ્ત બનાવ્યા હતા, દીવાના બનાવ્યા હતા. દીવાના બન્યા વિના અંતરનો દેવતા મળે પણ ક્યાંથી ?

વિક્રમપુરમાં, અંતઃપુરમાં, રાજભવનમાં, કવિસભા, રાજસભા ને લોકસમૂહોમાં ગીતગોવિંદની સૂરાવલિઓ ગૂંજી રહી હતી. ભક્તની વિહ્વલતા, ભગવાનનો ભક્ત પ્રત્યે અનુરાગ! એ આ કાવ્યનો મુખ્ય સંદેશ હતો. નિર્વ્યાજ પ્રેમ, ગણતરી વિનાનો સ્નેહ, એ જ ધ્યેય પ્રાપ્તિની પરમ ચાવી હતી. કોઈ કવિ એને કરુણ રસમાં બોળીને રજૂ કરે, કોઈ કવિ એને શૃંગાર દ્વારા પ્રગટ કરે. ધ્યેય માત્ર પ્રભુપ્રીતિ જ હતી. પણ જનતા એનો પૂરેપૂરો આસ્વાદ લે તે પહેલાં રાજકીય ક્ષેત્રમાં ફરીથી મોટા ધડાકા સંભળાવા લાગ્યા. શસ્ત્ર સજાવા લાગ્યાં. સૈન્યો તૈયાર થવા લાગ્યાં. ગામેગામથી, નગરેનગરથી, ખેતરેખેતરથી સૈન્ય માટેના દાણા ભંડારોમાં ભેગા થવા લાગ્યા. નદી નવાણો પર પહેરા બેસી ગયા. દુશ્મન સૈનિકો અજાણ્યા ઘસી આવી જળમાં વિષ ને અન્નભંડારમાં આગ મૂકી ન જાય, એ માટે સાવચેતી રહેવા લાગી.

ગજનીનો મહાન બાદશાહ, પૃથ્વીના મહાન ચક્રવર્તી જેવો સમર્થ શાહબુદ્દીન ઘોરી ફરીથી પોતાની સેના સાથે ભારતવર્ષ પર ચઢી આવ્યો હતો બખતિયાર ખિલજીએ હિમાલયની તળેટી સુધી વિગ્રહ આરંભ્યો હતો. કુતુબુદ્દીન એબક સમરાંગણોમાં ફરીથી દારૂગોળા ઝીંકવા માંડયા હતા.

ઘોરીના નામથી ભારતવર્ષનાં બચ્ચાં રડતાં છાનાં રહેતાં. ખિલજીના નામ માત્રથી સૈન્યનાં સૈન્ય થથરી ઊઠતાં. અરે, જેમણે ભારતવર્ષના ભૂષણસમા દિલ્હીના રાય પૃથ્વીરાજને, કનોજના રાઠોડ જયચંદ્રને, મેવાડના મહારાણા સમરસિંહને, ગૂર્જરેશ્વર રાજા ભીમને નષ્ટભ્રષ્ટ કરી નાખ્યા, એના આગમનથી કોણ ન ધ્રૂજે ?

ફરીથી બધે રણભેરી બજી રહી. શૂરા સૈનિકો ઠેરઠેર ત્રાડ દેવા લાગ્યા. ખેડૂતોએ ખેતર છોડયાં. ઊભા પાક એમ ને એમ સુકાવા લાગ્યા. વાડીઓ નિર્જન બની. વન વેડાઈ ગયાં. ચોમાસામાં વર્ષાએ ખૂબ જળ આપ્યું; પણ એ જળે સૂના કૂવાઓ રેતીથી પૂરી દીધા, વનમાર્ગોને ખોદી નાખી વણઝારોનો માર્ગ દુષ્કર બનાવ્યો. જીવજંતુઓ ઊભરાઈ ચાલ્યાં.

આ સ્થિતિએ દુષ્કાળનો જન્મ આપ્યો. યુદ્ધનું એ અનિવાર્ય પરિણામ હતું. પ્રજાના ઘરના ભંડારો સાફ થઈ ગયા. ભૂખમરો સામે ડોકિયાં કરી રહ્યો. જંગલોનાં જંગલો પશુઓ ખાઈ ગયાં. ખાવાનું ખૂટયું એટલે ઉકરડાઓ ચાટવા માંડયા. માનવની દશા તો ઔર બિભીષણ હતી. અખાદ્ય ખાતાં પણ પેટ પુરાતું નહોતું. રોગચાળો ફાટી નીકળ્યો હતો.

સમરાંગણોની સતત ચિંતા રાખતા ગૌડેશ્વરની પ્રજા પ્રત્યેની ચિંતા પણ ઓછી નહોતી. સૈનિકોની સતત સહાયથી ખેતરો ખેડાતાં હતાં. ગરીબ મજૂરો પાસે વાવનવાણ ગળાવાતાં હતાં. વાડીઓ

સીંચાતી હતી. દુષ્કાળપીડિતો માટે રાહતનાં મોટાં મોટાં કેંદ્રો ખોલ્યાં હતાં. સદાવ્રતનો વિસ્તાર વિશાળ કરવામાં આવ્યો હતો. પણ વિસ્તાર વિશાળ થયો, તેમ તેમાંથી ચોરાવાનો, ખવાવાનો વધુ ડર હતો. પાકો બંદોબસ્ત કરવાની આવશ્યકતા હતી. અનેક અધિકારીઓ જુદે જુદે સ્થળે નિયુક્ત કરવામાં આવ્યા. છતાં મહારાજ સદાવ્રત-શાળા પર નિષ્પક્ષ ને સેવાભાવી અધિકારીની નિમણૂક કરવાના વિચારમાં હતા, ત્યાં એક દહાડો કવિરાજ—રાજેશ્વર જયદેવજીએ જ વિનંતિ કરી:

"મહારાજ, સુદામાઓની સેવા કરવાનું ને ગૌશાળા સંચાલનનું કાર્ય અમને સોંપો!"

"મહાકવિ!" ગૌડેશ્વર હમણાં આ નામથી તેમને સંબોધતા. "અમે બધા આ કામ માટે છીએ તે! તમે તો કવિ છો, પ્રભુ-મહિમાથી ભર્યું એક વધુ સુંદર કાવ્ય રચો."

"રાજન્, ભગવાનનું મહાકાવ્ય એટલે માનવી. જગતકર્તાએ એમાં જે કવિતા ભરી છે, એ બીજે ક્યાં છે? જે એ કવિતા ને કાવ્યનું સૌંદર્ય પારખી ન શકે, તેને માટે આ બધુ તો શબ્દાડંબર માત્ર છે—પાંડિત્યનું પ્રદર્શન જ છે. ગૌસેવા ને જનસેવા તો વૈષ્ણવનું ધાર્મિક કર્તવ્ય છે."

"ભલે. આપની ઇચ્છા હોય તો સદાવ્રતશાળા ને ગૌશાળા આપના સંચાલનમાં મૂકું છું. મહાકવિ, ગૌડેશ્વરની સંપત્તિને, એના ભંડારને ઉજાળજો."

મહાકવિના આનંદનો પાર ન રહ્યો. તેમણે સદાવ્રતશાળા પર અને પદ્માદેવીએ ગૌશાળા પર લક્ષ આપવા માંડ્યું. જીવનવ્રત જેવાં આ કાર્યોમાં બંને ચિત્ત ને મનથી અનુરક્ત બની ગયાં. મરવા પડેલી, રોગનો ભોગ થઈ પડેલી ગાયો ફરી જાણે સજીવન બની. દહીં, દૂધ છલકાવા લાગ્યાં.

સદાવ્રતશાળાની ખ્યાતિ પણ દૂર દૂર સુધી પહોંચી ગઈ. પ્રેમભર્યું આતિથ્ય, માયાભરી સુશ્રૂષા ને હેતભર્યો આદર અનેક નોધારાનો આધાર બની રહ્યાં. દુઃખિયાંના એ મિત્ર બનતા, ને મરતાંના આશ્વાસક થતા. અહીં આવનારને તન ને મન બંનેનો ખોરાક લાધતો. ભોજનાદિથી તૃપ્ત થયેલાં સંતપ્ત આત્માઓ વચ્ચે રાત્રે ભજનાનંદ જામતો. સંસારનાં સુખદુઃખનાં ઝેર એ રીતે અહીં ઊતરી જતાં.

મહાકવિ ને એમની સુશીલ પત્ની બધું ભૂલી આ કાર્યમાં લીન બની ગયાં હતાં. એક એક દુઃખી જીવને આશ્વાસન આપી, એને પાસે બેસાડી, એનાં દુઃખડાં સાંભળી એને માર્ગદર્શન કરતાં. કેવળ અન્ન નહીં, પણ વસ્ત્ર કે બીજી આવશ્યકતા પણ પૂરી પાડતાં, ને કોઈક વાર મહારાજ લક્ષ્મણસેન પાસેથી ખાસ સહાય અપાવતાં. વેપાર છાંડી આવેલાને, અડધી ખેડે ખેતર મૂકેલાને, કોઈ શ્રમજીવીને, કોઈ રાંડીરાંડને, કોઈ પંડિત–સેવકને, કોઈ અનાથ નારીને, નિરાધાર બાળકોને સહાય આપવા તેઓ સદા ખડે પગે રહેતાં. જનગણ એ તો એમનો નારાયણ હતો.

મહાકવિ હોવાની સાથે મહાદયાળુ હોવાની તેમની ખ્યાતિ સર્વત્ર પ્રસરી ગઈ. જેમ ખ્યાતિ પ્રસરતી ગઈ એમ મહારાજ લક્ષ્મણસેનનો ઉત્સાહ વૃદ્ધિ પામતો ગયો. એમના ઉત્સાહને મહાકવિએ મૂર્ત કરવા માંડ્યો. વહેલી સવારે સેવાપૂજાથી નિવૃત્ત થઈ કવિરાજ સદાવ્રતશાળાએ હાજર થઈ જતા, ને અંધારે આવી સદાવ્રત લઈ જતા આબરૂદારનાં સંતાનોને અન્નવસ્ત્ર આપતા. સહુના સ્નેહી, સહુના મિત્ર, સહુના સખા બનવાના ધ્યેયવાળા મહાકવિ સહુ સાથે દિલસોજીથી વર્તતા.

પણ એક વખત એ અજાતશત્રુને સહુના શત્રુઓથી મેળાપ થઈ ગયો. રાત્રિના છેલ્લા પ્રહરનો ઝાંખો અંધકાર, ને ઉષાની આછી લાલિમા વચ્ચે, સળગતા ગોળા જેવી કેટલીક આંખો એમની નજરે ચડી ગઈ. દાઢીમૂછના કાતરા બોકાનીથી છુપાવ્યા હતા. ઊંચા

અશક્ત શરીર પર રહેલી ભગવી કંથા પર ભૂખમરાની ભુંડાશ ઘેરાયેલી હતી.

"આવો ભાઈ, કેટલી મૂર્તિ છો ?"

"ચાર મૂર્તિ." મૂર્તિ શબ્દના ઉચ્ચારે પંડિતરાજને ચમકાવ્યા. સાધુ-સંન્યાસી આ ન હોય! જરા પણ શાસ્ત્રજ્ઞાનવાળો મૂર્તિ શબ્દ ઉચ્ચારવામાં આટલી કઠિણાઈ ન નિહાળે. પ્રશ્ન પૂછનારની ને જવાબ દેનારની આંખો એક થઈ ગઈ. બંનેની આંખોમાં આશ્ચર્યની રોશની ઝળકી ઊઠી. બીજી જ ક્ષણે ચારે જણની આંખોમાં ભયના ઓળા પથરાયા. તેમણે લંબાવેલા હાથ પાછા ખેંચી લીધા. તેમના આગળ વધેલા પગ પાછા ફર્યા; ભૂખ્યા ને તરસ્યા ભાગ્યા વિના માર્ગ નહોતો. ભીખ માગવા કરતાં ભેખ લેવો સારો કરીને નીકળેલા આ ચતુર્મુખ દેવતા વ્યાકુલ બની રહ્યા. પણ ત્યાં તો માતાના જેવો મૃદુ વાત્સલ્યભર્યો અવાજ આવ્યો:

"જે જાય એને ઇષ્ટદેવના સોગન, ભાઈઓ! આવો અને તમારા તનના તાપ નિવારો. નિશ્ચિંત મને રહેજો. આ સંસારમાં ચોર કોણ નથી? મારો વહાલો વૃંદાવનવિહારી પણ ચોર જ હતો."

નાસવા તૈયાર થયેલા નિર્બળ પગ થંભી ગયા. એમના ક્ષુધાતુર દિલે આગળ ડગ ભરવા ના કહી.

"લાગે છે કોઈ હરિનો જન!" એકે બીજાના કાનમાં કહ્યું.

"એ તો બધા હરિના જન એવા જ લાગે." બીજાએ કહ્યું.

"ના. ના. એના મુખ પર કેવી મમતા છે? કેવો પ્રેમ ઝળકી રહ્યો છે? અરે, ભૂખથી કૂતરાના મુખે મરવા કરતાં પેટ ભરીને અહીં મરવું શું ખોટું? પાપ ઓછાં થશે."

ચારે જણા પાછા વળ્યા. કવિરાજે તેમને સહુથી વધુ સદાવ્રત આપ્યું, સહુથી વધુ સન્માન આપ્યું.

ચાર દિવસની પરિચર્યામાં તો ભૂખડી બારશ બનેલા આ ભેખધારીઓના ચહેરા નૂરથી ઝળકી ઊઠયા. રાતના ભજનાનંદ વખતે એમની મોટી મોટી આંખોમાંથી આંસુ પડતાં કવિરાજ જોઈ રહેતા. વાહ પ્રભુ, સંસારનું કયું કાવ્ય કરુણારસમાં આ માનવકાવ્યને ટપી શકે !

આઠેક દિવસે ચારે જણાએ રજા માગી, કવિરાજે પ્રેમપૂર્વક દાનદક્ષિણા સાથે એમને વિદાય આપી. ચારેની આંખો આંસુથી નાહતી હતી.

કવિરાજ કદી કોઇના પર પક્ષપાત ન દાખવે, ને આ ચાર પર આટલી કૃપા કાં ? ભંડારીથી લઈને નાનામાં નાના પરિચારક સુધી સહુના મનમાં આ પ્રશ્ન જાગ્યો હતો. રાજ–અધિકારીઓમાં પણ આ વાત પ્રસરી હતી. તેઓ પોતાના સ્વભાવ મુજબ ઝીણી નજરે નીરખી રહ્યા હતા. આચાર્યજીએ જ સદાવ્રતશાળાનો ને ગૌશાળાનો વહીવટ પોતાના હાથમાંથી આંચકી લઈ એમને ત્યાં જતાં અન્નવસ્ત્ર રોકયાં હતાં. આ મહાકવિએ પોતાનું ઘર ન ભર્યું તો ન ભર્યું, બીજાનાં ઘર પણ ખાલી રખાવ્યાં હતાં. અને તેમાં પણ રાજકર્મચારીઓનાં–જેઓને આમાંથી જ કમાણી કરી વૈભવનાં સ્વપ્ન સાચાં પાડવાનાં હતાં; તેઓને જ મોટો ફટકો માર્યો હતો. ખાધું હોત ને ખાવા દીધું હોત, તો રાજના ખજાનામાં કયાં ખોટ પડવાની હતી ! રાજકીય ક્ષેત્રના આ મહાસિદ્ધાન્તનો આચાર્ય જયદેવે વેદિયાવેડામાં ભંગ કર્યો હતો. એની શિક્ષા પણ કોઈ રીતે મળવી ઘટે !

રાજપ્રપંચી ભૂતાવળો આ સમાચારે જાગ્રત બની નાચી ઊઠી. તેઓએ સરસ જાળ ગુંથવા માંડી. ધીરે ધીરે એક બીજાને એકત્ર કરવા માંડયા. તેજોદ્વેષીઓનું, પેટબળ્યાઓનું એક પેડું હતું, એ એકઠું મળ્યું. આચાર્ય ગોવર્ધન શર્માને પણ આ સમાચાર મળ્યા, એટલે તેમણે કાવતરાને વ્યવસ્થિતતાનો ઓપ આપ્યો. ચારે ભેખધારીઓનો પીછો પકડી રહસ્ય જાણવા માટે નાયકને આજ્ઞા કરી. જો સીમાં

બહાર નીકળી ગયા તો બધો ખેલ બગડી જશે. તેમને પહેલાં હાથ કરો, ભેદ પછી હાથ આવ્યો સમજો.'

મહાકવિ જયદેવના ચતુર્મુખ દેવોએ વિક્રમપુરનો સીમાડો હજી વટાવ્યો નહોતો, ત્યાં તો ચારે જણાના કાન ચમક્યા. પાછળ વિક્રમપુરના અસવારો ઉઘાડી તલવારે ધસ્યા આવતા દેખાયા. પગપાળા નાસી શકાય તેવી સગવડ નહોતી. ચારે જણાએ વિચાર્યું :

"નક્કી, પેલા કવિ આપણી સાથે ઊંદર–બિલાડીની રમત રમ્યા. યજ્ઞના બકરાની જેમ આપણને હુલાવ્યા ફુલાવ્યા, હવે રાજા પાસે ગરદન મરાવશે."

"કંઈ પરવા નહીં. બળથી નહીં તો કળથી કામ લઈએ. કદાચ આપણે મરશું તો એને પણ સાથે લેતા જઈશું."

ઘોડેસવારો આંબી ગયા હતા. નાયકે તલવાર ફેરવતાં કહ્યું : "તમે કોઈ છદ્મવેશી છો. ચોખ્ખે ચોખ્ખું કહી દો કે કોણ છો ?"

"અમે..." ચારેની જીભ તોતડાઈ ગઈ.

"હરામજાદાઓ, નહીં બોલો ? મહાકવિ જયદેવને બનાવી ગયા, એમ અમને પણ બનાવી જશો ?" નાયકે એકને પકડી એની કફની ખેંચી લીધી.

"અરે, આ તો કોઈ યવન ! મારો !" અસવારોએ ચારેને મારવા લીધા. આખરે એકે ગળગળા સાદે કહ્યું :

"ઓ મહેરબાનો, નિરર્થક અમને મારશો નહીં. અમે લૂંટારાઓ છીએ. અમારી પાંચ જણાની મંડળી છે. એક બ્રાહ્મણ, એક યવન ને ત્રણ અમે ક્ષત્રિય ! અમારો નિયમ છે, કે દર વર્ષે એકાદ રાજાનું ખૂન કરવું ને ભંડાર લૂંટવો. યવન રાજાને ત્યાં આ નૂરખાન મૌલવી કે સાંઈ બનીને જાય છે. કોઈ વીર રાજાની પાસે અમે અંગ-

રક્ષક બનીને રહીએ છીએ. કોઈ વિદ્વાન રાજા પાસે આ કુશળ બ્રાહ્મણ જયદેવને મોકલીએ છીએ. આ વખતે એ બ્રાહ્મણનો વારો છે. અમે એને પૂછવા આવ્યા હતા, કે હવે કેટલો વિલંબ છે? ભાઈઓ, અમારું સન્માન તો કરે જ ને. અમે તો એના સાથીદારો ખરાને!"

ઘોડેસવારોનો નાયક આ સાંભળી સ્તબ્ધ બની ગયો. શું મહાકવિ એક ખૂની ધુતારો છે! અસંભવ! બદમાશ છે આ ચારે જણા, પોતાનાં પાપ ઢાંકવા પુણ્યશાલીને ફસાવે છે!

"ચારેને મુસ્કેટાટ બાંધીને લઈ લો. એની તપાસ પછી થશે."

ઘોડેસવાર દળ પાછું ફર્યું ત્યારે દરવાજા પર જ આચાર્ય ગોવર્ધન શર્મા મળ્યા. તેઓ આ રહસ્ય જાણવા આતુર હતા. તેમણે નાયકને સાદ કર્યો. ગુનેગારોને મજબૂત બંદોબસ્તમાં રાખવાની સૂચના આપી નાયક આચાર્ય પાસે ગયો.

"શી વાત નીકળી?"

"અજબ જેવી. પાકા ચોર છે." અને નાયકે ચોરોએ કહેલી વાત પૂરી કરતાં કહ્યું: "કવિરાજરાજેશ્વર માથે આ કલંક! ગૌડેશ્વર મહારાજ જાણે તો?"

"ગૌડેશ્વર મહારાજ જાણે તો, એમ કેમ? એમને જણાવવું ઘટે. એમણે જાણવું જ જોઈએ. જાણવું એમના હિતમાં છે."

"કવિરાજરાજેશ્વર ચોર હોઈ શકે? કલ્પના માની શકે છે?"

"ભાઈ, કલ્પના કરતાં સત્ય ઘણું વિચિત્ર હોય છે. માયાનો કોઈ પાર પામ્યું છે, કે પામશે? આજે તો ચોર શાહુકાર લાગે, ને શાહુકાર લાગતા પાકા ચોર નીકળે. ભરોસા કરવા જેવું જગ નથી."

"એટલે કવિરાજરાજેશ્વરને તમે કોઈ છદ્મવેશી માનો છો?"

"શા માટે નહીં ? સત્યને સ્વીકારતાં આંચકો શા માટે ખાવો ? કવિરાજરાજેશ્વર બન્યા એટલે ? ગૌડેશ્વર મહારાજને હમણાં ઘેલું લાગ્યું છે. નાયકજી, કહી દઉં. આજના વાતાવરણમાં સગા ભાઈનોય વિશ્વાસ કરવા જેવો નથી. આજ તો મંદિરે મંદિરે દુશ્મનોના ગુપ્તચરો, સભાએ સભાએ તેમના જાસૂસો, સંન્યાસીઓના સંઘે સંઘે એકાદ બે છદ્મવેશીઓ છે !"

"આચાર્યદેવ, તમારી ગણતરી શેમાં ?"

"નાયકજી, બહુ ડહાપણ સારું નહીં. નવદ્વીપનો ઇતિહાસ નથી જાણતા ? ઘોડાના સોદાગરનો કિસ્સો માલૂમ નથી ? હજીય રાજપુરોહિતને એ ઘા કળી રહ્યા છે ને જીવતે જીવ મૃત્યુને ખાટલે નાખી રાખ્યા છે."

"આજના વાતાવરણમાં રજ્જુ પણ સર્પ લાગશે. આચાર્યદેવ, હવે એ દહાડા ગયા."

"નાયકજી, આમ આવો. મારા કથનના ભાવાર્થ ને વાચ્યાર્થને સમજવા શ્રમ લો !" ગોવર્ધન શર્મા નજીક સર્યા. નાયકના ખભે હાથ મૂકી કહ્યું: "નાયકજી, તમે આ ચાર ચોર ને જયદેવજી વચ્ચે કંઈ ઓળખાણ છે, એમ કબૂલ કરો છો કે નહિ ?"

"તેઓએ જે પક્ષપાત દર્શાવ્યો, તે દૃષ્ટિએ તો અવસ્ય."

"તો ભલા, એક બ્રાહ્મણ, એક ક્ષત્રિય ને વળી એક યવન : આ ત્રણ વચ્ચે કોઈ સારા સંબંધની કલ્પના તમે તમારી વિચક્ષણ બુદ્ધિથી કરી શકો છો ? વળી જ્યારે ચાર ચોર હોય ને પાંચમો તેની સાથે સંબંધ ધરાવે ત્યારે સામાન્ય રીતે કોઈ અનિષ્ટ સંબંધની કલ્પનાને સમર્થન ન મળે ?"

રણશૂરો નાયક આ ઝીણી ઝીણી ચર્ચાથી મૂંઝાઈ ગયો. એ ઊંડા વિચારમાં ઊતરી ગયો. એ મહાકવિને કોઈ રીતે હીન, અધમ

કલ્પી શક્તો નહોતો, જ્યારે સામે પ્રત્યક્ષ પુરાવામાં તો તેવાં કારણો મોજૂદ હતાં.

"નાયકજી, મારો વહાલો, મારો નાથ, આવા શબ્દોથી ભોળવાશો મા. માયાવી દુનિયા તમે જોઈ નથી, એક ઘા ને બે કટકા જ કરી જાણવા છે. આ તો સુદામાઓની સેવાના બહાને તમારું સત્યાનાશ વાળશે."

"આચાર્યજી, હું પેલા ચોરોની ફરી તપાસ લઉં છું. સાચજૂઠની ખાતરી થઈ જશે."

"ખાતરી જ છે, દેશને દગો ન દેશો. નાયકજી, એક રાજહિતચિંતક તરીકે ભલે તમે તમારી ફરજ સમજો કે નહીં, પણ મારે તો મારા ધર્મનું પાલન કરવું રહ્યું."

રોષપૂર્વક આચાર્ય ગોવર્ધન શર્મા પોતાના ધર્મનું પાલન કરવા માટે વિદાય થયા, ત્યારે નાયકને પણ લાગ્યું કે બ્રાહ્મણની વાત ડહાપણભરી છે. મનનો પક્ષપાત છાંડી પોતે પણ પોતાના ધર્મનું પાલન કરવું ઘટે.

૧૮. આ પણ સત્ય અને તે પણ

મારતે ઘોડે બે અસવારો વિક્રમપુરના સિંહદ્વારમાં જ્યારે પ્રવેશ કરતા હતા, ત્યારે ક્ષિતિજ પર ઉષા ઊગતી હતી. બંને અસવારો જુદી જુદી દિશામાંથી આવ્યા હતા, છતાં બંનેની પહોંચવાની ઇંતેજારી એક સરખી હતી. રાજમહેલના ઝરુખેથી પ્રભાતદર્શન આપીને મહારાજ હમણાં જ દેવમંદિરમાં ગયા હતા, ત્યાં પ્રતિહારીએ રણાંગણમાંથી તેમજ જગન્નાથપુરીથી સંદેશવાહકો આવ્યાના સમાચાર આપ્યા.

સંદેશવાહકનો તો સમાગમ જલદી કરવો ઘટે. મહારાજ થોડીવારે મંત્રણાગૃહમાં ઉપસ્થિત થયા.

રણાંગણમાંથી આવેલા સંદેશવાહકે પ્રણિપાત કરી નિવેદન રજૂ કરતાં કહ્યું:

"ગૌડેશ્વર મહારાજ જયવંતા વર્તો! રણાંગણપરથી મહાસેનાપતિ શ્રીધરદેવ સંદેશ કહાવે છે, કે કામરૂપની પશ્ચિમ સીમા પર હિમાચલની તળેટી લગભગ અમે અત્યારે ઊભા છીએ. ખિલજી સુલતાન એના લશ્કર સાથે અહીં ચડી આવ્યો હતો. હલ્લો લઈને આવનાર ખિલજી સુલતાનને એવો બોધપાઠ આપ્યો છે, એવી ભયંકર હાલિમા આપી છે, કે બાહુબળ ને બુદ્ધિબળના એ ખજાનાને હવે મરે જ છૂટકો છે.

"ઘટના એવી છે, કે જ્યારે આ તરફ ખિલજી સુલતાનની

ચઢાઈના સમાચાર આવ્યા ત્યારે એક મોટું ષડયંત્ર રચવામાં આવ્યું. અમે પણ તેમાં સાથ આપ્યો. બળ સાથે બુદ્ધિની આ લડાઈ હતી. બધા દરવાજા, બધા માર્ગ ખુલ્લા મૂકી દીધા. લોકોને નાસતા ભાગતા કરી દીધા. પોતાના પ્રતાપને પ્રત્યક્ષ જોતો ખિલજી સુલતાન એકદમ ધસી અંદર ઘુસી આવ્યો. બાહુબળના એ અભિમાનીને ખબર ન રહી કે અહીં તો કરોળિયાની જાળ પથરાઈ ગઈ છે.

"એક રાતે અમે અમારી સંપૂર્ણ શક્તિથી એને ઘેરી લીધો, ને એવો જબરદસ્ત ધસારો કર્યો કે એમના દશથી બાર હજાર ઘોડેસવારો કરતોયા નદીના પ્રવાહમાં પડીને ડૂબી ગયા. કેટલાક અમારા ઝેરી તીરોના ભોગ બન્યા, કેટલાક વનપશુઓના ભક્ષ બન્યા. મહાપ્રયત્ને ખિલજી સુલતાન આ જાળમાંથી છટકી શકયો. યોજના તો એવી ભયંકર હતી કે એ તો ખિલજી સુલતાન જેવો જ છટકી શકે. પણ એની હિંમતની કમર જ અમે તોડી નાખી. પછી એનું જીવતર જ એને ભારે પડયું. સિપાહીઓની વિધવાઓએ એને શાપ આપ્યા, અનાથ બાળકોએ પોતાના વગર મોતે મુએલા બાપ માટે જવાબ માગ્યો, દેવકોટના એક એકાંતગૃહમાં એ બારણાં બંધ કરીને બેસી ગયો. જાણે પોતાની કબરમાં જીવતો ચણાઈ ગયો. સંભળાય છે, કે એક અલીમરદાન નામના અમીરે એની કત્લ કરી છે. બીજી તરફ પંજાબમાં જેલમના કાંઠા પર ભયંકર ખોકર જાતિએ બળવો ઉઠાવ્યો છે, ગોરી* બાદશાહ એમાં ગુંથાયેલો છે, સુલતાન કુતુબુદ્દીન પણ ત્યાં છે. અમે આજુબાજુ કબજો જમાવી રહ્યા છીએ. અમે તો હવે બધે કહેતા જઈએ છીએ, કે એકલા બળ પર મુસ્તાક રહેનાર માર્યા જશે. યુદ્ધમાં તો છલ પ્રપંચ પણ જોઇએ. બકરાની જેમ યુદ્ધમાં ઝબ્બે થવાથી શું વળવાનું?

"પણ મહારાજ..." સંદેશવાહક અટકી ગયો.

---

*એક વર્ષ બાદ વિજેતા ઘોરી પંજાબના ખોકરોના હાથથી કત્લ થાય છે.

"સંભળાવો સમાચાર, મારી ડાબી આંખ ફરકી રહી છે. શું કુમાર..."

"હા, મહારાજ, કુમાર કેશવસેન અને કુમાર કંસમર્દન આ ઝપાઝપીમાં રણમાં રહ્યા."

"શ્રીકૃષ્ણઃ શરણં મમ !" મહારાજે ત્રણ વાર મંત્ર ઉચ્ચાર્યો. એ થોડી વાર અન્યમનસ્ક બની ગયા, ને પછી મહામાત્યને બોલાવવા આજ્ઞા કરી. સંદેશવાહક નમન કરીને ચાલ્યો ગયો.

બીજા સંદેશવાહકને રજૂ કરવા આજ્ઞા થઈ.

બીજો સંદેશવાહક નમન કરી હાજર થયો. એને કંઈ કહેવાનું નહોતું. એના હાથમાં એક લખોટો હતો, તે તેણે રજૂ કર્યો : એમાં જગન્નાથપુરીના પ્રાદેશિક રાજા સાત્વિકરાયનું સપ્રણામ, સબહુમાન નિવેદન હતું. તેમણે જણાવ્યું હતું કે,

"પંચ ગૌડેશ્વર મહારાજની સેવામાં—સવિનય નિવેદન કે હાલમાં આપના રાજલહિયાએ લખેલ 'ગીતગોવિંદ' નામના કાવ્યની પ્રતિ મળી. મેં સાંભળ્યું છે, કે આપના ત્યાંના કોઈ નવીન કવિએ ભગવાન વ્રજવિહારીની આ રહકેલીનું કાવ્ય રચ્યું છે. આ વિષે નિવેદન કે આ કાવ્ય તો મેં રચેલું છે, એ મારું જ છે, ને કોઈ છદ્મવેશીએ કીર્તિ ને કાંચન રળવા આપને ઠગ્યા છે. મારા દરબારના પંડિત મારા કાવ્યની પ્રત લઈને પાલખીમાં આપના તરફ આવી રહ્યા છે. આશા છે, કે આપ કવિ છો, કવિત્વના પરીક્ષક છો, નિર્ણય આપશો."

"અદ્દભુત !" ગૌડેશ્વરે આશ્ચર્ય દર્શાવ્યું. તેમણે પહેરેગીરને આચાર્ય ગોવર્ધન શર્માને બોલાવવા આજ્ઞા કરી.

આચાર્ય ગોવર્ધન શર્મા રાજમહેલ તરફ જ આવતા હતા. પહેરેગીરને તેઓ સામા જ મળ્યા. પહેરેગીરે નમનપૂર્વક જણાવ્યું કે

ગૌડેશ્વર તમારી રાહ જુએ છે. શર્માજી ત્વરાપૂર્વક આ તકનો લાભ લેવા ગૌડેશ્વર સમક્ષ ઉપસ્થિત ગયા.

ગૌડેશ્વરના ચહેરા પર ગંભીરતા હતી, તેમણે ગોવર્ધન શર્માને સંબોધીને કહ્યું :

" પંડિતરત્ન, જગન્નાથપુરીથી રાજા સાત્ત્વિકરાયનો સંદેશો છે. તે જણાવે છે, કે ગીતગોવિંદ તે એમની પોતાની મૌલિક રચના છે. કવિરાજરાજેશ્વર જયદેવે તો એમાંથી ચોરી કરી છે. રાજા સાત્ત્વિકરાયનો પંડિત હસ્તપ્રત સાથે આવે છે. તેનું તમે સ્વાગત કરો! તમારા ત્યાં ઉતારો. પછી કવિસભામાં તેનો નિર્ણય કરીશું. હાલમાં હું અંતઃપુરમાં જાઉં છું. "

" મહારાજ, મારું પણ એક અલ્પ નિવેદન છે." ગોવર્ધન શર્માએ ચારે તરફ નજર ફેરવતાં એકાંત જોઈને કહ્યું : " મધુસૂદન નાયકે કાલ ચાર છદ્મવેશીઓને પકડ્યા છે. તેઓ પાસેથી બાતમી મળી છે, કે કવિરાજ જયદેવ એક ભયંકર છદ્મવેશી છે."

" કવિરાજ છદ્મવેશી ?" ગૌડેશ્વરે બૂમ મારી.

" મહારાજ, કાનને દોષ છે. કેવળ છદ્‌મવેશી નહીં, પણ ભયંકર ખૂની. કહેવાય છે, કે આપનું ખૂન કરવા આવ્યા છે ?"

" ખૂન ? શર્માજી, ક્ષત્રિયને તો ખૂનનો ડર ન હોય ! તમે બ્રાહ્મણ એનાથી ભડકો. વારુ, એ છદ્મવેશીઓને દરબારમાં હાજર કરજો. ન્યાય થશે."

" અમે પંડિતો તો નીર-ક્ષીર ન્યાય માટે આતુર છીએ. અમને કોઈના ઉપર દ્વેષ કે પ્રેમ નથી."

" વારુ, વારુ," મહારાજે વાત સંકેલી લીધી, ને અંતઃપુરમાં ચાલ્યા ગયા. થોડી વારે અંતઃપુરમાંથી આક્રંદના સૂર સંભળાઈ રહ્યા.

આખું રાજકુલ સ્નાન કરવા ઊતર્યું. મહારાણીની સ્થિતિ વિચિત્ર હતી. તેઓ પોતાના બીજા પુત્રના અવસાનના સમાચારથી ઘેલાં બની ગયાં હતાં. મહારાજ ગૌડેશ્વર શાન્ત હતા. તેઓ રાણીજીને સમજાવતા હતા:

"રાણીજી, યુદ્ધમાં કેટલાયના પુત્ર, બાપ, ભાઈ કે પતિ મરતા હશે. તેમના માટે કેમ શોક થતો નથી? ક્ષત્રિયાણી બનવા કરતાં કોક વાણિયા–બ્રાહ્મણને ત્યાં જન્મવું હતુંને? ક્ષત્રિય જો પોતાનો ધર્મ ચૂકે તો શૂદ્ર કરતાંય તેનું સ્થાન હીણું છે ને તેનાં કૃત્ય એટલાં ભારે છે, કે નરક સિવાય કોઈ ઠેકાણું નથી. ઊઠો રાણીજી, તમારા બે પુત્રોએ તો આખો સેનવંશ તારી દીધો. મહાસેનાપતિના ઘેર જાઓ, ને કંસમર્દનની માતાને આશ્વાસન આપો. એના ઘરનો તો દીવો હોલવાયો."

"મહારાજ, લડાઈ પતી ગઈ?"

"ક્ષત્રિયાણી એમ પૂછે ખરી? રણવાસ આટલા સુંવાળા કાં? રાણીજી, આજ ભારતવર્ષમાં ક્ષત્રિયાણીઓ રૂપનો અંબાર માત્ર રહી છે, તેજનો ભંડાર નહીં. ક્ષત્રિયોને એવી ક્ષત્રિયાણીઓનો લોભ લાગ્યો છે. દુશ્મનોના ઘોડાના દાબલા કાન ફાડતા હોય ત્યારે પણ રણવાસમાં એ રૂપસુંદરીઓ સાથે રમે છે. ક્ષત્રિયાણી માત્ર રૂપસુંદરી નથી, એ તો જીવતી જાગતી જોગમાયા છે. પણ આજે તો રણવાસમાં વિલાસનાં ગીત ચાલે છે.. હું તો ભાવી વિપરીત ભાળું છું." મહારાજ લક્ષ્મણસેન વિચારમાં ઊતરી ગયા. થોડીવારે જાગતા હોય તેમ એ બોલ્યા: "અરે, હું તો બીજા વિચારમાં જ ઊતરી ગયો, વારુ, રાણીજી, કાલે વિશ્વસેન રણભૂમિ પર નવા સૈન્ય સાથે જશે. તૈયારી કરજો!"

મહારાજ ત્યાંથી નીકળી મંત્રણાગૃહમાં આવ્યા. સાયંકાલે ન્યાયસભા ભરવાની આજ્ઞા આપી. બંને સંદેશવાહકોને ત્યાં ઉપ-

સ્થિત કરવાની, તેમજ કવિસભા પાસે ગીતગોવિંદ અસલ કયું ને નકલ કયું તે નક્કી કરીને ન્યાયસભામાં હાજર થવાની સૂચના કરી.

તેજોદ્વેષી વર્ગે આખા નગરમાં ભાતભાતની વાતો ફેલાવી હતી. કેટલાક તો કહેતા કે આજ કાં તો તમારા રાજરાજેશ્વર કવિરાજનું મસ્તક ધડ પર નથી, કાં તો જિંદગીભર જેલના સળિયા પાછળ બેસી કાવ્ય ગાવાનું જ એમના નસીબમાં રહેશે.

"પદ્માનું શું થશે?"

"એનું કેમ લાગી આવે છે?"

"અરે, બિચારી હંસલી જેવી છે."

"દયા આવતી હોય તો હંસ......"

વાત અડધે રહી જતી ને વાત કરનાર સાથે સાંભળનારા લડી પડતા. કવિરાજરાજેશ્વર માટે આવા અપશબ્દ! જીભ ખેંચી લેવી ઘટે!

"ભાઈ, મારા પર નાહક ગુસ્સે કેમ થાઓ છો? સાંજે ન્યાયસભામાં આવજોને. બધી ચોખવટ થઈ જશે."

ન્યાયસભાના આમંત્રણે સભા ચિકાર ભરાઈ ગઈ. કુમાર કેશવસેનના મૃત્યુના સમાચાર તાજા જ હતા, છતાં ગૌડેશ્વરના ચહેરા પર ગમગીની નહોતીઃ કેસરીની ભવ્ય છટા વિલસી રહી હતી.

ગાનવાદન વગર, જયજયકાર વિના, શાંતિથી સભાનો પ્રારંભ થયો. મહારાજે સભાજનોને સંબોધતાં કહ્યું:

"સભાજનો, કુમાર કેશવસેન ને વીર કંસમર્દન આપણા દુશ્મનો સામે લડતાં વીરગતિ પામ્યા છે, સમર્પણધર્મની ધારા આપણે ત્યાં ચાલુ રહી છે, એથી મને આનંદ થાય છે. મારા બે પુત્ર, તમારા બે રાજકુમાર તમારા માટે મરીને અમર થઈ ગયા. આવા પ્રસંગે ક્ષત્રિયને

શોક નહીં, અભિમાન હોવું જોઈએ. વિશ્વસેન ?" મહારાજે વિશ્વસેનને હાકલ મારી.

"પિતાજી, હાજર છું. આજ્ઞા આપો એટલે પ્રસ્થાન કરું." વિશ્વસેનને–વીસ વર્ષની પાંગરતી તરુણાવસ્થાવાળા રાજકુમારને આ પ્રમાણે બોલતો જોઈ સભા ગળગળી થઈ ગઈ.

"સભાજનો, બસો વર્ષથી આપણા દેશમાં યજ્ઞ આરંભાયો છે. આ યજ્ઞના હોતા ક્ષત્રિયો છે. સામાન્ય આહુતિઓથી આ યજ્ઞ પૂરો નહીં થાય. હૈયાના ચૂરેચૂરા થઈ જાય, કલેજાના કટકા થઈ જાય, એવી આહુતિઓ આપવી પડશે. યજ્ઞમાં જેટલી નિર્બળ આહુતિ એટલો દેશ નિર્બળ. ભવિષ્યની વાત ભવિષ્યના ખોળે. વર્તમાનમાં તો આપણને, આપણા પૂર્વજોને શોભે તે રીતે વર્તીએ."

"અન્નદાતા !" મહામાત્યે વચ્ચે ઊભા થઈ કહ્યું. "મને આજ્ઞા આપો. રાજકુમારને આ વેળા નથી મોકલવા."

"તમે જશો તો રાજ કોણ ચલાવશે ?"

"આપ શ્રીમાન."

"મહામાત્ય, આ દેહ જર્જરિત છે, કાલે શું ન થાય ? પંચ્યાસી વર્ષે મને રાજકાજના મોહ છોડવા ઘટે. રણક્ષેત્ર પર વિશ્વસેન જ જશે. સેનામાં એ રીતે ઉત્સાહ પ્રસરે."

"વિશ્વસેન, રણમેદાન ભાવશે ને ?" મહારાજે વિશ્વસેન સામે જોઈને પૂછ્યું.

"આપનો પુત્ર છું. પિતાજી, શા માટે નહીં ભાવે ? મારા એ ભાઈ જે અમર કીર્તિ વરી ગયા, શું નાના ભાઈ તરીકે મને પણ એ અમર કીર્તિની ઈર્ષ્યા નહીં હોય. પિતાએ તો પોતાની સંપત્તિ સરખા ભાગે પુત્રોને વહેંચવી જોઈએ."

"શાબાશ બેટા, તારા જેવા પુત્રો હશે એ દેશની કદી અવનતિ નહીં થાય. મારી તો જીવતાં જ સદ્‌ગતિ થઈ ગઈ. મહામાત્ય !" મહારાજ સિંહાસન પરથી ઊભા થઈ ગયા. મહામાત્ય હાથ જોડીને હાજર થયા.

"જાઓ, કાલે પ્રાતઃકાલે વિશ્વસેનને મંગલ વિદાય આપો ! લેશ પણ શોકભારથી દબાતા નહીં. ખૂબ રણદુંદુભિ બજવા દો, ડંકા નિશાનના ગટગડાટથી આકાશનો ગુંબજ ફાડી નાખવા દો, વિદાયનાં વીરગીતથી દિશાઓ ભરી દો. આજ સેનવંશ દેશના મહાયજ્ઞમાં પોતાને પ્રિયમાં પ્રિય એક વધુ બલિ ચઢાવે છે."

સભા હર્ષ કે શોકના વિમાસણમાં સ્તબ્ધ થઈ ગઈ.

"ક્ષત્રિયકુલાવતંસ, સેનકુલભૂષણ, મનુવંશના મહિમા સમા મહારાજ, આ બ્રાહ્મણના આશીર્વાદ છે, કે આપની કીર્તિ યુગયુગ સુધી અમર તપો. વખત વિભીષણ આવી રહેલ છે. આપનું માત્ર નામસ્મરણ પણ એ વેળા આશા, ઉત્સાહ ને બલિદાન પેટાવશે. મહામંદિરમાં પેટાવેલ સુગંધી ધૂપદાની જેવું આપનું ભડભડતું હૈયું કેવી સૌરભ પ્રસારી રહ્યું છે ! આવા તપ, ત્યાગ ને બલિદાનથી ઉજ્જવલ હૈયાને અમારા નમસ્કાર છે, ને તપ એ જ જેનું ધન છે, એવા બ્રાહ્મણના આશીર્વાદ છે. પરમ ભાગવત તરીકેનું બિરુદ આપે કૃતાર્થ કર્યું છે." કવિરાજરાજેશ્વર જયદેવે મહારાજની પ્રશસ્તિ કહી.

"મહાકવિ, ન જાણે આ પરમ ભાગવતના નસીબમાં હજી શું શું લખ્યું હશે !" ગૌડેશ્વરે નિશ્વાસ નાખ્યો. થોડીવારે સ્વસ્થ થઈ બોલ્યા: "મહાકવિ, તમારા માથે આરોપ છે."

"શાનો મહારાજ ? કોણ મૂકે છે ?"

મહારાજના ઈશારા સાથે મધુસૂદન નાયક ચાર ચોર સાથે હાજર થયા.

"આ ચાર માણસો તમારા પર આરોપ મૂકે છે. તમે તેમના મિત્ર છો."

"મહરાજ, કોઈનો મિત્ર થવું શું અપરાધ છે?"

"અવશ્ય નહીં. પણ એક બ્રાહ્મણ, બીજો યવન. શું બ્રાહ્મણ સાથે યવનની મિત્રતા સંભવી શકે?"

"શું યવન મનુષ્ય નથી? મને, તમને ને સંસારને પેદા કરનાર ભગવાને એને પેદા કર્યો નથી? એક પિતાનાં સંતાન વચ્ચે તમે ભેદભાવની આ દીવાલો રચશો? મહારાજ, માતાના પેટમાંથી જન્મતો બાળ નથી હોતો યવન કે શૂદ્ર, નથી હોતો બ્રાહ્મણ કે ક્ષત્રિય. આ બધાં તૂત તો આપણાં છે. ભગવાન ગોવર્ધનધારીની નજરમાં તો માનવમાત્ર સમાન છે."

"એ તમારી તત્ત્વચર્ચા અમે કબૂલ રાખી. પણ મહાકવિ, મુખ્ય મુદ્દો એ છે, કે આ ચારે ચોર છે."

"સંસારમાં ચોર કોણ નથી? આપણા ભાણામાં આવતાં બત્રીસ પકવાન ન જાણે કેટલાના રોટલા ખૂંચવીને આવતાં હશે? જ્યાંસુધી એક રંક ને એક રાય રહે ત્યાંસુધી સહુ ચોર, શાહુકાર થવાની કોઈ શેખી ન હાંકી શકે."

"કવિ છો, એટલે દરેક વાત તમારી પાસે આવીને રસભરી થઈ જવાની. પણ ન્યાયાલયમાં બેસનાર નિર્દય ન્યાયશાસ્ત્રી એવી વાતો પર લક્ષ ન આપી શકે. માફ કરજો, હું વધુ સ્પષ્ટ કરવા માગું છું, કે તમારા પર આક્ષેપ છે, કે તમે પણ આ ચાર ચોરના સાથીદાર છો, અર્થાત્ ચોર છો."

"અવશ્ય મહારાજ, એમનો સાથીદાર છું, પણ ધર્મના માર્ગ પર દોરી જનાર! ચોર જરૂર છું, પણ તેમના અંતરાત્માનો. મારો

વહાલો પણ ક્યાં ઓછાં અંતર ચોરતો હતો. એ મોટો ચોર, હું નાનો ચોર."

"મહાકવિ, કાવ્યવિલાસ તજી સ્પષ્ટ શબ્દોમાં કહો!"

"શું કહું ?"

"એ જ કે આ ચાર ચોર કહે છે, તે વાત સાચી છે ?"

"એ જે કહે તે મારે કબૂલ છે."

"તો તમે ચોર છો ? મારા ખૂન માટે આવ્યા હતા ?"

"ખૂન ? ને બ્રાહ્મણના હાથે ?"

"મહાકવિ, તમને ભયંકર સજા થશે."

"તૈયાર છું! ગોપીજનવલ્લભની એવી મરજી હશે."

"સિપાઈઓ !" મહારાજનો અવાજ ગાજ્યો, પણ એ અવાજ સામે પડકાર થયો : ચાર ચોરમાંથી એક ઊંચે અવાજે કહ્યું:

"મહારાજ, એકતરફી ઈન્સાફ ન કરો !" ચાર ચોરમાંનો જે યવન હતો, તે આગળ આવ્યો. એનાં લાલ લાલ નેત્રોમાં સદ્ભાવનાની ભિનાશ હતી. "અમારી પણ તપાસ કરો. હજુરે આલા, કુદરતનો કાયદો જ ઔર છે. નાપાક કામ માટે યવન, બ્રાહ્મણ ને ક્ષત્રિય એક થઈ શકે, ને પાક કામ માટે, ધર્મજેવા કામ માટે માણસ માણસ વચ્ચે દીવાલ ચણે ! પૃથ્વી માર્ગ આપે તો સમાઈ જવાનું મન થાય છે."

"નૂરખાન, સાફ સાફ વાત કરી દે !" મહામાત્યે કહ્યું.

"સાફ વાત એટલી કે જિંદગીમાં ઘણાં પાપ કર્યાં છે. હવે જીવતરનો જ બોજ લાગે છે, ત્યાં બ્રહ્મહત્યાનું પાપ ! અરે, આવા પાક, સેવાભાવી, પ્રેમને પ્રભુ માનનાર પ્રેમભક્ત ફિરસ્તાનો જાન લઈએ, તો ખુદા પાસે કેવી રીતે મોં બતાવી શકીએ ? મહારાજ,

અમે ચાર લૂંટનો ધંધો કરીએ છીએ. આચારજજી જ્યારે વિક્રમપુર આવતા હતા, ત્યારે રસ્તામાં એમને લૂંટી, ખૂબ મૂઢ માર મારી, અમે કૂવામાં નાખી દીધા હતા. અમારી અને એમની આ પહેલી ઓળખાણ! બીજી ઓળખાણ અમે ભૂખે મરતા સદાવ્રત લેવા આવ્યા ત્યારે થઈ. અમે તો પકડાઈ જવાના ડરથી ભૂખ્યા નાસી જવા માગતા હતા, પણ એ પ્રેમભક્તે અમને બોલાવી ઇષ્ટદેવના સોગન આપી રોકયા. મહારાજ, પોતાના જીવલેણ વેરી પ્રત્યે આટલો પ્રેમ દર્શાવવો એ મોટામાં મોટી વીરતા છે. તલવારની સામે તલવાર તો ગમે તે ચલાવે, પણ તલવારની સામે પ્રેમની ઢાલ લઈ ઝૂઝનાર વીરલા છે. આટલી વાત સત્ય છે, બાકી બધું અમારી જાળ છે, અમારે ને કવિરાજને બીજો કોઈ સંબંધ નથી. ચાર હત્યાનાં પાપ આપી મારા સાથીદારોને પૂછો."

"એની જરૂર નથી, મહારાજ, અમને ગરદન મારો! નૂરખાન સોએ સો ટકા સત્ય કહે છે. અમે જ પાપાત્માઓ છીએ." ત્રણે ચોરે નમન કરતાં કહ્યું.

"જેની ગરદન મારવા તમે જાળ રચી હતી, તે જ તમારો ન્યાય કરશે."

"મારો ન્યાય? મહારાજ! સંસારમાં પાપી કોણ નથી? તમારો ન્યાય તમને સૂઝે તે. મારો ન્યાય તો એ કહે છે, કે એમને પેટની બળતરાએ પાપી બનાવ્યા. એમની બળતરા ઠારો, એટલે એમને પ્રભુની યાદ આવશે. એક ખેતર, બે જોડ બળદ, એક પોશાક, એક ઘોડો ને સહુને થોડી સોનામહોર ઇનામમાં આપો! પેટ ન જાણે સંસારમાં કયું પાપ નથી કરાવતું."

"તથાસ્તુ!" મહારાજ લક્ષ્મણસેનના મુખ પર પોતાના પ્રિય કવિને નિર્દોષ છૂટેલા જોઈ આનંદ છવાયો હતો. "મહાકવિ, હવે એક

વિશેષ વાત બાકી રહી જાય છે, તેનો પણ ઘટસ્ફોટ કરી લઈએ. જગન્નાથપુરીના રાજા સાત્ત્વિકરાય લખે છે, કે ગીતગોવિંદ એ મારી કૃતિ છે. તમારા કોઈ કવિએ ખોટો યશ ખાટયો છે. આ માટે મેં આપણા કવિપંડિતોનો મત માગ્યો છે. તેઓના આગમનની રાહ જોઉં છું. માફ કરશો મહાકવિ, કે રાજા ન્યાયાસનને વફાદાર રહેવા બંધાયેલો છે. ત્યાં એને કોઈ પિતા નથી, પુત્ર નથી કે ન્યાય સિવાય એને બીજુ કોઈ પ્રિય નથી."

"રાજન્, સુખેથી તમારો ધર્મ બજાવો. હરિ જે કરતો હશે તે સારા માટે જ. સંપદ કે વિપદમાં વૈષ્ણવજન અશ્રદ્ધાવંત ન હોય!"

કવિ–પંડિતોનું પંચ હજી માર્ગમાં જ હતું. ઘટિકાઓ વીતવા છતાં તેઓ અસલ કે નકલનો ભેદ કળી શક્યા નહોતા. કવિરાજ ધોયી વગેરે છેવટે એ મત પર આવ્યા હતા, કે આ બંનેમાં એટલી ચાતુરી છે, કે અસલ કે નકલનો ભેદ કળી શકાતો નથી.

આચાર્ય ગોવર્ધન શર્માનો પક્ષ એ મતનો હતો કે જયદેવ ધૂર્ત છે. રાજા એ રાજા, એ કંઈ ખોટું ન કહે. સાત્ત્વિકરાય તો વર્ષોથી કાવ્યરચના કરે છે. સાત્ત્વિકરાયની તો અનેક કૃતિઓ છે. જયદેવની તો ગણો ન ગણો આ એક જ ને?

ન્યાયમંદિરના પગથિયે ચઢતાં સુધી કવિ–પંડિતો વિવાદમાં જ રહ્યા. કવિરાજ શરણુદેવે પોતાના નિર્ણયની જાહેરાત કરી દીધીઃ

"મહારાજ, અમે કંઈ નિર્ણય કરી શકતા નથી."

"ફરીથી પરામર્શ કરો!"

"ઘણો પરામર્શ કર્યો. અસત્ય નિર્ણય આપી અમે અમારું અજ્ઞાન પ્રદર્શિત કરવા માગતા નથી. રચના એટલી ચાતુર્યપૂર્ણ છે, કે અમે તો શું સંસારનો કોઈ કવિ–પંડિત આનો નિર્ણય નહીં આપી શકે."

મહારાજ લક્ષ્મણસેન મૂંઝાઈ ગયા. ન્યાય આપવો અશક્ય થઈ પડયો. તેમણે મહાકવિને જ પ્રશ્ન કર્યો:

" મહાકવિ, આનું કંઈક તમારી રીતે સ્પષ્ટીકરણ કરશો ? તમારી જાતની દષ્ટિએ, તમારી કીર્તિની અપેક્ષાએ આ પ્રસંગને નીરખશો નહીં, મારી નજરે નીરખો. મહાકવિ, માધવસેન ને કેશવસેનના મૃત્યથી મને જેટલી આંતર વેદના નથી થઈ, તેટલી આ વાતથી થઈ રહી છે. જેની પાછળ મારા જીવનની ઝંખના છે, મારા કુળની કારકીર્દી છે, એ મહાન પ્રાસાદને આમ નષ્ટભ્રષ્ટ થતો હું નિહાળી શકીશ નહીં. જીર્ણ જીવતરનો મારો એક સ્થંભ જાણે આજ ડોલી રહ્યો છે. ગીતગોવિંદ નકલી નીકળ્યું, તો મારું જીવન પણ નષ્ટ થઈ જશે. પણ તેથી મારા પર દયા કરવાની નથી. તમે કંઈક એવું નિવેદન કરો, જે મારા ન્યાયના માર્ગને સરળ કરે."

" મહારાજ, હું તો એટલું જ કહું છું: આ પણ સત્ય છે, પેલું પણ સત્ય છે."

" બંને સત્ય ઠરે, તો ન્યાય કેવી રીતે થઈ શકે ? "

" એક વાત કહું ? મહારાજ !"

" અવશ્ય. "

" જે વાતનો મનુષ્યશક્તિ નિર્ણય ન કરી શકે, એ વાતનો નિર્ણય ઈશ્વર કરે. જેનું એ કાવ્ય છે, તેને જ તેનો નિર્ણય કરવા દો."

" એટલે ? "

" ભગવાન જગન્નાથના દરબારમાં બંને ગીતગોવિંદ પધરાવો. ભગવાન જેનો સ્વીકાર કરે તે સાચું; જેનો સ્વીકાર ન કરે તે ખોટું !"

" આ કળિયુગમાં આવા ચમત્કાર બનશે ? "

" ઉનાળે જ આંબા ફળ આપે. કળિયુગમાં તો ભગવાન ઓછી ભક્તિએ ફળે છે. ભક્તમાં સામર્થ્ય જોઇએ."

" તમારો નિર્ણય અમને મંજૂર છે. અલબત્ત, આ નિર્ણયમાંય કવિનું કવિત્વ છે. મહામાત્ય, રાજા સાત્ત્વિકરાયને ખબર આપો. અમે એકાદ બે દિવસમાં એ તરફ આવવા નીકળીશું."

" ભલે."

" સભા વિસર્જન જાહેર કરો!" મહારાજ ઊઠ્યા. મહાકવિ પણ જેવા બહાર નીકળતા જાય છે, તેવા યવન ભક્ત નૂરખાએ તેમના ચરણ ગ્રહ્યા.

" ઓ અજબ ફકીર, કંઈ મંત્ર દે; જિંદગી પાકદામન રીતે પૂરી થાય તેવો ઇલમ દે!"

" ઇલમ એક જ. ગીતગોવિંદનું ગાન. એક ખુદા, એક આલમ, એક ઇશ્ક. ઇશ્કની આંધિ ચઢાવી, ઇન્સાનિયતને એમાં ડૂબાવી દો. મારો વહાલો તમારું કલ્યાણ કરશે."

ચારે ચોર પગમાં પ્રણિપાત કરી રહ્યા. એ વેળા મહારાજ લક્ષ્મણસેન પાસે અંતઃપુરના રક્ષક આવી ખબર આપ્યા કે આપના સગોત્રીય પિતરાઈ ભાઈ મૃત્યુ પામ્યા છે. તેમની પત્ની સતી થવા જાય છે, તો દર્શન કરવા પધારો. આખું અંતઃપુર ત્યાં હાજર છે.

મહારાજ, કવિરાજ સાથે તે તરફ વળ્યા. મહારાણી, રાધિકા વગેરેની સાથે પદ્માવતી પણ ત્યાં હાજર હતી. તેણે સતીમાને નમસ્કાર કર્યા, પણ નમસ્કાર કરતાં પદ્માના મુખ પર હાસ્યની એક લહેર આવીને અદૃશ્ય થઈ ગઈ.

મહારાણી ગંભીર મુખે પાસે ઊભાં હતાં. તેમણે હાસ્યનું કારણ પૂછ્યું.

"રાણીજી, સતીત્વની આ વિડંબના નીરખીને હસવું આવ્યું!"

"સતીત્વની વિડંબના? પદ્મા?"

"નહિ તો, સાચી સતીને વળી આ કાષ્ટભક્ષણ ને અગ્નિ ઈંધનની શી જરૂર. એ તો પતિના મૃત્યુના સમાચારની સાથે જ પરલોકમાં પ્રયાણ કરે! નહિ તો પરસ્પરની પ્રીતિ ને ભક્તિ કેમ પરખાય?"

"અરે, કેવી વિચિત્ર વાત કરે છે. તદ્દન ખોટી બડાશ!" મહારાણીને આ વાત ન રુચી. તેમણે મોં ફેરવી લીધું. મહાકવિએ એ જોયું, ને પ્રસંગને બીજી વાતમાં વાળી લીધો.

મોડી રાતે જ્યારે સહુ પાછાં ફર્યાં ત્યારે મહાકવિએ સંપૂર્ણ દિવસનો અહેવાલ કહેતાં કહ્યું:

"પ્રાણેશ્વરી, દુનિયા એ કંઈ માત્ર પોલો ગોળો નથી. દરેક શબ્દનો અહીં પડઘો પડે છે. સત્યની પણ પરીક્ષા કરનારો આ યુગ છે. દુનિયા પરીક્ષક છે. પરીક્ષામાંથી પાછાં હઠશો મા!"

કવિરાજ આ બધું પોતાની જાતને લક્ષીને કહેતા હતા, કે પદ્માને લક્ષીને તે કંઈ સમજાયું નહીં.

૧૯. અસલ ને નકલ

પાંચ મદમસ્ત હાથી વનનો માર્ગ વીંધી રહ્યા હતા. ખુલ્લી ખુલ્લી કુદરત, ભર્યાં છલકાતાં નવાણો ને તાજાં કુણાં પર્ણથી ઝૂમતાં વાંસનાં જંગલો વનના આ રાજાઓને લોભાવી રહ્યાં હતાં. પણ આજે તો તેઓ ઝડપની ખેપ માટે નીકળ્યા હતા. તેઓના પર્વત જેવા દેહ પર મંડાયેલી શાહી અંબાડીઓ બતાવતી હતી, કે કોઈ અગત્યના રાજના કામે તેઓ જઈ રહ્યા છે. તેઓની સુવર્ણઘંટાઓનો નાદ હવા સાથે ભળીને દૂર દૂર સુધી પોતાનું સામ્રાજ્ય જમાવતો હતો. ઝીણી પીંગળી આંખોથી ચારે તરફ નિહાળતા, એકાદ વાર હર્ષની આછી આછી કિકિયારી કરી લેતા પાંચે ગજરાજ, વેગ માટે માવત અંકુશ લગાવે તે પહેલાં, વેગ ધારણ કરતા.

થોડાએક પ્રહરોની મુસાફરી ને જગન્નાથપુરીની ઉચ્ચ અટ્ટાલિકાઓ, મંદિરોનાં સુવર્ણરસ્યાં શિખરો ને હવામાં ઝૂમતી પતાકાઓ દૃષ્ટિગોચર થઈ. સહુથી આગળના હાથીમાં બિરાજમાન, મણિમુગટથી શોભતા પુરુષે ભગવાન ગોવર્ધનધારીની જય પોકારી, એ દિશામાં અંજલિ રચી પ્રણિપાત કર્યા. અન્ય હસ્તીઓના સવારોએ પણ તેમનું અનુકરણ કર્યું.

દિવસનો પ્રકાશ વધતો ગયો, જગન્નાથપુરી પાસે ને પાસે આવતું ગયું, એમ એમ સ્પષ્ટ થતું ગયું કે આ પાંચ હાથીઓમાં સહુથી આગળ ચાલતો ગૌડેશ્વરનો અનેક યુદ્ધોથી વિખ્યાત 'કુવલયાપીડ' હતો. એના ઉપરની મહામૂલી અંબાડીમાં ઇંદ્ર જેવા શોભતા મહારાજ

લક્ષ્મણસેન અને અમાત્ય ઉમાપતિધર હતા. પાછળના 'રણગર્જન' હાથી પર કવિરાજરાજેશ્વર જયદેવ ને મહાકવિ શરણદેવ હતા. તે પછીના 'દેવદુંદુભિ' નામક સુંદર—શોભાના ગાંઠિયા જેવા હાથી પર આચાર્ય ગોવર્ધન શર્મા ને રાજા સાત્ત્વિકરાયના મહાપંડિત હતા. એક હાથી પર મહાકવિ જયદેવવિરચિત ગીતગોવિંદ ને રાજા સાત્ત્વિકરાયકૃત ગીતગોવિંદ મૂકેલાં હતાં. બાકીના હાથી પર કેટલાક પંડિતો ને અન્ય રાજકર્મચારીઓ હતા.

જગન્નાથપુરીના પ્રાસાદો હવે સ્પષ્ટ દેખાતા હતા, અને એ સાથે કવિરાજરાજેશ્વર જયદેવનાં નેત્રો ભૂતકાળનાં ઊંડાણને ભેદી રહ્યાં હતાં. આ એ જ ભૂમિ હતી, જ્યાં વનની હરિણીસમી ને વૃંદાવનની રાધા સરખી પદ્મા પોતાને લાધી હતી. આ એ જ ભૂમિ હતી, જ્યાં પોતાની પ્રેમબંસરી જીવનમાં પહેલી વાર થનગની ઊઠી હતી. અરે, આ એ જ મહામંદિર હતું, જ્યાં પોતાની કાવ્યરચનાને માથે પ્રભુના સહુ પહેલા પડછાયા પથરાયા હતા. અરે, આવી જ પળ એ વેળા ઊભી થયેલી: માનવીમાત્ર ન્યાય કરવાને અપંગ બન્યો હતો, ત્યારે પોતે ઈશ્વરી ન્યાય આમંત્ર્યો હતો. પૂજારી વિષ્ણુદાસજીની પવિત્ર સૌરભ આ પૃથ્વીની રજેરજમાં ભરી હતી.

"હે પ્રભુ, તારી લીલા પણ અકળ છે." મહાકવિએ નમન કર્યું ત્યારે એમના સુંદર નેત્રોના ખૂણા ભીના હતા.

સંદેશવાહકે રાજા સાત્ત્વિકરાયને સમાચાર પહોંચાડયા હતા. ઇન્સાફની આ નવી રીત સાંભળી એક વાર તો એને હસવું આવી ગયું. વળી થયું કે ચાલો, આ પણ એક નાટક જોવા મળશે.

તેણે મહારાજ ગૌડેશ્વરના સ્વાગત માટે અદ્ભુત તૈયારીઓ કરી. નગરમાં પણ સમાચાર પ્રસરી ગયા હતા, એટલે માનવમેદની રસ્તાઓ પર ખડકાઈ ગઈ હતી. યાત્રાળુઓ, પૂજારીઓ, સેવકગણો

ને અનેક દેવપરિચારિકાઓ પોતાના રંગબેરંગી પોશાકોથી વાતાવરણને સુશોભિત બનાવતાં હતાં.

કુવલયાપીઠ રાજપ્રાસાદના દ્વાર પર આવી પહોંચતાં 'ગૌડેશ્વરની જય'થી દિશાઓ ગૂંજી ઊઠી. રાજા સાત્ત્વિકરાયે મહારાજનું ભેટ, નજરાણું ધરી સ્વાગત કર્યું, મહામાત્ય સામે હાથ જોડ્યા, પંડિત-સભાને મળ્યા, પણ કવિરાજરાજેશ્વર જયદેવજીને જોતાં એમની આંખો લાલઘૂમ થઈ ગઈ. પણ જયદેવજી તો શાન્ત હતા. મંદમંદ હાસ્ય કરી રહ્યા હતા! એમની મુદ્રામાંથી પ્રેમ વરસતો હતો. પ્રતિસ્પર્ધાનું એકાદ આછું કિરણ પણ ત્યાં નહોતું.

અદ્ભુત! વાઘ જેવી બનેલી રાજા સાત્ત્વિકરાયની આંખો અંજાઈ ગઈ. ઘૃણાથી ભરેલું એનું હૈયુ દ્રવી જવા લાગ્યું. મહામહેનતે તેમણે સ્વસ્થતા મેળવી, મુખ આડું ફેરવ્યું, ત્યાં તો કવિ જયદેવજી સ્વયં આગળ આવી બોલ્યાઃ

" રાજાજી, અભિવંદન! "

" અભિવંદન. " રાજાજીએ મહામહેનતે હૃદય કબજે રાખ્યું. રખેને રોષ ઓગળી જાય!

મહામાત્ય ઉમાપતિધરની ચતુર આંખો આ દૃશ્ય જોઈ રહી હતી. પ્રેમમૂર્તિસમા કવિરાજને નીરખી તેમનાથી અચાનક બોલાઈ ગયું: " અજાતશત્રુ! "

ગૌડેશ્વર રાજપ્રાસાદમાં પોતાના માટેના નિવાસસ્થાને ગયા. રાજા સાત્ત્વિકરાય બધા રાજવંશી અતિથિઓની સરભરા કરી પોતાના પંડિતરાજને મળ્યા. સાથે આચાર્ય ગોવર્ધન શર્મા પણ હતા. પંડિત-રાજે બધી વિગત વર્ણવી. રાજાજીએ કહ્યું:

" પંડિતરાજ, ગાથાસપ્તશતી ગ્રંથ સંપૂર્ણ થયો? અરે, આ તમારા નવા પંડિતે તો બધાને આગિયા જેવા બનાવી દીધા છે.

ને વળી આ તૂત શાં? શું ગૌડેશ્વરની કવિસભા આવી આંખે દેખાતી વાતનો પણ નિર્ણય કરી શકતી નથી!"

"અમારામાં સંપ હોત તો આમ પેઢીઓની પંડિતાઈવાળા રહી જાય ને આવા નવાસવા કવિ કવિરાજ–રાજેશ્વર બની જાત? આ તો શાસ્ત્રમાં જ કહ્યું છે, ને કે 'પંડિતો પંડિતં દૃષ્ટા, શ્વાનવત્ ઘુર્ઘુરાયતે.' નહીં તો આમાં શી મોથ મારવાની હતી? જો મારા મત મુજબ નિર્ણય આપ્યો હોત તો એક કાંકરે બે પક્ષી મરી જાત."

"પણ આ ન્યાયનો નવો માર્ગ ક્યાંથી શોધી કાઢયો?"

"રાજાજી, વાજું જ જુદું ભેગું થયું છે. આ જયદેવના આવ્યા પછી, કંઈ નવું જ ભૂત ભરાયું છે. એ કહે કે મારું કાવ્ય ભગવાને લખ્યું તો કહેશે હા. એ કહેશે કે મારી બૈરીએ રાંધ્યું ને ભગવાન જમ્યા, તો મહારાજ તરત કહેશે હા. વાત બધી બગડી છે. તમારી જ જરૂર હતી. આ તે કંઈ સતયુગ હતો કે હાક પાડો ને ભગવાન દોડતા આવે. આ તો કળિયુગ, એમ ભગવાન આવતા હોત તો આ ખિલજી ને ઘોરી બિચારા ક્યારના સ્વધામ સીધાવ્યા હોત. તમે નિરાંત રાખો. આખરે નિર્ણય તમારા જ લાભમાં છે. હું હજી અમારા બીજા પંડિતવર્ગોને સમજાવી રહ્યો છું. આ નાટક ભજવાઈ રહેશે, એટલામાં બધું વાજુ ઠેકાણે આવશે."

"સારું. દાનદક્ષિણાની બાબતમાં લેશમાત્ર ચિંતા ન કરશો. તમારા પર મને ભરોસો છે."

"ભરોસાનાં વહાણુ ભવસાગર તરી જાય, તો આ તો મચ્છર......"

ગોવર્ધન શર્માએ મચ્છર મસળવા માટે ચુટકી બજાવતાં ચેષ્ટાથી બાકીનું વાક્ય પૂરું કર્યું. રાજા સાત્ત્વિકરાય સંતોષ સાથે પોતાના આવાસે ગયા.

સાયંકાલ થતાં થતાં તો પુરીનું મહામંદિર માનવસમૂહથી ભરચક થઈ ગયું. વખત થતાં વાજતે ગાજતે ગૌડેશ્વરની સવારી આવી પહોંચી. કવિરાજ જયદેવે પોતાના બે હાથમાં પોતાના કાવ્યની પ્રત ધારી હતી. રાજા સાત્ત્વિકરાયના પંડિતરાજે પણ પોતાના હાથમાં રાજાજીની પ્રત રાખી હતી.

બંનેએ મહામંદિરના ગર્ભદ્વારમાં પ્રવેશી એક રૂપાના બાજોઠ પર પોતપોતાની કૃતિ મૂકી દીધી. પાસે જ સોનાની ધૂપદાનીઓમાંથી સુગંધી ધૂપ ગૂંચળાં વળતો ઊંચો ચઢતો હતો. સુંદર દીપમાળાઓથી ગર્ભગૃહ ઓપી રહ્યું હતું. ભગવાન જગન્નાથની મૂર્તિ જાણે મંદમંદ હાસ્ય કરતી હોય, એમ એના ચહેરા પર આછું તેજ ઢોળાઈ રહ્યું હતું.

" હે ગોવર્ધનધારી, ગોવર્ધન પર્વતનો ભાર ઉઠાવી એક દહાડો ભક્તોની ભીડ ભાંગી હતી. એ દિવસો પણ નથી વિસર્યા, કે આ જ ભૂમિ પર તેં મારા કાવ્યનો સ્વીકાર કર્યો હતો. પુનઃ ઘણે દિવસે આજ તારા ક્ષુદ્રાતિક્ષુદ્ર ભક્તને તારી જરૂર પડી છે. તારું કાવ્ય છે, ને તને પસંદ હોય તો તારા હૈયે ધારણ કરજે ! હે વહાલા, વિલંબ ન કરતો, નહીં તો આ કાવ્ય સાથે તારો કવિ પણ સમુદ્રમાં સમાધિ લેશે."

રાજા સાત્ત્વિકરાયે નમન કરીને કહ્યું : " હે પ્રભુ, સામાન્ય માનવીને નિર્ણય કરવા યોગ્ય વિષયમાં તને વૈકુંઠમાં સાદ દેવો શોભતો નથી. પણ જ્યારે સહુએ એવી જ ધારણા રાખી છે, તો અસલ ને નકલ બંનેને પારખી લેજે, ને તેનો સ્વીકાર કરજે !"

જય ગોવર્ધનધારી ! બધેથી પોકાર પડયો. કવિ અને રાજા બંને બહાર નીકળી ગયા. મહારાજ લક્ષ્મણસેનની આજ્ઞા મુજબ મહામાત્ય ઉમાપતિ ગર્ભગૃહનો ખૂણેખૂણો જોઈ વળ્યા, ને દ્વાર બંધ કરવા આજ્ઞા આપી. સહુ શાન્ત ચિત્તે બહાર અંજલિ જોડીને ઊભા રહ્યા.

સમય પસાર થવા લાગ્યો. સહુની ઉત્કંઠાનો પાર નહોતો. પંડિતો એકબીજાનાં મોં નીરખી આંખમીંચામણાં કરતા હતા. મહારાજ લક્ષ્મણસેન તો પ્રભુધ્યાનમાં લયલીન બની ગયા હતા. કવિરાજ આંખ મીંચીને ખડા હતા.

"હડહડતા કળિયુગમાં આ વળી નવું નાટક! અરે, ભાઈ! દેવ ગયા ડુંગરે ને પીર ગયા મક્કે. ખાલી આ માથાકૂટ!"

"બુઢ્ઢાં ને બાળક સરખાં. એમના સિવાય આવી છોકરવાદી કોણ કરે?"

"રાજા એ રાજા, બ્રાહ્મણ એ બ્રાહ્મણ. અરે, એણે પોતાનું કાવ્ય મહારાજના નામથી લખ્યું હોત તો ભવની ભૂખ ભાંગી જાતને? મોટા મોટા કવિઓ પણ પોતે લખી લખીને રાજાના નામે ચઢાવે છે. અરે ભાઈ, રાજાનો વિદ્વત્તાનો શોખ પૂરો થાય ને પંડિતનું કામ પણ થાય."

વખત વીતતો ચાલ્યો, એમ વિધવિધ ચર્ચાઓનાં પુર ફાટી નીકળ્યાં. કોઈ કંઈ તો કોઈ કંઈ. પણ મહારાજ અડગ હતા. ધીરેથી આચાર્ય ગોવર્ધન શર્માએ કહ્યું:

"દ્વાર ઉઘાડીએ?"

"ના, કંઈ પણ દૈવી સંજ્ઞા થયા વગર નહીં."

"પણ પગે પાણી ઊતર્યાં." રાજા સાત્ત્વિકરાયથી બોલાઈ ગયું. ગૌડેશ્વર મહારાજના ચહેરા પર અણગમો દર્શાવતી બે રેખાઓ તરવરી ઊઠી. રાજાએ ન બોલ્યામાં નવ ગુણ માન્યા. માનવમેદની નિષ્ક્રિય ઊભી રહેવાથી કંટાળી હતી.

"મહામંદિરની એકાદ દાસીનાં નૃત્યગાન તો થવા દો. વખત તો નીકળે!"

અચાનક ગર્ભગૃહમાં ઘંટારવ થતો સંભળાયો, આરતીની ઝાલર બજતી કર્ણગોચર થઈ.

જય વૃંદાવનવિહારી ! કવિરાજે ગર્જના કરી. ભક્તસમુદાય ગર્જી ઊઠયો:

જય ગોવર્ધનધારી !

ગૌડેશ્વરે દોડીને દરવાજા ખોલી નાખ્યા. સહુની નજર ભગવાન ગોવર્ધનધારીના હૃદય પર પડી. ત્યાં મહાકવિ જયદેવનું રચેલું કાવ્ય બિરાજમાન હતું, ને રાજાનું કાવ્ય બાજોઠ પરથી નીચે પડયું હતું.

" જય હો કવિરાજરાજેશ્વર જયદેવનો ! " મહારાજ લક્ષ્મણસેન ગાંડા બની ગયા. એમણે કવિના ચરણમાં સાષ્ટાંગ દંડવત પ્રણામ કર્યા, ને પછી બાથમાં તેડીને ભગવાનના દરબારમાં નાચ્યા. પંડિતરાજ શરણદેવ, મહાકવિ ધોયી, કવિવર ઉમાપતિ બધાએ મહારાજનું અનુકરણ કર્યું. આચાર્ય ગોવર્ધન શર્મા તો લળી લળીને નમસ્કાર કરી રહ્યા હતા.

રાજા સાત્ત્વિકરાયની સ્થિતિ વિચિત્ર હતી. ચારે તરફની મેદનીમાંથી ભાતભાતના પડકાર સંભળાતા હતા:

" પાપીના પાપને ભગવાને પણ ખુલ્લું કર્યું. એણે અનેક વિદ્વાનોની વિદ્વત્તાને પોતાની બનાવી છે, ને બિચારાઓને નામશેષ કર્યા છે. "

" અરે, છંદનું તો જ્ઞાન નથી, ને 'કવો' થવા નીકળ્યા છે."

" આખરે શેરને માથે સવાશેર મળ્યો. વગર જ્ઞાનના વિદ્વાનની બીજી શી દશા થાય ? "

લોકાપવાદથી રાજા સાત્ત્વિકરાય વ્યાકુળ બની ગયો. એનાથી આ આક્ષેપો અસહ્ય બન્યા. આવી અપકીર્તિથી જીવવું એના કરતાં આપઘાત

શો ખોટો ? અને રાજમહેલના એકાદ ખૂણે ગળે ચીપ દઈ ગુંગળાઈને મરવું એના કરતાં ભગવાનનો આ દરબાર શો ખોટો !

રાજા ગર્ભગૃહમાં ધસ્યો. એણે સાષ્ટાંગ પ્રણિપાત કર્યા ને પછી ઘૂંટણીએ થઈ પોતાની કટાર કાઢી. દીપમાળાઓના તેજમાં એ આંહળાં થઈ રહી.

"શાન્તમ્ પાપમ્ રાજન્ ! આ દીવાનાપણું ?" ગૌડેશ્વરે હાથ પકડી લીધો.

"મહારાજ, મને મરવા દો, મરવામાં જ મારી મહત્તા છે."

"શા માટે મરવું પડે, રાજન્ ? તમે કંઈ અપરાધ નથી કર્યો, ભગવાનના ગુણ ગાયા છે. ભગવાન તમારા કાવ્યને શા માટે નહીં સ્વીકારે ?"

"શું મારું કાવ્ય સ્વીકારશે ?"

"અવશ્ય." કવિરાજ જયદેવજી ભગવાન તરફ ફર્યા ને હાથ જોડી આજીજી કરતાં બોલ્યા : "હે શ્યામસુંદર ! અસલનો તેં સ્વીકાર કર્યો, એમ નકલનો પણ સ્વીકાર કર ! નિંદા વાટે પણ તને સમરનારને તું તારે છે, તો આ તો તારો ભક્ત છે. તારા જ ગુણનું કાવ્ય છે, સ્વીકારી લે મારા નાથ !"

"તથાસ્તુ !" ગુંજારમાં પડઘો પડયો ને અજબ રીતે નીચે પડેલી પ્રત ભગવાનના ચરણ પાસે પહોંચી ગઈ.

ફરીથી ઘંટારવ બજી ઊઠયો. રાજા સાત્ત્વિકરાય જયદેવજીના ચરણમાં પડયો. એણે કહ્યું :

"મારો અપરાધ ક્ષમા કરો. મારા પંડિતોએ મને છેતર્યો."

"માનવી શું છેતરવાનાં હતાં ? રાજન્, આપણા હૃદયની

લાલસા જ આપણને છેતરે છે. સ્વસ્થ થાઓ. તમારો ને મારો જૂનો સંબંધ છે. એક વાર તમારા દ્વાર પર જ મેં ભગવાનને નોતર્યા હતા."

"કોણ? પૂજારી વિષ્ણુદાસજી ?"

"તેમનો ચરણસેવક શિષ્ય જયદેવ, પદ્માવતીનો પ્રિયજન!"

"કવિરાજ, તમે તો અમારા છો, હવે નહીં જવા દઈએ."

"સંતજન સહુ કોઈના છે. અરે, એ કોઈનો નથી." ગૌડેશ્વરે રાજા સાત્ત્વિકરાયના પ્રશ્નનો ઉત્તર આપી દીધો.

રાજા કંઈ ઉત્તર વાળી શકયો નહીં, પણ ધીરે ધીરે બધે સમાચાર પ્રસરતા ગયા, તેમ ઉત્સાહ વધતો ગયો. સહુ પત્રપુષ્પ, ફૂલફળ લઈ એકઠા થવા લાગ્યા.

જગન્નાથપુરીના વિશાળ પ્રાંગણમાં એ દહાડે દેવના એક નમ્ર પૂજારીનાં દેવ જેવાં માન-સન્માન થયાં. પ્રજાનો હર્ષ કે રોષ અસામાન્ય હોય છે.

૨૦. અમર પદ્મા

ઠંડુ હિમ જેવું પ્રભાત હતું. પંખી મન મૂકીને ટહુકતાં નહોતાં. વાયુ વીંઝાતો નહોતો. પ્રકાશ અંધકાર કરતાંય અસહ્ય હતો. વિક્રમપુરના અંતઃપુરના ઉદ્યાનમાં ગુલાબ તો ઘણાંય હતાં, પણ એકેય બુલબુલ આવતું નહોતું. જાઈ, જુઈ ને માલતીનાં કેટલાંય પુષ્પ અકાળે ખરી પડી માટીમાં રગદોળાતાં હતાં.

આવા સમયે અંતઃપુરની કેટલીક અસૂર્યંપશ્યાઓ એકઠી મળી હતી. સહુ સમાન વયની હતી. કેવલ મહારાણી પ્રૌઢાવસ્થામાં પ્રવેશેલાં હતાં. વાત કરતાં કરતાં સહુ બેળે બેળે હસી પડતી, એક બીજાને તાલી દઈ દેતી. ગુલાબના ગોટા જેવા એમના ગાલ પર ભાતભાતની ચીમકીઓ ઊપડી રહી હતી.

અચાનક એક દાસી ઊઠી ને દોડી. એ વસંતગૃહ તરફ ધસી ગઈ, ને આક્રંદપૂર્વક બૂમ પાડવા લાગી :

" અરેરે, ખૂબ માઠું થયું. "

વસંતગૃહમાં બેઠેલી પદ્મા એકદમ બહાર ધસી આવી. આજ પતિદેવ જગન્નાથપુરીથી પધારવાના હતા. તેમને કાજે એ તાજાં ફૂલની માળા ગૂંથી રહી હતી, પણ ન. જાણે દોરો કાચો હશે, કે વારે વારે માળા તૂટી પડતી હતી. પદ્માવતીએ દાસીને પૂછ્યું : "અરે, છે શું ! આટલું બધું રડે છે શા માટે ? "

" ગજબ થયો, બહેન ! " ને ફરીથી એ ધ્રૂસકે ધ્રૂસકે રડવા લાગી,

ને હીબકાં ભરવા લાગી. પદ્માવતી મુંઝાઈ ગઈ. એને લાગ્યું કે કદાચ રણભૂમિ પરથી અશુભ વર્તમાન આવ્યા હોય. પણ તેમ હોય તો દાસી મારી પાસે કાં આવે ?

એટલામાં તો બીજી દાસી આવી પહોંચી: "પદ્માબેન, આભ તૂટી પડ્યું."

"અરે, પણ કોઈ ચોખ્ખું તો બોલો ?"

"બોલવા જેવું શું રહ્યું છે ? પદ્માબેન, આભ તૂટી પડ્યું !" બીજી દાસીએ પહેલી દાસી કરતાં વેગથી આક્રંદ કરવા માંડ્યું.

'અરેરે, શોકમાં વ્યાકુળ આ દાસીઓ બિચારી કંઈ બોલી શકતી નથી. પ્રશ્નના જવાબમાં એની એ અધૂરી વાત કહે છે. વખત ભૂંડો છે. કદાચ ગૌડેશ્વર મહારાજને તો કંઈ થયું ન હોય !' હજી પદ્મા આ વિચારમાંથી મુક્ત થાય ત્યાં ત્રીજી દાસી આવતી દેખાઈ.

"અરે, પદ્માબેન, એ તો ગયા. એવું માણસ પૃથ્વી પર શોધ્યું ન જડે."

"કેવું માણસ ?"

"કવિરાજ જેવું !"

"કવિરાજ ? કોણ કવિરાજ ?"

પદ્માનાં પોયણાં જેવાં નેત્રો ફાટી ગયાં. એનો કોકિલા જેવો કંઠ રુંધાઈ ગયો. છતાં આ દાસી પણ વધુ ખુલાસો ન આપી શકી. પદ્મા વિશેષ જાણવા અંદર દોડી. સામે જ અંતઃપુરનો મુખ્ય પ્રતિહારી મળ્યો. એણે કહ્યું :

"પદ્માબેન, કવિરાજ જયદેવ જગન્નાથપુરીમાં સમુદ્રમાં ડૂબીને મરી ગયા. અરેરે, એવું માનવી ક્યાં મળશે ? હડહડતો કળિયુગ આવ્યો, નહિ તો આમ હોય ?"

"પ્રતિહારી, તું જૂઠું બોલે છે. હું જીવતી છું, ને એ કેમ મરે ?"

"પદ્માબેન, હું જીવતો છું ને મારી બૈરી ગઈ, મારો બાપ ગયો. આ તો ભગવાનના ઘરનું તેડું. એમાં પળવારનો વિલંબ ન ચાલે."

"ખોટું. બેમાંથી એકને તેડું ન હોય. અરે, આ સંસારનાં અન્ય પતિપત્ની જેવાં અમે નહોતાં. દાનદક્ષિણાના લોભી ગોરે અમને પરણાવ્યાં નહોતાં. ભગવાને જ અમને યોજ્યાં હતાં."

"આ વાતની મશ્કરી ન હોય ! પદ્માબેન, મહારાણીબાને પૂછો."

પદ્મા મહારાણી તરફ દોડી ગઈ. એ સામેથી ચાલ્યાં આવતાં હતાં.

"રાણીબા, આ વાત સાચી છે ?"

"ખોટી હોય તો ઘણું સારું, પદ્માબેન ! કવિરાજ પ્રત્યેનો અમારો પ્રેમ તો જાણો છો ને ? મહારાજને તો બે દેહ ને એક પ્રાણ જેવું છે, પણ......"

"કેમ અટકી ગયાં, રાણીબા ?"

"કયા મોંએ સમાચાર આપું ? હમણાં જ વિશ્વાસુ સંદેશવાહક આવ્યો છે, તે સમાચાર લાવ્યો છે: જયદેવજી સમુદ્રમાં ડૂબીને મરી ગયા."

"મરી ગયા ? એકલા જ ? સાચું ?" પ્રશ્નોની સાથે જાણે પદ્માના દેહની હીર જેવી નસો ફૂલી જતી દેખાઈ. એનું ગૌર મુખ જ્વાળાઓથી ઘેરાઈ ગયું હોય તેમ લાલચુંદ બની ગયું..

પ્રત્યુત્તરમાં મહારાણીએ ડોકું ધુણાવ્યું, આંખમાંથી અશ્રુ પાડ્યાં.

"તો ખરેખર ગોલોકવાસી થયા ! અરે, અમારા બોલ હતા, સાથે જીવવાના ને સાથે મરવાના. બહુ મોડું થઈ ગયું." ને પદ્માએ મુખ પર ધીરેથી હાથ ફેરવ્યો. થોડીવારમાં એ વૃક્ષ પરથી ફૂલ પડે

તેમ જમીન પર તુટી પડી. એનાં નયન ચઢી ગયાં. એનો શ્વાસોશ્વાસ ધમણની જેમ ચાલી રહ્યો.

‘ જયદેવ, વહાલા ! આવું છું. શ્રીકૃષ્ણ: શરણં મમ. ” તરત શ્વાસની ધમણ ધીરે ધીરે થંભી ગઈ. રાણીજી પદ્માનાં આ ચેનચાળાથી મૂંઝાઈ ગયાં. એમણે સખીઓને હાક મારી. આડીઅવળી છુપાઈને તાલ જોતી એકેલી બધી હસતી હસતી દોડી આવી.

“ અરે, હસો છો શું ? આ તો લાકડું વળી ગઈ ! ”

પદ્માની મુખમુદ્રા જોતાં બધી છળી પડી. હસતાં મોં પડી ગયાં.

“ ઢોંગ. ” એક ચિબાવલીએ રાણીને ખુશ કરવા કહ્યું.

“ ઢોંગ નથી. જા, રાજવૈદને બોલાવ ! રખે. હસવામાં હાણ ન થઈ જાય ! ”

થોડી વારમાં રાજવૈદ આવી પહોંચ્યા. એમણે હાથની નાડી, પગની નાડી, નાકના શ્વાસ, છાતીના થડકારા ખૂબ ખૂબ વાર શોધ્યા, ને આખરે એક હાથ વડે બીજો હાથ ખંખેરતાં કહ્યું :

“ પદ્માબેન મૃત્યુ પામ્યાં છે ! ”

“ જીવતાં થઈ શકે તેવી દવા ? ” રાણીજીને પોતાની મહાન ભૂલનું ભાન થતાં એ વ્યગ્ર થઈ ઊઠયાં.

“ દવા હોત તો એક પણ રાજકુમારને જવા ન દેત; આખા કુટુંબને અહીં જ રાખત. મૃત્યુ પાસે કોઈ ઇલાજ નથી, રાજરાણી ! એની દવા ખુદ ધન્વંતરી પાસે પણ નથી. ”

“ અરે, અમે તો હસતાં હતાં, હસવામાંથી આ થઈ ગયું. ”

“ માતાજી, બિલાડીનું તો હસવું હોય છે, પણ ઊંદરનો તો જીવ જાય છે. જેના પ્રાણેપ્રાણ, હૃદયેહૃદય એકત્ર મળ્યાં હોય છે, એમનાં મૃત્યુ આવી જ રીતે થાય છે. શાણાં થઈને કેમ ભૂલ્યાં ? રમાડવા માટે પણ માછલીને પાણીમાંથી બહાર કાઢી શકાય ખરી ? ”

રાજવૈદે રાજકુળની સેવામાં જિંદગી વ્યતીત કરી હતી, પણ નિર્દોષ ભોળી કબૂતરી જેવી પદ્માના મૃત્યુથી એમને ખૂબ ઓછું આવ્યું, ને બે કડવા શબ્દ કહી દીધા.

રાણીજી શું કરવું એની મૂંઝવણમાં પડી ગયાં. ત્યાં દ્વાર પર સુવર્ણઘંટાનો નાદ સંભળાયો. થોડીવારમાં દ્વારપાલે આવી વધામણી ખાધી :

" રાણીજી, મહારાજ તથા કવિરાજ બંને સીધા અહીં જ આવે છે. કવિરાજ જીત્યા છે. ઠેર ઠેર એમનો જયજયકાર વર્તી રહ્યો છે."

" પણ આનું શું ?"

રાણીજી કંઈ વિચાર કરે તે પહેલાં ગૌડેશ્વર આવતા દેખાયા. મહાકવિનો હાથ પકડીને તે આવતા હતા. તેઓ આગ્રહપૂર્વક કહેતા હતા કે તમારા આ દિગ્વિજયના સમાચાર કુમારી રાધિકાને આપવા ઘટે. તે પણ અત્યંત રસ ધરાવે છે. તેણે તો આ વાત સાંભળી ત્યારથી સુખે ખાધું નથી. મહાકવિ મહારાજના આગ્રહને વશ થયા. મહારાજે આવતાંની સાથે કહ્યું :

" દાસીઓ. કવિરાજરાજેશ્વર અત્યારે અહીં જમશે. પદ્માવતીને બોલાવી લાવો !"

" પદ્માવતી ?" દાસીએ અંદર ઉંબરમાં પડેલ શબ તરફ અંગુલિ કરી.

" શું છે ?"

" મહારાજ, ગુનો માફ. હસવામાંથી હાણ થઈ ગઈ. તે દહાડે સતીમાની ચિતા પાસે પદ્માવતીબેન કાષ્ઠ, ઇંધન ને અગ્નિ જોઈ બોલેલાં કે સાચી સતીને વળી આ તમાશો શો ? અમને એ વાક્ય જરા લાગી ગયેલું. અમે નહીં ધારેલું કે માણુસ મૃત્યુની વાત માત્રથી મરી જાય. આજે એમને બનાવવા માટે, ને એમનો ગર્વ ઓછો

કરવા આ પ્રપંચ કર્યો. પણ..." ને દાસીએ બનેલો બધો વૃત્તાંત કહી સંભળાવ્યો.

શબ્દે શબ્દે જયદેવજીના ચહેરા પર એક મ્લાન છાયા પથરાતી જતી હતી. અપાર્થિવ પડછાયા તેમના પર ઘેરાતા હતા. આંખોમાંનું વીજળી જેવું તેજ ઝાંખું થતું જતું હતું. તેઓ એકદમ પદ્માની પાસે દોડી ગયા. એનું મુખ તેઓ વારંવાર જોવા લાગ્યા. તેમનાં નેત્રોમાંથી અશ્રુની ધારા વહી રહી હતી.

"પદ્મા! પદ્મા! એક વાર તો બોલ!"

ગૌડેશ્વર આ દૃશ્ય નિહાળી સ્તબ્ધ થઈ ગયા. શું કરવું તે જ તેમને ન સમજાયું.

"પદ્મા! નહીં બોલે? અરે, થોડી રાહ તો જોવી હતી. આપણું વચન તેં તોડ્યું."

"જયદેવ, સ્વસ્થતા ધારણ કરો! આ સંસાર તો અસાર છે." બોલતાં જાણે ફાવતું ન હોય તેમ મહારાજ લક્ષ્મણસેન તૂટક તૂટક બોલ્યા.

"મહારાજ, પદ્મા નહીં તો જયદેવ નહીં. સારસી ન હોય તો સારસ જીવે ખરું? ભલું ઇનામ આપ્યું, રાજન્!" શબ્દો નિરર્થક લાગે, વાક્ય અધૂરાં લાગે તેવું દૃશ્ય હતું.

"મહારાજ, મારી વીણા મંગાવી દો! છેલ્લું ગાન ગાઈ લેવા દો! અમારી વિદાયને પ્રભુગીતથી ઉજળી બનાવવા દો. 'શ્રીકૃષ્ણઃ શરણં મમઃ' અમારો યોગ અધૂરો રહ્યો."

કરુણાભારથી જાણે બધાંનાં હૈયાં દળાઈ રહ્યાં હતાં. થોડી વારમાં વીણા આવી. પદ્માની એ પ્રિય વીણા હતી. પદ્મા બજાવતી, કવિ ગાતા. કવિ બજાવતા, પદ્મફૂલ જેવી પદ્મા નૃત્ય કરતી.

કવિએ એક વાર વીણા લેવા હાથ લંબાવીને ખેંચી લીધા. બીજી વાર દૃઢ મનોનિગ્રહ પૂર્વક વીણા હાથમાં લઈ છાતીથી ક્ષણભર દાબી રહ્યા.

વીણા પર આંગળીઓ મૂકતાં જયદેવે બે હાથ જોડીને પ્રાર્થના કરી: "હે વહાલા, હું જાણું છું કે એક દહાડો તેં જ પદ્માનો હાથ આપ્યો હતો. અમારા દાંપત્યને સફળ કરવા તેં જ ગંગાજીને મારા આશ્રમે મોકલ્યાં હતાં. મારા કાવ્યને અમર કરવા તેં જ ગઈ કાલે મને હૃદય પર સ્થાપ્યો હતો. આજ તારી પાસે યાચના નથી કરતો. તારો ભક્ત દુ:ખથી ડરતો નથી. વિપત્તિમાં જ તારાં ખરાં દર્શન થાય છે. પણ મારા દેવ! જ્યારે જીવતર નકામું જ બની રહે, ત્યારે એક જ વાંછા કરું છું કે મને પણ પદ્માની સાથે તારા ચરણમાં લઈ લે! રાધા ન હોત તો તને કોણ પૂરેપૂરો પિછાણવાનું હતું? પદ્મા ન હોત તો જયદેવનું જગતમાં ક્યાં સ્થાન હોત?"

ને કવિરાજે પદ્માની પ્રિય વીણાને પુન: ધીરેથી છાતી સાથે દબાવી, ને તાર પર આંગળી ફેરવી. મુખમાંથી ધીરે ધીરે ગીત સરવા લાગ્યું:

श्रितकमलाकुचमण्डल धृतकुण्डल ए।
कलितललितवनमाल जय जय देव हरे॥

કોઈ યુવાન વિધવાના જેવા એ વિલાપના સ્વરો હતા. પહેલી રાતે રંગ માણવા આવેલી નવયૌવનાનો જાણે ચૂડો ખંડવાયો હતો. મહારાજ પોતે રડતા હતા. મહારાણીના વિલાપનો તો પાર નહોતો. સખીઓ, દાસીઓ, પ્રતિહારીઓ રડી રહ્યાં હતાં. વાતાવરણ જ રડાવે તેવું હતું.

પર્વત પરથી પડતી જલધારાની જેમ જયદેવજીનાં બંને નેત્રોમાંથી પાણી પડતાં હતાં, ને એ રીતે મર્મભેદક સ્વરો આગળ વધતા હતા:

मधुमुरनरकविनाशन गरुडासन ए।
सुरकुलकेलिनिदान जय जय देव हरे॥

કરુણરસથી વાતાવરણ ભરાઈ ગયું. શ્વાસોશ્વાસ પણ માનવીને

આરે પડે તેવી સ્થિતિ હતી. પંક્તિઓ પર પંક્તિઓ આગળ વધતી ચાલી.

અચાનક શબની જેમ પડેલી પદ્માની આંખો હાલી. કવિરાજ જયદેવે એ નીરખ્યું. પાસે ઊભેલા રાજવૈદે બૂમ મારી, 'અરે : જુઓ પ્રાણસંચાર થાય છે. બ્રહ્મરંધ્ર પર પ્રાણ ચઢી ગયો લાગે છે. અરે, આ ખંજન પક્ષી જેમ નેત્રો ચકળવકળ થાય. વાહ સંગીત, વાહ સૂર, વાહ પ્રભુભક્તિ !' વૃદ્ધ રાજવૈદને ઘેલછા સ્પર્શતી હતી. જયદેવજીનો વીણા પરનો હસ્ત પ્રેમપૂર્વક પદ્માના મુખ પર પડેલી અલકલટને સમારી રહ્યો હતો. મૂર્છિત માનવી ધીરે ધીરે ચેતન અનુભવે એમ એનાં અંગપ્રત્યંગ સજીવ બનતાં હતાં, દાસીઓ મનમાં ને મનમાં ડરવા લાગી હતી. અરે, આ તો મડુ સજીવન થયું.

"પ્રાણેશ્વર ?" ક્ષીણ કંઠસ્વર સંભળાયો.

"પદ્મા, મારા પ્રાણ !" કવિરાજ એ દહાડે લજ્જા વિસરી ગયા; પદ્માની દેહને પોતાના વક્ષસ્થળમાં છુપાવી લીધી. "ત્રણ લોકનું રાજ મળશે, તો પણ તને નહીં છોડું. પદ્મા, સંસાર હીણો છે. સોનાની જેલમાં પૂરાયાં છીએ. મારી મેના, ચાલ ઊડી જઈએ." જયદેવજી ધીરે ધીરે પાગલ બની રહ્યા હતા. ગૌડેશ્વરે આડું જોયું. રાણીજી નખથી પૃથ્વી ખોતરવા લાગ્યાં. રાજકુમારી નિકટ સરી. સંપૂર્ણ ભાનમાં આવતાં પદ્મા આ સ્થિતિથી શરમીંદી બની ગઈ.

"નાથ, ક્ષેમકુશળ !" પ્રશ્ન પૂછતી એ રાજકુમારીના પડખે સરી ગઈ.

"કવિરાજ, અંતઃપુરમાં પધારી વિરામ કરો ! અમે સહુ ક્ષમા યાચીએ છીએ."

"મહારાજ, એમ બોલી શરમાવશો મા ! કોણ કોની ક્ષમા યાચે ? સૃષ્ટિમાં જ્યારે મારા શામળીઆની ઈચ્છા વિના પાંદડું પણ પવન આપતું નથી, ત્યાં કોણ કોને ક્ષમા આપે ?"

"રાધિકા, પદ્માવતીને ગ્રીષ્મભુવનમાં લઈ જા !"

"પદ્મા, સબૂર! મહારાજ, ક્ષમા કરો! હવે આગળ ડગ નહીં ભરાય. હવે રાજકુળમાં અમારો વાસો ન હોય! લક્ષ્મીનો જ્યારે મેં સ્વીકાર કર્યો ત્યારે મેં વધુ વિચાર કર્યો નહોતો. માન્યું હતું કે એ પણ ભગવાનના ચરણની સેવિકા છે; ભક્તને ભૂંડો નહીં દેખાડે. પણ એ લક્ષ્મી અમને વિપરીત નીવડી. મહારાજ,હવે વિદાય આપો! વનનાં પંખેરુને પિંજરમાંથી ઊડી જવા દો."

"કવિરાજ, હું જાણું છું કે છીછરી એવી નદીમાં મોટાં કમળ ન પ્રફુલ્લી શકે. તમારા પરના આક્ષેપો, તમને નષ્ટભ્રષ્ટ કરવાના પ્રયત્નો મારી જાણ બહાર નથી. મારો ન્યાય એક પણ અપરાધીને શિક્ષા કરતાં નહીં ચૂકે. મારો હાથ પણ અપરાધી ઠરશે તો જલ્લાદના કુહાડાને સ્વાધીન થશે! નિશ્ચિંત રહેજો." ગૌડેશ્વરનાં વાકયોએ ભયનું વાતાવરણ ફેલાવ્યું.

"ગૌડેશ્વર, હજી સુધી કંઈ ઈનામ માગ્યું નથી. આટલું ઈનામ માગી લઉં છું, કે મારા નિમિત્તે કોઈ પણ શિક્ષા ન અનુભવે! હડહડતો વેરી પણ વહાલો મિત્ર હોય છે. મહારાજ, મનુષ્ય તો ભગવાનની સર્વશ્રેષ્ઠ કૃતિ છે. એને લાગેલી રજ ખંખેરી નાખો, એનું હીર ચમકી ઊઠશે. મનુજ મનુજ વચ્ચે તિરસ્કાર નહીં, પ્રેમ શોભે."

કવિરાજે પદ્મા તરફ ફરતાં કહ્યું:

"પદ્મા, રાજકુળને શોભતા અલંકારો ઉતારી નાખ. રાજસિક વાતાવરણની કોઈ વસ્તુ ન ખપે!"

પુનઃ ગૌડેશ્વર તરફ વળીને કહ્યું:

"ગૌડેશ્વર રાજવી, અમને હવે વિદાય દેવી ઘટે. અમારો અફર નિર્ણય છે, કે હવે રાજમહેલ પ્રત્યે ડગ નહીં માંડીએ. તમારા જેવો એકનિષ્ઠ રાજવી આજ ભરતખંડમાં શોધ્યો જડે એમ નથી. રાજર્ષિ જનકનો આદર્શ આપે ચરિતાર્થ કરી બતાવ્યો છે. मिथिलायां दह्यमानायां न मे दह्यति किंचन। સંસાર સળગી જતો હોય તોય તમે સ્વસ્થ રહી શકો તેમ છો. આત્માને તમે પિછાણ્યો છે, કર્તવ્યને

કર્તવ્ય સમજ્યા છો, છટકબારી એમાં કદી કોઈને માટે રાખી નથી. આગ્રહની જરૂર નથી. આ વાતાવરણમાં મારો શ્વાસ ગુંગળાય છે. રજા! આજ્ઞા! રાજન્!"

"કયે મોંએ તમને રજા આપું? મારાં જ માનવી તમને છેલ્લે સુધી વીંછીના ડંખ દેતા રહ્યા, તમે સુધા વરસાવતા રહ્યા. કવિરાજ, જાઓ છો, પણ જીવનને નિરાશ બનાવીને. આ ચક્ષુ હવે કોનાં દર્શન કરી તૃપ્ત થશે? આ કાન કોનું સંગીત સાંભળી તૃપ્તિ અનુભવશે? આજ મને બે પુત્રોના મૃત્યુનો આઘાત લાગે છે. આજે વૃદ્ધાવસ્થા મને ઘેરી રહી લાગે છે. મારી નૌકા હવે ઝટ કિનારો દેખી રહી છે."

"મહારાજ, રાજાઓમાં રાજહંસ સમાન છો. તમારા નિરાશ હૈયાને પ્રભુપ્રેમનો ચારો આપો! આ ચક્ષુદર્શન તો વ્યર્થ છે. એ જ્યારે વ્યર્થ નીવડે છે, ત્યારે જ આંતર ચક્ષુ ઉઘડે છે. એ વેળા અંતરમાં ને અંતરમાં પિયુનાં દર્શન થાય છે. તમારો ને મારો સંબંધ ન વિસરાય તેવી વસ્તુ છે. જ્યાંસુધી 'ગીતગોવિંદ' રહેશે, ત્યાંસુધી તમે ને હું અમર છીએ. ગીતગોવિંદનો સત્કાર કરજો, પ્રચાર કરજો. બસ, વિદાય, રાજન્, વિદાય! પવનને રોકી નહીં શકાય!"

"કંઈ ઘોડાપાલખી! કંઈ રત્ન જવાહિર! અરે, મારો કુવલયાપીડ કવિરાજરાજેશ્વરને આપો!'

"કશુંય નહીં. આ એક વીણા, વસંતગૃહમાં પધરાવેલ–અમારાં સદાનાં સાથીદાર રાધારમણની નાની શી પ્રતિમા ને અમારાં આ જૂનાં વસ્ત્રો; એટલું લઈ જવાની રજા આપો, રાજન્! નગરની સમૃદ્ધિ વનમાં સંતાપ કરનારી હોય છે!"

કવિરાજ આગળ ચાલ્યા. કંઈ યાદ આવ્યું હોય તેમ તેમણે કહ્યું:

"મહારાજ, અમારું ગાડું ને અમારા બળદ અમને મળવાં ઘટે."

કોઈ રીતે રોકી શકાય તેમ નથી, એમ સમજી મહારાજે વિદાયની આપવાની તૈયારી કરવા માંડી. જાણે રાજતિલકની વેળાએ જ સમને વનમાં વિદાય કરવા જેવો વસમો અવસર આવી પડ્યો હતો!

૨૧. વિદાય

શ્રી ન ચાહું ભગવંતની
ભક્તિ દિયે ભુલાવી.

વિદાયનો પ્રસંગ અતિ દર્દભર્યો હતો. વંગદેશનો કવિરાજ-રાજેશ્વર પોતાના સાદા પોશાકમાં હતો. એણે જરિયાની વસ્ત્રાલંકાર ઉતારી નાખ્યા હતા. જે મસ્તક પર સુવર્ણમંડિલ રહેતું, એ ઉઘાડું હતું. સુંદર કેશવાળી જેવા વાળ બે ખભા પર રમી રહ્યા હતા.

